રસિકચંદ્ર.

(સંશારિક નવલ કથા)

ભાગ ૪

લેખક,

રા. ભોગીન્દ્રરાવ ર. દીવેટીયા બી. એ.

પ્રકાશક,

લક્ષ્મીદાસ માવજી ઠક્કર—મુંબઈ.

પ્રથમાવૃત્તિ. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૬૯ સને ૧૯૧૩

શ્રી 'સત્યપ્રકાશ' પ્રિન્ટીંગ પ્રેસમાં, શા. પ્રેમચંદ નહાલચંદ
તથા ડાહ્યાભાઇ શકરાભાઇ ગાંધીએ છાપ્યું—અમદાવાદ.

સોલ એજન્ટ.

મેસર્સ એલ. એમ. ઠક્કર.

બુકસેલર્સ અને પબ્લીશર્સ.—મુંબઈ નં. ૩

કિંમત રૂ. ૧—૦—૦.

આજ લેખકનાં બીજાં પુસ્તકો.

	ઉપકાન્ત. રસિક નવલકથા. ઉંચા કાગળ પાકું પુંઠું.	૧-૮-૦
૨	મૃદુલા. વાર્તા.	૦-૮-૦
૩	સિતારનો શોખ વાર્તા.	૧-૦-૦
૪	જીવન કળા.	૦-૪-૦
૫	રાજમાર્ગનો મુસાફર.	૦-૬-૦
૬	ટેલીફોન.	૦-૧-૦
૭	કાઉન્ટટલસ્ટોયની વાતો.	૦-૪-૦
૮	નવરંગી બાલકો.	૦-૪-૦

આસીસ્ટંટ કલેક્ટર છપાય છે.

લખો— **બી. આર. દીવેટીયા. બી. એ.**

શાંતાક્રુઝ અથવા **અમદાવાદ.**

પ્રસ્તાવના.

કેટલાક માસ ઉપર સ્નેહી ભાઇ એલ. એમ. ઠક્કરે રસિકચંદ્રના ત્રણ ભાગ વાંચવા આપ્યા. આ પુસ્તક ઉપર અભિપ્રાય આપવાની ઇચ્છા નથી તેમ સ્થાન પણ નથી. ત્રણ ભાગ પુરા કરતાં ચોથો ભાગ માગ્યો. આના ઉત્તરમાં એટલુંજ મળ્યું કે, ચોથો ભાગ છેજ નહિ! તપાસ કરતાં જણાયું કે બે ભાગ—અઢી ભાગના લેખક શ્રી અમૃતલાલ ખુશાલદાસ મહેતા હયાત નથી એટલુંજ નહિ પણ એ ભાગ લખી શકયાજ નથી. ત્રીજા ભાગનો બાકીનો ભાગ કોઇ બીજાજ લેખકે લખ્યો છે. ત્યારે ચોથો ભાગ થાય ત્યારે. થશે કે કેમ? એ પ્રશ્ન પુછતાં, બાવાજી! નમસ્કાર તો કે ત્હારે ઘેરજ ધામા એ ન્યાયે ઠક્કરે કામ મારે માથે નાખ્યું.

ગુજરાતી વાંચક વર્ગને ખબર હશે કે અધુરૂં કામ પુરૂં કરવું એ જેટલું કઠિન છે તેટલુંજ ભયાવહ છે. સરસ્વતીચંદ્રના એક કે બે ભાગ લખાયા ત્યારે 'કુમુદનું આમ થવુ જોઇએ' 'કુસુમને કુંવારી રાખવી' વગેરે કહેવાતું. ચારે ભાગ પૂરા થયા ત્યારે કાંઇ સંતોષાયા, કાંઇક દીલગીર થયા કારણ એટલુંજ કે જે મજાહ આશામાં છે તે તૃપ્તીમાં નથી. "રા. ગોવર્ધનરામે આમ કર્યું હત તો" એવા વાકયો ઘણીવાર કાને આવે છે. એ હશે. એમાં આદીથી અંત સુધી લેખક એકજ હતા. આ પુસ્તકમાં એમ નથી. રસિકચદ્રના બે ભાગ ત્રણ ભાગ વાંચતાં જણાશે કે દરેક ભાગમાં નવાં પાત્રો—નવી ગુંથણી—વસ્તું સંકલના આવે છે—મૂળ લેખકની કઇ દિશા હશે? શાં શાં ચિત્રો ચીતરવાં હશે, કેટલું લંબાણ કરવું હશે તે સાધનને અભાવે આપણાથી કહી શકાય એમ નથી. તેમાં વળી બીજા લેખકની રચના ઉમેરાઈ—એમણે પણ દીશા ન બતાવી. પાત્રોની વિવિધતાની સાથે સ્થળની વિવિધતા. નવલકથા—

વાર્તાદ્વારા દેશના વિવિધ સ્થળોનું સારૂં જ્ઞાન આપી શકાય છે એમ અમારૂ માનવું છે. હવે પ્રથમ ભાગમાં–ત્રણે ભાગમાં જેજે સ્થળો આપ્યાં છે તેમાંનાં કેટલાંક ખરાં એટલે હિંદુસ્તાનના નકશામાં અસ્તિત્વવાળા છે જ્યારે કેટલાંક સ્થળો માત્ર કલ્પનિક છે. આવી દ્વૈધી સ્થિતિમાં ત્રીજા લેખક અને જેને પૂર્ણાહુતી કરવાની છે તેનો માર્ગ વિકટ થાય એ સ્વાભાવિક છે અને તે મુશ્કેલાઇ મ્હને પગલે પગલે નડી છે.

આમ વસ્તુ સ્થિતિ થતાં આ લેખકનું કામ જોખમ ભરેલું–જવાબદારીનું અને મુશ્કેલ થઇ પડયું. પરીક્ષામાં એક લાંબો કઠિન પેપર જોઇ ને વિદ્યાર્થી ત્રણ કલાકમાં કેમ લખાય તે વિચારે ગુંચવાય છે તેમ ચોથા ભાગમાં અમુક પાનામાં પુસ્તક પૂર્ણ થવું જોઇએ એમ મર્યાદિત થવાથી લેખકની ગભરામણનો ખ્યાલ વાચક વર્ગને આવશે. આવે તોજ એમાં આવેલા વિષયો તરફ સ્નેહથી જોવાય.

અનેક પાત્રો ને વસ્તુ સંકલનાને ધ્યાનમાં રાખી રસ જાળવી સોંપેલું કામ પુરૂ કરવા યત્ન કર્યો છે એમાં કેટલે દરજ્જે સફળ થયો છું એ વાંચકવર્ગજ જાણી શકશે.

અન્તે સ્નેહીભાઇ ઠક્કર જેમણે મ્હારા સ્વભાવ જન્ય આળસ છતાં ધીરજથી રાહ જોઇ છે અને અનુકુળતા કરી આપી છે તે માટે તેમનો ઉપકાર.

રાયપુર—અમદાવાદ.
તા૦ ૩૧–૫–૧૨.

ભોગીન્દ્રરાવ ર. દીવેટીયા.

અનુક્રમણિકા.

રસિકચંદ્ર.

એક સંસારિક ચિત્ર.

ભાગ ૪.

પ્રકરણ પહેલું.

હેં ! આ શું ?

આન્ટરોડ સ્ટેશન ઉપર રાત્રીના દસ વાગ્યાને સુમારે ઉતારૂઓની ધાંધળ ચાલી રહી હતી. પંજાબ એક્ષપ્રેસ તથા ગુજરાત મેલમાં આજ વીક એન્ડ ટીકીટનો છેલ્લો દિવસ હોવાથી રોજ કરતાં વધારે ભીડ હતી. ત્રીજા વર્ગના ઉતારૂઓને જ્યાં ઉભા રાખવામાં આવે છે ત્યાં " સામાન વધારે હોય તો " કાંઈ મળે એની લાલચે બે ચાર સીપાઈઓ આંટા માર્યાં કરતા હતા. મજુરો ઉતારૂને સામાન જોખાવવા, પીડા પતાવવા એમની મારફત ' ચેરીમેરી ' નું ગોઠવવા અડધી મરાઠી અડધી ગુજરાતી ભાષામાં ભાંજગડ કરતા હતા. ઉતારૂઓ–ત્રીજા વર્ગના–ઉતારૂઓ અને તેમાંએ ગરીબ–ગરીબ દેખાતો બાવો–સાધુ–સન્યાસી–ફકીર હોય તો તો 'બદમાશ' હોવોજ જોઇએ એમ માની ડીટેક્ટીવનું કામ કરતો એક સિપાઇ જેણે કાળો ઝભો–કાળી લાંબી ટોપી, કાળું ધોતીયું, કેડ ઉપર એમનેએમ વીંટાળ્યું હતું અને હાથમાં લાંબી ડાંગ રાખી હતી એવો સિપાઇ પુછપાછ કરતો–વખતે વખતે અજાણ્યો થઇ,

ટીકીટના ભાવ–પાસે પૈસા છે તેનું જોખમ કેમ સાચવવું અને એવાજ રસ્તા કરી મન મેળવવા અને પકડવા તજવીજ કરતો ફરતો હતો.

મેલ આવવાનો વખત થતાંજ ઉતારૂઓને પ્લેટફોર્મ ઉપર દાખલ કરવામાં આવ્યા અને લોકલ ટ્રેઇનમાં અજાણ્યા ઉતારૂઓ બેશી ન જાય તેની ચિવટ રાખતા પોર્ટરો, યુરોપીઅનો–શેઠીયાઓને મુકવા આવેલા ગૃહસ્થો આમ તેમ ફરતા હતા, અને આમાના કેટલાક એવા હતા કે મેલ વખતે ગ્રાન્ટરોડ ન અવાય તો ઉંઘજ ન આવે.

આ બધા ઉતારૂઓમાં એક ઉતારૂ ધ્યાન ખેંચે એવો હતો. શરીરે ઠીંગણો–પણ કાળો શાહી જેવો, પગમાં દક્ષણી જોડા, માથે કસબી કોરનો લાલફેંટો અને મ્હોમાં પાન ખાતો ચિંતાતુર હોય એમ પ્લેટફોર્મ ઉપર ફરતો હતો. એને નહોતું ભાન સ્ટેશનનું કે નહોતું ભાન વખતનું. કયારે ગાડી આવે ને બેસું એજ એની ચિન્તા હતી. જાણે પોતાના ધારેલા કામમાં નિષ્ફળ ગયો હોય, બાજી બગડી ગઇ હોય અને પ્રત્યેક પળે ફસાવાની બ્હીક હોય તેમ તેના ડોળ ઉપરથી લાગતું હતું. સ્ટેશન ઉપર ફરતાં ફરતાં અનેક સાથે પ્લેટફોર્મ ઉપર અથડાયો હતો. ઝાંપામાં કોણ કોણ પેસે છે તે બારીકાઇથી જોતો–કોઇ યુરોપીઅન ઓફીસર, પોલીસનો જમાદાર પાસે થઇ જતો અને એની છાતીમાં ગભરામણ છુટતી.

મેલ આવી–ઉતારૂઓને બેસવાની ધમાલ ચાલી. ઠેઠ કોલાબાથી સારી જગા માટે બેઠેલા ઉતારૂઓ ઉપર નીરાંતે સોડો તાણી સુતા હતા ત્યારે હેઠળ બેઠેલા ઉતારૂઓ પ્લેટફોર્મ તરફના બારણા બારી બંધ કરી બેઠા હતા–બ્હારથી ઉઘાડી અંદર આવનાર સાથે તકરાર થતાં, જે બૂમો પડતી તેથી કાન બેર મારી જતા હતા.

લાલ કસબી ફેંટાવાળાએ સેકન્ડ કલાસની ટીકીટ લીધી હતી અને ગાડી આવતાંજ પાસે સામાન ન હોવાથી એકદમ બેસી ગયો. ગાડીમાં બેઠો. સેકન્ડ કલાસની ટીકીટ–ગાદી હતી છતાં એના મનમાં જરાયે શાન્તિ ન હોતી–વારંવાર ઘડિયાળ જોતો અને કયારે ગાડી ઉપડે એની વાટય જોતો ઉંચો નિચો થતો હતો.

દસ મીનીટનો ઘંટ વાગ્યો–કોઇક ઉતારૂઓ દોડતા આવ્યા. ત્રીજા વર્ગના ઉતારૂઓ રહી જવાની બ્હીકે સેકન્ડ કલાસના ડબ્બા ઉઘાડી બેસવા જતાં ધક્કા પડતા અને "બેસારો ભઇશાબ" "રહી જઇશું" ની બુમ પાડતા આમ તેમ દોડતા હતા. એવામાં એક બુટ પાટલુન–હાફકોટ–નેકટાઇ–ઓવરકોટ મોમાં સીગારવાળો પાકી ઉમરનો પુરૂષ દાખલ થયો–ન્યુસપેપર બોય પાસેથી તે દિવસનું એડવોકેટ લીધું અને ગાડીમાં વાંચીશું કરી બેગમાં નાખી જે ડબ્બામાં પેલો કાળો ઠીંગણો માણુસ બેઠો હતો તેજ ડબ્બો ઉઘાડી બેઠો. યુરોપીઅન પદ્ધતિનો હોવાથી આ ઉતારૂએ ગાડીમાં કોણ છે તેની જરાયે તપાસ કરી નહી. બેગમાંથી એડવોકેટ કાઢી વાંચવા માટે ફાડયું. ફાડતાં ફાડતાં પેલા કાળા માણુસ તરફ નજર ગઇ–નજર જતાં કાંક સ્મૃતિ થઇ–સ્મૃતિ થતાં એને ઓળખવા–કયાં જોયો છે તે સંભારવા લાગ્યો. કાંઇક જોયો છે પણ કોણ! તે યાદ ન આવતાં એડવોકેટ વાંચવું શરૂં કર્યું. એકાદ નેટીવપ્રીન્સ જતો હોવાથી ટ્રેઇન જરા લેટ હતી એટલે ગાડી ઉપડી નહી. ઉપડી નહી એટલે લાલફેંટાવાળો 'ગાડી કેમ ઉપડતી નથી" એમ મોટેથી બોલ્યો. આ અવાજ કાને પડતાંજ એડવોકેટ વાંચનારનું ધ્યાન ખેંચાયું–ઘાટો પરિચિત લાગ્યો પણ કાંઇ નિશ્ચય થયો નહીં. એડવોકેટ ફરીને હાથમાં લેતાં એક ફકરા તરફ ધ્યાન ગયું.

વડોદરાથી મુંબાઇ આવતી મેલમાં ખુન.

"ચાર દિવસ અગાઉ અમદાવાદ મેલમાં સેકન્ડ કલાસ ડબ્બામાંથી ગ્રાન્ટરોડના સ્ટેશન ઉપર પોલીસને એક ટ્રંક-હેન્ડબેગ અને બીસ્ત્રો મળ્યાં હતાં—ડબ્બામાં કોઇ ન હોતું—સામાન પોલીસે સ્વાધીન લઇ પંચ કરી તપાસતાં ટ્રંકમાં પહેરવાનાં લુગડાં, એકાદ બે નોવેલ-દાકતરી હથીયારો શિવાય કાંઇ નહોતું. દરેક ઉપર N. J. એવું નિશાન હતું, પોલીસની સહુ તપાસ છતાં કાંઇ પત્તો ન મળવાથી કોઈ ઉતારૂ વચમાં સહેજ ઉતરતાં ગાડી ઉપડી જતાં રહી ગયો હશે અને એ સામાન તેનો હશે એમ અનુમાન ઉપર પોલીસ આવી હતી. પરંતુ બીજે દિવસે સુરત અને નવસારી વચ્ચે એક ગરનાળા પાસે લાઇન ઇન્સ્પેકટરને બેભાન મરણતોલવસ્થામાં પડેલો માણસ મળી આવ્યો હતો. આ માણસના પહેરેલા લુગડા ઉપર N. J. નું નિશાન હતું—લાઇન ઇન્સ્પેકટરે અત્રે આવતી ટ્રેઇન ઉભી રખાવી લાશ મુંબાઇ મોકલાવી હતી. ગ્રાન્ટરોડના સ્ટેશન ઉપર રેલ્વે અમલદારો એ દાકતરી તપાસ કરાવવા સર્વ ચીવટ રાખી હતી—ગાડી માંથી કોઇએ ફેંકી દીધો હોય એમ દાક્તરનું કહેવું થયું હતું અને ચાલતી ગાડીએ પત્થર સાથ અથડાવાથી માથામાં સખ્ત ઇજા થઇ જવાથી મરણતોલ અવસ્થા થઇ હતી. રેલ્વે અમલદારોએ પંચ રૂબરૂ લુગડાં તપાસતાં બે કાગળો મળી આવ્યા હતા. જીવ હોય એમ લાગવાથી તેને ગોકુળદાસ તેજપાલ ઇસ્પીતાલમાં સારવાર માટે મોકલવામાં આવ્યો હતો હાલ ત્યાં તેની અવસ્થા ભયંકર છે એની પાસેથી કાંઈ માહીતી મળે એમ નથી છતાં સામાન ઉપરની નિશાની તેમજ તેના ગુજવામાંથી મળેલા કાગળો ઉપરથી તે વડોદરાના પ્રખ્યાત દાકતર નારાયણ

રાવ જાધવજ હોવા જોઇએ એમ અનુમાન જતાં વડોદરે તાર કરતાં પોલીશને ખબર મળી હતી કે દાકતર વડોદરેથી મુંબાઈ તેજ દિવસે ગયા હતા. અકસ્માતનું કારણ જણાયુ નથી પણ કોઇએ ખુનની કોશીશ કરી હોવી જોઇએ એવો પોલીસનો અભિપ્રાય છે. નારાયણરાવની પોતે એ વિશે કાંઇ માહીતી આપી શકે એવી સ્થિતિ થતાં સુધી પોલીશ ખાનગી તપાસ કરે છે" "નારાયણરાવ જાધવ ! હેં! આશું! એનું ખૂન! એના ખૂનની કોસીશ' શા માટે ! હા ! બસ ! એતો એજ" એટલું કહેતાંની સાથેજ ન્યુસપેપર ફેંકી ઉભો થયો-બારણું ઉઘાડી બાર કુદી પડયો-પણ એટલામાં ગાર્ડે સીટી વગાડી-ગાડીની વ્હીસલ થઈ—સ્ટોપ (ઉભીરાખો) ની બૂમોપાડતો સ્ટેશન ઉપર બાવરાની પેઠે દોડયો-સામા ઉભેલા સીપાઇને કાંડુ પકડી ઘસડી લાવ્યો ને નારાયણરાવ જાધવ' નું ખૂન કરનાર આ રહ્યો કહી-કાળા ઠીંગણા માણસ તરફ આંગળી કરી. આ શો ઘોંટાળો છે તેની ગાર્ડને ખબર ન પડી-તેતો એનજીન ડ્રાઇવર તરફ ફાનસ બતાવતો હતો પણ પોલીસે ગાડી થોભાવી. લોકો ભેગા થયા. યુરોપીઅન ઇન્સ્પેક્ટર હાજર થયો અને 'નારાયણ જાધવનુ ખૂન કરનાર એજ-હું જાણું છું' ' કરી બૂમોપાડતો ડબ્બા પાસે ઉભો. લોકોની ઠઠ જામી. ઉતારૂઓ ગાડીમાં ઉતરી જોવા આવ્યા. પેલો કાળો ઠીંગણો માણસ તો હેબત ખાઈ ગયો શું કરવું, કયાં જવું તે સૂઝયુંજ નહી. ઇન્સ્પેકટરે આરોપ મૂકનાર કોણ વગેરે પૂછ્યું-એના ઉત્તરમાં એણે એટલુંજ કહ્યું કે ' હું તુળજાપુરના જાગીરદાર છું-મારૂ નામ આણંદરાવ છે અને એ ખુન કરનાર-કરાવનાર પેલો કોંડાજીરાવ નારાયણરાવ જાધવનો ઓરમાન સસરો છે. 'આણંદરાવ, નારાયણરાવ કોંડાજી વગેરે પરિચિત નામો કાને પડતાંજ કોંડાજીરાવ ગભરાઇ ગયો છતાં હીમત રાખી એટલુંજ બોલ્યો કે—

"એ જુદો છે ! એક સેકન્ડ કલાસપેસેન્જરને આમ હેરાન કરવા જતાં—ખુનનો આરોપ મૂકતાં વિચાર કરજો અને તમને ભારે પડશે એ યાદ રાખજો "

આનંદરાવ એટલો તો ઉશ્કેરાઇ ગયો હતો કે એનું મગજ ઠેકાણેજ ન હતું. નારાયણરાવ—પોતાની વહાલી બેન કમળા ઉર્ફે તારાના પતિનું ખૂન પાપી કોંડાજી વગર બીજો કોણ ઇચ્છે! કમળાનો વારસો આવો એજ પાપીની ઇચ્છા! એણે નહિ તો એણેજ ખૂન કરાવવા કોશીશ કરેલી! એ ખૂની ન ઠરે તો મને ફાંશી ચડાવજો! આમ બબડતો કરડી આંખે કોંડાજી તરફ જોવા લાગ્યો. પોલીસ નારાયણરાવ સંબંધી તપાસમાં તો હતીજ તેમાં આમ અચાનક ખૂનીનો પત્તો મળ્યો જાણી હરખાઇ કોંડાજીરાવને નિચે ઉતાર્યો—આનંદરાવને બે દિવસ રોકાઇ જવા કહ્યું અને તોહમતદાર અને ફરિયાદીને લઇ પોલીસ સ્ટેશન બ્હાર ગઇ. ગાડીના ઉતારૂઓ તો આજ ગાડી ન જાય અને આ બનાવની પૂરેપૂરી ખબર મળે તો રહી જાય એવી ઇચ્છા રાખતા કમને ગાડી સાથે ઘસડાયા. જોકે એમના મનતો—ખૂની તરફ જ હતાં

પ્રકરણ બીજું.

મ્હારી સુંદર લાવો.

વ્હાલી ! તારા પિતાની કૃપાથી અને સાવકીમા સાથેના ત્હારા સંબંધથી તને બે પૈસા મળ્યા છે. ઇશ્વરની કૃપાથી અને ત્હારા નસીબે હું એમ. એ થયો અને બાંકીપુર કોલેજમાં પ્રોફેસરની જગા મળી. આમ આપણે સઘળી વાતે સુખી છીએ. આપણા બેમાં સ્નેહ છે છતાં ત્હારા મ્હો ઉપરથી શોકનું આવરણ કેમ જતું નથી ?

વ્હાલા ! ક્ષમાકરો ! ત્હમે મ્હને સુખી કરવા કાંઇ કમી નથી. પેલા દુષ્ટ નત્ત-મુઉ એ નામ. જે દિવસે સંભારૂં છું ત્યારે ત્રાસ છુટે છે, એની સાથે મારો જન્મારો કેમ જાત ? વ્હાલા ! વ્હાલા ! હું તમને દુઃખનું કારણ થઇ પડીને ! હું જરાયે અસંતુષ્ટ નથી હોં ! તમે તો મને વ્હાલા હીમ જેવા લાગો છો.

એટલું બોલી સ્નેહાળ–આવેગમય પત્નીએ પતિને દૃઢ આલિંગન દીધું અને ક્ષણુવાર લાગણી ને જોરે બેમાંથી એકકે બોલી શકયાં નહી.

અજીતરાયએ ઈચ્છા ને પરણી મન માન્યું રત્ન મેળવ્યું હતું. લગ્ન વખતેજ બી. એ. ની પરીક્ષા પસાર કરી હતી અને આગળ ભણુવાની હોંશ હતી પણુ આર્થિક સ્થિતિ સારી ન હોવાથી ખાનગી શા-

ળામાં નોકરી લીધી. દુર્ભાગ્યે નિશાળ ભાંગી પડી—અને અજીત નોકરી વિનાનો થઇ રહ્યા—મુંબાઇ જઇ, એલ, એલ, બી. ના ટર્મ ભરવાની અનુકૂળતા નહોતી. લાવને ત્યારે એમ. એ, થાઉં એ ઇચ્છા થતાં વ્હાલસોઇ વિદ્યા વિલાસી ઇચ્છાએ તન–મન અને ધનથી પતિને મદદ કરી. એમ. એમાં ઇતિહાસ લઇ બેઠા અને પરિણામ જણાતા ફર્સ્ટકલાસ ફર્સ્ટ આવ્યો. મેડલ મળ્યો. કાકતાલીયવત તેજ મહિનામાં બાંકીપુર કોલેજનો ઇતિહાસના પ્રોફેસરની જગા ખાલી પડી અને અરજી કરતાં અજીતરાયને મળી. બસોથી ચારસો સુધી વધવાની આશા હોવાથી પતિપત્નીના સ્નેહસુખમાં વૃદ્ધિ થઇ હતી.

બાંકીપુર જતાં પહેલાં પૂર્ણીમાની મનહર રાત્રીયે અમદાવાદમાંજ અજીતરાયના સસરા અને ઇચ્છાના પિતા ઝવેરચંદ માણેકચંદના વિશાળ ગૃહની પાછલી અગાશીમાં પતિપત્ની કૌમુદી મહોત્સવ ઉજવતાં હતાં. સફેત દુધ જેવી, સહજ પણ કરચોળી વિનાની ચાદર પલંગ ઉપર પથરાઇ હતી, પલંગ ઉપર મોગરો, ગુલાબ, ચંપો પડયા હતા. આરસના ગોળ મેજ ઉપર રૂપાના બે કટોરામાં દુધ મશાલાદાર દુધ સુગંધ મારી રહ્યું હતું, નાના સ્ટુલ ઉપર ધોળા દોરાનો રૂમાલ પાથર્યો હતો, અને એ ઉપર રૂપાનો ધોળો લોટો પવાલા સાથે આકર્ષી રહ્યા હતો, આરામ-ખુરશી ઉપર ધોળા ગલેફની ગાદી પાથરી હતી. અજીતરાયે ઝીણી–રેશમી-કોરનું સફેત ધોતીયું, રૂપાનાં બટનવાળું મલમલનું ઝીણું પહેરણ, પહેર્યું હતું ત્યારે ઇચ્છાએ જેની ઝુલ બહાર દેખાય છે એવા સફેત ચણીયા ઉપર ગુલાબી નાનાં ફુલોવાળું મલમલનું પોત–રેશમી તસતસતો કબજો અને ગળામાં મોતીની માળા–હાથમાં લાલ બંગડીઓ સાથે મોતીની પાટલીઓ—પગમાં કુણા માસના લોચા સાથે લચી પડતાં સાંકળાં

શોભી રહ્યાં હતાં જેવો આકાશમાં ચંદ્ર બિરાજતો હતો તેવોજ નાનો ચાંલ્લો ઈચ્છાના કપાલમાં શોભી રહ્યો હતો.

અગાશીના ધારા ઉપર ઉત્તરરામચરિત પડયું હતું. પતિપત્ની કૌમુદી મહોત્સવ ઉજવતાં—વાર્તાવિનોદ કરતાં ઉપર જણાવ્યા પ્રમાણે પલંગમાં બેઠાં હતાં.

અજીતરાય—વ્હાલી ! એ બધું ખરૂં પણ જેમ આકાશમાં પુર્ણીમાનો ચંદ્ર પૂર્ણ ખીલેલો છે ને તેને વાદળાં નડનાર નથી તેમ તારો મુખચંદ્ર નિર્મળ ન થાય, શોકનાં વાદળ દૂર થાય ત્યારેજ મ્હારા સ્નેહસાગરમાં આનંદના મોજા આવે.

ઈચ્છા !—ગાંડારે ગાંડા ! આમ બાયડીઓને છકાવી મુકશો તો ભરી પડશે. અમે બાયડીઓતો સદા અસંતુષ્ટ. માટે એતો જોવું જ નહી. ચાલો શેત્રંજ રમીયે.

અજીત—શેત્રંજ પછી. શેત્રંજ પુરી થવાની નથી આપણી શેત્રંજ કયે દિવસે પૂરી થઇ છે ? જ્યાં શેત્રંજમાં તાલ આવ્યો કે તારી આંખોમાં બોર [illegible] જામે છે ને શેત્રંજ શેત્રંજને ઠેકાણે રહે છે—પણ એમ વાત ન ઉરાડ—તું કારણ નહી કહે ?

ઈચ્છા—વ્હાલા ! કારણ તમને નહી કહૂં ના કોને કહીશ ? પણ આજે આવા આનંદના દિવસે નહિ. વળી બીજે દિવસે વાત.

અજીત—ના આજજ. તેને જે જોઇએ તે લાવી આપું. એમ અધીરા મને કૌમુદી મહોત્સવ ઉજવાયજ નહિ. મારી કૌમુદી તું ઝાંખી હોય તો પછી આકાશની કૌમુદીમાં મને મજાહ આવેજ નહી.

ઈચ્છા—વ્હાલા ! આમ મારી પાછળ આટલો ગાંડા થતા હોઇશું ! લ્યો કહું-મને એમ થાય છે કે આ આનંદ-આ સુખ જોવા એક જણુ હત તો કેવું સારૂં ? એ બિચારી કોણુ જાણે ક્યાંએ રખડતી હશે ?—

એટલું કહેતાંજ ઈચ્છા ઢીલી ઢખ થઇ ગઇ. આંખમાંથી આંસુ ખરવા લાગ્યાં-ડુસકે ડુસકાં આવવા લાગ્યાં અને અજીતરાય એકદમ છાતી સાથે દાબી આશ્વાસન દેતો-સ્નેહાલિંગન દેતો, કપોલે—માથા ઉપર હાથ ફેરવતો બોલ્યો-" વ્હાલી ! વ્હાલી ! આમ હિંમત હારી જતાં હોઇશું ! કોણુ ! સુંદરને માટે કહે છે ને ? તપાસ કરાવીશું પણુ તું શાંત થઇ જા."

ઇચ્છા—વ્હાલા ! સુંદર એ કોઇ દેવી જ હતી. અરે રે ! મારે માટેની એની કાળજીનો વિચાર કરૂં છું-મ્હારે માટે એણે જે દુઃખ ભોગવ્યાં છે. પેલા નવનીતના હાથે અપમાન ખમ્યું છે તે જ્યારે સંભારૂં છું ત્યારે મારૂં હૃદય કહ્યું કરતું નથી. અરે રે ! એ ન હોત તો હું તમને સારી લાગું છું તે ન થાત. એ ન હોત તો મારા મનના માન્યા તમને પરણી શકત કે કેમ તે પણુ શક છે ! એ મને સુખી જોવા. પતિની ગોદમાં સુખી જોવા કેટલી ઉત્સુક હતી ! હાય ! હાય ! એ બિચારી અભાગણી મન માન્યા-પતિની ખોળમાં ચાલી ગઇ. કોણુ જાણે એ તો બીજીને પરણી બેઠો હશે કે બીજીનો વિચાર કરતો હશે અને આ જુવાન ગભરૂ બાળા સ્ત્રીજાત એકલી દુનિયામાં રખડતી હશે એને ફસાવવા અનેક દુષ્ટો પાછળ પડતા હશે. વ્હાલા ! વ્હાલા !

માફ કરો પણ મને સુંદર વિના આ સઘળું સુખ-સઘળો આનંદ સુકો—લુખો લાગે છે.”

અજીતરાય—વ્હાલી ! તું શાંત થા. સુંદરને માટે તને થાય એ સ્વાભાવિક છે—એ સુંદર—તારી સુંદરના ખબર લાવી આપીશ. બાંકીપુર જવાના હજી મહિનાની વાર છે તે દરમિયાન તને સુંદર લાવી આપીશ પછી——?

ઇચ્છા—વ્હાલા ! મને મારી સુંદર લાવી આપો ! બસ એટલુંજ ને ! સુંદર લાવી આપે તો છે ને—એટલું બોલી પતિ પરાયણી ઇચ્છાએ વ્હાલાના કપોળે હૃદયદાન દીધું અને પતિપત્નીની મીઠી રસદાર ગોષ્ટી ચાલી. એ ગોષ્ટી જાણવાનો આપણો હક નથી.

પ્રકરણ ત્રીજું.

જંગલ.

રાત્રીના બાર વાગી ગયા હશે એમ જીવ જંતુની શાન્ત નિદ્રા ઉપરથી લાગતું હતું.–વડ જેવાં ઘટાદાર ઝાડ ઉપરથી વખતે વખત પક્ષીઓની પાંખોનો ફફડાટ એકલ દુકલને બ્હીવડાવવા બસ હતો. ચોગરદમ અંધકાર શિવાય કાંઇ નજરે પડતું નહિ, દૂર આગીયા કીડાનો ચળકાટ ઘડીમાં તેજસ્વી થતો તો ઘડીમાં લોપ થતો. તેથી અજાણ્યાને ભૂતના ભણકારા લાગતા. તારાનો પ્રકાશ પણ ઝાડીને લીધે ક્વચિત્ દેખાતો અને પાંદડાના હાલવાથી જમીન ઉપર હાલતો પડછાયો ભૂત પ્રેત કે ચોરની શંકા ઉત્પન્ન કરતો. આવા ઘોર અરણ્યમાં–નદિ કાંઠે એક અપૂજ શિવાલય આવી રહ્યું હતું. શિવાલય અને શિવાલયની આસપાસના ખંડેર ઉપરથી આ સ્થળ એક વખત વસ્તીવાળું હશે એમ લાગતું હતું. શિવાલયનો ઘુમટ ભાગી ગયો હતો. પોઠીયાનો એક કાન ને એક આંખ ખંડીત થઇ હતી. શિવલીંગ ઉપર મણ ધૂળ ચડી હતી. શિવાલયમાં વન્યપશુ અને સાપ વીંછીનો વાસ હતો. પાંચ પાંચ સાત ગાઉ સુધી કંઇ ગામ હોય એમ લાગતું નહી. માત્ર મંદિરની પાસેથી ગાડીનો ચિન્હો હતો. આ ચિન્હો ઉપર દિવસના ભાગમાં માણસો ગાડાની

આવ જાવ થતી પરન્તુ રાતના ભાગમાં એ બાજુથી જવાની કોઇ હીમત કરતું નહીં. શિવાલયના ઓટલા ઉપર અર્ધા બળેલા દેવતા રાખ ઉપરથી સ્હજ સમજી શકાય એમ હતું કે આવતા જતા ગાડા વાળા હુક્કા પીવા આરામ લેવા અહી બેસતા હશે અને પાસે નદીનું પાણી પી બપોરના બે ઘડી ઝાડીમાં આરામ લેતા હશે.

મધ્યરાત્રીએ શિવાલયમાં કોઇ દિવસ નહી ને આજ મનુષ્યનો વાસ જણાય છે. બહાર બે ઘોડા થાકીને લોથ થઇ ગયેલા જંગલમાં ઉગેલું ઘાસ ખાતા આમ તેમ ફરતા હતા. શિવાલયની અંદરની બાજુએ બે જણા ઉશ્કેરાયેલા, પણ થાકી ગયેલા હોય એમ શિવલીંગ પાસે પડયા હતા. પાસે છરો તમંચો તરવાર પડયાં હતાં. બન્નેની નજર આગળ પણ ખૂણામાં એક ચાર પાંચ વર્ષનો છોકરો ત્રાસથી બેબાકળો થયેલો પેલા ક્રૂર દેખાવના અને રાક્ષસી વૃત્તિવાળા પુરૂષોની બીકથી ડુસકાં ખાતા પણ ગભરાતો અસ્વસ્થ હૃદયે ભીંતને અડંગી બેશી રહ્યો હતો. એ બિચારાને ભવિષ્યનું કાંઇજ ભાન ન હોતું.

થોડી વાર થાક ખાધા પછી પેલા બન્ને રાક્ષસો જાગ્રત થયા; અને રાત્રીનો અમલ ચાલ્યા ગયા પહેલાં કામ પુરૂ કરી નાખવાની ઇચ્છાથી વિચાર કરવા લાગ્યા.

કેમ ગનપત ! બોલ શું કહે છે? એક વાગી ગયો હશે આ જંગલ ગાઢું છે ? અત્યારે કોઇ આવે એમ નથી. પેલી રાંડ તો ચાલી ગઇ ? પેલી બીજી એની મદદે આવી ન હોત તો એને તો ત્યાં ને ત્યાં જ પૂરી કરત પણ બાજી હાથમાંથી ગઇ મુઆઇનું શું થયું હશે ? પણ આને તો.—

ગણપત—કોંડાજી ! તેં મને ફસાવ્યો. વડોદરામાં હું નિરાંતે નોકરી કરતો હતો ત્યાં પૈસાની લાલચે ખૂન કરવા તૈયાર થયો. ત્રણ ત્રણ ખૂન એક સામટાં! તેમાં વળ્યું નહી એકમાં ! પેલી નાસી ગઇ. પેલાનું કોણ જાણે શુંયે થયું હશે ? અને આ બાળક—

કોંડાજી—ગનપત ! આ શિવાલયમાં આવી મોટો મહાત્મા થઇ ગયો લાગે છે. તું કેવો છું તે આખું જગત જાણે છે. પૈસા માટે પેલા શેઠીયાના એકના એક છોકરાનું ખૂન કરનાર તુંજ કે બીજો ? પૈસા માટે પેલી બાઇને ફસાવનાર તુંજ કે બીજો. મુંબાઇની પોલીસ તને ઓળખતી નથી એમ નહી. માટે ટાયલાં જવા દે અને ચાલ તૈયાર થા.''

આ બન્ને નરાધમ મનુષ્યો પવિત્ર મંદિરમાં ખૂન કરવા,–ગભરૂ બાળકના લોહીના તરસ્યા ઇશ્વરથી જરા પણ ડરતા ન હોય એમ પાપમય વાતો કરતા હતા ત્યારે પેલું નિરાધાર–નિર્દોષ જગતના કાવાદાવા નહિ સમજનારૂં બાલક ભીંત પાસે એમને એમ ઉંઘી ગયું હતું. હૃદયમાં ભય–ચિન્તા–ત્રાસનો સળકવાસો હતો એ એના મ્હો ઉપર સ્વપ્નમાં ફરતા રંગો ઉપરથી–અને ઘડીઘડીમાં ભયને લીધે ભડકી ઉઠતું તે ઉપરથી સહજ જણાતું. આ બે માનવ રાક્ષસો મ્હારૂં ખૂન કરવાના છે. એમ આ બાલક જાણતું જ નહોતું. ખૂન–મૃત્યુ–મ્હોતની ઓળખાણ થઇ નહોતી. મ્હોત શી વસ્તુ હશે તેનું ત્હેને સ્વપ્ન નહોતું. પોતાની માતા અને આ દુષ્ટો વચ્ચેની મારામારી, બંધુકના અવાજ ને તરવારના ખડખડાટ, લોહીનું વહેવું જ જોયું હતું અને કુદરતી રીતે આ બાળક ભયભીત થયું હતું એટલુંજ; બાકી મૃત્યુ–મૃત્યુના ભણકારા આ કોમળ કાનને અથડાયા નહોતા.

કોંડાજીએ ગનપતના ભૂતકાળના પાપો-છૂપાં પાપોનો ઉલ્લેખ કરી જાગૃત કર્યો અને ટુંક સમયમાં આ નિર્જન અરણ્યમાં આ બાલકને ઠેકાણે પાડી જાગીર અને વારસાના હકદાર થવા નિશ્ચય કર્યો. બન્ને તૈયાર થયા. એક તરવાર અને એક ચકચકતો છરો લીધો. શાન્ત નિદ્રામા સુતા બાલકને એમ ને એમ ઠાર કરવો કે જગાડીને પૂરો કરવો એની ભાંજગડ ચાલી. આવા કોમળ પુષ્પ ઉપર પ્રહાર કરવા આ પાષાણ હૃદયના મનુષ્યની હિંમત ચાલતી ન હોવાથી એ પાપી કૃત્ય એકબીજા ઉપર ઢોળી દેવા પ્રયત્ન કરતા હતા. જગનનું શિવ કરતા શિવના મંદિરમાં ગાઢ નિદ્રામાં પડેલા બાળકના ગળા ઉપર એકદમ તરવાર ફરી હોત-કિંવા કોળામાં છરી ખોસાય છે તેમ તેના જીગરમાં એક ઇંચ કટાર ખોસાઇ હત તો કાંઇજ નહોતું. તરવારના ઝટકાની સાથે અગર કટારના ખોસવાની સાથે અમર આત્મા એકજ ચાચીઆરી પાડી ચાલ્યો જાત. તેના શરીરમાંથી લોહીની-ગરમ લોહીની શેરો ઉડત. કમળપત્ર જેવી નાજુક આંખો ઘડી વાર ઉઘડી બંધ થાત એટલુંજ પણુ નિદ્રામાં મીચાયેલી આંખો હોવાથી 'એ આંખની શરમ" ન પડત. પણુ નરાધમને એમને એમ મારવામાં મજાહ ન પડી. બિલાડી સાપ કે ઉંદરને પકડે છે ત્યારે પંજા મારી-દૂર ખસે છે. વળી તરાપ મારે છે અને એ રીતે તરફડીયાં મારતા સાપ કે ઉંદરને જોઇ ખીલે છે તેમ આ રાક્ષસને બાલકના કાલાવાલા બાલકની બૂમો-બાલકના કકડેકકડા થતા-બાલકના અવયવોના તડફડીયાં જેવાનું મન થયુંહતું. કેવી રીતે પૂરો કરવો એનો જેમ જેમ કોંડાજી વિચાર કરતો ગયો તેમ તેમ ત્હેના હ્રદયમાં શયતાન જાગૃત થતો ગયો.

હાય ! હાય ! આ ટીચકુડીયું મારા માર્ગમાં કંટકરૂપ ! રાં–ને હનમન્તીયો ન ગમ્યો. પેસો નારાયણુ અને રાં–કમળા ચમન કરે અને મારા હનમન્તીયાને કાંઇ નહી–હનમન્તીઓ શો ખોટો હતો ? પેસોતો ક્યારનો દેવ શરણુ થયો હશે. રાંડના શાભાર છે. દુનિયાના છેડેથા ખોળી કાઢી પુરી કરીશ, આ ટીચકુડીયું હોય તો વારસ થનો આવે ને ! હાય એનું લોહી રેડતાં મ્હને કેટલો આનંદ થશે ? પૈસો–જાગીર મારી આંખ આગળ તરે છે પણુ મારી અને એ પેસા વચ્ચે આ પાપ છે. એને સ્વધામ પહોંચાડયો કે બસ હું વારસ. કેટલો પેસો ? કેટલી નિરાંત પૈસો લેઇ. જાગીર વેચી પરદેશ ચાલ્યો જઇશ. મારા વડવાઓ પણુ દક્ષિણુમાંથી ગુજરાત આવ્યા હતા ને–તો હું ગુજરાતમાંથી ચીન જાપાન જઇશ. બસ એજ–ગનપત શું જુએ છે ! તઇયાર થા' આટલુ બોલતાં કોંડાજીના મ્હો ઉપર પાપ વૃત્તિ છવાઈ આંખોમાંથી અગ્નિ વરસવા લાગો–મન શરીર અસ્વસ્થ થયાં. ભૂખ્યો ડાંસ થયેલો મનુષ્ય મિષ્ટ ભોજન જેઇ ખાવા અધીરો થાય-કામાતુર યુવાન નવ-વલ્લભાને એકાંતમાં જેતાં ચલચિત્ત થાય તેમ કોંડાજી પૈસાની માલિકીમાં નડતર બાલકને પૂરો કરવા તલપાપડ થઇ રહ્યો હતો.

ગનપત બાલકને ઉઠાડવા જતો હતો ત્યા કોંડાજીએ બાલકનું પાંગોરુ પકડી દૂર ફેંકયો. કમળના દાંડા જેવા હાથને જડસા જેવો વજ્રપ્રહાર થતાં બાલક ચમકયું અને ચીસ પાડતું ઉભું થાય ત્યાં તો સામી ભીત સાથે પટકાયું. ગાઢ નિદ્રામાંથી અકસ્માત જાગતાં અજ્ઞાન બાળક ગભરાયું હતું ત્યાં ભીતની સાથે માથું અથડાવાથી વાગ્યું–વાગ્યાની પીડા શમી નહી ત્યાં સામા બે રાક્ષસો તરવાર ને છરા લેઇ ઉભા જેયા, બાલકે ફાટી ચીસ પાડી–નિર્જન અરણ્યમાં–ઘોર અંધારી

રાતે પાંચ પાંચ ગાઉ મનુષ્યનો પગરવ હોવાનો સંભવ નથી તો પછી આવી તો શેનુંજ ચડે. આમ છતાં પાપી હૃદયને તો ઝાડના પાંદડાનો ખખડાટ ચમકાવવા બસ છે. કાંડાજીને બાલકની કારમી ચીસ સાંભળતાંજ ત્રાસ છુટયો–જરૂર કોઇ આવી પહોંચશે એ બીકે–" ચુપ ! બદમાશ" ! કહેતાંજ તરવારની અણીથી ખસેડયો. પાંચ વરશના દુધીયા દાંતવાળા બાળકની કેળના ગર્ભ જેવી ચામડી કયાં અને પ્રચણ્ડ ચાંડાલની જોરથી ગોંચેલી તરવાર કયાં ! તરવાર શરીરમાં પેસતાંજ ચરર અવાજ થયો ને લોહીની છોળ ઉડી કાંડાજીના મો ઉપર પડી. બાલકે બીજી ચીસ પાડી–ગનપત હાથમાં છરી લઇ ઉભો હતો એટલુંજ–' બાલકને મારવાની આજ કોણ જાણે કેમ હિંમતજ ચાલતી નહોતી. "બાયલાની પેઠ શું જોઇ રહ્યો છે ? લગાવ ફટકો " એમ કહી કાંડાજી શરીર મોં ઉપરથી લોહી લોવા લાગ્યો. ગણપતનામાં જોર આવ્યું અને " લે લેતીજા કાળકા માતા લેજે ભોગ "—કરી વિશાળઆંખે ક્રોધના ભભુકા સાથે છરો લેઇ બાળક ઉપર ધસ્યો. ઘડીના છઠ્ઠા ભાગમાં–નારાયણ જાધવ અને કમળાના સ્નેહની ગાંઠરૂપ–જીવનની આશાના તન્તુરૂપ બાલક–જે પૈસો શું છે, જાગીર શું છે તેનું ભાન નથી. એવા નિર્દોષ બાલકની છાતીમાં તડબુચ કે કોળામાં વચ્ચોવચ છરી ભોંકાય તેમ ભોકાઇ—ભોકાઇ–થઇ રહ્યું એમ કાંડાજીના હૃદયમાં થતું હતું. હાશ–પીડા પતી–પૈસાનો માલીક થયો એમ લાગ્યું ત્યાં એક ધડાકો સંભળાયો–ધડાકો કયાંથી–તેનો વિચાર કરે છે ત્યાં ગનપત ' મરી ગયો ' કરી ચતાપાટ પડયો અને ગોળી સામી ભીંતમાં પેઠી. જે છરો બાલક ઉપર પડત, બાલકના શરીરમાં ભોંકાત, તેજ છરો ગનપતના ચતાપાટ પડવાથી જમીન સાથે અફળાયો અને તેની

આણુ ભાગી. કોંડાજી તો ત્રાસીજ ગયો–બંધુક મારનાર મંદિરમાં દાખલ થઇ બરાબર તપાસે છે એટલામાં કોંડાજી જીવ લઇ અંધારામાં કૂદી નાઠો. બાળકનો પ્રાણ બચાવનાર વીરપુરૂષે ગનપતનું મડદુ જોયું અને એકજ મનુષ્ય હશે એમ અનુમાન કર્યું. બાળકના શરીર ઉપર વાળની વીંટી નહોતી છતાં એને મારવાનું શું કારણ તેની સમજણ ન પડી. તેણે બાળક–રોતાં–લોહીના જવાથી બેભાન થયેલા–બાળકને ઉપાડ્યું. પોતાની પાસેથી–ઝોળીમાંથી કાઢી કાંઇક ખભા ઉપર લગાવ્યું અને સર્વ વસ્તુ એમને એમ રાખી–બેભાન બાળકને એમને એમ ઉપાડી રસ્તો પકડ્યો.

પ્રકરણ ચોથું.

કંચન ! તું તો કંચનજ.

મહાલક્ષ્મી ઉપરના શાન્તિસદન બંગલાના પશ્ચિમાભિમુખી હોલમાં અસ્તપામતા સૂર્યના સોનેરી કિરણો હોલના હાંડી—ઝુમરના પ્રતિબિમ્બ પાડી રહ્યાં હતાં. સમુદ્રના ઉછળતાં મોજાનો ઘોંઘાટ જૂદી જૂદી વૃત્તિઓ ઉદ્‌ભવતો હતો; મંદમંદ પવન સંયોગીને આનંદ, તૃપ્ત ને શાન્તિ, વિયોગીને પ્રજ્વલિત અને શાન્તને આહ્‌લાદિત કરતો હતો. આખા હોલમાં શાન્તિ હતી છતાં વખતોવખત કાંઇક અવાજ આવતા હતા, તાજેજ પૉલીશ લગાવેલો હોય એવા નાજુક પણ આકર્ષક પલંગ ઉપર પુષ્કળ રૂની પથારી પડી હતી. તે ઉપર રેશમી ધોળી મલમલની ચાદર પાથરી હતી અને આસપાસ ગુલાબ, ચંપો, મોગરાનાં અર્ધ ચિમળાયેલાં પુષ્પો પડ્યાં હતાં. પથારી ઉપર સફેત મલમલનો સાળુ પહેરેલી નવયૌવના પડી હતી. કાલિદાસે વર્ણવેલું અણવીંધ્યું મોતી કે વણસૂંઘ્યું કોમળ કુસુમ હોય તેમ જોનારને સહજ લાગતું હતું. શરીરના સર્વ અવયવો પૂરબહારમાં ખિલ્યા હતા. મોં ઉપર, ગાલ ઉપર લાલ સુરખી છવાઇ હતી આ બધું છતાં હૃદયમાં કાંઇ ઉંડી નિરાશા હોય એમ વારંવારના દીર્ઘ નિશ્વાસથી જણાતું હતું. આ બાલા ઘડીકમાં પોકેપોક મૂકી અશ્રુપાત કરતી તો ઘડીમાં ક્રોધનો ભભૂકો હોય તેમ

ગાજી ઉઠતી. ઘડીમાં બેદરકાર હોય તેમ હસી પડતી તો ઘડીમાં નિરાશા સાથે ધૈર્ય સહનશિલતાની મૂર્તિ હોય તેમ-બોલવાના હોસ પણ ન હોય તેમ-ધીરે ધીરે બોલતી. આ બાલાના પલંગ ઉપર એક બીજી સાધ્વી બેઠી બેઠી પલંગમાં પડેલી-આળોટતી બેઠી થતી-યૌવનાના કપાળ ઉપર, વાંસે હાથ ફેરવતી, હૃદયમાં થતા અનેક ભાવોને છુપાવવા જતાં પણ બ્હાર મુખ ઉપરથી રખેને સમજાઈ જાય એમ માની વારંવાર આઘીપાછી થતી સાંત્વન આપતી હતી.

આ બાલા, પથારીમાં તરફડીયા મારતી બાલા કોઇ જ નહી પણ કંચન હતી. જે સમયે જીવનનો સઘળો રસ જતો રહ્યો હતો, જે સમયે પોતાના પાલક પિતા સિવાય કોઇપણ મનુષ્યનું મ્હોં જોયું નહોતુ. જે સમયે પિતા, ઘર-સંસારને તિલાંજલિ આપી હતી તે સમયે સ્નેહનું બીજ વાવનાર અને પોષનાર, સંસારયાત્રામાં સંગાથ કરી આપનાર-જીવનની આશાના અંકુર ઉગાડનાર-પારસમણીની માફક જંગલમાં પણ મંગલ કરનાર-કલાકોને કલાકો-દિવસો ને દિવસો સ્નેહ કથામાં ગળાવનાર રસિકચંદ્રનેજ જોનાર, ત્હેના વચન ઉપર, હૃદય ઉપર, સ્નેહ ઉપર વિશ્વાસ રાખી મન-હૃદય અને શરીર અર્પનાર કંચન, મુંબાઇ આવ્યા પછી પણ જગતમાં નિશ્ચન પતિત તરીકે પ્રસિદ્ધ થનાર, આવતી કાલે લગ્ન છે અને લગ્નની ખુશાલી લગ્ન પછીનાં-આનંદ રાત્રી હનીમુનના અનેક સ્વપ્નો ઉદ્ભાવનાર અને આશાની ટોચેથી દુઃખની ખીણમાં ધક્કો મારનાર રસિકચંદ્રના વિચાર કરતી, ત્હેના સંસર્ગના વિચારે હૃદયની જ્વાળા પ્રજ્વલિત થતાં ઉશ્કેરાતી કંચન એકદમ પાસે બેઠેલી બાળાનો હાથ તરછોડી ઉભી થઇ બોલી—

જાઓ-? જાઓ ? તમે બધાં એકજ છો ? રસિકચંદ્ર ! કેવું રસિક નામ ! એ રસિક નામમાં આવું હળાહળ ઝેર ભર્યું હશે તે મ્હેં નહોતું

જાણ્યું 'લક્ષ્મીની ખોટ તું પૂરી પાડીશ' એમ કહેનાર એજ કે બીજા? દરિયા કિનારે મારી સાથે અનેક સ્નેહગોષ્ઠી કરનાર એજ કે બીજા—મુંબાઇમાં છેવટ સુધી એમના ઉપર વિશ્વાસ રાખી મારૂં જીવન સર્વસ્વ સોંપી મનથી જનથી મનાયેલા પતિ પ્રત્યેક પળે મ્હને વિવાહિતા ગણી મ્હારા સ્નેહના કુસુમ ખિલવનાર એજ કે બીજા? "લક્ષ્મી શિવાય બીજી સ્ત્રી નહિ કરૂં" એ શબ્દ પણ એમનાજ કે? એ તમારા રસિકચંદ્ર! હાય! હાય! પુરૂષોના કઠોર-ક્રૂર હૃદય હશે એ મેં કદી માન્યું નહોતું. રામચંદ્રજીની માફક—

त्वं जीवितं त्वमसि मे हृदयं द्वितीयं
त्वं कौमुदी नयनयोरमृतं त्वमङ्गे—*

એમ દરરોજ કહી-મને આનંદસાગરમાં-સ્નેહસાગરમાં રમાડી ધકેલી દેનાર રસિકચંદ્રજને? એમની લક્ષ્મી એમના દીલમાંથી ખસતી નહોતી-લક્ષ્મી જીવતી છે કે મરેલી એમ જાણતા નહોતા તો મ્હને શું કામ ફસાવી? એ તો લક્ષ્મીને પરણી સંસારમાં આનંદ કરશે પણ મારૂં શું? ખરેખર પુરૂષોનો સ્નેહ ચાર દિવસના ચાંદરણાજ જેવો, પત્ની જીવતી હોય ત્યાં સુધી મીઠા શબ્દો અને અમૃતમય વાણીથી ભોળવનાર-એના શિવાય બીજાના દેખતાજ નથી-ન કરે મરી જાય તો સંસાર શૂન્ય લાગશે-મરાતું હત તો મરી જાત એમ દસાવનાર પુરૂષ-બીજેજ દિવસે બીજી સ્ત્રી લાવી, પહેલી ને-જેણે સ્વપ્નમાં પણ બીજા પુરૂષનો વિચાર કર્યો નથી હોતો તેને ભૂલી જાય છે અને ભૂતકાળની પત્ની હતીજ નહી એમ બીજીમાં તલ્લીન થાય છે. પુરૂષો કેવા સ્વાર્થી અને હલકા મનના છે. એનીજ જગાએ કોઇ સ્ત્રી હોય-તેનો વિવાહ-સગાઇજ

* તું મ્હારૂં જીવિત છે-તું મ્હારૂં બીજું હૃદય છે-તું મ્હારી આંખની કૌમુદી છે અને તું મ્હારા શરીરને અમૃતરૂપ છે.

થઇ હોય, ભવિષ્યના પતિ સાથે વાતચિતનો સંબંધ હોય અને દૈવવશાત્ એ પતિનું લગ્ન પહેલાંજ મૃત્યુ થાય અને એ કન્યા બીજાને પરણે તો તેના શા હાલ થાય છે તે જાણો છો! નવા પતિને અનેકવાર પત્નીના સ્નેહને માટે શંકા આવે છે. કુદરતી લાગણીથી કે સહવાસથી થનાર પણ ગત પતિને સંભારે તો તો એના ભોગજ મળ્યા. બસ તું મને ચ્હાતી નથી. હજી તારો—સાંભરે છે—વગેરે કઠોર શબ્દથી બિચારી કોમળ હૃદયની બાલાને શારે છે. તમે મને શું કહેવાં આવ્યાં છો! જાણું છો? રસિકચંદ્ર! એ વિશે બોલશોજ નહી. એમને એમના લક્ષ્મી-સાથે આનંદમાં રહેવા દો. હું તો પ્રેમ યજ્ઞમાં મ્હારા શરીરનું બલિદાન આપીશ—જીવનનો અંત આણીશ. તમે સુખેથી જાવ..."

"બ્હેન—બ્હેન! આમ આકળાં ન થાવ! રસિકચંદ્રની પોતાની સ્થિતિનો તો વિચાર કરો! લક્ષ્મીની સાથે એમનો જૂનો સ્નેહ—લક્ષ્મી માટે પિતાના ઘરનો વૈભવ છોડયો. બુદ્ધિસાગર જેવા મિત્રનો વિયોગ સહન કર્યો. માતાના વાત્સલ્ય ભરેલા હૃદયને કારી ઝખમ કર્યો. રસિક-ચંદ્ર માટે લક્ષ્મીએ—હિંદુ સ્ત્રીઓમાં કદિ ન બને એવી રીતે ઘર—બાર સંસારનો ત્યાગ કરી—ગામેગામ અનેક અગવડો વેઠી પતિ શોધને માટે ભીખારણુ જોગણનો વેશ લીધો. બન્ને એક બીજાને માટે મરી પડનાર એક એકના સ્નેહની પરિસીમા—એમને જ્યારે લક્ષ્મી જીવતી છે એવી ખબર મળી ત્યારે તમારો ત્યાગ ન કરે તો શું કરે? બ્હેન! હિંદુ સંસારમાં સ્નેહ લગ્ન છેજ ક્યાં? તમારો એમના ઉપરનો સ્નેહ બીજી દિશાએ વાળો, હિંદુઓમાં—આપણામાં અનેક કન્યાઓની તમારા જેવી સ્થિતિ થાય છે. કુમુદ સરસ્વતી તે ચહાતી છતાં પ્રમાદધનને પરણી—સરસ્વતીચંદ્ર કુમુદને ચહાતો છતાં કુસુમને પરણ્યો તો પછી તમે

પણ બીજાને પરણી સુખી થશો. ત્હમને પરણવા અનેક યોગ્ય યુવાનો તૈયાર થશે. પિતાનો સ્નેહ છે. પૈસા છે. તમે કેળવાયેલા છો. ત્હમારામાં રૂપ છે—ગુણ છે—પછી શા માટે દુ:ખી થાવ છો?"

"બસ કરો? ત્હમારી જીભ કાપી નાંખો! ત્હમે રસિકચંદ્રની તરફથી વકિલાત કરવા આવ્યાં છો? ત્હમે કોણ છો! ત્હમે કાંઇ સુશીલ સ્ત્રી લાગતાં નથી.

"એકને દીલ અર્પ્યું તે બીજા કોનું બને નહીં." એ સૂત્ર તમારૂં લાગતું નથી. આર્ય સ્ત્રી—કેળવાયેલી સ્ત્રીને એક ભવમાં બે પતિ કેમ હોઇ શકે? હું કાંઇ નાની કીકલી નથી સમજ્યાંને—મારો વિવાહ મારા પિતાએ કર્યો નહોતો. મે મારી મેળે—અરે રસિકચંદ્રે મને અનેક વચનો આપ્યાં હતાં. હું એમને કેમ વિસરી શકું. એમને વિસરી જાઉં. એમના તરફનો મારો સ્નેહ ભૂલી જઇ શકુ તો એ સ્નેહજ નહીં. સ્નેહ એ એવી વસ્તુ નથી કે ભૂલી જવાય. અને લક્ષ્મી, લક્ષ્મી કરતાં મ્હારો હક વધારે છે. લક્ષ્મીનો વિવાહ થયો નહોતો. એમાં વિઘ્ન હતાં. રસિકચંદ્રે લક્ષ્મી સાથે એકાદ વારજ પ્રસંગ પાડયો હતો. પછી બન્ને છૂટાં પડયાં હતાં. બન્ને વચ્ચે લાગણી હતી, રમણ એકબીજાનાં હૃદય ભેટયાં નહોતાં. આંખે આંખ મળી નહોતી, હસ્તે હસ્ત મળ્યા નહોતા, હૃદયના તારના નાદ થયા નહોતા, વાર્તાવિનોદ થયો નહોતો, હૃદયદાન અપાયાં દેવાયાં નહોતાં. જળ, પૃથ્વી, સૂર્ય, ચંદ્ર, અને કન્યાના પિતાની સમક્ષ વચનો અપાયાં નહોતાં, સમજ્યાં!

"બ્હેન! તે ખરૂં? પણ ત્યારે હવે કરશો શું"?

"હવે શું કરીશ? જો હું જીવીશ તો જગત ને પુરૂષોની નિર્બળતા, પુરૂષોનાં હૃદયો, સ્નેહની નિર્માલ્યતા બતાવી આપીશ. જે પ્રેમ યજ્ઞમાં હોમવા તૈયાર થઇ હતી તેજ પ્રેમ યજ્ઞની વિભૂતિ શરીરે અને

ચિત્તે ચોળી જગમાં ભટકીશ. જગતને બતાવી આપીશ કે પુરૂષો પત્નીના જીવતાં અથાગ સ્નેહ રાખતાં છતાં, ત્હેમના મરી ગયા પછી ત્હેમને માટે કાવ્યો, સ્નેહાંજલિ, અર્પવા છતાં, ત્હેમની છબીઓ પૂજવાનો ડોળ કરતા છતાં, તરતજ અન્ય પત્ની કરી શકે છે. પણ હિંદુ–આર્ય સ્ત્રીઓ સધવા કે વિધવા સ્થિતિમાં એકવાર પતિ માન્યા પછી બીજીવાર સ્નેહ જોડી શકતી નથી. કદાપિ મરી જઇશ તો અનેક હિંદુ કુટુમ્બોને સ્નેહ લગ્નના હિમાયતીને, કેળવણી આપ્યા પછી, મોટી વય કર્યા પછી, મન માનતા પુરૂષો સાથે પરિચય કરાવ્યા પછી લગ્ન ન થાય તો કોણ વધારે દુઃખી થાય છે ત્હેનો ધડો મારા ઉપરથી લઇ મારા જેવી અન્ય બાલિકાને દુઃખમાં પડતી બચાવીશ, સમજ્યાં"

"વારૂ, પણ રસિકચંદ્ર માટે તમારો ભાવ હજી એવો ને એવોજ છે ?"

રસિકચંદ્ર માટે ! એમનો દોષ શો ? આપણી જનસમાજજ એવી છે, પુરૂષોમાં એ હિમતજ કયાં છે ? એમને લક્ષ્મી જોડે આનંદ કરતાં જોઇ કુસુમ ને સરસ્વતિચંદ્રની આરતી કરતાં જોઈ જેવો આનંદ કુમુદને થયો હતો તેવો આનંદ મને થશે. મીરાંબાઇના જેમ શ્રીકૃષ્ણ તેમ મારા રસિકચંદ્ર ! લક્ષ્મીના તે શરીરના, મનના પતિ, મ્હારા તે જીવનના આધાર."

આટલું બોલતાં કંચન ઉશ્કેરાઇ ગઇ. પ્રત્યક્ષ રસિકચંદ્ર પાસે જ ઉભો હોય, ત્હેને ભેટતી હોય તેમ હાથ લંબાવ્યા. રસિકચંદ્રના નામની માળા જપવા લાગી. આંખોમાંથી સ્નેહ અને વિયોગથી અશ્રુ પડવા લાગ્યાં. વક્ષસ્થળ ઉછળવા લાગ્યું અને પ્રેમભક્તિમાં લીન થયેલી મીરાંબાઇ જેવી કંચન રસિકચંદ્રના પ્રેમમાં ગુલતાન થઇ ગઇ.

સાંત્વન કરવા બેઠેલી સાધ્વી, કંચનનો અથાગ, ગાઢ, શુદ્ધ પ્રેમ, તેના વિશુદ્ધ ગુણ અને ભવ્ય રૂપ જોઇ દિગ્મૂઢ થઇ ગઇ. અને હૃદયના

અનેક ભાવો છુપાવી બબડી. " આ કંચન! " કંચન તે કંચનજ છે. ક્યાં આ બાળાનો વિશુદ્ધ નિઃસ્વાર્થ સ્નેહ અને ક્યાં–...રસિકચંદ્ર આ ને યોગ્ય છે કે રસિકચંદ્રને આ યોગ્ય છે? લક્ષ્મી ને કંચનમાં રસિક ચંદ્રે કોને પસંદ કરવી જોઇએ? કલાપિ! તે એક સ્થળે કહ્યું છે કે " ચાહિશ હું બેયને " તે બને એવું છે કે નહિ તે અનુભવી જાણે પણ " બેય એકને તો ચાહી જ શકે " એક પ્રભુને ઘણા ભક્તો ચાહી શકે છે પણ નિષ્પક્ષપાતથી શુદ્ધ સ્નેહથી તો પરમપૂર્ણ પરમાત્મા શિવાય એક સરખી રીતે એકથી વધારેને ચાહનાર કોણ છે? લક્ષ્મી અને કંચન બન્ને રસિકચંદ્રને ચાહી શકે એમ બને પણ રસિકચંદ્ર ચાહશે? અરે ન્યાતમાં પણ એ લગ્નનો રિવાજ નથી. લક્ષ્મી! હતભાગી લક્ષ્મી! તું શા માટે જન્મી! ઘરમાં આગ લાગી તે સાથે કાં ન બળી મોઇ? જંગલે જંગલ ભટકતાં સાપ, વાઘ, વરૂનો ભોગ શા માટે થઇ ન પડી લક્ષ્મી! તું મરી ગઇ હત તો આ પ્રેમયોગીનીની આ અવસ્થા થાત! પેલા સુંદરશ્યામ રસિકચંદ્રને ભટકવું પડત? લક્ષ્મી! તું શા માટે જીવી! તું ન જીવી હત, તો ત્હારૂં અભિમાન દૂર થાત? ત્હારા મનમાં એમજ હતું કે મ્હારા પ્રેમ જેવો જગતમાં પ્રેમજ નથી. ત્હારો પ્રેમ આ પ્રેમ આગળ શા વિસાતમાં? ત્હારો પ્રેમ સ્વાર્થી હતો. રસિકચંદ્ર ન મળત તો બીજે લગ્ન ન કરત એમ કેમ કહી શકાય!

એટલામાં કંચને પાછું જોયું, તો સાધ્વીના આંખમાંથી આંસુ વહેવે જતાં હતાં. સાધ્વી ઢીલીઢબ થઇ ગઇ હતી, તે જોઇ કંચન બોલી.

" બ્હેન! ત્હમે શામાટે રૂઓ છો? શું આ હતભાગી કંચનના દુઃખે! બ્હેન માફ કરો! મ્હારા દુઃખ મ્હારી કુથલી કરી ત્હમને નાહક હેરાન કર્યા, બ્હેન! ત્હમે કોણ છો! ક્યાંથી આવ્યાં છો! અહીં ક્યારના છો! તે કહેશો?

બ્હેન ! ત્હમે શાન્ત થાવ, હું ભટકતી–રખડતી આવી ચ્હડી છું આ જાતને પડતી વિટંબનામાંથી આપના પિતાની કૃપા અને સાધુતાથી બચવા પામી છું અને અહીં આપને અસ્વસ્થ જોઇ આપના પિતાની આજ્ઞાથી ઉપકારના બદલા તરિકે, સ્ત્રી જાતી પ્રત્યેના કર્તવ્ય તરીકે સેવા બજાવવા આવી છું. આપના દુઃખની કથા, આપના સ્નેહના વેગ અને વિશુદ્ધતા જોઇ હું મારી જાત માટે રોઉં છું.

મ્હારૂં નામ જાણવાથી ત્હમને શો લાભ ! કદાચ મ્હારા પ્રત્યે તિરસ્કાર વૃત્તિ થશે ? હું ત્હમારા દુઃખનું કારણ છું. બ્હેન ! હુંજ તે અભાગણી લક્ષ્મી !

" કોણ લક્ષ્મી ! રસિકચંદ્રની લક્ષ્મી " લક્ષ્મી શિવાય બીજી ઓને નહિ પરણું' કહેનાર રસિકચંદ્રની લક્ષ્મી ! બીજી આગ લગાડવા આગમાંથી બચી જનાર લક્ષ્મી ? મ્હારા અને રસિકચંદ્રના સંયોગફલને તોડી નાખનાર લક્ષ્મી ? અનેક શાન્ત ગોષ્ટી અને એકાન્તમાં વાવેલા સ્નેહ-બીજથી ઉદ્ભવેલા વૃક્ષને છેદનાર લક્ષ્મી ! મ્હારા ઉપર જીવનની આશા બાંધનાર મારા પિતાના એકના એક કુસુમને ચુંથનાર લક્ષ્મી ! "

લક્ષ્મી ઉત્તર આપવા જાય છે ત્યાં કંચનનો પિતા દોડતો, આંકૂળો આવ્યો. કંચન અને લક્ષ્મીની વાતનું રહસ્ય સમજ્યા વિનાજ, લક્ષ્મીને પાલકદાસી સહચરી સમજીનેજ, કેવળ, દુઃખી, મરવા પડેલી, જીવન અને મૃત્યુ વચ્ચે હલેસાં ખાતી કંચનને શાંત કરવા, કદાચ સારી થાય એ ઇચ્છાથી કાંઇક પ્રભુનીજ ઇચ્છા હોય એમ સમજી બોલી ઉઠયો.

બ્હેન ! બ્હેન ! રસિકચંદ્ર આવે છે ?

લક્ષ્મી અને કંચન એકીજ વખતે બોલ્યાં—

' કોણ રસિકચંદ્ર ? અને બન્નેની આંખ ક્ષણવાર મળી.

પ્રકરણ પાંચમુ.

સુમન ગુચ્છ.

યોગીની–વનમાળા–પતિ પરાયણી વનમાળાના જીવનની સઘળી હોંશ પૂરી કર્યા વિના યાત્રાના નામે નિકળેલો સુમનગુચ્છ સમસ્ત હિંદુસ્તાનના પવિત્ર સ્થાનો જોતો, ભૂતકાળની જાહોજલાલી, ધર્મતેજ કારીગરી અને બુદ્ધિ-વિકાસ નિહાળતો કાશ્મીરનના નંદનવના સ્વર્ગીય પ્રદેશમાં ગયો. નિરંતર બરફથી ઢંકાઈ રહેતા હિમાલયના શિખરો ઉપર દિવસે સૂર્યનારાયણના આંખો આંજી નાખે એવાં કિરણો, રાત્રીના શાન્ત વારંવાર વાદળામાં ઢંકાતા ચંદ્રના રશ્મીઓ, સફેત બરફ ઉપરનો શ્વેત પ્રકાશ, ઉંચા દેવ દારના પ્રચણ્ડ વૃક્ષો અને વનલીલા નિહાળતો સુમનગુચ્છ ક્ષણવાર સ્વદેશ, વ્હાલી પ્રિયા અને સગાંવ્હાલાં વિસરી ગયો. ચોગરદમ પર્વતોની વચ્ચે આવેલા શિવમંદીરમાં કૈલાસમાં વિરાજેલા મહાદેવજ હોય તેમ માની ત્યાં રહ્યો. એના સાથેના યાત્રાળુઓને ઘરજંજાળ હતી. જંજાળ મનથી માની હતી એટલે સ્વદેશ જવા ઉતાવળા થયા હતા. સુમનગુચ્છ વ્હાલીને વનમાળાને મળવા ઉત્સુક હતો પરન્તુ આવા આનંદજન્ય પ્રદેશમાં ફરી ફરીને નહી અવાય માની એકાદ બે દિવસ વધારે રહેવા ઇચ્છતો હતો. મહા શિવરાત્રીનો દિવસ હતો. આર્યાવર્તમાં શંકરનો આ દિવસ મહાન પવિત્ર લેખાય છે જ્યાં.

જ્યાં શંકરનાં નાનાં મોટાં શિવાલય હોય છે ત્યાં ત્યાં પુજા મેળા કીર્તન થઇ રહે છે તો કૈલાસમાં તો હોયજ એમાં શું આશ્ચર્ય ! પાસેના દેશી રાજ્યના તાબામાંજ આ શિવાલયનો પ્રદેશ હોવાથી આજ-રોજ આ સ્થળે સરકારી માણસો રાજ્યપતિના આદરસત્કાર માટે સર્વ તૈયારી કરી રહ્યા હતા પુજારી, એંશીવર્ષનો, આજ દેવાલયમાં પાંત્રીસ વર્ષથી હિંદુસ્તાનની નિર્જન પણ સ્વર્ગીય ભૂમિમાં એકાન્ત માર્ગમાં શંકરની પૂજા કરવામાંજ જીવનનું મહા ભાગ્ય માનતો હતો, પુજારી આજ પોતાના મહારાજા, પૃથ્વિપતિ, ઇશ્વરીઅંશ, હિંદી પ્રજા જેને ઇશ્વરી અવતાર માને છે એવા નરેશને યથાશક્તિ સત્કાર આપવા તત્પર થયો હતો.

બરાબર ચાર વાગ્યાને સુમારે મહારાજાની સ્વારી આવી પહોંચી. મહારાજા અત્યારે કોઇ દેશ જીતવા ગયા નહોતા. કોઇ રાજ્ય કાર્ય માટે નિકળ્યા નહોતા પરન્તુ રાજાના રાજા શંકરને આત્મા અને શરીર બન્ને નમાવવા આવ્યા હતા. આમ હોવાથી એમણે નહોતો પહેર્યો દરબારી પોશાક કે નહોતો સાથે દરબારી ઠાઠ. ગામ પાસેજ હોવાથી પોતાના ચારપાંચ હજુરીયા લઈ મહારાજ શંકરના પૂજન અને દર્શન અર્થે આવ્યા હતા.

શિવરાત્રીનો મહિમા મધ્યરાત્રીનો છે. શિવરાત્રી વદમાં આવતી હોવાથી સર્વત્ર અંધકાર શિવાય કાંઇજ હોતું નથી. મુંબાઇના વાલકેશ્વર કે બાબુલનાથ મહાદેવને ત્યાં તો શિવરાત્રી શું પણ કાળી ચૌદશની ઘોર રાત્રીયે પણ કિટસન, વિજળીનાં દિવાને લીધે દિવસ જેવો દેખાવ થઇ રહે છે પણ આ હિમાલયની તળેટીમાં, જ્યાં સાયન્સ, વિજળી, હુન્નરકળાએ પ્રવેશ કર્યો નથી, જ્યાં કુદરત શિવાય કાંઇજ નજરે આ-

વતું નથી ત્યાં દિવા ક્યાંથી હોય! મધ્યરાત્રી થતાં શંકરની મહાપૂજા ચાલી. પૂજારીએ આજ ઘોરનાદ અને ગંભીરતાથી વેદોચ્ચાર કરવા માંડ્યા. અન્ય યાત્રાળુઓ ભગવત્‌ભક્તો શિવ સ્તોત્ર ગાવા લાગ્યા. સુમન ગુચ્છને પણ આજ અનેક ભાવના ઉદ્‌ભવી હતી અને તે આ મનુષ્યકૃત મંદિરથી દૂર પાસેનીજ એક શિલા ઉપર બેસી આ મંદિરમાં વિરાજતાજ શંકર નહી પણ સમસ્ત કૈલાસમાં સ્થળે સ્થળે દૃષ્ટિ પડતા શંકરને જોતો, મનથી ભજતો શાન્ત ચિત્તે હિમાલયના કાળી રાત્રીયે બરફથી ચાદર ઓઢેલી ધોળા ભૂત જેવા દેખાતા પર્વતના શિખરો જોતો બેશી રહ્યો.

બાર વાગ્યા, શંકરની મહાપૂજાનો અન્ત આવ્યો, આરતી થઈ–સર્વત્ર ધર્મવૃત્તિ, પવિત્ર વૃત્તિ છવાઇ રહી. યાત્રાળુઓ શંકરના દર્શન કરી જીવનમુક્ત થયા હોય એમ માનવા લાગ્યા. મહારાજાને આરામ લેવા વિનંતી કરવામાં આવી અને પાસેના મંદિર ઉપરના નાના ખંડમાં સર્વ તૈયારીઓ થઇ. દિવસનો થાક, અપવાસ અને રાત્રી વિતેલી હોવાથી એકાદ કલાકમાં સર્વ શાન્ત થઈ ગયું, પરન્તુ સુમનગુચ્છ હજી એની એ શિલા ઉપરજ બેઠો હતો. શિલા મંદિરના પાછલા એકાન્ત ભાગમાં હોવાથી બીજાની નજરે આવે એમ ન હોવાથી કોઇની નજર એ બાજુ ન ગઇ. રાત્રી વધતાં અંધકારનો પડદો, કાળો ત્રાસદાયક પડદો વધતો ગયો. જંગલમાંથી વાઘ, વરૂ શિયાળની ત્રાડો સંભળાવા લાગી. પર્વતો અને ઉંચા દાર વૃક્ષો સાથે અથડાતો પવન ફુંકાવા લાગ્યો, બરફનાં ઝીણાં કણો પવન સાથે પડવા લાગ્યાં, અને ટાઢનો સપાટો વધવા લાગ્યો. સુમનગુચ્છનું હૃદય, વિચાર સૃષ્ટિ સૌંદર્યમાં અને ઇશ્વરમાં હતાં; પરંતુ સ્થૂલશરીર શરીરના ભાન ભજવા લાગ્યું. ટાઢ

સહન થઇ નહી એટલે મંદિરમાં જઇ અંદર પથારી પાથરી સૂવા જવા નો વિચાર કર્યો. ઉઠયો અને ચકરાવો ફરી જાય છે ત્યાં એક અદ્ભૂત પણ ભયંકર દેખાવ જોયો.

હિમાલયના શિખરો ઉપર ખીણોમાં વરૂનો ત્રાસ છે. રાત્રીના બ્હાર નિકળવું, એક ગામથી બીજે જવું એ જોખમ ભરેલું છે. વનમાં રહેલા મનુષ્યો સંધ્યાકાળ થતાંજ પોતાના ઝુંપડાં, ઘરો બંધ કરી લે છે અને બ્હાર એકવાર નહી પણ અનેકવાર મનુષ્ય માંસથી લોભાતાં રીંછો ભમતાં હોય છે.

. મંદિરના જે ઉપલા ખંડમાં મહારાજા સૂતા હતાં તેને બે બારીયો હતી. એક મંદિરના આગલા ભાગમાં પડતી ત્યારે બીજી પાછલા ભાગમાં પર્વતની લગોલગ હતી. આ બારી હમેશાં બંધ રાખવામાં આવતી. મહારાજાએ આજરોજ ભૂલથી ઉઘાડી રાખી હતી. થાક-શ્રમ અને ઉજાગરાને લીધે વાસવી વિસરી ગયા હતા. સુમનગુચ્છ ઉઠી, જાય છે ત્યાં ઉપર બારીમાંનો પ્રકાશ પર્વત ઉપર પડેલો જોયો. પર્વતની એ ભેખડ ઉપર એક વિકાળ વરૂ શિકાર હાથમાં આવ્યો હોય એમ ફલંગ મારવાની તૈયારી કરતું હતું વરૂના ચેનચાળા જોઇ ઉપરની બારી ઉઘાડી જોઇ સુમનગુચ્છને ધ્રાસકો પડ્યો. મહારાજાને જગાડવા જ જોઇએ. ઉપર જવું શી રીતે ? મહારાજા જાગે એ પહેલાંજ વરૂ બારીવાટે અંદર જઇ તરાપ મારવાનું, વરૂ બીજી જ પળે અંદર જશે અને પૃથ્વીપતિનો સંહાર કરશે, આ બાજુથી જવાય એમ હતુંજ નહી અને આમ વરૂનું ધ્યાન ખેંચવું એ હાથેકરી મોત માગી લેવા જેવું હતું.

સમયચતુર સુમનગુચ્છ એકદમ આગલે રસ્તે ગયો એટલા ઉપર સૂતેલા સિપાઇઓ ને યાત્રાળુને જગાડ્યા વિનાજ મંદિરના પગથીયા

પાસે, શંકરના જે પોઠીયાને પૂજતો—નમન કરતો તેજ પોઠીયા ઉપર પગ મૂકી થાંભલાવાટે ઉપલા ખંડમાં ગયો. આ બાજુ મનુષ્યશત્રુ વરૂનું દાખલ થવું અને આ બાજુ વરૂશત્રુ સુમનગુરુજીનું દાખલ થવું. વરૂની દાઢ ખાટલા ઉપર સૂતેલા મહારાજા ઉપર હતી. સુમનગુરુજીની દાઢ વરૂ ઉપર હતી. વરૂ મેડીમાં દાખલ થયું. અને મહારાજાના પલંગ ઉપર છલંગ મારે છે ત્યાં એકશ્વાસે સુમનગુરુજી ચકચકિત તરવાર લઇ દોડયો અને કાશ્મીરની પ્રજાના સદ્ભાગ્યે મહારાજાના પુણ્ય પ્રતાપે અને શંકરની કૃપાએ વરૂ જેવો મહારાજાની છાતી ઉપર પંજો મારે છે ત્યાં તરવારના એક ઘાથી પંજાના બે કકડા કર્યાં. પંજાના કકડા થતાંજ વરૂનો ક્રોધ જાગૃત થયો. રંગમાં ભંગ પડાવનાર નરાધમને યોગ્ય શિક્ષા કરવા ગર્જના કરતો દોડયો. ગર્જનાથી મહારાજા જાગૃત થતાંજ, વસ્તુ સ્થિતિ જોતાં ક્ષણવાર ગભરાઇ ખીંટીએથી તરવાર લેવા દોડયો. પરન્તુ મહારાજાની મદદ આવે તે પહેલોંજ સુમનગુરુએ આ વરૂના પેટમાંજ તરવાર ખોસી અને વરૂ કારમી ચીસ પાડી પડયું. વરૂની કારમી ચીસ ઉપરનો ખળભળાટ અને ધમાધમથી હેઠળના માણસો જાગી ઉઠયાં. મહારાજા અને મહારાજાના ખંડમાં વરૂ અને એક અજાણ્યો યાત્રાળુ જોઇ સઘળા વિચારમાં પડયા. સુમનગુરુએ સર્વ હકીકત વિસ્તારથી કહી અને મહારાજા કાશ્મીરના મહારાજા, પ્રજાના પાલક, આવા અનેક યાત્રાળુ ઉપર સામ્રાજ્ય ભોગવનાર મહારાજ પોતાના જીવન બચાવનાર યાત્રાળુને પગે પડયા, ભેટયા. અને પોતાનાજ, વરૂના ખરડાયેલા લોહી વાળા ખાટલામાં બેસાડયો. કુશળ વર્તમાન પૂછી પોતાના રાજ્યમાં આવવા આગ્રહ દૂરાગ્રહ કર્યો. કુટુમ્બથી ઘણો સમય થયાં વિખૂટો પડેલો હોવાથી કુટુમ્બને મળવાની ઉત્સુકતા દર્શાવતાં મહારાજા બોલ્યા.

પ્રિય બન્ધુ ! ત્હમે મારા રક્ષક છો. ત્હમે નહોત તો આજ હું કાલાસવારી બરાબર થયો હોત. આપ રાજકુશળ પુરૂષ જણાઓ છો. તો આપ મ્હારા રાજને શોભાવો, આપના કુટુમ્બને અત્રે બોલાવો. આપના કુટુમ્બને બોલાવવા માણુસો દ્રવ્ય આજને આજ આપીશ. માટે આપ હવે ના ન કહો અને રાજ્યમાં ચાલો "

સુમનગુચ્છથી ના કહેવાઇ નહી અને ઇશ્વરેચ્છા કરી મહારાજાની ઇચ્છાનુસાર મહારાજાની સાથે ગયો.

પ્રકરણ ૬ ઠું.

સુમનગુચ્છ (ચાલુ)

રાજ્ય ખટપટના અનેક પરિવર્તનો ભોગવ્યા પછી, મનોરમા, સાૈંદર્યવાન અને સ્નેહાળ પત્ની છતાં, કાંઇક શાન્ત જીવન ગાળી આવ વાની ઇચ્છાથી નિકળેલો સુમનગુચ્છ હિમાલયના શાન્ત જીવનમાં સંસાર ની કોઇપણ ઉપાધિ નહિ નડે એમ માની રહ્યો. ત્યાં પણ ઉપાધિ, રાજ ખટપટ આવી પડી. કાસ્મીરના મહારાજાને ના કહી શકયો નહિ અને એમના સ્નેહ, ઉપકાર અને આગ્રહના પરિણામે પ્રાઇવેટ સેક્રેટરીની જગા કબુલ કરવી પડી.

જન સ્વભાવજ એવો છે કે મનુષ્ય માત્ર સરખાં છે, ન્યાત જાતનો તફાવત ન રાખવો જોઇએ એમ મોઢેથી કહેતા છતાં યુરોપ કે અમેરીકા એશીયા કે આફ્રિકામાં સ્વદેશ અને સ્વદેશી માટે કાંઇક જૂદોજ ભાવ રહે છે. જે સમયે ઇંગ્લાંડમાં પોપની સત્તા સામે લોકો થયા તે વખતે લોકોની ફરિયાદ એ હતી કે ઇંગ્લાંડના ધર્માધ્યક્ષોની મોટી જગાઓ ઉપર ઇંગ્રેજોને બદલે ઇટાલીયનોની નિમણોક પોપ કરે છે. હિન્દુસ્તાનમાં પણ મોટા હોદ્દા ઉપર દેશી લોકો શા માટે નહિ એ ફરિયાદ આવે છે. દેશી રાજ્યોમાં પણ હિન્દુસ્તાનનાજ પણ તે રાજ્યના વતનીને બદલે બહારનાને મોટી પદવી મળી તો તે રાજ્યના રહીશો બબડી ઉઠવાનાજ. આ પ્રમાણે જ્યારે કાસ્મીરના મહારાજા સુમન

ગુચ્છ જેવા અજાણ્યા પરદેશીને લાવી એકદમ પ્રાઇવેટ સેક્રેટરીના મોટા હોદ્દા ઉપર બેસાડી દે તે રાજ્યના બીજા અમલદારોથી કેમ ખમાય! ઇર્ષ્યાનો પ્રભાવજ જૂદો છે. હમારો ઉપરી પરદેશી? અમારાં કામોની દેખરેખ રાખી રાજાના કાન ભંભેરનાર પરદેશી? આવડો મોટો પગાર પરદેશીને? આ વિચારથી અમલદાર વર્ગમાં ત્રાસ પેઠો અને ગમે તે બહાને એ કાંટાને દૂર કરવાને રાત્રીની ગુપ્ત સભાઓ ભરાવા માંડી.

સુમનગુચ્છને દરબારગઢની પાસેજ વિશાળ–મજબૂત અને ભવ્ય મકાન આપવામાં આવ્યું. ઘરના સામનથી માડી–ગાડી–ઘોડા–માણસની સર્વ સવડ દરબાર તરફથી કરવામાં આવી. સુમનગુચ્છનું કાર્ય, રાજ્યમાં અંધાધૂની ન ચાલે, સુધરેલા જમાનાને અનુસરતા ફેરફાર કેમ કરવા તે અને મહારાજાને સલાહ આપવાનું હતું.

પાંચ સાત મહિના થયા બાદ–ઠેર પડયા પછી સુમન ગુચ્છને એકલા ગમ્યું નહીં. પોતાની સહધર્મચારિણીને બોલાવવા માણસ મોકલવા મહારાજાને વિનવતાં ચાર માણસો તૈયર કરવામાં આવ્યા અને સુમનગુચ્છે ભદ્રાવતી પોતાની વ્હાલી વનમાળાને પત્ર લખ્યો. માણસો નિકળ્યા. પત્રની રાહ જોતાં આઠ દસ દિવસ થયા પરન્તુ જે વનમાળા દરરોજનો એક પત્ર લખે એવી–બની શકે તો કલાકે કલાકે પત્ર લખે એવી તેહેનો પત્રજ નહિ તે જોઇ સુમનગુચ્છ મુઝાગો અને રાત્રી દિવસ શોકમાં ફરવા લાગ્યો.

અમલદાર વર્ગ ચુપચુપ બેઠો નહોતો. પોલીસ અધિકારીને, સુમન ગુચ્છની હીલચાલ, એને ત્યાં કોણ આવે જાય છે, એને કોના કાગળો આવે છે, એ કોને કાગળો લખે છે એ તપાસવા, છૂપા ઓર્ડરો નિકળી ચૂકયા હતા. અને આને પરિણામે ટપાલ ઓફીસમાંથી સુમનગુચ્છના

કાગળો કાશ્મીરની હદ બ્હાર જઇ શકતાજ નહી એટલુંજ નહિ પણ એના નામના કાગળો કાશ્મીરની હદમાં આવતાં ઉઘડતા–વંચાતા અને નિર્માલ્ય કાગળોજ એના હાથમાં આવતા અને તે પણ મોડા. સુમનગુચ્છને આ તરકટની જરાયે ખબર નહોતી. કારણ કે અમલદાર વર્ગ તરફથી મેવા-મીઠાઇઓ, પાર્ટીના ઇજન આવતાં અને વારંવાર ખબર કહાતી હોવાથી સુમનગુચ્છ એમજ સમજતો કે કાશ્મીરના અમલદારો જેવા અમલદારો જગતમાં નહિ હોય. સ્વદેશથી–વ્હાલી પ્રિયાનો પત્ર નથી તે માત્ર કુટુમ્બની અનેક જંજાળોને લીધેજ નહી હોય એમ માનતો. આમ કરતાં–દરરોજ પત્નીના પત્રની રાહ જોતાં–રાજવૈભવ ભોગવતાં છતાં એમાં આનંદ મળવા ન લાગ્યો. તાર કર્યો–તારનો ઉત્તરજ નહિ. મોકલેલા માણસોનો પત્તોજ નહિ. મહારાજાનાં દર્શનપણ દુર્લભ થઇ પડયાં. કેટલીકવાર પોતાના હૃદયની ચિન્તાથી કોઇ કરવું ન ગમતું હોવાથી મહારાજાને મળવા ન જતો તો મહારાજાના હજુરીયો–"જુઓ મહારાજ ! હલકાને હવાલદારી આપીયે તે છાજે? કેવું અભિમાન આવ્યું છે. આપની પાસે પણ આવતો નથી" એમ મહારાજાને ભંભેરતા–અમલદારોના જુલમ–લાંચ રૂશ્વતની વાતો મહારાજાને કાને કહે તો તે ઇર્ષાનું પરિણામ છે એમ મહારાજાને શંકા પડવા લાગી. આમ ઉપરથી મિત્ર પણ અંદરથી દુસ્મન હોય તેમ એક બીજા વચ્ચેનો વ્યવહાર થઇ ગયો.

એક સમયે પડોશના નાના ગામમાં એકાદ સિંહે આવી ત્રાસ વર્તાવવા માંડયો છે એવી બૂમ આવતાં અમલદારોની ઇચ્છાથી–અને મહારાજાની આજ્ઞાથી સુમનગુચ્છને જવું પડયું. સુમનગુચ્છ પોતાના અંગત માણસોને લઇ જંગલમાં ગયો અને સિંહનો શિકાર કર્યો. પરન્તુ શિકાર કરી પાછો ફર્યો ત્યારે સંધ્યાકાળ થઇ ગયો હતો. જંગલમાં

પરિચિત થિત્રાયનાને રસ્તો દેખાય એમ નહોતું. એવામાં, બન્ને બાજુએ ભેખડો હતી ત્યાં સામેથી પાંચ સાત ઘોડેસ્વાર નીકળી આવ્યા અને બન્ને પક્ષ વચ્ચે લડાઇ ચાલી. સુમનગુચ્છના માણસો થાકી ગયા હોય, સામા પક્ષને ઓળખી વીલા પડયા હોય કે ગમે તે હોય પણ સુમનગુચ્છને મદદ કરવાને બદલે દુશ્મનોની સાથે ભળી ગયા. સુમનગુચ્છે ભાલો ને તેજ તરવાર ફેરવવા માંડી અને તરવારના વેગે ત્રણ ચાર માણસોનો દાટ વળ્યો—પરંતુ બીજીજ પળે ત્હેના માથા ઉપર એક ફટકો પડતાં જ તમ્મર ખાઇ નીચે પડયો અને બેશુદ્ધ થઇ ગયો.

સુમનગુચ્છને શુદ્ધી આવતાં આંખો ઉઘાડી જુવે છે તો ચોગરદમ ઘોર અંધારા શિવાય કાંઇજ નજરે પડયું નહી. માથા ઉપર પડેલા ફટકાની વેદના હજી થતી હતી. પોતે ક્યાં છે તેની તપાસ કરવા હાથ લંબાવ્યો તો પથ્થરની ભોંય લાગી. ધીરે રહી ઉભો થયો અને લાંબા હાથ કરી ચાલ્યો તો ત્યાં સામી ભીંતે અથડાયો. પાછા ફરતાં દસ ડગલાં ચાલતાં બીજી બાજુએ પણ ભીંત—ત્રીજી બાજુએ પણ એજ—ચોથી બાજુએ ભીંતમાં પગથીયા જેવું લાગ્યું—પણ ઝાલવાનું કાંઇ ન હોવાથી ચ્હડવાના સર્વ યત્નો નિષ્ફળ ગયા. છેક નીચેથી કાંઇ પવન આવતો હોય એમ લાગતાં સૂતો ને જુવે છે તો ભીંતને છેડે બે નાની જાળી વાટે પવન આવતો હતો. આવા ભોંયરામાં—કેદખાનામાં જ્યાં અજવાળાનું નિશાન નથી—જ્યાં નથી સુવાની સોઇ—કે નથી ખાવાની વસ્તુ ત્યાં કોણ લાવ્યું ? રસ્તામાં મળેલા દુશ્મનો કોણ હશે ? મહારાજાને ખબર હશે કે કેમ ? આમાંથી ક્યારે છૂટકારો થશે એનો વિચાર કરતો હતો ત્યાં ઉપરથી ખખડાટ સંભળાયો. ઉપરની છાટ ખસીને અજવાળું આવ્યું. એક પાતળી દોરીએ બાંધેલી છાબડીમાં રોટલો અને બે કાંદા—મીઠું એટલું હતું. સુમનગુચ્છે—ત્રણ દિવસના અપવાસ પછી મળેલો

આ ખોરાક ઉત્સાહથી લીધો. છાટ ઉઘડેલી હોવાથી અજવાળાને લીધે જોઇ શકયો કે કુદરતી હાજતો પૂરી પાડવા એક ખુણામાં વ્યવસ્થા હતી. પરન્તુ બહાર જવાની કાંઇ પણ યુક્તિપાર પડે એમ નહોતું. ચોરી–લૂંટફાટ કરનારાને માટે સાદા કેદખાના હોય છે જ્યાંથી તેઓ તેમના જેવાજ બીજા બન્ધુ ને જોઇ શકે છે–રાજદ્વારી કેદીઓને રહેવા માટે સારા મકાન–વાંચવા લખવાના સાધનો હોય છે પણ સુમન-ગુચ્છને તો કાંઇજ નહોતું. મનુષ્યનો ચહેરો જોવા, ત્હેનામાં લાગણી ઉશ્કેરવા સુમનગુચ્છે ઉંચે જોયું પણ દોરી શિવાય કાંઇજ દેખાતું નહોતું. છાટ પાછી બંધ થઇ અને ક્ષણવાર અજવાળામાં રહેલો આનંદિત આત્મા પાછો અંધકારમાં તલ્લીન થઇ ગયો.

ભદ્રાવતીમાં શૌર્ય–પ્રેમ–જનસેવાથી પ્રિય થઇ પડેલા સુમનગુચ્છની આ સ્થિતિ હતી. પણે વનમાળા સુમનગુચ્છના નામની માળા જપતી પતિ માટે ભેખ લઇ નિકળી હતી. અહીં આ પ્રેમી પંખી પાંજરામાં સડતું હતું. રાજા–વાજા અને વાંદરાનો વિશ્વાસ શો? જે મહારાજા ક્ષણવારમાં હોતા નહોતા થઇ ગયા હત–તે મહારાજાનો જીવ બચાવનાર સિંહનો શિકાર કરી કેમ પાછો આવ્યો નહિ? અમલદારોએ આપેલા ખુલાસા સંતોષકારક છે કે કેમ તેની જરાયે તપાસ કર્યા વિના ભોળા દીલના મહારાજાએ સુમનગુચ્છને વિચારમાંથી સ્મૃતિમાંથી કાઢી નાંખ્યો. આમ સુમનગુચ્છને બંધીખાને પડી રહ્યે દસ બાર મહીના થઇ ગયા—સુમ-નગુચ્છના સંસારનો અંત આવ્યો. જગત શુન્યવત્ ભાસવા માંડ્યું. આશાની દોરી પણ તૂટવા લાગી. દરરોજ છાટ ઉઘડતાં બ્હાર જવાનું આવ્યું એમ થતું પરન્તુ છાટ વસાતાં આશાઓ પણ વસાતી. છેક છાટ આગળ કોઇ પણ મનુષ્યનો ચ્હેરો સરખો પણ દેખાતો નહોતો તો કોને બોલાવે ને કોની સાથે વાત કરે. નિરાશ થતાં–એક નહિ પણ અનેક-

વાર, આવો ધીર અને ડાહ્યો સુમનગુચ્છ, એક બાળકની માફક રડતો અને ભીંતની સાથે માથું અફાળતો. ' અરે રે ! યાત્રાળુઓની સાથે દેશ ગયો હત તો કેવું સારૂ ? મને ક્યાં સુઝયું કે હું વળી કશ્મીરી પ્રદેશ જોવા રહ્યો. મારો દુશ્મન વરૂ પણ ક્યાંથી આવ્યું ? નિમાજ પડતાં મસીદ કોટે વળગે તેમ ધરમ કરતાં ધાડ નડી. મહારાજાને બચાંવવા ન ગયો હત તો કેવું સારૂં ? બચાવીને પણ રાજ્ય લોભમાં ન પડ્યો હત તો! ખરે ! મને મારા ગુનાહની શિક્ષાજ થઇ છે. મારે માટે અનેક દુઃખો વેઠેલાં છે એવી માંરી વનમાળાને યાત્રામાં વિસરી ગયો હતો. એનું શું થયું હશે ? એ બિચારી મ્હારા વગર મુઝાતી હશે. એમ થતું હતું ત્યારે કાગળ તારના જવાબ ન આવ્યા ત્યારે હું ખબર કાઢવા ગયો હત તો ! આ રાજની નોકરી ન લીધી હત તો ! જરૂર મારા કાગળ–તાર મારી વ્હાલીને પહોંચ્યા જ નહિ હોય ! કોઇ દુષ્ટોએ વચમાંથી ગુમ કર્યાં હશે. અગર વનમાળાનું કાંઇ અનિષ્ટ તો નહિ થયું હોય ! વ્હાલી વનમાળા ! તું જ્યાં હોય ત્યાંથી તારા અયોગ્ય પતિના છેલ્લા શબ્દો સાંભળી ક્ષમા આપજે ! વ્હાલી ! એક સામાન્ય હિંદુની માફક મ્હેં પણ મ્હારી પત્નીની જરા પણ દરકાર રાખી નહી અને અંતે આવે મોતે મરવાનું—પેલા કેદખાનામાંથી નીકળાયું, કારણ મારા મિત્રો જાણતા હતા પણ અહીં તો કોઇ જાણતુંજ નથી. કાશ્મીરના રાજ્યમાં કોઇનું મેં બગાડયું નથી છતાં મારી આવી સ્થિતિ કોણ લાવ્યું હશે? અરે પ્રભુ ! મારી ખાતર નહીં તો મ્હારી વ્હાલીની ખાતર મ્હને છૂટો કર !"

સુમનગુચ્છ—બહાદુર સુમનગુચ્છ આમ બંધમાં પડેલા સિંહ માફક તરફડીયાં મારતો દિવસ નિર્ગમન કરતો હતો. મનુષ્યનું જીવન આશાના પાયા ઉપર બંધાયેલું છે અને એ પાયોજ નષ્ટ થયો ત્યાં જીવન નિરસ

લાગે એમાં શી નવાઇ! છાટ ઉઘડતી–રોટલા પાણી આવતું પણ સુમનગુચ્છ એક યંત્રની માફક વસ્તુઓ કાઢી નિચે મુકતો એટલું એજ–કેટલીવાર તો ખાવાનું એમનેએમ પડી રહેતું. એકના એક ઘરમાં–એકના એક ગામમાં જ ઘણીવાર રહેવું પડે છે તો કંટાળો આવે છે તો આ નાના કેદખાનામાં જ્યાંથી સૂર્ય કે ચંદ્રનો પ્રકાશ જોવાનો સંભવ નહોતો–જ્યાં મધુર પક્ષીના કલરવ; સંગીત–જંગલનો સ્વતંત્ર પવન; મનુષ્ય કે વનચરના દર્શન મનુજ મગજમાં જ જોવાનાં હતાં ત્યાં સુમનગુચ્છ જેવાને કેમ કંટાળો ન આવે.

સુમનગુચ્છનું શરીર દિવસે દિવસે ઘસાવા લાગ્યું. છાટ ઉઘડતી–અજવાળું પડતાં–જે ઉત્સુકતાથી ઉંચું જોતો તે ઉત્સુકતા જતી રહી હતી. ટોપલીમાંથી ખાવાનું લેવાની ઇચ્છાશક્તિ જતી રહેવા માંડી હતી અને આમનેઆમ પાંચ પચીસ દિવસમાં વનમાળાના સ્નેહ સમુદ્રનો ચંદ્ર–વનમાળાના હૃદયની શાન્તિ–વનમાળાનો શિરમણી નષ્ટપ્રાય થવાનો. જગદીશ્વરે માણસને પોતાના મૃત્યુની ખબર આપી નથી એ ખરેખર ડહાપણુજ કર્યું છે. સુમનગુચ્છ પ્રત્યેક પળે મોતને જોતો હતો–મોતના ભણકારા–મોતનાં આમંત્રણો નજદીક ને નજદીક આવતાં હતાં અને એકબાજુ યમદેવને જોતો તો બીજી બાજુ સુંદર–મોહક પ્રેમની મૂર્તિ–દીન–સ્નેહ નિર્ભર વનમાળા બન્ને હાથ પહોળા કરી–વ્હાલા–વ્હાલાની બૂમો પાડતી જોતો–અને આ બન્ને સ્વપ્ન દર્શન વચ્ચે સુમનગુચ્છનું હૃદય ભય–ત્રાસ–પ્રેમ–સુખ–અનુભવતું હતું—

સુમનગુચ્છ આજ તદ્દન અશક્ત થઇ ગયો હતો. ઊઠવાની શક્તિ રહી નહોતી–ગઇ કાલનું ખાવાનું એમનેએમ પડ્યું હતું ત્યાં છાટ ઉઘડી. દોરી નીચે આવી. હમેશની માફક ક્ષીણ હાથે રોટલા પાણીના

વાસણ લીધાં-મૂક્યાં. સુમનગુચ્છ એટલો તો નિરાશ થયો હતો કે છાટ ઉઘડતાં જરાએ નજર કરતો નહી. મૃત્યુ આવે છે-બે ચાર દિવસમાં અંત આવશે-અને વનમાળાના નામનું સ્મરણ કરે છે ત્યાં વળી છાટ ઉઘડી. એકજ દિવસમાં બેવાર છાટ ઉઘડવાનો આજ પહેલો ને છેલ્લો દિવસ હતો-છાટ કેમ ઉઘડી હશે-કદાપી રોજના પહેરેગીરને બદલે નવો પહેરેગીર હોય ને એને ખબર ન હોય કે ખાવાનું મોકલ્યું છે કે નહિ-અને તેટલા માટે છાટ ઉઘડી હશે એમ અનુમાન કર્યું. પરન્તુ આજ કાંઇ અવનવો ફેરફાર હતો. રોજ નાની ટોપલી આવતી આજ માત્ર ખાલી દોરી હતી રોજ દોરી આવતી આજ જાડું દોરડું આવ્યું -દોરડું આવતાં-મૃત્યુના પંજામાંથી છૂટવાની બારી આવી જાણતાં જ જોર આવ્યું. અશક્ત છતાં જીવનની આશાએ, વ્હાલી વનમાળાને મળવાની આશાએ ઉઠ્યો. ઉઠવા જાય છે ત્યાં એક ચીઠી પડી; ચીઠી ઉકેલી વાંચતાં એક કાગળના કડકા ઉપર-"વનમાળા માટે એકદમ આવ!" એટલું વાંચ્યું વનમાળા હૃદયમાંથી આ કાગળના કકડા ઉપર આવી હોય તેમ કાગળના કકડાને હૃદય સાથે ચાંપ્યો-અનેક ચુંબન કર્યાં અને ક્ષણવાર માનસિક સંયોગનાં સુખ અનુભવવા લાગ્યો. દોરડું હાલ્યું, ઉતાવળ કરવાની સંજ્ઞા હોય તેમ સુમનગુચ્છે દોરડાને પકડ્યું અને કેદખાના-પણ પોતાના લાંબા નિવાસ સ્થાનને પ્રણામ કરી કસરતબાજ ખેલાડી ચડે તેમ ઊંચે ચડ્યો. લગભગ દોઢ વર્ષે સુમનગુચ્છે સ્વતંત્ર પવન-સ્વતંત્ર સૃષ્ટિ આકાશ, ઝાડપાન, જોયાં. બાર આવી જુવે છે તો એક યુવાન-સૌન્દર્યવાન ભગવા વેશની સાધુડી. એકાન્તમાં વનમાળાની ઝંખના કરનાર સુમનગુચ્છ તે સાધ્વી સ્ત્રીને જોતાં, વનમાળાજ હશે એમ અનુમાન થતાં જ દોડ્યો અને બોલ્યો—

વ્હાલી ! વનમાળા ! તું—"

બન્ધુ ! મુગા રહો ? ત્હમારી વનમાળા નહોય પણ વનમાળા તમારા ગળામાં–હૃદયમાં પહેરાવવા હું આવી છું. તમારા નામને જાપ જપતી ગ ગામેગામ ભટકે છે માટે તમે આ ઘોડા ઉપર બેસી પૂર્વ તરફ જાવ. બાર ગાઉ ગયા પછી રેલ્વેસ્ટેશન આવે છે ત્યાંથી અમલ- નેર જજો. ત્યાંથી પગ રસ્તે જંગલમાં થઇ નર્મદાકિનારે જજો. ત્યાં તમારી વનમાળા મળશે."

વનમાળા જ છે એ આશામાં નિરાશ થતાં સુમનગુચ્છ ઢીલો પડયો પરન્તુ આશાના અંકુર ફુટતાં વનમાળાને મળવા ઉત્સુક થયો તે આવી રીતે મદદ કરી જીવન બક્ષનારને ભયમાં ન રાખતાં સાથે આવવા આગ્રહ કર્યો. સાધ્વીએ એટલો જ ઉત્તર આપ્યો કે—બન્ધુ ! તમે જાવ ! અમારે સાધુડીયોને કાંઇ જ ભય નથી. મ્હેં મારૂં કર્તવ્ય કર્યું છે. ઇશ્વરેચ્છા તો બીજે સ્થળે મળીશ. જાઓ–સીધાવો–ફતેહ કરો– ત્હમારૂં હજી બહુ કામ છે. જય શંકર" આટલું બોલી છાટ ગોઠવી સાધ્વી જંગલવાટે અદૃશ્ય થઇ અને સુમનગુચ્છે "સાધ્વી કોણ ! અહીં કોઇ સીપાઇ કેમ દેખાતું નથી ! સાધ્વી કયાં ગઇ હશે, રખેને બીજું તરાટ હોય" એમ વિચાર કરતો ઘોડા ઉપર બેશી સાધ્વીના બતાવ્યા પ્રમાણે પૂર્વ તરફનો રસ્તો લીધો.

પ્રકરણ સાતમું.

ગોકળદાસ તેજપાળ ઇસ્પીતાલ.

મુંબાઇમાં થતા અકસ્માત્—મારામારી, ખૂનના કેસો જેટલા ગોકળદાસ તેજપાળ હોસ્પીટલમાં જાય છે તેટલા ભાગ્યેજ બીજે જતા હશે. આખો દિવસ, દિવસ તેમજ રાત્રી, પોલીસની આવજાવ, દાકતરોની દોડાદોડી ચાલીજ રહે છે. મુંબઇ જેવા મોટા શહેરમાં કોઇ ગાડી તળે ચગદાયું તો કોઇ બારીયેથી પડ્યું, કોઇને ઝેર દેવાયું તો કોઇ ઘવાયું, કોઇ બળ્યું તો કોઇ ડુબ્યું એવી એવી બૂમો હમેશાં પડતીજ રહેતી અને ત્યાં વોર્ડમાં કામ કરતા દાક્તરો, નર્સો કોઇક અંતઃકરણથી તો કોઇ પીડા ટાળવા દરદીની સારવાર કરતા હતા.

ઇસ્પીતાલના એક ભાગમાં રેલ્વે પોલીસ તરફથી આવેલા કેસ રાખવાનો ઓરડો હતો. આમાં એક ખાટલા ઉપર એક આધેડ વયનો કાળો પણ સુધરેલા લેબાશનો પુરૂષ મૃત્યુ અને જીંદગી વચ્ચે ઝોકાં ખાતો પડયો હતો. એક નર્સ પાસે બેઠી બેઠી માથા ઉપર આઇસ ઘસતી હતી. વોર્ડબોય રૂમાલ, પાણી, દવા લાવ લે કરતો હતો. દાક્તર વારંવાર ખબર કરતો હતો અને પોલીસનો અમલદાર "હવે એને કેમ છે ? એ જો મરી જાય તે પહેલાં જુબાની લઇ લેવા દેજો નહીં તો હમારો કેસ માર્યો જશે" એમ કહ્યા કરતો. વોર્ડનો એક પટાવાળો વારંવાર આવી દરદીના મોં સામું જોઇ તેના કપડા ઉપરના

N J. શબ્દ વાંચી અંદર અંદર થતી વાતો સાંભળી મુઝાતો અને બે બાકળો ફરતો.

રાત્રીના નવ વાગી ગયા. બીજા વૉડરોસહુ જવાની તૈયારી કરતા હતા. માત્ર એક નર્સ ફાનસ લઇ આ દરદીને દવા પાવા મથતી હતી પટા વાળો આઘો ઉભો હતો. નર્સે દરદીનું મોં ઉઘાડી દવા પાવા યત્ન કર્યો પણ નિષ્ફળ ગઇ. રખે ને કેસ બગડે એમ ધારી હાઉસ સર્જનને બોલાવવા પટાવાળાને કહ્યું. પટાવાળો દોડતો ગયો. હાઉસ સર્જન પારસી હતો. નર્સનો સંદેશો મળતાંજ તે અડધાહૂસમાં આવ્યો. દરદીને જોતાંજ એના હોંશ ઉડી ગયા. વાત બગડશે એમ લાગતાં નાડી આંખો તપાસી કાંઇક હીમત આવી. એક સ્ટ્રોંગ ડોઝ તૈયાર કરી લાવવા નર્સને હુકમ આપ્યો અને પાસેથી કોઇ જે. પી ને બોલાવી લાવવા પોલીસને હુકમ કીધો. પોલીસ તરતજ દોડ્યો. ડોઝની અસરથી દરદી જાગૃત થયો. આગળ પાછળ જોયું તો ડાક્ટરને પટાવાળા બેજ જોયા જોતાં જ અંગતનું સ્નેહીજન કોઇ ન જોતાં નિરાશ થયો અને 'હાય કમળા!' એટલું કહી પડ્યો. દાક્તર તરતજ પાસે આવ્યો અને કપાળે હાથ દઇ બોલ્યો.

દાક્તર ! તમે દાક્તર થઇઆમ નિરાશ થાવ એ ઠીક કે ? કમળા કોણ ? એ તમારી શી સગી થાય ! તમને હમણા સારૂં થઇ જશે. હીમત રાખો " એટલામાં એક ભાટીયા જે. પી.ને લઇ પોલીસનો અમલદાર આવી ચઢ્યો. દાક્તરની સાથે સાહેબજી થતાં ખુરશી ઉપર બેઠા અને નીચેના પ્રશ્નો શરૂ થયા.

તમારૂ નામ શું ?

મારૂ નામ નારાયણરાવ જાધવ.

તમે શો ધંધો કરો છો ?

હું દાક્તર છું અને વડોદરામાં પ્રેકટીસ કરૂં છું.

તમારૂ કોઇ સગું છે ?

હા. મારી સ્ત્રી કમળાને એક છોકરો છે. પણ "હાય કમળા" તું ક્યાં હોઇશ.........

ગભરાવ નહી. બોલો જોઉ એ કયાં છે.

કોણ જાણે કયાં હશે. એ પેલો કોંડાજીજ લઇ ગયેલો. નકી મારી બાયડી મારા છોકરાને મારી નાખનાર એજ.

ઉશ્કેરાઇ ન જાવ.

તમે મુંબઇ કેમ આવતા હતા ?

મારો એક ફ્રેન્ડ વિલાયત જતો હતો તેને મૂકવા.

તમને કોઇ રસ્તામાં મળ્યું હતું ? તમારા ડબ્બામાં કોઇ આવ્યું હતું ? હું વડોદરેથી એકલોજ બેઠો હતો પણ ઇટોલા ને ભરૂચની વચ્ચે મારા ડબ્બામાં એકાએક એક રૂમાલ પડયો. એ રૂમાલમાં સુગંધી આવતી હોવાથી મ્હે લીધો અને સુંઘ્યો. સુંઘવાની વાતજ મને ઉંઘ આવવા માડી. પછી શું થયું તે ખબર નથી.

તમને કોઇના ઉપર શક જાય છે ?

હાજી ! કોંડાજીરાવ ઉપર !

એ કોણ ? અને શા માટે એના ઉપર શક લાવો છો ?

એને મારી બૈરી ઉપર વેર છે. એ મારી બૈરી પોતાના દીકરા હનમંતીયાને ન પરણી ત્યારનું એને વેર છે અને મારો છોકરો મરી જાય ને એને પૈસા મળે એ છે. વળી હું વડોદરેથી નિકળ્યો તે અગાઉ એક નનામો કાગળ મળ્યો હતો તેમાં મારૂં ખૂન કરવાની ધમકી આપી હતી.

પટાવાળો એકી ટશે અને એકે સાસે દરદી તરફ જોયા કરતો. સાંભળ્યાં કરતો હતો તે એકદમ વચમાં પડી દોડતો આવી, ખાટલા પાસે બેસી બોલી ઉઠયો. "કોણ ? નારાયણરાવ જાધવ ! મારી કમળાના પતિ ! પેલા કોંડાજીના"–આટલું બોલતાં પટાવાળો બે શુદ્ધ થઇ પડયો. એના બન્ને હાથ દરદીની છાતી ઉપર હતા. માથું પણ ત્યાંજ હતું. દાક્તર નર્સ પોલીસ તો આભાજ બની ગયાં. આ પટાવાળો કોણ ? આને કયાંથી ઓળખે ? અત્યાર સુધી કેમ કાંઇ બોલ્યો નહોતો એમ થયાં કર્યું.

દરદી નારાયણ જાધવ ઉશ્કેરાઇ ગયો હતો ત્યાં આ અજાણ્યા પટાવાળાના શબ્દો અને તેના બેશુદ્ધપણાથી વધારે ઉશ્કેરાઇ ગયો. પટાવાળાને ત્યાંથી ઉપાડી લઇ જવા હમાલને હુકમ થયો અને નારાયણ જાધવની આંખો ફરવા લાગી. ત્હેનું આખું શરીર ધ્રુજતું હતું. શરીરમાં તાવ વધતો હતો માથું ગરમ થઇ ગયું હતું અને પથારીમાં આળોટતો હતો. એક બાજુ દાક્તર બીજી બાજુ નર્સ બેઠાં હતાં છતાં નારાયણ રાવ એકદમ બેઠો થયો અને ન્હાસવા લાગ્યો. બસ ! કોંડાજી! ત્હને જીવતો રહેવા નહિ દઉ ? લાવ મારી કમળા ! મારો પુત્ર ? હાય ! હાય ! એ બીચારાં અત્યારે કયાં રખડતાં હશે. મારી જાગીર મ્હારો પૈસો લેઇ લે પણ મારાં વ્હાલા ને સોપી દે ! હે ક્રુર રાક્ષસ ! મારૂં જીવનને નષ્ટ કરી નાંખ્યું." આટલું બોલતાં થાકી જઈ લથડી પડયો અને ચેત્તાપાટ પડયો. માથું ફરીને ખાટલા સાથે અથડાયું. દાક્તરે પોલીસ નર્સ જે. પી.ની મદદથી ફરીને ખાટલામાં સુવાડયો. તપાસ અધૂરી રહી. જુબાની અડધી લખેલીજ પડી રહી અને નારાયણરાવ અડધા કલાકની અંદર રામશરણ થયો. પતિને માટે વલખાં મારતી કમળા નધણીયાતી થઇ. બીચારો દુઃખી પુત્ર નબાપો

થઇ ગયો અને સુપ્રસિદ્ધ દાક્તર—જેના જન્મ વખતે આખા ગામમાં સાકર વહેંચાઇ હતી. જેની પરીક્ષાના વિજય વખતે માનપત્ર અપાયાં હતાં. જેના લગ્ન વખતે મહાન શેઠીયાઓએ મુબારકબાદી આપી હતી તેજ નારાયણરાવ જાધવ આમ વ્હાલી પત્ની—એકનો એક પુત્ર સગાં સંબંધીથી દૂર એક હસ્પીતાલમાં સામાન્ય દરદીની માફક રહી ગુજરી ગયો.

પોલીસ અમલદાર નાખુશ થયો ખરો, છતાં નારાયણરાવ જાધવ અને કોંડાજી વચ્ચે વેર હતું, ગાડીમાં કોઇએ રૂમાલ સુઘાંડયો એટલી વાત મળતાં એને જોઇતું હતું તેટલું મળ્યું માની ખૂન કરનાર, ખૂનની કોશીશ કરનાર કોંડાજી પાસેથી અથવા આણંદરાવ પાસેથી વધુ માહિતી મેળવવાની આશાએ શબની સર્વ વ્યવસ્થા કરવાનું બીજા અમલદારને સોંપી ગયો.

આ દરમીયાન પટાવાળાને કાંઇ જાગૃતિ આવી હતી અને જાગૃતી આવતાં "કમળા. નારાયણરાવ." એને કેમછે ? મારે ત્યાં જવુંછે. એવા શબ્દોજ બોલતો ઉશ્કેરાઇ ગયેલો હતો. અશક્ત થઇ ગયેલો હતો એટલે ખાટલામાંથી ખસવાની મનાઇ કરી હતી પણ ખાટલામાં પડયો પડયો સર્વ જોયા કરતો હતો. બે કલાક થયા નહી હશે ત્યાં જે ઓરડામાં નારાયણરાવને રાખવામાં આવ્યો હતો તેનાં બારણાં ઉઘડયાં, એમાંથી સ્ટ્રેચરમાં કોઇને લઇ જતાં જોયો. આ સ્ટ્રેચર મુડદા માટે વપરાતું તે ત્હેને પટાવાળા તરીકે ખબર હતી. સ્ટ્રેચરને જોતાંજ, સ્ટ્રેચર ભારે સ્ટ્રેચર ચારજણે ઉચકેલું લઇ જતાં જોઇ સર્વ સમજ્યો ને પથારીમાંથી તરાપ મારી એકદમ ઉભો થઇ તે તરફ દોડયો—શું નારાયણરાવ મરી ગયા ? મ્હારી નાજુક કમળા બ્હેન વિધવા ? અરે અરે—એ બિચારી એકલી જંગલમાં રખડે છે, એના છોકરાંને કોઇ ઉપાડી ગયું અને અહીં નારાયણરાવ આમ ચાલ્યા ગયા. આ બધાં પેલા દુષ્ટ કોંડાજી અને

એની ગોળીના કામ! એક દુષ્ટે કેટલાને હેરાન કર્યાં. કમળા-કમળા તું વિધવા? મારાથી ત્હને એ સ્થિતિમાં કેમ જોવાશે? બસ! વૈર-વૈર! એ કાંડાજીરાવ જીવતો હોય ત્યાંસુધી સુવાનું ગયું. મારી વિધવા બ્હેનનું વૈર વાળીશ ત્યારે જ જીવીશ આટલું બોલી પટાવાળો દોડયો, જ્યાં મોટા દાક્તર બેઠા હતા ત્યાં ગયો અને સલામ કરી 'સાહેબ મારે નોકરી કરવી નથી હું જાઉં છું મેં કાંઇ લીધું નથી. હું ગાંડો થયો છુ" એટલું કહી ઇસ્પીતાલમાંથી દોડયો. ઇસ્પીતાલના પટાવાળા હમાલ-સીપાઇઓ, વોર્ડસના પટાવાળાની આવી વર્તણુંકથી અચંબો પામ્યા હતા કારણ કે આ પટાવાળો સહુને પ્રિય હતો. એના આવ્યા પછી એના કામથી એની પ્રમાણિકપણાથી અને એની ચીવટથી તેમ જ દાક્તરો ખૂશ ખૂશ હતા આવો પટાવાળો ખોવો એ કોને ગમે. જરૂર નારાયણરાવ તો આ દૂરનો સગો હશે સંબંધી હશે અને નારાયણરાવની સર્વ હકીકત જાણતો હશે માટે જ એના મૃત્યુથી ગાંડો થઇ ગયો લાગે છે એમ સર્વેએ અટકળ બાંધી, પટાવાળાને રોકવો, એની પાસેથી હકીકત મેળવવી જરૂરની હતી પરન્તુ અત્યારે સર્વ રોકાયેલાં હતાં અને પટાવાળાનું નામ ઠામ ઠેકાણું લખેલું હતું એટલે કોઇએ તે તરફ બહુ ધ્યાન ન આપ્યું. એનું ઠામ ઠેકાણું છે કે કેમ તેની તપાસ કરી ખાત્રી કરવા કલાર્કે રેકર્ડ બુક ઉઘાડી અને જોયું તો તેમાં નીચે પ્રમાણે હતું—

બાપુજી—સોની અમદાવાદ ચંપોળ,

મેટ્રીક.

પ્રકરણ આઠમું.

———:o:———

ત્રિપુટી.

'બ્હેન ! રસિકચંદ્ર આવ્યા છે' આ શબ્દો કંચનના પિતાના મ્હોમાંથી નિકળતાંજ લક્ષ્મી અને કંચનના હૃદયમાં જબરો આઘાત થયો. લક્ષ્મી અને કંચન એકજ પતિના હરીફ, એકજ આત્માને ચાહનાર આમ અચાનક મળશે, ઓળખવાનો વખત આવશે એટલું જ નહી પણ જેની શોધમાં દેશ માતા–પિતા સગાંવ્હાલાં તજ્યાં, જેને માટે પોતાના ચારિત્ર ઉપર લોકોમાં બટ્ટો આવ્યો છે, કોઇને લઇ નાસી ગઇ કોણ જાણે શોયે ધંધા કરતી હશે, એવી અફવાથી કાન અપવિત્ર થતા હતા છતાં ગણુકારતી નહોતી; જેને માટે માની જણી બ્હેન કરતાં પણ અધિક સ્નેહ રાખનારી ઇચ્છા અને ભાઇ અજીતરાય તજ્યા; જેને માટે ન ગણ્યું શરીર, સુખ કે આરામ તેજ આમ અચાનક મળશે એમ એણે સ્વપ્ને પણ ધાર્યું નહોતું. રસિકચંદ્રને બીજી કોઇ સ્ત્રી આટલી હદ સુધી ચાહતી હશે, ત્હેને માટે જીવ આપવા તૈયાર થઇ હશે એનો લક્ષ્મીને ખ્યાલ ક્યાંથી હોય?

રસિકચંદ્ર, કંચન, લક્ષ્મી અને કંચનના પિતા ચારે ચિત્રમાં ચિત્રેલાં ચિત્રો માફક ક્ષણવાર ઉભાં રહ્યાં પણ એટલી ક્ષણમાં ચારેના હૃદયમાં અનેક તર્ક વિતર્કો થઇ ગયા. કંચનનો પિતા પોતાની એકની એક લાડકી દુઃખી ગાંડા જેવી થયેલી પુત્રીના તપતા હૃદયને શાંતી

કરવા, ગયેલો, ઉલ્લાસ પાછો લાવવા, નિરસ બનેલા જીવનને સરસ બનાવવાના ઉદ્દેશથી આવ્યો હતો અને 'બ્હેન રસિકચંદ્ર આવ્યા છે' એ શબ્દે આનંદ છવાશે એમ માનતો હતો ત્યાં તો ઉલટું થયું. કંચનને ખોળતો, દરિયાકિનારે અને ઘર આગળ આપેલું વચન પાળવા, વિશ્વાસથી દુઃખી કરેલી કન્યાને સુખી કરવા, લક્ષ્મી નહી મળી હોય કિંવા એને બીજે પરણેલી જોઇ કંચનને સ્વીકારવા, ત્હેના સંતપ્ત હૃદયમાં શાન્તિ રેડવા, રસિકચંદ્ર આવ્યો હશે એમ કંચનનો પિતા માનતો હતો. ઘરડાંના પુણ્યે પવિત્ર પુત્રીના પવિત્ર શુદ્ધ સ્નેહનો બદલો મળ્યો એમ સમજ્યો. માત્ર અતુલી અચાનક આવી પડેલી નવીન બાઇ કોણ? અને રસિકચંદ્રના નામથી એના હૃદયમાં શા માટે આ ઘાત થવો જોઇએ? એનું આખું શરીર શા માટે કંપવું જોઇએ એ સમજી ન શક્યો. શું એ લક્ષ્મી તો નહી હોય? લક્ષ્મી! લક્ષ્મી શા માટે અહીં આવે? જે બાળાને બચાવી તે લક્ષ્મી તો નહીજ. કદાચ લક્ષ્મી હોય તો કંચનની શી સ્થિતિ? કંચન રસિકચંદ્ર અને લક્ષ્મી ત્રણે એકજ સ્થળે! ત્રિપુટીનો મેળ કેમ ખાય! છતી લક્ષ્મીએ નજરે નજર લક્ષ્મીને જોઈ રસિકચંદ્રની દઢતા રહેશે ખરી? લક્ષ્મીને ના પડાશે? ખાસ કંચનને સ્વીકારવા આવેલો રસિક લક્ષ્મીને જોતાંજ ફરી નહિ જાય? લક્ષ્મી અને કંચનમાં કોણ સ્વરૂપવાન છે? મ્હારી કંચન લક્ષ્મીથી ઉતરે એવીછે? ના. ના. પણ આ લક્ષ્મીજ છે એ શી ખાત્રી? કદાચ હોય. વખતે બીજી સ્ત્રી હોય અને એના મોહમાં રસિક ફસાયો હોય તો? પુરૂષનો શો વિશ્વાસ? કંચન હવે રસિકચંદ્રને ત્યજી દે, એનો વિચારજ ન કરે તો? ના. ના. એમ શા માટે કરવું? ત્યારે રસ્તો શો? હા એજ. આ લક્ષ્મી હોય કે બીજી! મ્હેં એને બચાવી છે, મ્હેં એને પાળી છે, મ્હોતના પંજામાંથી મ્હેં બચાવી છે તો એને કાઢી મૂકું તો

કંચનનો રસ્તો સીધો અને સરળ થાય. એને મારી–હાય ! હાય ! આવા દુષ્ટ વિચાર સ્વાર્થને માટે ! અરે દુષ્ટ અને બુષ્ટ. એતો એજ. જગત સ્વાર્થનુંજ છે. શું મારી છોકરીને દુઃખી જોઉં, એને મરેલી જોઉં ! ના એ બનેજ નહી. એતો બસ લક્ષ્મી હોય કે બીજી. મ્હારી કંચન અને રસિકચંદ્રના વચ્ચેની આડ ખીલી દૂર કરવીજ જોઇએ.

રસિકચંદ્રના પિતાના હૃદયમાં આવા વિચારની ગડમથલ ચાલતી હતી ત્યારે લક્ષ્મીને રસિકચંદ્રનું નામ સાંભળી, એ અહીં કયાંથી ? એ વિચાર ક્ષણવાર થતાં કંચનના ઇતિહાસથી વાકેફ હોવાથી 'હવે શું થશે ! કેમ કરવું ? એમ થયું. કંચન તો ઠીક ! એણે તો મ્હને રસિકચંદ્ર સાથે જોઈ રાજી થવા ઇચ્છા દર્શાવી છે પણ રસિકચંદ્રનું કેમ ! કંચન હયાત છે. એનો સ્નેહ એટલોને એટલોજ તીવ્ર છે. કંચન બુદ્ધિશાળી ગુણવાન–સ્વરૂપવાન છે, એણે વચન આપ્યું છે. એકબીજાં મળ્યાં છે, પિતાનો વૈભવ છે અને એનેજ ખોળતા અહીં આવ્યા લાગે છે; ત્યારે હું એક ભીખારણ છું. માતા–પિતા ઘર–બારથી દૂર છે, મારે માટે લોકોએ ફેલાવેલી અનેક અફવાઓ એમણે સાંભળી હશે. સંકટથી કે ગમે તે કારણથી મ્હારામાં કંચન જેટલું સૌંદર્ય નથી, મ્હારામાં ગુણ નથી, કેવળ સ્નેહ છે. હું એકલી હત તો જુદી વાત પણ અમે બે પાસે છીએ, ત્યારે અમારા બેમાંથી કોના તરફ ત્હેમનો સ્નેહ ઢોળાય છે તે જોવાનું છે. અરેરે ! હું અહીં ન આવી હત તો કેવું સારૂં ! પેલા મૂવાએ તરવારથી કાપી નાંખી હોત તો કેવું સારૂં ? હાય હાય અહીં આવી નહોતી, કંચનનો ઇતિહાસ જાણ્યો નહોતો ત્યાંસુધી, એ અહીં આવ્યા નહોતા ત્યાંસુધી, મ્હારા મનની અભિલાષા કેટલી હતી ? હું એમને માટે મરી પડતી મારે માટે એ ઝંખતા હશે, દુઃખી થતા

હશે, પેલી જોગણુના કહેવા પ્રમાણે વૈભવ, સ્વરૂપથી, ન મોહનાર રસિકચંદ્ર કંચન આગળ નરમ બની ગયા, કંચનમાં એવું શું છે ! ખરેખર પુરુષોનો વિશ્વાસ શો. એમને લઇ મ્હે ઘર તજ્યું ત્યારે બીજીને વચન આપી બેઠા. અરે એને પણ ના કહી ચાલ્યા. વળી પાસે એનેજ શોધતા અહીં આવ્યા. ખરે એમનું મનજ ક્યાં દૃઢ છે ? આજ મને પરણે ને કાલે કોઇ બીજી ને દેખે તો...ના, ના, રસિકચંદ્ર માટે એવો અભિપ્રાય આવેજ કેમ, હું કેટલો દોષ કરૂં છું. મારે માટેજ એમણે એમના માબાપની સાથે કંકાસ કર્યો, મારે માટેજ જગતના સઘળા લાભો ત્યજ્યા, એ એવું કહેજ નહીં. મ્હારા રસિકચંદ્ર તો બહુ સારા છે, વાંક એનો કંચનનોજ. કંચન દેખી મુનીવર ચળે, ત્યારે કંચનને દૂર શી રીતે કરાય ? કંચન જાય, કંચન ન હોય તો મારા શિવાય કોને પરણે? ત્યારે કંચન ! મ્હારા સુખના રસ્તામાં કંટકરૂપ કંચન ! મ્હારા આનંદના વહનમાં શિલારૂપ કંચન ! એને દવામાં—આપું તો. એની બરદાશ મારેજ કરવાની છે તો પછી શું—કોણ જાણવાનું છે ?...... ના, ના, આ નાજુક કોમળ કળીને છુંદી નાંખવાનું દુષ્ટ કૃત્ય હું કરૂં ? અરે જેના વાંસા ઉપર હમણાજ સ્નેહથી હાથ ફેરવતી હતી, જેણે વિશ્વાસ સ્નેહથી પોતાનું માથું મારા ખોળામાં મૂક્યું હતું; જેણે મારે માટે રસિકચંદ્ર ઉપરનો સર્વ હક આપી દેવા ઇચ્છા દર્શાવી હતી તેનું ખુન—હાય હાય હું કેવી રાક્ષસી ? મારા જેવી પીશાચણી બીજી કોઇજ નહી હોય ? પ ..ણ... રસિકચંદ્ર ! જેનું નામ ક્ષણવાર પણ ભૂલી નથી, જેને માટે જોગણ ભીખારણ બની દેશેદેશ ભટકી નામ બદનામ કર્યું, અનેક સંકટો વેઠયાં તે રસિકચંદ્રને કંચન સાથે લાડ કરતાં, હરતાં ફરતાં મારાથી જોઇ શકાય ખરૂં ! હાય ! એ બનેજ કેમ ? જેના ખોળામાં મ્હારૂં માથું મુકી રસભર વાતો કરવાના દિવસની લલચાતા

હૃદયે વાટ જોઉં છું તે ખોળામાં આ કંચન સૂવે? જેના સ્નેહ હાસ્ય માટે હું વલખાં મારૂં છું તે કંચનને જોઇ હસે? ને હું જોઇ રહું? જેના હૃદયદાન-જેના સ્નેહાલિંગન માટે મ્હારા રોમ રોમમાં જ્વાલા પ્રગટે છે તે શું કંચનને મળે! જેના સ્પર્શના ઝણઝણાટ માટે હું તલપાપડ થઇ છું તે સ્પર્શનો આનંદ આ કંચન ભોગવે! એ બનેજ કેમ? ત્યારે એતો એજ—કંચનનું કાસળ—પણ હું કેવી કૃતઘ્ની. મને બચાવનાર, મ્હારા શિયળ વ્રત—પવિત્રતા જાળવનાર, પતિત થતાં અટકાવનાર કંચનનો પિતાજ એ પિતાના ઉપકારનો બદલો અપકારથી વાળું! જેને માટે એ જીવે છે જેને સુખી કરવા સમસ્ત વૈભવ આપી દેવા તૈયાર છે તેના હૃદયમાં કારી ઘા કરૂં! ના, ના. ત્યારે શું કરૂં?

કંચન, લક્ષ્મી અને રસિકચંદ્ર આમ એક સ્થળે અને પોતાના સમક્ષ મળશે એ વિચારતાંજ અધીરી બની ગઇ. "બસ થઈ રહ્યું." મારી આશા હવે નષ્ટ થવાની. લક્ષ્મી હતી નહી. ત્યારે મને વચન આપ્યું હતું. મ્હારી સાથે કલાકોના કલાકો સ્નેહની ગોષ્ટીમાં ગાળ્યા છતાં લક્ષ્મીને માટે ગેરહાજર લક્ષ્મીને માટે મને તજી ગયા હતા તેજ લક્ષ્મીને જોઇ મારા સામુયે જોશે ખરા! ત્યારે અહીં કેમ આવ્યા હશે? લક્ષ્મીને શોધવા કે મ્હને શોધવા. લક્ષ્મી અહીં આવી છે એમ એમને કયાંથી ખબર? ના, ના. લક્ષ્મી માટે કાંઈ અવનવી વાત સાંભળી હશે અને પસ્તાયા હશે એટલે મને મળવા, મને શાન્ત કરવા અને હૃદયમાં સ્થાન આપવાજ આવ્યા હશે ને જો તેમ હોય તો કેવું સારૂં! મ્હારા જેવું સુખી સદ્‌ભાગી કોઇજ નહી! મારે મનથી તો નવુંજ જીવન! પણ અરે હતભાગી જીવ! એ સુખ તારા નશીબમાં કયાંથી! ત્યારે લક્ષ્મીને અહીંથી રવાના કીધી હોય તો પછી કાંઇ વાંધો ખરો? જે લક્ષ્મીના હાથ ક્ષણવાર ઉપર મારા વાંસા ઉપર ફરતાં મ્હારા હૃદયમાં શાન્તિ

પ્રસરતી હતી તેજ લક્ષ્મીની હાજરી મને અત્યારે તાપરૂપ થઇ પડે છે. આ લક્ષ્મી મારા સુખમાં વિઘ્નરૂપ ક્યાંથી આવી ? એ મ્હારી દાસી છે, એને મ્હારા પિતાએ બચાવી છે તો એ મ્હારા કહેવા પ્રમાણે કરવા બંધાયેલી છે પણ રસિકચંદ્ર પોતેજ એને ચહાતા હોય તો પછી? એના દેખતાંજ એ મ્હને તુચ્છકારી નાંખે તો ! ત્યારે લક્ષ્મી એમની નજરેજ ન પડવા દઉં તો ! પણ એ કેમ બને ! મ્હારા પિતાને કહું, મ્હારા પિતા મ્હને જરૂર મદદ કરશે, અરે પણ ! થોડીવાર પહેલાં હું જ બોલતી હતી કે લક્ષ્મીને રસિકચંદ્ર સાથે પરણેલી જોઇ રાજી થઇશ. કુમુદ માફક હું પણ ખૂશી થઇશ તેજ હું કે ? ત્યારે હું મરી જાઉં તો ! ઘરમાં સ્ટ્રીકનીઆઇન તો છે. દવામાં લેઇ લઉં તો ! લક્ષ્મી અને રસિકચંદ્ર ભલે પરણો, એ બન્નેને સુખી જોઇ સ્વર્ગમાં હું પણ રાજી થઇશ. મ્હારા રસિકચંદ્ર તો સુખી થશે. મારે બીજું શું જોઇએ ? પણ એ મ્હારા હૃદયને ગમશે ?

આ ત્રિપુટીના હૃદયમાં જૂદા જૂદા વિચાર થતા હતા અને ભવિષ્યના પડદા ઉઘડતા હતા ત્યાં રસિકચંદ્ર દાખલ થયો. માંદી, ખાટલાવશ, સ્નેહાળ–મોહક કંચનને ભેટવા દોડયો ત્યાં સામા ચાટલામાં લક્ષ્મીનું પ્રતિબિમ્બ દેખાતાં અહીં લક્ષ્મી ક્યાંથી ? શું લક્ષ્મી મ્હને ઠપકો દેવા આવી છે. એ તો લક્ષ્મી કે એની છબી છે ? એ જોવા પાછું જોયું ત્યાં સાક્ષાત્ લક્ષ્મી જોઇ સ્તબ્ધ થયો લક્ષ્મી અને કંચન બેમાંથી કોને ભેટું ! એ બેમાંથી કોણ વધારે પ્રિય અને પ્હેલો હક કોનો ?

પ્રકરણ નવમું.

બુદ્ધિસાગર અને રાધા.

ભદ્રાવતીની ગરીબડી પ્રજાએ ક્રુરસેનના સમયમાં અનેક સંકટો વેઠયાં હતાં. પ્રત્યેક પળે જાનમાલના ભયમાં ને ભયમાં વર્ષો ગાળ્યાં હતાં તેજ પ્રજા સત્યસિંહના ન્યાયી–તેમજ પ્રતાપવાન રાજ્યમાં પૂર્ણ સંતોષ અને સુખ અનુભવતી હતી. સદ્‌ભાગ્યે બુદ્ધિસાગર જેવા નિષ્પક્ષપાતી અને દયાવાન ન્યાયાધીશના હાથે એક પણ અન્યાય કે જૂલમ થવા પામ્યો નહોતો અને ભદ્રાવતીના વૃદ્ધ જનો ભૂતકાળનાં દુઃખો યુવાન આગળ હૃદયભેદક રીતે વર્ણવી પ્રજામાં વફાદારી, ઉત્સાહ અને ઉમંગ રેડતા હતા.

કોર્ટના કામથી પરવારી બુદ્ધિસાગર ઘેર આવતો અને વરઘેલી રાધા વાટજ જોતી. રાધાના હાથનો ચાહ–ચેવડો–પાન ખાઈ આરામ લઇ આ ઘેલાં વરવહુ ફરવા જતાં. ગામ બ્હાર માતા–મહાદેવ કે કોઇ એવી જ જગાએ જતાં–સૃષ્ટી સૌંદર્યમાં પ્રભુ જોતાં–ભૂતકાળનાં મીઠાં સ્વપ્નાં યાદ કરતાં અને જનસેવાની અનેક કલ્પના કરતાં.

રોજના નિયમ પ્રમાણે આ દમ્પતી ગામ બહાર આવેલા નીલકંઠ મહાદેવ તરફ ગયાં હતાં, નીલકંઠ મહાદેવ ગામથી દૂર પણ નદિ કિનારે સૃષ્ટિ સૌંદર્ય વચ્ચે આવી રહ્યા હતા. આ મહાદેવનું મંદિર વિશાળ અને સર્વ તરેહની સગવડવાળું હતું. મહાદેવનો પાછલો ભાગ નદિ ઉપર પડતો

દનો અને વંડાની ભીંત સાથે બેઠકની ગોઠવણુ હોવાથી શ્રદ્ધાવાન્ કુદરતના પ્રશંસકો, ખટપટીઆઓ, સ્નેહાળ દંપતીઓ, મિત્રો અને જગતની આંખે ન ચ્હડવા ઇચ્છતા નીતિ નિયમના ભંગ કરનારાઓ સંધ્યાકાળે ચંદનીમાં કે આઠે દિવસે એકાન્ત શોધતા અહીં આવતા. મંદિરના બાવા–પગી કે પૂજારીને દક્ષણા મળતાં ખાવા–પીવા–રહેવા–સુવાની સર્વ સગવડ થતી અને આમ જંગલવાસી જોગી શંકરના મંદિરનો ઉપયોગ અનેક રીતે લેવાતો. બુદ્ધિસાગર મુંબાઇમાં રહ્યો હતો. મુંબઇના મંદિરોના પાછલા ભાગો વિશે અનેક વાતો સાંભળી હતી. જન સેવા કરતાં કાંઇક કાંઇક ચિત્રો જોયાં હતાં. પશ્ચિમાત્ય દેશોના ઉદ્યાગ સ્થાનો–મઠો વિશે વાંચ્યું હતું સાંભળ્યું હતું એટલે એ સ્થિતિ ભદ્રાવતીમાં ન આવે એમ યથાશક્તિ પ્રયત્ન કરતો છતાં જગત સ્વર્ગ છે, સંસાર નીતિની મૂર્તિ થાય એ અસંભવિત માનતો એટલે દુરૂપયોગ ન થાય એની પૂર્ણ સંભાળ લેતો અને એટલાજ માટે કહ્યા કાર્યા વિનાજ અચાનક કોઇ કોઈવાર આમ દૂર આવેલાં ધર્મસ્થાનોની મૂલાકાત લેતો. આવી આકસ્મિત્ મૂલાકાતોને લીધે દુષ્ટજનો અને મંદીરના પૂજારીઓ બીતા રહેતા અને તેથી પવિત્ર સ્થાનોની મહત્તા કાંઇક જળવાઈ રહેતી.

પતિ પત્ની ગાડીમાંથી ઉતર્યાં–મંદીરમાં જઈ શંકરને–શંકર પાર્વતીને આ પતિપત્નીએ નમ્ર હ્રદયે નમન કર્યું અને પાછલા ભાગમાં આવી બેઠાં. સાંજના છનો સમય થઈ ગયો હતો. સૂર્યના બાલકિરણો મંદિરના સોનાના કળશને અથડાઇ સર્વત્ર પ્રકાશ પાડી રહ્યાં હતાં. નદિનું જળ ખળખળ વહી શાન્ત અને મંદ અવાજ કરી કર્ણને આનંદ આપતું હતું. જળચર પક્ષીઓ વારંવાર ડુબકી મારી જીવન યુદ્ધમાં તલ્લીન હતાં; નદીની સામી બાજુએ વડ–આંબા લીંબડાનાં વૃક્ષોની

ઘટામાંથી કોયલના ટહુકા આવી રહ્યા હતા,–મંદિરમાં દર્શન કરવા આ-વનારથી થતાં ઘંટના નાદો વિચાર શ્રેણીમાં વિઘ્ન નાખતા હતા અને ખૂણામાં બાવાજીની ધૂણી પાસે બે ચાર શહેરીઓ આવી ગાંજાની ચલમોની તૈયારી કરતા હતા.

બુદ્ધિસાગર અને રાધા આજ મુગાં હતાં. બન્નેના હ્રદયમાં નદિનું જળ વહન જોતાં—અગર કોયલના ટહુકા સાંભળતાં અગર કોણ જાણે કેમ કાંઇક ખિન્નતા હોય એમ લાગતું હતું. યંત્રની માફક આ સ્નેહાળ જોડું રોજની જગાપર બેઠું પણ બેમાંથી એકનું મોં ઉઘડ્યું નહી. બેમાંથી એકેએ બીજાના નેત્ર તરફ જોયું નહી છતાં બન્નેના હ્રદયમાંથી વહેતો સ્નેહનો સૂક્ષ્મ ઝરો વહ્યા જ કરતો હતો. આખરે બુદ્ધિસા-ગરથી ન રહેવાયું ને બોલી ઉઠ્યો.

રાધે ! આજ કેમ મુંગી છે ? શું પીયર સાંભર્યું છે કે કાંઇ ન્યૂનતા લાગી ?

વ્હાલા ! ન્યૂનતા ખરી પણ તમે કહેવા માગો છો ત્હેની નહિ હો ? હા. સ્રીઓ સંતાન માટે વધારે ઉત્સુક હોય છે અને એને માટે અનેક પ્રયત્નો કરે છે એ વાત ખરી પણ ત્હમારી રાધા એમાંની નથી હો ? બાલક થાય એટલે હમારે તમારાથી દૂર જવું પડેને ? આપણા સ્નેહમાં ભાગ માગનાર આવે ને ? એવું શું કામ જોઇએ ? હોય તો નાંખી દેવાય નહી. હોય તો સ્નેહની ગાંઠ કહેવાય એ ખરૂં પણ નથી તેથી હું ન્યૂનતા માનતી નથી. આ જગતમાં, આપણા દેશ-માં અનેક બાલકો છે જેમને માતા નથી, પિતા નથી; અને એને અ-ભાવે તેઓ કાંતો વહેલાં મરી જાય છે અગર કુસંગમાં પડી ચોર–લૂંટારા–ખૂની–અનીતિમાંન થાય છે. તો તમે રસ્તો બતાવ્યો છે એ

પ્રમાણે એમની માતા થવામાં—એમને સુધારવામાં મારૂ જીવન જાય તો હું તો પુત્રવતી છું એમ માનીશ. વારૂ પણ તમે પછી કાઠીયાવાડના પોલીટીકલ એજન્ટને લખ્યું હતું તેનો શો જવાબ આવ્યો ?

બુદ્ધિ—મુક્તિફોજવાળાએ કરી દેખાડ્યું છે આપણે કરી દેખાડવાનું છે. જેલમાંથી જે ગુન્હેગારો બ્હાર નીકળે અને જેમને ઘરબાર કે રોજીનું સાધન ન હોય તેમને મુક્તિ ફોજવાળા પોતાને ત્યાં રાખે છે તેમને ઉદ્યોગ શિખવે છે અને સદ્વર્તન શાળી બતાવે છે.

રાધા—પણ તેઓ તો ખ્રીસ્તી થાય ને ?

બુદ્ધિ—હા-એમના ઉપર ખ્રીસ્તી થવાનો જોર જૂલમ કરતા નથી પણ વાતાવરણ જ હેવું, એમની સાથે માયા સ્નેહથી વર્તે, એમના જીવન સુધારે એટલે થાય જ. આપણા ધર્મસ્થાનોમાં અઢળક ધન છે એઓ આ કામ માથે ઉપાડે તો કેટલું થાય ! વળી આપણા દેશોમાં અનાથાશ્રમો પણ કોઇ કોઇ જગાએ સ્થપાયાં છે તો અનાથશ્રમવાળાઓ પણ ગુન્હેગાર બાળકોને કેદખાનામાંથી નીકળે કે તરતજ પોતાને ત્યાં રાખે તો—તેમને મીશનરીની માફક સારે રસ્તે દોરે તો કેટલું પૂન્ય થાય ! પોલીટીકલ એજન્ટે એજ જવાબ આપ્યો કે તમારા અનાથાશ્રમોમાં કેટલાક પોલીસને મળેલા કેસો મોકલી આપીયે છીએ તેમાના ઘણાં ભાગી જાય છે. તમારે ત્યાં આવું થાય છે—દુઃખી થાય છે—તમારા અનાથશ્રમોવાળા તેમને હલકાં લેખે છે તેમને એક અજાણ્યા—જંગલમાં પશુઓ રાખવામાં આવે તેમ રાખે છે એટલે તેઓ તમારે ત્યાં આવવા ઇચ્છતા નથી. ખ્રીસ્તીઓની મુક્તિફોજના સ્થાનોમાં ત્હેમને વધુ સુખ—સગવડને શિક્ષણ મળે છે એટલે એમને ત્યાં જવું ગમે છે માટે પ્રથમ તમારે ત્યાં સુધારો કરો સરકારને બતાવી આપો કે અમે કાર્ય કરવા યોગ્ય છીએ અને સરકાર ત્હમને એ કામમાં પણ મદદ કરશે.

રાધા—ખરેખર ! જવાબ ખોટો નથી. પેલી સ્ત્રી સંસ્થામાં હમણાજ હું ગઇ હતી. ત્યાં પોલીસ તરફથી એક નિરાધાર બાલિકા આવી હતી. તે મુંબાઇમાં વેચવાના હતી. પોલીસે તે સંસ્થામાં મોકલી. બે ચાર વર્ષ રહી અને વયમાં આવતાં નાસી ગઇ. આ નીતિ શિક્ષણ દેખરેખને ? પેલી દેખરેખ રાખનારી બાઇ પણ કંટાળી જતી રહી. આમ થાય પછી આપણો ઉદ્ધાર ક્યાંથી ? દેશ સેવા કરવી છે પણ દેશ સેવા માટે જોયતો સ્વાર્થ ત્યાગ—

જનસ્નેહ, પ્રભુપ્રેમ ક્યાં—

આમ પતિ પત્ની, બુદ્ધિશાળી સ્નેહાળ પતિ પત્ની પોતાના નવરાશના સમયમાં જનસમાજના ગંભીર પ્રશ્નો ચર્ચતાં હતાં ત્યાં એક સવાર દોડતો આવ્યો અને ઉતાવળો હાંફતો હાંફતો બુદ્ધિ સાગરને કહેવા લાગ્યો.

સાહેબ ! ગામ બહાર ધર્મશાળામાં ગઇ રાતના એક જોગણ લાગતી બાઇ આવી ઉતરેલી. આશરે પચીસ વરસની હશે. સાહેબ ! છે જરા દેખાવડી !

બુદ્ધિસાગર—બહુ સારૂ ? તેનું છે શું ?

સવાર—સાહેબ હું કારણસરજ કહું છું. બાકી સત્યસિંહ મહારાજના રાજમાં કોની મગદૂર છે કે આડી નજર કરે !

બુદ્ધિસાગર—વારૂ ! વારૂ ! કહેવાનું હોય તે કહો !

સવાર—સાહેબ ! લોકો એને માટે કાંઇ કાંઇ અફવા ઉરાડે છે. કોઇ કહે કે દેવી છે તો કોઇ કહે છે સાધુડી છે. કોઇ કહે છે નાસી આવેલી છે. ગમે તે હોય. રાતના તે ધર્મશાળામાં સૂતી હતી ત્યાં તેની ઓરડીમાં કોઇ મુસાફરે હુમલો કર્યો. આ મુસાફર પણ ધર્મશાળામાંજ

ઉતર્યો હતો અને જોગણુની સાથે આવ્યો હતો કે આગળ પાછળ તેનો પત્તો નથી.

બુદ્ધિસાગર—આ બધી હકીકત પોલીસ અમલદારને જરૂરની છે મારે નહી. મારૂં શું છે અને તમને કોણે અને કેમ મોકલ્યા છે તે કહો?

સવાર—સાહેબ! ધર્મશાળામાં અડધી રાતે જોગણુના કહેવા મુજબ પેલા મુસાફરે હુમલો કર્યો. જોગણુ જાગી ઉઠી અને જોગણે પોતાનું શીયળ સાચવવા કેડમાંથી છરો કાઢી પેલાને માર્યો.

રાધા જે અત્યાર સુધી સાંભળ્યા કરતી હતી તે આ જોગણુને જોવા તેના હિમત ભરેલા કામ માટે સાબાશી આપવા તલપાપડ થઇ અને 'સાબાશ જોગણુ' એટલા શબ્દો નીકળી ગયા.

બુદ્ધિસાગર—રાધા! અત્યારે તમારે વચમાં બોલવાનું નથી. હાં ચલાવ આગળ.

સવાર—છરો વાગતાંજ પેલાએ કારમી ચીસ પાડી અને ચોકીયાત દોડી આવ્યો. બન્નેને થાણામાં લઇ ગયા દાકતરને બોલાવ્યો અને પેલો માણસ ઘડી અધ ઘડીએ મરી જશે એમ દાકતરે કહ્યું. તું કોણ છે ત્હારે કાંઇ કહેવું છે? વગેરે પૂછતાં એણે કહ્યું કે મારે આ ગામના ન્યાયાધીશ સાહેબ બુદ્ધિસાગર અને રાધાને મળવું છે તે મારે એમને કહેવું છે માટે એમને બોલાવો.

રાધા—વ્હા—એ કોણ હશે આપણું શું કામ હશે? રસિકચંદ્ર તો નહી હોય! ના. ના. મારો ભાઇ એવો દુષ્ટ હોયજ નહી.

સ્વાર—હાં બા સાહેબ! આપના બોલવા ઉપરથી મને એનું નામ સાંભર્યું. એનું નામ દુષ્ટરાય.

રાધા—દુષ્ટરાય ! દુષ્ટરાય ભદ્રાવતીમાં ! કેમ આવ્યો હશે ? જરૂર મને હેરાન કરવા. મુવો એને તો યોગ્યજ શિક્ષા થઇ.

બુદ્ધિસાગર—રાધા રાધા આમ ઉશ્કેરાઇ જવાય કે ? દુષ્ટરાય એક વખત તમારો પતિ થવાનો હતો ? તમે નાસી જવાનું સહાસ કામ ન કર્યું હત તો આજ ત્હમે એના પત્ની હોત. વળી હવે એ મૃત્યુશય્યા ઉપર છે. ભલાનું તો સર્વ ભલું કરે છે પણ બુરાનું ભલું ઇચ્છવું એમાંજ મ્હોટાઇ છે માટે ચાલો એને મળીયે અને જે કહેવાનું હોય તે સાંભળીયે. (સવારને વાડ પેલી જોગણ ક્યાં છે ?

સાહેબ ! એ પોલીસ પેરામાં છે.

બુદ્ધિસાગર—જાઓ હું આવું છું અને એ બાઇને માટે વિધવા-શ્રમમાં રહેવા ખાવાની સોઇ કરો.



પ્રકરણ દસમું.

વચન ન પાળ્યું ને ?

ઇંગ્રેજ અને હિંદ પ્રજામાં, ઇંગ્રેજ અને અન્ય પ્રજામાં મોટો ભેદ એ છે કે જ્યારે એક ઇંગ્રેજ બચ્ચો દુનિયાની સપાટી ઉપરના ગમે તે ભાગમાં જવાને, ત્યાં રહેવાને ત્યાંનાં સુખ દુઃખો ભોગવવાને સદા તૈયાર, હોશીલો હોય છે. આકાશના તારા ગણવા કે પાતાલમાં ઉતરતાં જરા ગભરાતો નથી. જ્યાં મનુષ્યનો વસવાટ ન હોય, જ્યાં પ્રત્યેકપળે વાઘ વરૂ અને હિંસક પ્રાણી મારી ખાશે એવી ભીતિ હોય, જ્યાંના લોકો હેરાન કરવામાં બાકી રાખતા ન હોય તેવી જગાએ પણ ઇંગ્રેજ જવા તત્પર થાય, અને શામ દામ ભેદથી સર્વને વશ કરી સામ્રાજ્ય ભોગવવાનોજ. પોતે જઇ પોતાના દેશ બન્ધુઓને બોલાવવાનો અને કાળે કરી એક ન્હાનું ઇંગ્રેજ સંસ્થાન ઉભુ કરવાનો. પોલીસ સાર્જન્ટ, એ ન્જીનડ્રાઇવર, ટીકીટકલેકટર, ખલાસી, ટાઇપીસ્ટ, અગર ગમે તે નાની પણ માનભર નોકરી, ધંધા કરી આગળ વધવામાં જરા પણ હીણપત માનવાનો નહી. ઇંગ્રેજો વિદેશ જવામાં, પોતાના બાળકોને વિદેશ મોકલતાં, લડાઇમાં મરવા, એરોપ્લેનના પ્રયોગો કરવા, ઉત્તર કે દક્ષિણ ધ્રુવ વગેરેની શોધમાં જીવના જોખમે પણ મોકલતાં જરા સંકોચાતા નથી અને આ ગુણને લીધેજ તેઓ ત્યારે જગતના મોટા ભાગ ઉપર સામ્રાજ્ય ભોગવે છે. આ સ્થળે કબૂલ કરવું પડશે કે એમને કેટલાક સંયોગો અનુકૂળ છે. એમની મદદમાં ભગવાન પ્રજા છે, રાજા છે, એમને નથી

જ્ઞાતિભેદ કે પરદેશ ગમનનો વાંધો; એમને નથી પડતી ખાવાપીવાની અડચણ કે નથી નડતી લગ્નની ધુંસરી.

આથી ઉલટું આપણામાં અનેક પરિવર્તનોના લીધે, સ્વતંત્ર જીવનના અભાવે, ભૂતકાળના અસ્થિર રાજ્યના કારણે જાહેર હિમતનો અભાવ છે. ઘરકુકડીઓ સ્વભાવ વિશેષ થયો છે. ગામના પચાસ, પરદેશના નહી પણ હિંદુસ્તાનમાંજ બીજા ભાગના સો-દોઢસો કરતા સારા ગણાય છે. જે જાર બાજરાનો રોટલો મળશે તેથી સંતોષ માનીશું ' ' આખો નહી તો અડધા મળશે ' એ વિચારે આપણા ઘણા યુવાનો ગામ બ્હાર, જીલ્લા બ્હાર જતા નથી જઇ શકતા નથી. આથી દૃષ્ટિ મર્યાદા વધતી નથી. જગતના અનુભવનું ક્ષેત્ર વિશાળ થતું નથી અને એ ન થાય એટલે ટુંકી કમાઇ, ટુંકા વિચાર અને ટુંકા સુખમાંજ ત્હેમના જીવનનો અંત આવે છે.

ભાગ્યવશાત્ ગરીબાઇને લીધે, સંયોગો વશાત્ ગુજરાતી ભાઇઓ હિંદુસ્તાનમાંજ દૂર ભાગમાં સારૂં ધન પ્રાપ્ત થાય એવા સંયોગોમાં મૂકાયા હોય તોપણ પ્રત્યેક પળે ત્હેમને થાય છે અને પત્રોમાં અને દેશમાં જતા સગા સંબંધી તરફથી એમજ કહેવામાં આવે છે કે ભાઇ ! તું તો બહુ દૂર પડયો. આ બાજુ આવને ? પૈસાને શું કરવો છે. આંખ આગળ તો ખરો ?" આમ થવાથી વિશાળ ભાવના અને ઇશ્વરની સૃષ્ટીનો વિચાર ન થતાં આપણા લોકો પરદેશમાં ગભરાય છે અને અંતે ઘેર આવવા સબળ પ્રયત્નો થાય છે. આને લીધેજ સીવીલ સર્વીસમાં પસાર થનારા હિંદુ-ગુજરાતી ગ્રેજ્યુએટો, પંજાબ બંગાળ બરમાં કે દક્ષિણમાં આસીસ્ટંટ કલેકટરની જગા ભોગવતા ગ્રેજ્યુએટો અનેકવાર રાજીનામા આપી ઘેર આવવા ઉત્સુક થાય છે. આટલો બધો તેમનો ઘર પ્રત્યેનો અંધ ભાવ હોય છે. શું અંગ્રેજોને ઇંગ્લાન્ડ પ્રત્યે ભાવ નહી હોય ? શું

ન્હેમને તેમના સ્નેહી સંબંધી માટે લાગણીજ નહી હોય ? ઇંગ્રેજોના ઇતિહાસ જેમણે વાંચ્યો છે, એમના મહાન પુરૂષો એટલુંજ નહી પણ પ્રમાણમાં કાંઇ ન ભણેલા સીપાઇઓ, ખારવાઓનાં દેશના ગીતો, દેશનાં વખાણ સાંભળ્યા હશે તેમને જણાશે કે ખરી સ્વદેશ પ્રીતિ એમના જેવી આપણામાં કયાં છે ?

અજીતરાય—પ્રોફેસર અજીતરાયની પણ બાંકીપુરમાં આ સ્થિતિ હતી. બાંકીપુરમાં કેળવાયેલા ગુજરાતીમાં અજીતરાયજ. બાકી પારસીની પેઢીઓમાં, કોલસાના વ્યાપારીઓને ત્યાં મુનીઓ ગુજરાતીજ હતાં. કોઇ કચ્છના તો કોઇ ગુજરાત કાઠીયાવાડના. આ લોકો કુટુમ્બ સાથે જ રહેતા પણ પ્રોફેસરનાં પત્ની ઇચ્છા બ્હેનને એમની સોસાયટી પસંદ નહોતી, એમની વાતમાં મઝાહ આવતી નહી અને વધારામાં પોતે બંગલામાં, ગામ બહાર રહે એટલે આવવા જવાનું ફાવે નહી. આમ હોવાથી પતિપત્ની એકલાંજ રહેતાં, એકલાંજ પડતાં કોલેજના ઇંગ્રેજ પ્રોફેસરોનો તો પંથ ન્યારોજ હતો. બે ત્રણ બંગાલી પ્રોફેસરો હતા પણ તેઓ કુંવારા હતા. એકાદ પરણેલો હતો પણ બંગાળામાં પડદાનો રિવાજ હતો, એટલે બ્હાર પત્નીને લઇ જઇ શકતો નહી. આથી જ્યારે જ્યારે બીજા પ્રોફેસરો આવતા કે એમને ત્યાં અજીતરાય જતો ત્યારે ઇચ્છાને બાંકીપુર આંદામાનનો ટાપુ લાગતો.

આજ અજીતરાય હજી કોલેજમાંથી આવ્યો નહોતો. ભટ ચાહ પાણીની તૈયારી કરતો હતો, ઇચ્છા બંગલાના બાગમાં આરામખુરશી ઉપર પડી પડી ગુજરાતનું એકાદ અઠવાડીક પેપર લઇ વાંચતી હતી. વાંચનાં વાંચતાં ચાલુ વાર્તા વાંચવા માંડી, એમાં એક પાત્રનું નામ રસિકચંદ્ર હતું. રસિકચંદ્ર નામ વાંચતાંજ તાર તુટ્યો, ભૂતકાળ

સાંભર્યો, અમદાવાદ, ભીખારણ સુંદર, પોતાનો પહેલો વિવાહિત પતિ નવનીત, નવનીત અને પોતાની માતા, સુંદરના સદ્‌ગુણો, સુંદરના ઉપકારો સાંભરતાં સુંદરની પોતાની સ્થિતિ, સુંદર-લક્ષ્મીના જીવનના પ્રસંગો સાંભર્યાં? સુંદર-લક્ષ્મી જીવતી હશે ! રસિકચંદ્ર મળ્યા હશે કે કેમ ? એનું શું થયું હશે ! હાય ! હાય ! જેને લીધે જેના સતત પ્રયાસે અને બોધે હું આ સ્વર્ગ સુખ ભોગવું છું તે ક્યાં રખડતી હશે ? જીવતી હશે કે કેમ ત્હેની ખબર પણ કાઢતી નથી, મુઓ આ પૈસો ને મુવો આ વૈભવ? બસ આજને આજ જાઉં અને મ્હારી સુંદરને...એટલામાં ગાડીનો ખડખડાટ સંભળાયો અને અજીતરાયની ગાડી આવતી દીઠી. ગાડીમાંથી સીપાઇએ બેગ લઇ લીધો બારણું ઉઘાડ્યું અને અજીતરાય બાગમાં પત્ની તરફ રોજની માફક વળ્યો.

કેમ ! આજ શા વિચારમાં પડ્યાં છો ?

'કાંઇ નહી તમારીજ વાટ્ય જોતી હતી!' સ્નેહાળ પત્ની થાકીપાકી આવેલા પતીને શાંત કરવાનાજ ઉદ્દેશથી હૃદયની ભાવનાઓ દબાવી બોલી.

ભટ ! ચાહ લાવો તો ? આજતો મ્હેં બીસકીટ ઘેર કર્યાં છે ! જુવો તો કેવાં થયાં છે ! એમ કહી ઇચ્છા ઘરમાં દોડી. બીસકીટની તાસક ઉપાડી લાવી પતિ આગળ ટેબલ ઉપર મૂકી

બીસકીટ તો સારાં થયાં છે. તમને કોણે શીખવ્યાં !

એતો ગયે રવીવારે હું પેલા પાદરી સાહેબને ઘેર ગઇતી ત્યાં મડમ સાહેબે શિખવ્યું જઇએ ત્યારે પૂછીયે બરાંજને.

શા માટે નહિ ? વારૂ કયું પેપર છે ? કાંઇ નવાજુની ?

એતો કાઠીયાવાડ ટાઇમ્સ એમાં કાંઇ ખાસ નથી.

ત્યારે હું આવ્યો ત્યારે તમે ઉંડાં વિચાર માં કેમ હતાં !

એતો મારા મનની મુઝવણ ? તમને શા માટે દુઃખી કરૂં ? તમે તમારાથી બન્યું એટલું કર્યું. તમે પુરૂષો ભૂલી શકો. અમારા સ્ત્રીનાં હૃદય વધારે નરમ અને તેમાં સ્ત્રીઓનાં દુઃખોની વાત હોય ત્યારે તો પૂછવુંજ નહી.

પણ છે શું ? તે તો કહે ?

એજ કે આપણે બાંકીપુર આવવા નીકળવાના હતાં ત્યારે શું વચન આપ્યું હતું તે સાંભરે છે ? એ વચન તો ન પાળ્યું ને ?

કયું વચન ?

કયું વચન ? શેનુ સાંભરે ? મ્હારી સુંદર આપવાના હતા ને ? એ બીચારી કોણ જાણે કયાંએ રવડતી હશે ? અરે આમ–મારે માટે એ બીચારીએ શાં શાં દુઃખો વેઠ્યાં છે, તે હુંજ જાણું છું. એના બદલામાં હું અહી મોજ માણું છું બળ્યું બાંકીપૂર, મને તો નથી ગમતું, તમને કોણ જાણે પૈસો વ્હાલો છે એટલે આટલે દૂર આવી રહ્યા છો! તમારે શું ! તમારે આખો દિવસ બહાર ફરવું અમારે ઘરમાંજ ગોંધાઈ રહેવાનું !

વ્હાલી ! આજ ત્હમે પણ આપણો જૂનો સંસાર સંભાળ્યો કે શું ? પતિ પત્નીના કંકાસ કલેશ વગર મજાહ નહી આવતી હોય કેમ ? પરદેશમાં મુવો પૈસો કહોછો પણ એ પૈસો ન હોય તો કોઈ અજીતરાય કે ઈચ્છા બ્હેન નહી કહે હો ? અહીંઆં છીએ તો સારૂં છે બાકી ગામમાં પાંચપચાસ મળતા હોત તો કોઇ સામુએ ન જુવત. માટે એ કંકાસ છોડી દે ને તેમ છતાં ત્હને દુઃખ થયું હોય તો રાજીનામું આપું ? બોલ કહી દે ?

ઇચ્છા, પતિના પ્રેમમાં લુબ્ધ થયેલી ઇચ્છાના વારસામાં ઉતરેલો માનો સ્વભાવ આજ અચાનક કયાંથી જોર કરીને દાખલ થયેલો પતિના મધુર શબ્દે ઠંડો ગાર થઈ ગયો, ઢીલાઢબ થઇ જતાં અપરાધથી દુઃખી થયેલી ઇચ્છા એકદમ પતિને વળગી પડી અને કરગરી બોલી. "વ્હાલા ! વ્હાલા ! ક્ષમા કરો મારા અપરાધ ક્ષમા કરો ? આજ પત્રમાં રસિકનુ નામ વાંચતા સુંદર લક્ષ્મી સાંભરી એટલે અમદાવાદ સાંભર્યુ અને એ વિચારમાં ને વિચારમાં બોલી ઉઠી. વ્હાલા તમારૂં કહેવું ખરૂં છે. પૈસાને લીધેજ ઇચ્છા બ્હેન ઉપર ભાઇ ભાભી દિયર જેઠના કાગળો આવે છે અને એ પદવીને લીધેજ મન અકળાય છે, આપણા લોકના સ્વભાવ પ્રમાણે મને દેશ-ઘર સાંભર્યું અને તેમાં બોલી હતી. વ્હાલા ? શું સુંદર બ્હેનનો કાંઇજ પત્તો ન મળે. અરેરે ! એ બીચારી કયાં રખડતી હશે ?

અજીતરાય—વ્હાલી ? હું સમજું છું કે હું મારૂ વચન પાળી શકયો નથી. મેં મારા મિત્રો વગેરેને કાગળો લખ્યા છે પણ કાંઇ પત્તો નથી. રસિકચંદ્ર-લક્ષ્મી બેમાંથી એકેકની સહજ પણ ખબર મળતી નથી. મેં બુદ્ધિસાગરને પત્ર લખ્યો હતો ત્યાંથી પણ ખબર આવી નથી. મુંબાઇમાં મ્હેં પોલીસ અમલદાર જે મારો મિત્ર છે તેને લખ્યું છે. અને તેને મેં તપાસ કરી લખવા લખ્યું છે.

ઇચ્છા—અરે રે ! આવા રાજ્યમાં આમ માણસો ગુમ થાય, પાછળ આટઆટલી તપાસ થાય તોપણ પત્તો નહી એ પણ નવાઇજ ને

ભટ—સાહેબ જમવાનું થયું છે—

બન્ને ગમ નીમગ્ન ચહેરાથી બોલ્યાચાલ્યા વિના રસોડા તરફ ગયા. પાટલા ઉપર બેઠાં, કોળીયો મોમાં મૂકે છે ત્યાં તારવાળો આવ્યો. આ

તાર ઇચ્છાનો હતો, બાંકીપૂર આવ્યા પછી ઇચ્છાના નામનો આ પહેલોજ તાર હતો. મ્હને કોણે તાર મૂક્યો હશે એ વિચારથી કાંઇ ઇષ્ટ અનિષ્ટ ધારતી ધ્રુજતે હાથે સહી કરી પહોંચ આપતાં સુધીની ધીરજ રહી નહી અને તાર ઉઘાડ્યો. તારમાં નીચલા શબ્દ હતા.

ર. મળ્યા છો સ્થિતિ વિચિત્ર. હઇશ તો મળીશ. નહી તો સંભારજો. ભાઇ ને બ્હેનના પ્રણામ. સુંદર—

શાન્તિસદન, મહાલક્ષ્મી—મુંબાઇ.

આ શબ્દો વાંચતાંજ ઇચ્છાના હ્રદયમાં હર્ષ શોકનાં મોજાં ઉછળવા લાગ્યાં. સુંદર મુંબાઇમાં. ર. મળ્યો. કેવો આનંદ! સ્થિતિ વિચિત્ર એટલે? શું બીજીને પરણ્યા હશે? 'હઇશ તો મળીશ' શું સુંદર આપઘાત તો નહિ કરે? વ્હાલા! વ્હાલા! મ્હને મુંબાઇ મોકલો, મારી બ્હેનને મળવા દો! જરૂર મને બોલાવવાજ તાર કર્યો છે.?

પ્રકરણ અગીઆરમું.

સોની.

ત્રીજા વિભાગના અંતમાં જણાવ્યા પ્રમાણે ગામમાંથી 'મરચું મીઠું અને ગોળ' લેવા ગયેલો સોની શિવ મંદિરના પગથીયાં ઉપર, ઓટલા ઉપર પડેલા લોહીના ડાઘ જોતાંજ પોતાની ચાર ભગિની સમાન સાધ્વીઓના જીવનની શંકા થતાંજ 'બદલો' કીનો-ખૂનના બદલામાં ખૂન" એ શબ્દો બોલી ગાઢ અરણ્યમાં અદશ્ય થઈ ગયો હતો તે વાંચકવર્ગને વિદિત હશે.

ખૂનીઓ, સ્ત્રીઓનું હરણ કરનારા નરાધમો જંગલમાંજ ભરાયા હશે, આટલામાંજ હશે એમ માની સોનીયે અરણ્યના અંધકાર કે ભયાનકતાની જરાયે દરકાર ન રાખતાં ગોગરદમ તપાસ કરી પુરંતુ કાંઇ પત્તો ન મળ્યો એટલે પડોશના સામી બાજુના ગામમાં જઇ ધર્મશાળામાં રાત વાસો રહેવા વિચાર કર્યો. ધર્મશાળા નાની હતી છતાં આ ગામથી આજુબાજુના ગામમાં જવાનો રસ્તો હોવાથી અને રેલ્વે સ્ટેશન દૂર હોવાથી મુસાફરો અમલદારો આ ધર્મશાળાનો લાભ લેતા હતા. અને તેને અંગે ધર્મશાળામાં સર્વ તરેહની સગવડ કરી આપવામાં આવતી એટલુંજ નહી પણ આવ્યા ગયાની દેખરેખ બરાબર રાખવામાં આવતી

સોનીને માનસિક તેમજ શારીરિક થાક લાગ્યો હતો એટલે ધર્મશાળામાં આવતાંજ એક ખૂણામાં લોથપોથ થઇ પડ્યો ને ઉંઘી ગયો. સોનીનું મગજ ઉશ્કેરાયેલું હતું, પોતાનાજ જીવનમાં અનેક અવનવા

અનુભવ જોયા હતા, મારે મારી બાયડી જોઇએ કહેનાર સોની, જોગણુ-કમળા, લક્ષ્મી અને વનમાળાના હ્રદયભેદક વૃત્તાંત સાંભળી વ્યગ્ર થયો હતો; વળી જ્યારે જંગલના એકાન્તમાં ખૂના મરકીનાં ચિન્હ અને ચાર સાધ્વીઓનાં અપહરણ થયેલાં જોયાં ત્યારથી તે ગાંડા જેવો થઇ ગયો હતો, શંકાશીલ થઇ ગયો હતો. જગતમાં વૈર–ખૂન શિવાય કાંઇ દેખતોજ નહીં અને આથી ઉંઘી તો ગયો છતાં ઘડી ઘડીમાં દુષ્ટ સ્વપ્નો અને વિચારને પરિણામે ઝબકી ઉઠતો. કમળાનું ખૂન થયું ? હે કોંડાજી આવ્યો ? રસિકચંદ્ર ડુબ્યો, લક્ષ્મી આગમાં બળી ગઇ, રસિક-ચંદ્ર ને જોગણુ, સત્યસિંહ સુમન્ગુચ્છ વનમાળા એવાં એવાં નામો ઉંઘમાં દેતો અને તેથી ધર્મશાળામાં સુતેલાં બીજાં માણુસ ઝબકી ઉઠતાં અને આ માણુસની દયા ખાતાં.

રાત્રીનો એક વાગી ગયો હતો, હમેશના નિયમ પ્રમાણે ગામનો પોલીસ અમલદાર જાતે 'રોન' ફરતો ફરતો ધર્મશાળામાં આવ્યો. ધર્મ-શાળાના ચોકીયાત પાસે આવ્યા ગયા મુસાફરોની માહીતી મેળવી ચલમ પીવા બેઠો ત્યાં સોનીનો લવારો શરૂ થયો. 'કોંડાજી પકડાય તો ફાંસીએ લટકાવું' રસિકભાઇ ! લક્ષ્મીને તરછોડી કયાં નાઠા ! કમળા ! હનમ-ન્તીયાને પરણી હત તો આમ થાત ? આનંદરાવ ત્હને ખોળતા હશે?' આ લવારો ગભરામણુના શબ્દો–બૂમો સાંભળી પોલીસ અમલદાર ટટાર થયો. કોંડાજી ? પેલા મુંબાઇના ખુનવાળો તો નહિ ? કોંડાજી તો કેદમાં છે ? શું એમાંનો તો કોઇ નહિ હોય ? પણુ રસિક ચંદ્ર ? મારા શેઠ તો નહિ ? ના. ના. દુનિયામાં એક ગામના એક નામના અનેક માણુસો હોય. ત્યારે બીજું નામ પણુ એને લગતુંજ છે તે કેમ બને ? લક્ષ્મીને તરછોડીને–લક્ષ્મી ? પરતાપરાવ ભાઇનાજ લક્ષ્મી ! એતો બળી ગયાં હતાં ને ? કમળા–હનમન્તીયો એતો જરૂર મુંબાઇની ગાડીના કેસમાં

જેનાં નામ આવ્યાં છે તેજ. જરૂર આ માણસ પાસેથી બાતમી મળશેજ. આટલું કહી ચોકીયાતને સાથે લઈ જ્યાં સોની સુતો હતો ત્યાં પોલીસ અમલદાર આવ્યો અને સોનીને ઉઠાડયો. મૂળ તો ઉશ્કેરાયેલો હતોજ—ઉંઘમાં અવનવાં સ્વપ્નો જોયાં હતાં. અને ઉંઘમાં હતો ત્યાં જાગતાંજ સામે પોલીસ અમલદાર જોઇ થરથરી ગયો ને બોલી ઉઠયો. 'ભાઇ સાહેબ ! મેં કાંઇ ખૂન કર્યું નથી. ખૂન કરનારા બીજા હશે, હું તો એમના કહેવાથી મરચું, મીઠું ગોળ લેવા ગયો હતો.

શેનું ખૂન ? તું કોણ છે કયાંથી આવ્યો છું, તું જેનાં નામ દે છે તેને ને તારે શો સંબંધ છે ?

સાહેબ જે ચાર સાધ્વી બાઇઓ પાસે હતો તે ચારે દુઃખી હતી અને તેમની સાથે હું ફરતો હતો તેઓ પોતપોતાના પતિની શોધમાં હતાં.

લક્ષ્મી ! રસિકચંદ્ર ! કોણ ? એને ને ત્હારે શું ?

સાહેબ લક્ષ્મી મારી સાથે હતાં તેઓ મૂળ ભાવનગરના રહેવાશી હતાં, તેઓ રસિકચંદ્ર ભાઇ પાછળ ગાંડાં હતાં પણ રસિકચંદ્રનો પત્તો ન હોવાથી એમની પાછળ સંસારનો ત્યાગ કરી નીકળ્યાં હતાં.

કોંડાજી કોણ ?

સાહેબ એ કમળાના ઉપર જૂલમ ગુજારનાર પાપી. એ બીચારીનું બાળક એની સાથે હશે કે કેમ ?

વારૂ, ચાલ તું અમારી સાથે, તું આ બધાને ઓળખે છે તેથી ત્હને મુંબાઇ મોકલવો પડશે,

સાહેબ ? મને શા માટે મુંબાઇ મોકલો છો ? કહો તો ભાઇ સાહેબ આ ગામમાંથી આવ્યો તેવો ચાલ્યો જાઉં. મને નાહક હેરાન ન કરો, મારે મારાં લક્ષ્મી બ્હેન ને રસિકભાઇને મેળવી આપવાં છે ને કમળાને હેરાન કરનાર કોંડાજીરાવને પાતાળમાંથી ખોળી તેને તેના દુષ્ટ કર્મનો

કર્મનો બદલો આપવો છે. હું પાપી નથી, હું એમના તરફનો નથી. અને લક્ષ્મી, કમળા, વનમાળાનું લાગે છે. ઉશ્કેરાઇ જવાથી ઉંઘમાં મ્હારાથી બોલાઇ જવાયું હોય તો મને ક્ષમા કરો, સાહેબ મારૂં કોઇ નથી. હું નકામો માર્યો જઇશ ને પાપી બચી જશે

તેમ નહિ બને ગભરા નહિ. જેને માટે ત્હને ચિંતા છે ત્હેને માટે મ્હને પણ ચિંતા છે. રસિકચંદ્ર લક્ષ્મીના દુઃખમાં મારૂં દુઃખ છે ને એના હિતમાં મારૂં હિત છે. વારૂ તારૂ નામ અને શું કામ અહીં આવ્યો છું ?

સોનીએ પોતાનો અને ચાર સાખ્ખીઓનો ટુંક વૃત્તાંત પોલીસ અમલદારને પોતાની સહી સલામતી માટે જણાવ્યા. પોલીસ અમલદાર સોની તરફ ન્યાળી ન્યાળીને જોતો હતો અને સોનીના મ્હો ઉપરના ફરતા રંગો વિકારોથી એ એ જુઠ્ઠું બોલતો નથી એ સહજ કળી શકયો.

વારૂ ! તમારી હકીકત સાચી હોય એમ લાગે છે; લક્ષ્મી બ્હેનની વાતમાં કોઇ દિવસ રસિકભાઇના ઘરની વાતમાં કોઇ મુસલમાન સિપાઇનું નામ આવેલું ખરૂં ?

અરે હા ! ઘણીવાર. જમાલ નામના સિપાઇએ લક્ષ્મી, રસિકચંદ્ર, એમનાં બ્હેન રાધા અને બુદ્ધિસાગરને ઘણી મદદ કરેલી, રાધાને નાસવામાં મદદ કરનારજ જમાલ એને તમે કયાંથી ઓળખો ?

હું એજ જમાલ સમજ્યા રાધા બ્હેન. રસિકચંદ્ર—બુદ્ધિસાગર—લક્ષ્મી બ્હેન વગેરેના ગુમ થવાથી—જવાથી—પ્રતાપરાય ભ્રમશુચંદ્રના દુઃખથી મારૂ મન ભાવનગર ઉપરથી ફરી ગયું અને હમેશને માટે ભાવનગર છોડી ગયો. કાળે કરી સુરત ડીસ્ટ્રીકટમાં આવી ચઢયો અને પોલીસમાં દાખલ થયો અને આ થાણામાં ફોજદારની જગાએ કેટલોક વખત થયાં છું. એકે દિવસ જતો

નથી જ્યારે હું રસિકભાઇના નામની માળા ન જપતો હોઉં. એ બિ-ચારા ક્યાં હશે ! એમને માટે માથું આપવા તૈયાર છું.

હું ત્હને બધી અનુકૂળતા કરી આપીશ. મ્હને એવા ખબર આવ્યા છે કે લક્ષ્મી અને રસિકચંદ્ર મુંબાઇમાં છે. માટે તમે મુંબાઇ જાવ અને ત્યાં પત્તો મેળવો.

પણ મુંબાઇ ક્યાં ને કેમ પત્તો મેળવવો ?

ત્હેનો ઉપાય છે. મુંબાઇમાં ગોકળદાસ તેજપાલ હૅસ્પીતાલમાં મારો ભાઇ કારકુન છે. હું એના ઉપર ચીઠી આપું છું. એથી તે તમને ત્યાં કોઇ ધંધામાં લગાડી આપશે. ધંધે લાગ્યા પછી ફુરસદની વખતે તપાસ કરજો અને હું પણ મારા પોલીસ ખાતામાં ખાનગી નોટ લખી તમને જોયતી મદદ આપવા વીનવું છું.

જો એમ થાય તો ધારેલી ઉમેદવાર આવે ખરી.

આ ચીઠી લઇ સોની મુંબાઈ ગયો—ગોકળદાસ તેજપાલ હૅસ્પી-તાલમાં કારકુનનેમળ્યો અને તેની મદદથી તરતમાં ખાલી પડેલી પટા-વાળાની જગા મેળવી.

સોની ફુરસદની વખતે મુંબઇના જૂદા જૂદા લતામાં ફરતો–ભા-વનગરના ગૃહસ્થો મારફત લક્ષ્મી રસિકચંદ્રની ખબર કાઢતો અને તે ઉપરાંત કમળા વનમાળા ને પણ વિસર્યો નહોતો. દિવસોના દિવસો ચાલ્યા ગયા પણ કાંઇ પત્તો ન મળ્યો. સોની નિરાશ થયો અને નોક-રી મુકી જવા તૈયારીમાં હતો ત્યાં નારાયણ જાધવનો કેસ આવ્યો. એ કેસની હકીકત જાણતાં શક પડયો અને આગળ કહી ગયા છીએ તેમ નારાયણરાવ જાધવને ઓળખતાં ત્હેના મૃત્યુ સમયનો અનુભવ થતાં દુઃખી સોનીના હૃદયનો ઘા ફરીને ઉઘડયો. બે શુદ્ધ થઇ ગયો અને એમને એમ ગાંડાની માફક હૅસ્પીતાલમાંથી નાશી ગયો.

પ્રકરણ બારમું.

રસિકચંદ્ર અને લક્ષ્મી.

બંગલાનું નામ શાન્તિસદન હતું પરંતુ તે અત્યારે શાન્તિસદનને બદલે અશાન્તિસદન થયું હતું. કંચનના પિતા જે થોડા સમય પહેલાં કંચનના ગંભીર મંદવાડથી ગ્લાનિગ્રસ્ત હતા અને જે રસિકચંદ્રના આવ્યાના શુભ સમાચાર ઉત્સાહથી કંચનને આપવા દોડી ગયા હતા તે લક્ષ્મી પણ અહીંજ છે અને વિઘ્ન કર્તા થઇ પડશે જાણી કંટક દૂર કરવા અનેક યુક્તિ પ્રયુક્તિઓ કરતા. એને લક્ષ્મીની હાજરી શલ્ય સમાન હતી. કંચન જે રસિકચંદ્ર નામની માલા-જપતી-ત્હેનું શુભ ઇચ્છતી મૃત્યુની વાટય જોતી હતી અને જે "રસિકચંદ્ર આવે છે" એ શબ્દે હર્ષઘેલી થઇ હતી તે લક્ષ્મીને લીધે પોતાના જીવનની આશા કદિ પણ ફલિભૂત થવાની નથી એમ માની નિરાશ થઇ હતી. રસિકચંદ્ર-લક્ષ્મીની શોધમાં નિકળેલો-કંચન, પોતાને માટે જીવ આપનાર કંચનનો એકવાર ત્યાગ કરી નિકળનાર રસિકચંદ્ર દૈવયોગે એજ બંગલામાં આવી ચઢ્યો એટલું જ નહિ પણ ત્હેના પ્રેમની બન્ને હરિફોની સન્મુખ આવી ચઢતાં પરિણામ શું આવશે તે વિચારે બેબાકળો બની ગયો હતો.

લક્ષ્મી—પતિપ્રેમની વેરાગણ-હિંદુ સંસારમાં કદિ ન બને તેમ ન્યાત જાત-ઘરબાર તજી—સ્ત્રીઓને પડતી અનેક વિપત્તિઓ ખમી—સ્નેહીજનની શોધમાં નીકળેલી તે પણ દેવ દૈશાત્ પ્રેમ રાજ્યનો વારસો માગનાર, પોતાને ધૂતારી ગણનારને ત્યાંજ આવી ચ્હડી એટલુંજ નહિ

પણ જેને માટે સાધ્વી થઇ તે પણ ત્યાંજ મળ્યો એટલે એ તે પોતાને ખોળવા આવ્યો હશે કે બીજાને એ વિચારે ખિન્નહૃદય થઇ ગઇ. આમ શાંતિસદનની કુદરતી અને કૃત્રિમશાન્તિના સાધન છતાં ખેદ—અશાન્તિ—શોક છવાયાં હતાં. સામે ઘઘવતા દરિયાના મોજાં અને ત્યાંથી આવતો મંદ અનિલ એનો એજ હતો છતાં આજ તમ હૃદય ને વધારે તમ કરતો હતો. પક્ષીના કલરવ જે હમેશાં કાનને મધુર, આહ્લાદિત લાગતાં તે આજે કર્ણને પરૂષ લાગતાં હતાં. બાગના સુકોમળ-સુગંધિત પુષ્પો એનાં એ હતાં છતાં આજે નહોતાં ગમતાં આંખને કે નહોતાં ગમતાં ઘ્રાણેન્દ્રિયને. બંગલામાં યંત્રથી ચાલતાં પુતળાંની માફક સર્વ હરતાં ફરતાં હતાં, દરેક એક બીજાના હૃદય સમજવા ઇચ્છતાં હતાં છતાં સમજાવવાની દરકાર કે હિંમત નહોતી.

રાત્રીના બાર વાગ્યા હતા. શાન્તિસદનમાં બાહ્યથી શાન્તિ ફેલાઇ લાગતી હતી, ચારે ઓરડામાં શાન્તિ દેખાતી હતી છતાં દાક્તરો છાતી નબળી છે કે કેમ એ તપાસવા સ્ટેથોસ્કોપનો ઉપયોગ કરી હૃદયના ધબકારાથી સમજી શકે છે તેમ મનુષ્યના હૃદયમાં શા શા તર્કો શી શી પ્રેમ ગોષ્ઠી, શી શી ભીતિઓ, કેવી કેવી આશા-નિરાશા થાય છે તે જાણી શકવાનું સાધન હોત તો પ્રત્યેક ઓરડામાંથી નવા નવા દેખાવો દૃષ્ટિગોચર થાત. ઘડીયાળમાં બરાબર એક વાગ્યો અને એકના અવાજ સાથેજ "કોણ લક્ષ્મી?" કરી રસિકચંદ્ર ઝબકી ઉઠ્યો. આંખ ઉઘાડી ચોગરદમ જુએ તો શૂન્યકાર. ખૂણામાં હૃદયના ધબકારા માફક મૃત્યુના ધીરા પણ મક્કમ વધતા પગલાની માફક ઘડિયાળમાં ટક ટક અવાજ થતો હતો. રસિકચંદ્ર ઉઠ્યો. ગમે તેમ થાય તોપણ લક્ષ્મીને મળવુંજ, એ વિચાર થયો. ત્યારે કંચન? કંચન સાંભરતાંજ કંચનની મોહક મૂર્તિ નેત્ર આગળ ખડી થઇ. લક્ષ્મી–કંચન એક બીજાની સર-

સાઇ કરતાં હોય, ના મ્હને, ના મ્હને એમ કરતાં હોય તેમ ભાસ્યું. રસિકચંદ્ર મુઝાયો. 'લક્ષ્મી પાસે લક્ષ્મીની જાત સીવાય કાંઇ નથી, કંચનને સ્વીકારતાં કંચનરૂપ કંચન, આ વિશાળ શાન્તિસદન એ જ પળે એનું થાય એમ હતું. પણ પૈસા તો વાલકેશ્વરની વિધવાએ પણ આપ્યાજ છેતો. ત્યારે શું કરવું. લક્ષ્મી કરતાં કંચન રૂપમાં વધારે આકર્ષક છે તો શામાટે એને ન સ્વીકારવી. લક્ષ્મીનો અનુભવ નથી. કંચનનો પરિચય છે. એ પોતે અહીં મહાલક્ષ્મી સુંઘી કોને ખોળવા આવ્યો હતો, કંચનને કે લક્ષ્મીને. ત્યારે કંચન! આમ ઠરાવ કરી રસિકચંદ્ર ઉઠ્યો અને ઉઠતાં ઉઠતાં કંચનનું નામ દેવાઇ ગયું. એ નામ દેવાય છે ત્યાં ઓરડાનું બારણું ઉઘડ્યું અને લક્ષ્મી દાખલ થઇ.

રસિક ? એ શિવાય બીજું કયું નામ આપું ?

ઓરડાના બારણા ઉઘાડતાં પહેલા મારા મનમાં અનેક તરંગો ઉઠતા હતા પણ તમે હમણા જે નામ દીધું તે નામોચ્ચારથી મારા ટાંટીયા ઢીલા થઇ ગયા છે. ભલે ? તમને સુખી જોઇ હું સુખથી મરીશ. સ્વર્ગમાંથી આશીર્વાદ આપીશ.

લક્ષ્મી ? લક્ષ્મી ? ક્ષમા કર ? તું પહેલી અને એ પછી.

હા તેમ થશે ? પણ સંસારનો નિયમજ છે કે પહેલીને ધળ અને બીજીને છત્ર પલંગ. પહેલીનો સંસાર મંડાયો ન હોય તે વખતે પુરૂષ સ્વતંત્ર ન હોય, પહેલીના હૃદ્ભાવો જોવા, ખીલવવા–સમજવા અવકાશ અનુકૂળતા ન મળી હોય એટલે એને તો જીવનનાં કાંટા જ સહેવાના હોય છે પણ એ જતાં–મરતાં બીજી આવે ત્હેનેજ તૈયાર લાડુ ખાવાના હોય છે ત્હેનેજ લાડ લડાવવામાં આવે છે ત્હેનેજ હાથમાં રમાડવામાં આવે છે. સ્ત્રીઓને એક–બેનો અનુભવ આવતો નથી

એટલે પુરૂષોને પેલા બીજાના સુખ દુઃખો ભોગવવાનાં નથી હોતાં. લક્ષ્મી ! પણ આમાં એ દાખલો ક્યાં લાગ્યો. મ્હારા હૃદયમાંથી તું જરાયે ખસી નથી ત્હારે માટેજ મેં દેશ તજ્યો—ત્હારે માટેજ કંચનને ત્યજી ત્હારે માટેજ—

હા મ્હારે માટે દેશ ત્યજ્યો એ વાત ખરી પણ કંચનને ત્યજી શક્યા નથી. મારા કરતાં એનામાં ત્હમે વધારે જોયું છે. એના જેટલું મારામાં સૌંદર્ય નથી. એના જેટલો મારી પાસે પૈસો નથી. એના જેટલી મ્હારામાં આકર્ષણ શક્તિ નથી. અને જે ન આપી શકાય તે પ્રેમ કોનામાં વધારે છે તે તો ત્હમારૂં હૃદયજ જાણી શકે તો—

લક્ષ્મી ? વ્હાલી કહેતાં જનસમાજના પાપમાં પડું છું પણ હું ધર્મસંકટમાં આવ્યો છું. ત્હને ખોળવા જતાં—કંચનને ત્યજી નિકળવા છતાં પાછો ત્યાંને ત્યાંજ આવ્યો એ પણ વિધિની જ વાતને—પણ હું કાલ સવારે અહીંથી જઇશ. ચલ આપણે બે જઇએ. અત્યારેજ.

ના,ના. ત્હમારૂં હૃદય મ્હને કબૂલ ન કરતું હોય તો પરાણે કબૂલ કરાવવાથી લાભ નથી. અને આ મધ્ય રાત્રીયે નાસી જવાની દરખાસ્ત હું કબૂલ કરી શકતી નથી. કાલ સવારે જગતમાં કેવી બૂમ ઉઠે—આટલા વર્ષના પવિત્રપણા ઉપર પાણી ફરી વળેને. ના. ત્હમે ઉત્તર આપો—ત્હમે સૂતા, ઓરડામાં ગયા ત્યારથીજ મ્હારૂં હૃદય ત્હમારી સાથેજ. લોક લાજે બાર વગ્યા સૂધી મૂગી પડી રહી. ઘડીયાળમાં નવ—દશ—અગીઆર—બાર ગણ્યા. જીવ ન રહ્યો અને ત્હમને મળવા, જીવનની દોરી, આશા લંબાવવા કે તોડવા નિશ્ચય કરી આવી ત્યાં ત્હમારા એક અવાજે મ્હારી ભ્રાન્તિનો સંહાર થયો. મ્હારી સર્વ અભિલાષા ઉડી ગઇ.

લક્ષ્મી ! એમ ઉતાવળે અભિપ્રાય ન બાંધ. હું તારોજ છું. અરે રામ ! આપણામાં બે કેમ ન—

બસ કરો ! મારે નથી સાંભળવું. ત્હમારે બન્નેમાં હાથ રાખવો છે એ નહિ બને—આ કે આ એમ નક્કી કરો. મારા મ્હોની કે મારી હાજરીની જરાયે શરમ ન રાખશો.

લક્ષ્મીએ વાક્ય પુરૂં કર્યું ન કર્યું ત્યાં કોઇકનાં પગલાં સંભળાયાં. આ પગલાં તે કંચનના પિતાના હોય; એનાજ ઘરમાં—એમના અનેક ઉપકારો છતાં—પતિ પત્ની નહી છતાં, રાત્રીના એક વાગ્યે અવિવાહિત અને ઉમર લાયક સ્ત્રી પુરૂષને ન છાજે એમ એકાન્તમાં મળેલાં જોઇ એ શો અભિપ્રાય બાંધશે એ વિચારે આ બન્ને ગભરાયાં—ધોળી પુણી જેવાં થઇ ગયાં અને જીભ કરડી મરીજવાનો ક્ષણવાર વિચાર કર્યો ત્યાં કંચન—એક પવિત્ર દેવી પાપી હૃદયોને ઠપકો આપવા આવતી હોય—એબાલકો તોફાન કરતાં પકડાતાં શિક્ષા કરવા આવતી મારતરની માફક આવી અને બોલી.

રસિકચંદ્ર ? લક્ષ્મી ? ગભરાશો નહી. મારા જીવનની—મ્હારા પ્રેમની જરાયે દરકાર કરશો નહી. એક બાજુ લક્ષ્મી અને બીજી બાજુ રસિકચંદ્રની મૂર્તિ આખી રાત મારી નજર આગળ તરી રહી હતી. રસિકચંદ્રના દર્શન શિવાય શાન્તિ નહી વળે ધારી આ તરફ આવી ત્યાં ત્હમારા બંનેના અવાજ—વાર્તા સાંભળી ઉભી રહી ? લક્ષ્મી ? તમારો સ્નેહ જોઇ સંતુષ્ટ થઇ છું. મ્હને જરા પણ ઇર્ષા નથી. રસિકચંદ્ર ત્હમારા હૃદયની સ્થિતિ હું સમજી શકું છું—મારે માટે જરાયે દુઃખી ન થાવ. મારા તરફનો સ્નેહ ભલે લક્ષ્મી તરફ ઢળે. લક્ષ્મી ત્હમે ત્હમારો સ્નેહ પાછો વાળી શકો એમ નથી—હું મારા વેગને અટકાવી શકીશ. જીવીશ તો એ સ્નેહજનસેવામાં વાળીશ અને મરીશ તો પ્રભુના સ્નેહમાં એ સ્નેહ જોડીશ. આવો હું ત્હમને બેને –

કંચને લક્ષ્મી અને રસિકચંદ્રના હાથ હાથમાં લીધા તો ખરા પણ રસિકચંદ્રનો હાથ હાથમાં આવતાંજ આખા શરીરમાં ઝણઝણાટ થઇ રહ્યો, લક્ષ્મીના હાથને અડતાંજ એક ઝીણી વેદના શરીરમાં પસરી ગઇ. આમ છતાં બન્ને હાથ જોડવા તૈયારી કરે છે ત્યાં પાછળથી એનો પિતા હાંફતો હાંફતો આવ્યો અને નાટકતા તખ્તા ઉપર નજરે પડતા દેખાવ જોઇ ક્ષણવાર ઉભો રહ્યો. નજર ફેરવતાં વસ્તુ સ્થિતિ સમજ્યો અને ક્રોધ કરી બોલ્યો. મૂર્ખી છોકરી ! શું કરવા બેઠી છે ? તું તારે હાથેજ તારા પગ ઉપર કુહાડો મારવા તૈયાર થઇ છું ! શું તું એમ સમજે છે કે આમ કરવાથી સુખી થઇશ. કાલ સવારે પસ્તાઇશ અને જીંદગી ખારી લાગશે. મારે જીવતે એમ નહિ થવા દઉં. અરણ્યમાં દરિયા કિનારે ત્હને વચન આપી આ સ્થિતિએ લાવનાર આ છોકરો છે. એને મારે બરાબર સમજણ પાડવી જોઇએ કે એક નિરાધાર વિશ્વાસુ, નિર્દોષ નિખાલસ કન્યાને ફોસલાવી અધવચ વહેતી મૂકવાથી શું પરિણામ આવે છે ? અને આ કાલ સવારે કાંઇ રવડતી હોત તેને બચાવી તેનો આ બદલો કે ! દયા ડાકણને ખાય છે કે ? કંચન ! ચાલ તું તારા ઓરડામાં જા. લક્ષ્મી ? તું મારી સાથે ચાલ અને રસિક-ચંદ્ર ! ત્હમે સૂઇ જાઓ. પરદેશમાં જેને ત્યાં ત્હમે મહેમાન થાવ ત્યાં આવો ધંધો કરજો ! તમારા જેવા એક સારા ગ્રહસ્થે મધરાત્રે પરાયા ઘરમાં પરસ્ત્રી સાથે વાત કરવી એ લાજમ નથી. ખેર હુંજ મૂર્ખો કે પ્રસંગ આવવા દીધો, કંચન ને કબૂલ કરો, તે શિવાય છૂટકો નથી. લક્ષ્મીની આશા રાખશો નહી, લક્ષ્મી કાલ સવારે આ બંગલામાં, સુંબાઇમાં કે કદાચ—

શું ? શું બોલ્યા ? ત્હમે ખૂન કરવા ધારો છો ?

તે ત્હમે કોણ પૂછનાર ! કંચનને કબૂલ કરો પછી ઉત્તર આપીશ.

પિતાજી ? મારે જોર જુલમ નથી—

ચૂપ ! તું શું સમજે.

રસિકચંદ્ર ! હજી ચાર કલાક છે ત્હમારા ઉતર ઉપર લક્ષ્મીની સ્થિતિનો આધાર છે.

આટલું બોલી કંચનનો પિતા લક્ષ્મી તરફ, સ્નેહના ચિત્ર વિચિત્ર વિકારો અનુભવતી લક્ષ્મીને લઇ ચાલ્યો ગયો. કંચન કમને શોક ચિંતાથી ગભરાયેલો કંચન ધડકતે હ્રદયે પોતાના ઓરડામાં ગઇ.

ત્રણે ગયાં અને રસિકચંદ્ર પોતાના હ્રદયના ત્રણ કટકા પાછળ જતા જોતો હોય તેમ પત્થરની માફક, મૃતની માફક ક્ષણવાર ઉભોજ રહ્યો. અન્તે પરિસ્થિતિ સાંભરતાં "હું શામાટે જીવ્યો ? એટલુંજ બોલી પથારીમાં પડયો અને પડતાં સાથેજ બાલકની માફક ઉંધું માથુ ઘાલી રોયો. રોતાં રોતાંજ નિદ્રા દેવીને શરણ થયો.

પ્રકરણ તેરમું.

વનમાળા અને કમળા.

ત્રીજા ભાગના છેલ્લા પ્રકરણમાં વર્ણવેલા વૃત્તાન્ત સંભારતાં સહજ જણાશે કે દુષ્ટોએ ત્રાસ વર્તાવ્યા પછી એક ઘોડા ઉપર વિધવા જોગણુ અને લક્ષ્મી અને બીજા ઘોડા ઉપર બેશુદ્ધ કમળાને લઇ વનમાળા ઘાડા વનમાં થઇ કોઇ પણ તરેહના ચોકસ ઠરાવ વિના—દુષ્ટોથી બચવાનાજ હેતુથી નાસતાં હતાં. ઉચ્ચ જ્ઞાતિમાં જન્મેલી લક્ષ્મીએ ઘોડા ઉપર સવારી માત્ર બાલ્યાવસ્થામાં વરઘોડામાં સાંબેલા તરીકે કરી હોય એજ. વાલકેશ્વરની શેઠાણી—વિધવા જોગણુ ચોપાટી કે બેંડસ્ટેન્ડ ઉપર પતિ સાથે અથવા એકલી ડોકીયાર્ડ હાંકતી અનેકવાર ગયેલી પણ ઘોડા ઉપરની સ્વારી જન્મારામાં કરેલી નહી. અને આ ઘોડા—લુંટારા—ખુનીના, ઘોડા તેજીવાળા અને હણહણી ઉઠે એવા હતા. બેશુદ્ધ કમળાને લઇ જનાર વનમાળા—રજપુતાણી વનમાળા અનુભવી હતી નાનપણથીજ ઘોડા ઉપર બેસવાની ટેવ હતી, જાતે રજપુતાણી એટલે હિંમત અને જોરવાળી પણ હતી. લક્ષ્મી અને જોગણુ ને જો પકડાવાનો ત્રાસ નહત તો ઘોડા ઉપર બેસતજ નહિ. વનમાળા પોતાનો ઘોડો પુરપાટ દોડાવતી હતી અને શાન્તિથી—નિરાંતથી વાત કરવાનું સ્થળ કે સમય નહોતો એટલે બન્ને ઘોડા વચ્ચે ઘણું અંતર પડ્યું. લક્ષ્મી અને જોગણુ પાછાડી પડ્યાં અને વનમાળા ને જંગલનો રસ્તો ક્યાં જવાશે—ક્યાં જાય છે તેનું તેને ભાન પણ નહોતું કમળા ભાન

આવતાં પરિસ્થિતિ સમજી અને જ્યાં વનમાળા લઇ જાય ત્યાં જવું એવો એણે નિશ્ચય કર્યો હતો.

વનમાળા અને કમળા ભુખ્યાં અને તરસ્યાં બાર કલાકની મુસાફરી કરતાં આખરે એક ગામની નજદીક આવી પહોંચ્યાં. આ ગામ નર્મદા નદિ ઉપર આવી વસ્યું હતું. નર્મદા નદિને તીરે અને તેમાં તેના મૂળ તરફના ગામોની આસપાસ ઘાડું જંગલ–ટેકરાઓ અને એવીજ જગાઓ આવી રહેલી હોવાથી એ ગામો દેશના બીજા ભાગોથી–દેશના સુધારાથી વિમૂખ રહે છે અને એવામાં જુના સંસ્કારો જુના રીતરીવાજો-વ્હેમ પણ વિશેષ નજરે પડે છે. વનમાળા અને કમળાને ઘોડા ઉપર બેઠેલા–અને દોડતાં આવતાં જોઇ પનઘટ પરની સ્ત્રીઓ, ગામ બ્હાર જતા આવતા લોકો વિચારમાં પડ્યા–અને થોડીવારમાં આખા ગામમાં વાત ચાલી કે કોઇ બે સ્ત્રીઓ છૂટે વાળે ને છૂટે માથે–તરવાર–તમંચા લઇ આવ્યાં છે? કોઇ કહે કે મહાકાળી–અંબાજી 'મનપા દેહ' ધારણ કરી આવ્યાં છે તો કોઇ કહે કોઇ રજપુતાણી કેસરીઆં કરવા નીકળી હશે. 'ગામમાં ધર્મશાળા છે?' એના ઉત્તરમાં એક વૃદ્ધ ખેડુતે ગામ બહાર આવેલું શિવ મંદિર બતાવ્યું. બન્ને સ્ત્રીઓ ઘોડાને લઇ મંદિરમાં ગયાં. નદિના તટ ઉપરજ મંદિર હતું. મંદિર હતું તો સાદું અને નાનું પણ ચાર બાજુની ઓસરી–મહાદેવના ભાગની અગાશી, વચમાં આવેલાં બીલી–આસોપાલવના ઝાડ અને પત્થરનું ફરસબંધી ચોગાન બે ઘડી આનંદ આપે એવું હતું. કમળા અને વનમાળા વંડામાં ઘોડો બાંધી ઓસરીમાં જઇ ઘોડા ઉપરની ગાદી પાથરી પડયાં. પાએક કલાક નહી થયો હોય ત્યાં ગામનાં લોકો આ નવીન બાઇઓને જોવા–તેમનાં દર્શન કરવા આવવા લાગ્યા. ગામડામાં અને મુખ્યત્વે કરી હિંદુસ્તાનના ગામડામાં ગરીબો–અતિથિને

માટે આશ્રમ સ્થાનોની જરૂર રહેતી નથી. મહેમાનો–અજાણ્યા મુસાફરોને બહુ અગવડ વેઠવી પડતી નથી. દરેકને ખાવા આપવું–કોઇને ભૂખ્યા જોઇ બેશી રહેવું–એ ગામડીયા કહેવાતા જનનો સ્વભાવજ નથી હોતો. એક કુતરાને પણ ગાડી તળે ચગદાય તો સમસ્ત ગામ આવવવાનું તો પછી એક અજાણ્યો માણસ, મુસાફર, ગામમાં આવ્યા પછી ભૂખ્યો જાય–હેરાન થાય તો તેમાં ગામની અપકીર્તિ છે એમ ગામડાના લોકો માનતા આવ્યા છે. આમ હોવાથી ઘોડાને ઘાસચારો–બન્ને સાધ્વીઓ માટે ફળ ફળાદિ, દૂધ વગેરે આવવા લાગ્યાં. વનમાળા અને કમળા અજાણ્યા મૂલકમાં પોતાના પ્રત્યેના લોકોનો આવો ભાવ જોઇ દિગમૂઢ થયાં અને ફળફળાદિ ને દૂધનો સ્વીકાર કર્યો. બન્ને ખાઇ શાન્ત થયાં અને એકાદ કલાક આરામ લેવાની ઇચ્છાએ અંદર ઓરડામાં જઇ સૂતાં.

વનમાળા અને કમળાને અત્યારે જગતમાં કોઇ નહોતું એટલે જીવન નભાવવા–જીવન પુરૂં કરવાનો જે ઉદ્દેશ હતો. કમળાએ પતિ અને પુત્રના વિયોગમાં–વનમાળાએ પતિના વિયોગમાં અનેક દુઃખો સહન કર્યા હતાં છતાં કોઇનો પનો મળ્યો નહોતો. સ્ત્રી જાતી અને એકલી હોવાથી અનેક લાલચો–જાળો–આપત્તિઓ આવતી અને આવવાની પરન્તુ તેઓની આત્મશ્રદ્ધા જબરી હતી. હૃદયમાં બલ હોય, તે નીતિથી પરિપોષાયું હોય, વિદ્યાથી સંસ્કારિત થયું હોય તો જગતના કોઈ પણ ભાગમાં દિવસ વા રાત્રીયે–શહેરમાં કે જંગલમાં સ્ત્રીને બ્હીવાનું નથી. સ્ત્રીઓના મનોબલ આગળ પૃથ્વીના વિજેતાઓ–ડોલાવનારાઓ પણ જખ મારે છે–કમળા કરતાં વનમાળાનું હૃદયબળ સવિશેષ હતું અને એને લીધેજ આ સ્થળે તેઓ રહી શકયાં. વનમાળા ભાવિક ગ્રામ્યજનોની હાજરીથી કંટાળીને જ ઓરડીમાં સૂવા ગઇ હતી અને બા-

રણાં બંધ કરી ભવિષ્યનો જીવનક્રમ ગોઠવવા તૈયારી કરી. બીજી અનુકુળતા મળે સુમનગુરુ, નારાયણરાવ જાધવ, કે પુત્રના ખબર મળવા સુધી આજ ગામમાં રહેવું યોગ્ય માની એ નિશ્ચયાનુસારજ સર્વ તૈયારી થઇ.

બન્ને સાધ્વીઓ પ્રાતઃકાળે વહેલાં ઉઠી શંકરની પૂજા કરી કેટલાંક કુટુમ્બોમાં જતી. ત્યાં વાર્તાવિનોદ, આશ્વાસન, સેવા કરી અનેક કુટુમ્બોમાં શાન્તિ, આનંદ–સ્નેહ–મીઠાશ પ્રસારતી. ઘેર આવી ગામના અતિથિ તરીકે જે ફલાહાર મળતો તે પકાવી જઠરાગ્નિ શાન્ત કરતી; એકાદ બે કલાક આરામ લઇ બે વાગ્યાને સુમારે ગામમાંથી વૃદ્ધ સ્ત્રીઓ, વિધવાઓ અને સૌભાગ્યવતી સ્ત્રીઓ આવતી તેમને સંસારના અનેક પ્રશ્નો સંબંધી રસિકતા અને સમજણની સાથે આનંદ પડે એવી પદ્ધતિથી બોધ આપતી. એમના જીવનના ઝંઝાવાતો–અગવડો–અસંતોષના કારણો સાંભળતી,તેમાંથી છુટવાનો રસ્તો ખોળી આપતી. સંધ્યાકાળે ફરી શંકરની પૂજા કરી બન્ને સાધ્વીઓ ફરવા જતી અને ફરતાં ફરતાં ગરીબ તેમજ તવંગરના લત્તામાં ફરી–અવલોકન કરી તેમની સ્થિતિ ઉન્નત કરવાના રસ્તાઓ શોધતી.

આ ન્હાનું ગામ આ બન્ને સાધ્વીઓના આગમન પછી તદન પલટાઇ ગયું. સાસુવહુ–નણંદ ભોજાઇના જીવનને શોષી જનારા કલહો હતા નહોતા થઈ ગયા; સ્ત્રી સામાન્ય પુત્રની લોલુપતા અને ત્હેને અંગે મંતર–જંતર વગેરેનો વ્હેમ દૂર થઇ ગયા. પતિઓને પત્નીમાં અને પત્નીઓને પતિમાં કાંઇ વિશેષ આનંદ મળવા લાગ્યો. જે પતિઓ બાવા, મહારાજ, ભગતની પાસે જતાં પત્નીઓને જતી અટકાવતા તેજ પતિઓ "કેમ આજ ગયાં નથી?" એમ પ્રશ્ન પૂછતા. અને જે પત્નીઓ–સ્ત્રીઓ ને કોઇના વ્યાખ્યાન કે જાહેર સભામાં જવા

કહેવામાં આવતાં સો ગાઉ નાસતી તેજ સ્ત્રીઓ. ' સાધ્વીઓ પાસે જવાનો વખત થઇ ગયો છે જેવા તે એમ કહી પોતાના વડિલને વારંવાર કહેતી.

વનમાળા અને કમળા આમ જગતસેવા બજાવતાં—પોતાની ભગિનીઓના જીવન ઉન્નત બનાવતાં અને સર્વ રીતે સંતુષ્ટ હોય એમ લાગતાં પરંતુ તેમના હૃદયમાં હોળી સળગી રહી હતી. ઘણીવાર એવું બને છે કે જેમના ચહેરા ઉપર સદા હર્ષ—આનંદ છવાયો રહે છે.—જેઓ બહુજ આનંદી ગણાય છે તેમના હૃદયમાં ગ્લાની શોક—દીલગીરી દુઃખનો અગ્નિ પ્રજ્વળતો હોય છે. વનમાળા અને કમળા એકલાં પડતાં ત્યારે ભૂતકાળ સંભારી પોતાના જીવનના આધાર પતિનું શું થયું હશે એ વિચારે અકળાતાં અને આંસુ પાડી શાંત થતાં.

આમ કેટલાક દિવસ ચાલ્યું. એક દિવસ બપોરના બન્ને સાધ્વીઓ ફલાહાર કરી—નિત્ય નિયમાનુસાર આરામ લેતી હતી. વનમાળા એક વિદુષી સ્ત્રીનું જીવન ચરિત્ર વાંચતી હતી અને કમળાના હાથમાં મુંબાઇનું એક વર્તમાન પત્ર હતું. વાંચતાં વાંચતાં " એક જાણીતા ડાકતરનું દુઃખદાયક મરણ એ શિરો લેખવાળો વૃત્તાંત નજરે પડયો એમાં નીચે પ્રમાણે હકીકત હતી.

"થોડા વખત ઉપર સુરત અને નવસારી વચ્ચે એક મરણતોલ પડેલો માણસ લાઇન ઇન્સ્પેક્ટરને મળી આવેલો અને તેને ગોકળદાસ તેજપાલ ઇસ્પીતાલમાં લઇ જવામાં આવેલો તે ખબર અગાઉ આપી ગયા છીએ. વળી એ માણસને કોઇએ ગાડીમાંથી નાંખી દીધેલો હોવો જોઇએ એવી અટકળ પોલીસે કરેલી અને તેને અંગે આન્ટરોડ સ્ટેશન ઉપરથી એક શકદાર મળી આવ્યો હતો. આ બધી

હકીકત અમે અગાઉ આપી ગયા છીએ. સદરહુ માણુસ સાજે થતા સુધી પોલીસે તપાસ શિવાય બીજાં કાંઈ પગલાં ન ભરવાં એવા ઠરાવ કર્યો હતો; પરન્તુ આ કેસનો મુખ્ય માણુસ અને જેની જુબાની ઉપર શકદારનો ગુન્હાની સાબીતીનો આધાર હતો તે ગઇ કાલે ગુજરી ગયો છે. આ માણુસ કોઇજ નહી પણ વડોદરાના સુપ્રસિદ્ધ દાકતર નારાયણરાવ જાધવ."

એ નામ વાંચતાજ કમળાના હાથમાંથી પેપર પડી ગયું અને કારમી ચીસ પાડી બેશુદ્ધ થઇ પડી વનમાળાએ ચીસ સાંભળી અને શું છે! કરતી દોડી–મંદિરનો બાવો અને એકાદ બે દર્શન કરવા આવેલા માણુસો કમળાની આસપાસ વીંટાઇ ગયા. વનમાળા કાંઇ સમજી શકી નહી– કમળાના મોં ઉપર પાણી છાંટયું, શાન્ત કરી. કમળાએ ધીરે રહી આંખ ઉઘાડી. વનમાળાના ખોળામાં પોતે સુતી છે તેનું ભાન થતાંજ ગળે વળગી પડી અને રોતાં રોતાં બોલી. બ્હેન ! બસ થઇ ગયું–મારા જીવનનો સૂર્ય નષ્ટ થયો. હાય ! હાય ! એમની સેવા પણુ મ્હારાથી ન થઇ. એમના અંતકાળે મારાથી પાણી પણુ ન પવાયું ? એ બિચારા ઇસ્પીતાલમાં પડયા હશે ત્યારે કેટલું વાગ્યું હશે ? મ્હને ખબર હતી, હોતી જોઇએ અને એમની ખબર ન કહાડી એમતો એમને નહી થયું હોય ! અરે રામ ! હવે હું શું કરીશ ? એમના વિના મ્હારૂં શું થશે ? કોંડાજી ! તું મારો પેલા ભવનો પૂરેપૂરો દુશ્મન નિવડયો. પૈસાજ જોયતા હોયતો કહેવું હતું ને. આપી દેત પણુ એ પૈસા માટે મ્હારા આશાની દોરી શું કામ તોડી નાંખી ? વ્હાલા ! વ્હાલા ! તમે જ્યાં હો ત્યાંથી આ દાસીના અપરાધ ક્ષમા કરજો ! અરેરે મ્હને મોત ન આવ્યું. પેલા દુષ્ટના તમંચાની ગોળી મને વાગી હતતો કેવું સારૂં ? નહિ બાલકને–મારા પુત્રને–મારા વ્હાલાના અંશને પણુ મારી નાંખ્યો

હશે? કોંડાજી શું કરે એમ નથી. બ્હેન! હું જાઉં છું હું મ્હારા વ્હાલાના શબને તો જોઉં—

આમ છાતી ફાટ રોતી કમળા ને વનમાળાએ પોતાની છાતી સરસી લીધી અને તેના માથા ઉપર—ગાલ ઉપર હાથ ફેરવતી બોલી "બ્હેન! આમ ગભરાય છે શું કામ! એવું અનિષ્ટ શું કામ ધારે છે? આટ આટલું સહન કર્યું અને આમ સ્વપ્ન કે ભ્રમણાથી ગભરાઈ જવાતું હશે? આપણે બીજાને બોધ દઇએ અને આપણેજ હિંમત ખોઈ જઈએ?"

"વનમાળા! તું કહે છે તે ખરૂં છે પણ આ સ્વપ્નું નથી પણ સાચું છે. વિધવા થવું, પતિ સ્નેહાળપતિ માટે એવું ધારવું ગમતું હશે! વનમાળા! હાય હાય પરણીને અમે મુવા કોંડાજીના પાપે સુખે સૂતાં નથી હો? આમ છતાં અમે જે આનંદ કર્યો છે તે સંભારતાં અને અત્યારની મારી સ્થિતિ જોતાં ત્રાસ છૂટે છે. અરે મારો દુધમલ બાલક! એ કોણ જાણે ક્યાંએ હશે? રખેને એ પણ એના પિતાને મળવા ગયો હોય! મ્હને હવે કાંઇ સૂજતું નથી.

પણ ગાંડી? ત્હને કહ્યું કોણે! તાર કે કાગળ આવ્યો?

કહ્યું કોણે! અરે પેલા ચાડીઆ વર્તમાન પત્રે-એ બનાવથી અંજાણી હતી ત્યાં સુધી હું કેટલી સુખી હતી! સુતરેલા ચાડીયા એ મારી નજર આગળ નાખી—વાંચ ને ખાત્રી કર. વનમાળાએ વર્તમાન પત્ર હાથમાં લીધું અને વાંચ્યું—જ્યાંથી કમળાએ અધુરૂં મૂક્યું હતું તે ભાગ મોટેથી વાંચ્યો—

"નારાયણ જાધવનું ખૂન કરવાની કોશીશ કરનાર કોંડાજી નામનો મરાઠો છે એવી માહિતી આપનાર આણંદરાવ હતા. અને તેમના કહેવાથી જ સદરહુ શકદારને આન્ટરોડ સ્ટેશન ઉપરથી સેકન્ડ ક્લાસના

ડબ્બામાંથી પકડવામાં આવ્યો હતો આ સંબંધી કેસ થોડા વખતમાં શરૂ થશે. મરનાર દાક્તર, નારાયણરાવનાં ધણીયાણી કમળા અને એક ન્હાના બાળકનો પત્તો નથી કમળાના પૈસા ખાઇ જવા કોંડાજીએ આ ખૂનામરકી ચલાવી હોય એમ ધારવામાં આવે છે."

કમળા કોંડાજીનું નામ સાંભળતાંજ બોલી ઉઠી.

કોંડાજી ! હા એજ પાપીના લોભે હું વિધવા થઇ, પુત્ર વિનાની થઇ. બસ હું એનું વેર લઇશ. વનમાળા ! મને જવાદે ? હું આજજ મુંબાઇ જઇશ અને એ રાક્ષસના સામી કોર્ટમાં ઉભી રહીશ.

કમળા? એ વાતખરી ! પણ તું એકલી મુંબાઇ શી રીતે જઇશ ! ક્યાં જઇશ. ચાલ હું તારી સાથે આવું છું આપણે અહીં રહી શું કરવું છે?

ના. મારે તારૂં કામ નથી અને મારે લીધે તારે હેરાન થવાનું નથી. લક્ષ્મી અને પેલી જોગણની શોધ કરવાની છે સુમનગુચ્છનો પત્તો મેળવવો છે. મુંબાઇ આવવાથી તને કાંઇ લાભ નથી.

કમળાએ મુંબાઇ જવા, ત્હાં કોંડાજીના કેસમાં સામીલ થવા અને તો પતિના સંબંધે હકીકત મેળવવા, આણુદરાવને મળવા ઠરાવ કર્યો અને તેજ ઘડીએ ચલી નિકળી. આ ગામથી સ્ટેશન આશરે ત્રણ માઇલ દૂર હતું. ત્રણ માઇલ સુધી પગે હિંડવાની કમળામાં સત્તા હતી પણ હોંશ નહોતી. ગામમાંથી ગાડી મંગાવી વનમાળા કમળા સ્ટેશને ગયાં. કમળાને મુંબાઇ તરફ વળાવી વનમાળા પાછી આવી. વનમાળા રજપૂતાણી હતી. એટલે નાહિમત થાય એમતો ન હોતી છતાં ઘણે વખતે એકલી પડતાં સ્ત્રી સુલભ બ્હીક હૃદયમાં પેસતી, એકલી પડતાં સુમનગુચ્છના વિચાર વિશેષ આવવા માંડ્યા. 'કદાપિ ! મારૂં પણ કમળાના જેવું થયું હોય તો? હું વિધવા ? સુમનગુચ્છ, જેને મેળવવા જેનો સ્નેહ

ચાખવા મ્હેં એમણે અંધારા ભયંકર કેદખાનાં સેવ્યાં, ક્રૂરસિંહ તરફથી અસહ્ય સંકટ વેઠયાં છે તે સુમનગુચ્છ સાથેનું લગ્ન તેમની સાથેનો સંબંધ-સહવાસ આમ ગુમ થઇ જશે સ્વપ્નવત્ થશે એમ ધરાયજ કેમ? ના. ના. એમ બનેજ નહિ! ને કદી બન્યુ હોય તો ખબર પણ નહિ? હું સતિ થાઉં! સતિ! આ ઈંગ્રેજના રાજમાં મને કોણ બળી મરવા દે એમ છે? હૃદયની વેદનાથી. ખાધા પીધા વિના એક જાતનો આપઘાત કરૂં તો ચાલે કોઇ ન પૂછે પણ ચિતા ખડકી બળી મરૂં તો ગુન્હો? શી દુનિયા છે. ખૂન! એવાં ઘણાંએ ખૂન થાય છે જેના ઉપર કાયદાની સત્તા ચાલતી નથી એમ છતાં લાખો મનુષ્યો દર વરશે હિંદુસ્તાનમાં મરી જાય છે દવાની ખોટી-આકર્ષક જાહેર ખબરોથી ફસાતા કેટલા યુવાનો રોગના ભોગ થઈ પડી જીવન બરબાદ કરે છે? કેટલા યુવાનો પોતાની પત્નીઓને સુવાવડની પરંપરાથી સ્વર્ગે મોકલી દે છે?

કમળા ગઇ તેમ હું પણ જાઉં તો? હવે મ્હને આ ગામમાં નથી ગમતું? લોક પૂછશે કે બીજી બાઇ ક્યાંને કેમ ગઇ તો શું ઉત્તર આપવો. પણ ચાલી જાઉં તો લોકોમાં અમારી અપકીર્તિ નહિ થાય! અમારે માટે અનેક અફવાઓ નહિ ઉડે? ત્યારે કરવું શું? સાચું કહેવું? એના પતિના સમાચાર, મળતાં તે ગઇ હા. એજ.

વનમાળા, સાધ્વી વનમાળાના સર્વ હોશકોશ ઉડી ગયા હતા કમળાના જવાથી, દુઃખદ સમાચારથી નિરૂત્સાહી અને બ્હેબાકળી થઇ હતી. બે સાધ્વીઓમાંથી એક સાધ્વીને કાંઇ માઠા સમાચાર મળવાથી ચાલી ગઇ છે એવી અફવા ગામમાં ઉડી હતી અને એ સાચી છે કે ખોટી તે જાણવા આજ બપોરે રોજના કરતાં સ્ત્રીઓની હાજરી વધારે હતી. વનમાળા એકલી હતી. વનમાળાએ નિત્યકામ શરૂ કર્યું પણ ત્હેને વાં-

ચવામાં—બોધ કરવામાં મજાહ પડતી નહોતી તેવીજ સાંભળનારામાં પણ પડતી નહોતી. આખરે એક વૃદ્ધ સ્ત્રીથી બીજી કમળા સાધ્વી સંબંધી પૂછયા વિના રહેવાયું નહિ અને ખૂલાસો મળ્યો ત્યારેજ શાન્તિ પ્રસરી. ખૂલાસો આપતાં વનમાળાએ ગામ છોડવાની ઇચ્છા દર્શાવી અને ઇચ્છા દર્શાવતાંજ અસંતોષ ફેલાયો.

માજી! તમે શા માટે જાઓ છો? તમને કાંઇ અગવડ છે? હમારૂં કોઇ સગું છે? કોઇના બોલાવવાથી જાઓછો? એવા એવા પ્રશ્ન પૂછયા. આ અવસર છે અને સત્યવાત કહેવામાંજ શ્રેય છે માની વનમાળાએ પોતાનો આત્મવૃત્તાંત કહી સંભળાવ્યો અને આત્મવૃત્તાંત પૂરો થતાંજ હર્ષ, આશ્ચર્ય—ભય—શોકની લાગણી સર્વજનમાં ફેલાઇ અને વનમાળાના સતીત્વ—શૌર્ય—હિમત અને સાહસ માટે સર્વને માન થયું. વનમાળાએ પોતાની કથા પૂરી કરીત્યાં સાયંકાળ થયો અને સર્વ વિખરાયાં. વનમાળા રોજની માફક ફરવા નિકળી પણ આજ એકલી હતી, હૃદયમાં અનેક તર્ક વિતર્કો થતા હતા ને બ્હાર ફરવા નિકળી હતી પણ તે કયાં જાય છે અને આગળ પાછળ કોણ છે તેનું ત્હેમે ભાન નહોતું. વનમાળા ચાલી ચાલી નદિ તટે ગઇ—સંધ્યાકાળ થઇ ગયો હતો. અંધકાર છવાતો હતો, મનુષ્યની અવર જવર બંધ હતી અને નદિનું ધીરેથી વહેતુ સ્વચ્છ પાણી પત્થરની સાથે કર્ણને આનંદ પડે એમ અવાજ કરી વહ્યાં, કરતુ હતું—વનમાળા મૂગીમૂગી; કિનારે પત્થર ઉપર બેઠી; પાછળ ઝાડની ઘટા હોવાથી ભીંત હોય એમ ભાન થતું હતું—વનમાળા વિચારમાં તલ્લીન હોવાથી એક કલાક પાણી તરફ જોતી બેશી રહી હતી એટલામાં કોઇ બે જણાં વાતો કરતાં હોય એમ તેના અવાજ ઉપરથી લાગતું હતું.

“ શું એ જોગણ સુમનગુચ્છની વનમાળા ?

"ત્યારે તો લક્ષ્મી એની સાથે હોવીજ જોઇએ? કારણ કોઈ ચાર યોગીનીઓ ગામો ગામ ફરે છે એવી વાત આપણે સાંભળી હતી અને આ એમાંનીજ એમ એમની વાત ઉપરથી લાગે છે?

"આ વનમાળા એમાંતો શકજ નહિ પણ આજ સવારે એક ગામ ગઈ તે તમારી લક્ષ્મી હોય તો કોણ જાણે?"

ના. ના, એ લક્ષ્મીતો નહિજ કારણ સાંભળવા પ્રમાણે એ ગુજરાતી નહતી.

લક્ષ્મી ન મળે તો લક્ષ્મીની બેન વનમાળા.

પણ ભાઇ સાહેબ! સંભાળજો. એ રજપુતાણીને છંછેડવામાં સાર નથી.

અરે રજપુતાણી પણ સ્ત્રી ને? પૈસાની કોથળી ઘરેણાં દેખાડયાં કે આ ગુલામ.

"હા. હશે, પણ આ વનમાળા એ નહિ હો?

આ શબ્દોની સાથે વનમાળા જ્યાંથી વાતચિતનો અવાજ આવતો હતો ત્યાં ગઇ અને વાત કરનારા બન્ને જણા પત્થરના પૂતળા માફક ઉભાજ રહ્યા.

પ્રકરણ ચૌદમું.

સેતાનની જાળ.

'અમારી વાત જણાઇ ગઇ, રખેને બૂમાબૂમ કરેને પકડાઇ જઇએ,' એ વિચાર પેલા બે વાત કરનારાના મગજમાં ચાલતા હતા અને એને લીધેજ ક્ષણવાર મુંગા રહ્યા. પરન્તુ એક સ્ત્રીજાત, અબલા, સિંહ જેવા બે પુરૂષની સામે એકાન્તમાં જ્યાં કોઇ મદદે આવી પહોંચે એમ નથી ત્યાં શું કરે એમ છે એનું ભાન આવતાં બન્ને તૈયાર થયા. ત્હેમની આંખોમાંથી ક્રોધ વેરનો અગ્નિ વરસવા લાગ્યો અને તેમાના એકના ચિત્તમાં તો ક્રોધ-વેરની સાથે વિષયવાસના જાગૃત થઇ. વનમાળા બકુલપુષ્પની માલા પેઠે સૌંદર્યની સુગંધ બ્હેકાવતી, સુગંધ પ્રસારતી હતી. સફેદ વસ્ત્રમાં આ ગૌર વદની-યુવાવસ્થાની પૂર્ણ બહારમાં આવેલો તંદુરસ્તી રજપુતાણી, શરીરના બાંધા, કેશકલાપ, સાદો પણ મોહક પોષાક આ તમ હૃદયને તપાવવા બસ હતા. વનમાળાને જોતાંજ તેના શરીર આંખો-વસ્ત્રથી મુગ્ધ થઇ પાસે ગયો ને બોલ્યો.

વનમાલા ? પ્રિય વનમાલા ? ત્હારી પાસે આટલું સૌંદર્ય છતાં શા માટે ભીખારણને વેશે ગામ ગામ ભટકે છે ? લક્ષ્મી માટે હું ગામેગામ ભટક્યો નોકરી ધંધો મૂક્યો પણ મ્હને એનો પત્તા મળ્યો નહિ. એ કોણ જાણે ક્યાંએ ગઇ હશે. રસિકચંદ્રને એ બે મળ્યા તો નહિજ હોય કારણ મળ્યા હોય તો તે છૂપાં ન રહે. ચાર સાધ્વીઓ પતિમિલન કાજ' ભટકે છે એવી અફવા સાંભળી મ્હેં કાઠીયાવાડ છોડ્યું મ્હેં ઘણા પ્રયત્નો કર્યા પણ લક્ષ્મી હાથ ન આવી. મ્હારે લક્ષ્મીનું કામ નથી મ્હારે મન તું લક્ષ્મી ત્હારો પતિ કોણ જાણે જીવતો હશે કે મૂવો. તો શા માટે દુઃખ ભોગવવું ? મ્હારી પાસે પૈસો છે, સત્તા છે. યૌવન છે-પ્રેમ છે અને જે જોઇએ તે છે માટે વનમાળા આ ઘટામાં નહિ તટેજ તારા હ્રદયના ભાવની માળા પહેરાવી લે." આટલું બોલી તે પુરૂષ વનમાળા તરફ ધસ્યો અને તેનું કાંડુ ઝાલ્યું. વનમાળા જાગૃત થઇ, ધક્કો મારી દૂર ખસી નાસવા વિચાર કર્યો. ત્યાં પેલો બીજો પુરૂષ આડો ઉભો રહ્યો. જગા એકાન્ત હતી. બૂમ પાડે કોઇ સાંભળે એમ નહોતું-ત્યાં કોઇની અવરજવર નહોતી. વનમાળાને સ્વરક્ષણ કરવાનું હતું. વનમાળા એકલી હતી પણ તેને પોતાના પતિવ્રતપણા પવિત્રતા ઉપર શ્રદ્ધા હતી. પોતાના હ્રદયબલ ઉપર વિશ્વાસ હતો એટલે અડગ ઉભી રહીને બોલી ? દુષ્ટ ? આવતો ખરો ? શું તું એમ સમજે છે કે કહેવાતી અબળાને તું અને ત્હારો સાથી તાબે કરી શકશો. દુષ્ટ પવિત્રતાનો એવો પ્રતાપ છે-મનોબળમાં એટલી સત્તા છે કે ત્હારા જેવા બાયલા હિચકારાથી અમારો વાંકો વાળ થાય એમ નથી સમજ્યો ?

લક્ષ્મીને શોધવા આવનાર દુષ્ટરાય તે તુંજકે! લક્ષ્મીએ અનેક વાર તારા દુર્ગુણોની કથા કરેલીકે લક્ષ્મી તો શું પણ કોઇ પણ પ-

વિત્ર સ્ત્રી તારી સાથે ક્ષણવાર રહેવા તૈયાર નહી થાય માટે છાનો માને આગ્રહ ગુમાવ્યા વિના ચાલ્યો જા.

ત્હેં મને ઓળખ્યો તે સારૂં જ થયું. મ્હારૂં નામ દુષ્ટરાય અને નામ પ્રમાણે જ મ્હારૂ વર્તન છે અત્યાર સુધીમાં મેં એકે સ્ત્રી એવી નથી જોઇ કે મારી લાલચોને વશ થઇ નહિ હોય? તો તું શા હિસાબમા ?

દુષ્ટરાય? તું ક જીવનમાં શામાટે પાપનો બોજો વહોરી લેછે? ઉત્તમ માન ઉત્તમ કુળમાં જન્મ થતાં શામાટે નીચતા દર્શાવે છે? જ્ઞાતિમાં સદાચરણી રહીશ તો અપ્સરા જેવી કન્યા મેળવી શકીશ. મારા જેવી દુઃખી ગરીબડી સ્ત્રીને પજવવાથી શો લાભ? માટે તું તારે રસ્તે થા?

વનમાળા! પાપ બાપ હું સમજતો નથી. જન્મીને જીવનની મોજ ભોગવવી એ મારો સિદ્ધાન્ત છે. તારા ભાષણની કે શાસ્ત્રના નિયમની મારાપર બિલકુલ અસર થવાની નથી. દુષ્ટરાયની રગે રગમાં પાપવૃત્તિ વ્યાપીરહી હતી. એની પાસે પીસ્ટોલ તરવાર હતી. મદદમાં માણસ હતો.

દુષ્ટરાય ! અત્યારે ત્હમારી પાસે સત્તા છે–હું એકલી છું તેથી એમ ન સમજશો કે હું તાબે થઇશ. ત્હમને બેને હંફાવી ન્હાશી છૂટીશ અને કદાપિ નહિ નશાય તો જીભ કરડી મરી જઇશ.

વનમાળા ? એમ ડરાવ્યાથી ડરી નહી જાઉં–નાસવાની વાત સ્વપ્નામાં પણ ના રાખીશ અને મરવાની વાત–તું મરી કે તરતજ એક બીજા પુરૂષનું મુડદું ત્હારી પાસેજ સુવાડીશ. અને જે ગામમાં તુ સાધ્વી–દેવી તરીકે પૂજાતી તેજ ગામમાં હું જાતે વાત ફેલાવીશકે વનમાળા, ભદ્રાવતીના શુરવીર સુમનગુચ્છની વનમાળા એક હલકા નોકર સાથે પ્રીતિમાં પડી હતી અને તેટલા માટે તેના પતિએ તેને મારી નાંખી–બન્નેને મારી નાંખ્યા. સુમન ગુચ્છ આટલામાં છે. એ તને

ખબર છે? એને ચાહીને શુ કરીશ. સુમન ગુચ્છ કાશ્મીરમાં બીજી પરણ્યો છે અને એનાથી એને એક પુત્ર પણ થયો છે એ પુત્ર સાથે સુમન ગુચ્છને મ્હેં થોડા દિવસ ઉપરજ જોયો છે—આ સ્થિતિ છે તો તું શામાટે એવા બીન વફાદાર ધણી માટે જંગલે જંગલ ભટકે છે? પેલી બીજી સાધ્વી તારી સાથે હતી તે પણ કોઈને લઈ ન્હાસી ગઇ એવો વાત્ત ઉરાડતાં મને આવડે છે હો!

શુરી રજપુતાણી--પવિત્ર વનમાળા દુષ્ટરાયના આ શબ્દે ઢીલી થઇ ગઇ. શું સુમન ગુચ્છ? જેને માટે જેના સ્નેહ ખાતર ભદ્રાવતીમાં પોતે અનેક દુઃખો સહન કર્યાં હતાં? જેના હૃદયદાન માટે દિવસ અને રાત્રી તલસતી હતી, જેવા સ્મિત હાસ્ય માટે સર્વસ્વ આપી દેવાને તૈયાર હતી—જેના પાણી ગૃહણુ માટે ક્રરસિંહની વિનંતી વૈભવ અને પ્રેમનો તિરસ્કાર કર્યો તે સુમન ગુચ્છ કાશ્મીરમાં બીજી પરણ્યો, અને ત્હેનાથી પુત્ર થયો! તે આટલામાં છે? છતાં પત્નીની શોધ કરતો નથી. દુષ્ટ-રાય સાચું કહેતો હશે કે ફસાવવાની આ યુક્તિ હશે. જો સુમનગુચ્છ મ્હને બેવફા થયો હોય, મ્હને વિસરી ગયો હોય, બીજીમાં તલ્લીન થયો હોયતો મ્હારે શું કરવું? હું પણ બેવફાથાઉં તો? શામાટે મ્હારે આ દુઃખ ભોગવવાં? શામાટે ગામે ગામ રખડવું? ખરે પુરૂષોનો વિશ્વાસજ નહીં—એમનો પ્રેમ પ્રેમ કહેવાય ખરો? અરે! પણ કદાચ આ વા-તજ ખોટી હોય તો હું દોષમાં પડીશ. લાવ ખાત્રી કરૂં

દુષ્ટરાય? ત્હમે ખરૂં કહો છો કે મ્હને ફસાવવાની આયુક્તિ છે?

વનમાળા? હું સત્ય કહૂં છું. એવી યુક્તિ મ્હને આવડતી નથી એમ મ્હારે જરૂર પણ નથી સુમન ગુચ્છ કાશ્મીરમાં પરણ્યો એમ શા-માટે કહું? એને કાશ્મીરના પ્રાઇવેટ સેક્રેટરીની જગા મળી હતી. ત્યાંથી

ત્હને બોલાવવા તાર કર્યો—તું ભદ્રાવતીમાં નહોતી. નિરાશ થયાથી તું મરી ગઇ હોઇશ એમ માનીએ પરણ્યો. મ્હેં એને આજથી ચાર દિવસ ઉપર ઘોડા ઉપર એક ખૂબસુરત બાલકને રમાડતો જોયો હતો. દુષ્ટરાય ! આ બધી હકીકત ત્હમે ક્યાંથી મેળવી ? હવે એ કયાં ગયા છે ? એની ખબર છે ? અરે રે ! જેને માટે મ્હેં મ્હારૂં જીવન બગાડ્યું. જેને માટે મ્હારી સર્વ આશાઓનો નાશ કર્યો તે આમ મ્હને તજી, મ્હારી ખબર કહાડયા શિવાય બીજીને પરણે? અને એના પુત્રને રમાડે? હાય ! હાય ! મ્હારો પુત્ર? હવે એ આશાજ શી? સુમનગુચ્છ! કેવું વ્હાલુ નામ? તેજ નામ અત્યારે મને અકારૂં થઇ પડ્યું છે? જે ખોળામાં બેસવાનો મ્હારો હક તે ખોળામાં બીજી સ્ત્રી બેઠી હશે અને તે પણ મ્હારાં જીવતાં ? સુમનગુચ્છ પ્રાઇવેટ સેક્રેટરી કાસ્મીરમાં ? એમણે મ્હારી ખબર કહાડીજ હોવી ન જોઇએ આ વખતમાં પત્તો ન મળે! એ બનેજ કેમ ! એ બધી ગપ્પો એમને મારે માટે શક આવ્યો હોય ને ત્યજી દીધી હોય તો ? આખરે રજપુતને? જનાનખાનામાં એક કરતાં વધારે સ્ત્રીઓ રાખવામાં માન સમજનારા ! એ જાતી સ્વભાવ જાય ! એક પત્નીવ્રતની બડાશ હાંકતા હતા તે કયાં ગઇ ! ત્યારે મ્હારે શું કરવું ? દુષ્ટરાયની ઇચ્છા પૂરી પાડવી; સુમનગુચ્છને એમની મદદથી ખોળી કહાડી તેમને પહોંચે તેમનો તિરસ્કાર કરવો. અને દુષ્ટરાયની જોડે રહી તેમને બાળવા. અરે ? વનમાળા ! આવા દુષ્ટ વિચાર ત્હારા પવિત્ર હૃદયમાં ક્યાંથી આવ્યા ! દુષ્ટની સંગત ક્ષણવાર કરવાથી પણ અસર થાય છે ત્હેનો અનુભવ આજ થયો. પણ પવિત્ર હું ? હે ! પ્રભો ! આજ મ્હને કાંઇસુજ પડતી નથી. અત્યાર સુધી પવિત્ર હતી. પવિત્ર રહેવા ઇચ્છતી હતી—તે સુમન ગુચ્છના સ્નેહના બળે. પણ એજ જ્યારે મ્હને વિસરી ગયા ને

બીજી નાપાસમાં ફસાયા ત્યારે મ્હારે શામાટે દુઃખ ભોગવવાં. યૌવનની મજાહ–અભિલાષા અત્યારથી છૂંદી નાંખવી અત્યાર સુધી મનના વિકારો દાબી રાખ્યા, તે આગળ ઉપરની આશાએ પણ હવે શામાટે દાબી રાખવા. એ વિકારો પુરૂષ દાબી રાખતા નથી અને અન્ય સ્ત્રી કરે છે તો સ્ત્રીઓએ શામાટે દાબવા. પણ એમ થાયતો સંસારમા પવિત્રતા રહેશે કયાં? પુરૂષો કરતાં સ્ત્રીઓમાં વિકારો દાબવાની શક્તિ વિશેષ છે એ મ્હારા દાબવાથી શામાટે ન બતાવવું? ના. ના. સુમન ગુચ્છને મળવું તો ખરૂં. દુષ્ટરાય અને સુમન ગુચ્છમાં કોણ.—" આ-વિચારતાંજ સુમન ગુચ્છની છબી આંખ આગળ તરી આવી. અને એક સ્થુલ શરીરને ને સૂક્ષ્મ શરીર સાથે સરખાવવા લાગી "સુમન ગુચ્છ બલવાન કદાવર સુંદર છે પણ દુષ્ટરાય ઉચ્ચજાતિનો હોઇ--સંસ્કારી હોઇ વધારે આકર્ષક છે સુમન ગુચ્છ સિપાઇ છે આ મુત્સદી છે. સુમન્ ગુચ્છની જાતિ અનેક સ્ત્રીઓથી સ્વતુષ્ટ રહે છે. દુષ્ટરાયની જાતિ એક સ્ત્રીથી સંતુષ્ટ હોય છે–ત્યારે—"

દુષ્ટરાય અત્યાર સુધી મુગો હતો તે બોલી ઉઠયો–વનમાળા! શા વિચારમાં પડયાં છો? એમાં શો વિચાર કરવાનો છે. સુમન ગુચ્છ! જેને માટે ત્હમે સંસારના સુખ ત્યજ્યાં તે ત્હમને સંભારતોયે નથી. હું ત્હ-મારે માટે–ત્હમારા પ્રેમને માટે ચરણ સેવવા તૈયાર છું ત્યારે સુમનગુચ્છનો વિચાર શામાટે કરો છો? હું ત્હમારી પાછળ ગાંડો થયો છું. ત્હમે ના કહેશો તો પણ ત્હમને છોડીશ નહિ. વૈર લઇશ! ત્હમે છો એવું કોઇ પણ ન માને એવી બાજી ગોઠવીશ. માટે—

આટલું બોલતાં દુષ્ટરાયે વનમાળાનો હાથ પોતાના હાથમાં લીધો ત્હેને પંપાળવા લાગ્યો અને ધીરે ધીરે હાથ ઉંચો કરી પોતાના મ્હોં આગળ લાવ્યો. હીપ્નોટીઝમ કે મેસ્મેરીઝમના પ્રયોગમાં જેના ઉપર

અસર કરવાની હોય ને પુતળાની માફક ઉભું રહે છે અને જાદુગરના કહ્યા પ્રમાણે હાથપગ મ્હોં હલાવે છે તેમ વનમાળાનો હાથ ઉંચો થયો અને મ્હોં આગળ આવતાં દુષ્ટરાયના શ્વાસનો પવન કોમળ હસ્ત ઉપર લાગતાં વનમાળા થરથરી ઉઠી. એના નેત્રમાં કોઇક જૂદી જ વૃત્તિનાં કિરણો પ્રકાશવા લાગ્યાં, મ્હોં ઉપર–ગાલ ઉપર લાલ સુરખી ચ્હડી આવી. રૂંવાટાં ઉભાં થઇ ગયાં, શરીરમાં ગરમાવો થઇ ગયો અને વનમાળા ક્ષણવાર પોતે શું કરે છે, શું થવા દે છે ત્હેનું ભાન ભૂલી ગઇ.

દુષ્ટરાય–પોતાની નાંખેલી જાળમાં પક્ષી સપડાયું એમ માનતો આનંદ પામવા લાગ્યો. 'લક્ષ્મી જાહનમમાં ગઇ! વનમાળા એ લક્ષ્મી જ છે. એને લઇ હું ચાલ્યો જઇશ અને અમે આનંદ કરીશું,' એમ ભવિષ્યના સુખ સ્વપ્નાં જોતો વનમાળાના હસ્તને બગલમાં રાખ્યો વનમાળાએ ન ખેંચી લીધો હાથ કે ન કીધી આનાકાની. વનમાળા, પવિત્ર, ગંગારૂપ વનમાળા આટલા વર્ષ આટલો સમય પવિત્ર રહી હતી. ભદ્રાવતીમાં ક્રૂરસેનની અનેક લાલચોને વશ થઇ નહોતી તેજ વનમાળાની પવિત્રતા સુમનગુચ્છની બેવફાઇના વર્તમાનથી શિથિલ થઇ. ઇર્ષા–પોતાના પ્રેમમાં ભાગીદાર એ વિચાર ત્હેની દૃઢતા ખસાવવા બસ હતાં. ખરેખર! ઇર્ષા? એ બૂરી ચીજ છે. એ રાક્ષસીના પ્રભાવે અનેક કુટુમ્બો પાયમાલ થઇ ગયાં છે! પતિપત્નીઓ–જે પતિપત્નીઓ સ્નેહના-આનંદના સુખસાગરમાં ન્હાતાં હોય છે ત્હેમની વચ્ચે હળાહળ વિષ નાખી જીવન પર્યન્ત એક બીજાથી અળગાં કરનાર ઇર્ષા છે. ત્હમે ઇચ્છતા હો કે ત્હમારી પત્ની પવિત્ર રહે તો તે કરવાનાં સાધન સ્ત્રીઓને બ્હાર હરવા ફરવા ન દેવાથી નહી થાય? સ્ત્રીઓ ઉપર અંકુશ મૂકવાથી નહિ થાય? સ્ત્રીઓને ફલાણા સાથે વાત કરવી ને ફલાણા સાથે

નહિ એમ કરવાથી નહિ થાય, પુરૂષોસાથે બોલવા ચાલવા ન દેવાથી નહિ થાય? એમને અમૂક પુસ્તકો જ વાંચવા દેવાથી નહિ થાય, અમૂક નાટકો–ખેલો કે સ્થળોમાં એમને ન લઇ જવાથી નહિ થાય! પરન્તુ સ્ત્રીઓને પવિત્ર રાખવા ઇચ્છતા હો, એમને સુખી કરી સુખી થવા ઇચ્છતા હો તો પ્રથમ ત્હેમની પ્રત્યે સદ્‌ભાવ રાખો, ત્હેમના ઉપર વિશ્વાસ રાખો, ત્હેમના ઉપર સ્નેહ વધારો અને ત્હમે જાતે પવિત્ર રહો એટલે તેઓ પવિત્ર રહેશે. વનમાળા અને દુષ્ટરાયને આમ વિહ્વલ સ્થિતિમાં જોઇ પેલો બીજો પુરૂષ છાનોમાનો ત્યાંથી પલાયન કરી ગયો.

વનમાળાનો હાથ હજી દુષ્ટરાયના હાથમાં જ હતો–દુષ્ટરાયનો હાથ યંત્રની માફક કોમળ હસ્તને પંપાળતો હતો અને આ સ્થિતિમાં બન્ને અકથ્ય સ્વર્ગ સુખ ભોગવતાં હતાં એમ બન્નેના ચહેરા ઉપરથી લાગતુ હતું. દુષ્ટરાયનો આનંદ વિજયાનંદ હતો. વનમાળાના હૃદયમાં–ચહેરા ઉપર આનંદ નહોતો માત્ર સુખની લાગણી હતી–હૃદયમાંથી સુમનગુચ્છ માટે પ્રેમ નષ્ટ થયો નહોતો. સુમનગુચ્છનો સ્નેહ વિસરાયો નહોતો. સુમનગુચ્છને ચીડવવા ખાતરજ આ કાર્ય કરતી હોય તેમ ત્હેના ચહેરા ઉપર, ઇર્ષાને અંગે અન્યને દુઃખી કરવામાં જે આનંદ રહે છે તેવી જાતનો આનંદ હતો. વનમાળા પવિત્ર હતી. એના હૃદયમાં દુષ્ટરાયની સર્વ ઇચ્છાઓ પૂરી પાડવા વૃત્તિ હતી કે કેમ તે કહી શકાતું નથી. માત્ર એનું વર્તન શંકાસ્પદ હતું. એના ચહેરા ઉપર વિકાર હતો. ત્હેના રોમરોમમાં જ્વાલા હતી. પરપુરૂષના હસ્તમાં પરપુરૂષના અધર આગળ પોતાનો હસ્ત જવા દીધો હતો. એ હસ્ત ઉપર પરપુરૂષ વિકારથી હાથ ફેરવતો હતો તે ફેરવવા દેતી હતી.

આવા એકાન્ત શાન્ત સ્થળમાં સંધ્યાના સમયે આ સ્થિતિ વધારેવાર રહી હોત તો શું પરિણામ આવત તે કહી શકાય એમ નથી. નદીનો મંદ

પવન બન્નેના હૃદયમાં જાગેલા અગ્નિને જ્વલિત કરતો હતો, આંબાની ઘટામાંથી કોયલનો ટહુકો બન્નેના મગજમાં કાંઇ જૂદી અસર કરતો હતો, સંધ્યાનો ગુલાબી રંગ વનમાળાના ગૌર ગાલમાં આવી વસ્યો હતો. વિજળીના યંત્રની સાથે તારનું અનુસંધાન થતાં વિજળીનું વહન શરૂથી થઇ જાય તેમ બન્નેના હાથ જોડાયલા હોવાથી કાંઇ અજબ આકર્ષણનું વહન થતું હતું. દુષ્ટરાય વનમાળાની પાસે ને પાસે જતો ગયો. વનમાળાને પડખામાં લીધી. વનમાળા પુતળાની માફક ઉભી હતી અને દુષ્ટરાયના હાથમાં રમકડું હોય તેમ ત્હેના સામી થઇ નહિ. દુષ્ટરાય વનમાળાના કપોળ ઉપર હૃદયદાનની સીલ દેવા જતો હતો. વનમાળના કપોલ ઉપરના આછાં રૂંવાટાં ખડાં થયાં હતાં. વનમાળાનું હૃદય એટલું ઉછળતું હતું કે ત્હેનો ધબકારો વનમાળાના કાને પડતો હતો. ત્યાં એક પુરૂષ ધસમસ્યો આવ્યો અને આવા એકાન્ત સ્થળમાં આ નાટક ભજવાતું જોઈ પ્રથમ દુષ્ટરાય તરફ ને પછી વનમાળા તરફ જોયું ?

કોણ વનમાળા કે ? પવિત્ર ગણાતી વનમાળા કે બીજી ?

'પતિ મિલનસાર' ભટકનારી વનમાળા આ કે બીજી ?

"સુમનગુચ્છ ? મ્હારા........." હાય ! હાય ! હવે મ્હારા કેમ કહેવાય ? અરે ! મ્હને એમણે કેવી સ્થિતિમાં જોઇ ! હવે એ મ્હારા ઉપર પ્રેમ, વિશ્વાસ રાખશે ? પણ એ પોતે જ કેવા હતા ? કેવા છે ? પણ દુષ્ટરાયની વાત ખોટી હોય તો ? એ મ્હને શોધવા આવ્યા હોય તો ? હાય ! હાય! હવે શું મોં દેખાડુ ? પૃથ્વી માર્ગ આપે તો સમાઇ જાઉં કે જીભ કરડી મરી જાઉં." જે હાથ દુષ્ટરાયના હાથમાં હતો તે હાથ સુમનગુચ્છના હાથમાં આવ્યો અને સુમનગુચ્છનો બીજો હાથ વનમાળાના ખભા ઉપર મૂકાયો. પતિપત્ની ઘણે વર્ષે મળ્યાં હતાં પણ બન્નેના હૃદયમાં જૂદીજ લાગણી હતી. સુમનગુચ્છે પોતાની પત્નીને

અન્ય પુરૂષની સાથે એકાન્તમાં જોઇ હતી એટલે એના હૃદયમાં પ્રેમને બદલે ઇર્ષા-ક્રોધ છવાયો હતો. વનમાળાના હૃદયમાં શરમ છવાઇ હતી. પતિપત્નીની આ સ્થિતિનો લાભ લઇ દુષ્ટરાય, પાપી દુષ્ટરાય, સ્નેહાળ પતિપત્નીના હૃદયમાં કદાચ હમેશને માટે વિષવૃક્ષ વાવનાર, તેમનાં સ્નેહનું કદાચ નિકંદન કરનાર દુષ્ટરાય બોલ્યા ચાલ્યા વિના બીજે રસ્તે નાશી ગયો.

પ્રકરણ પંદરમું.

વનમાળા અને સુમનગુચ્છ.

" પવિત્રતાનો ડોળ કરતી, કુરસેનના પ્રેમનો અનાદર કરનારી, પતિને ખોળવાના બ્હાને સાધ્વી થઇ ભટકનારી વનમાળા આ કે ?"

સુમનગુચ્છના શબ્દે શબ્દ વનમાળાને બાળવા, વિંધી નાખવા બસ હતા. સુમનગુચ્છ અપવિત્ર હશે, બીજી પરણ્યો હશે, પુત્ર હશે પણ એ વનમાળાએ સાંભળેલું. અત્યારે સુમનગુચ્છ એકલો હતો. બીજી સ્ત્રી સાથે નહોતી, પુત્ર પણ નહોતો ત્યારે એના ઉપર બેવફાનો આરોપ કેમ મૂકાય ? સુમનગુચ્છે વનમાળાને કેવી સ્થિતિમાં જોઇ હતી ? વૃક્ષોથી છવાયેલી ઘટામાં પરપુરૂષની સાથે એકલી: એટલુંજ નહી પણ એક હાથ એ પુરૂષના હાથમાં—એ હાથ ખસેડી લેવા જરા પણ પ્રયત્ન થયો હોય એમ લાગતું નહી. બન્ને અડોઅડ ઊભેલાં: એ પુરૂષનું મુખ વનમાલાના કપોલ પાસે હતું, વનમાલાની રગે રગમાં, આંખમાં, મોં ઉપર વિવ્હલતા સ્પષ્ટ દેખાતી હતી, અને આવી સ્થિતિમાં પોતાના વિવાહિત પતિ સુમનગુચ્છને દ્રષ્ટિ સન્મૂખ ઉભેલો જોતાંજ વનમાલાના હોશકોશ ઉડી ગયા. પરીક્ષામાં ચોપડી ઉઘાડી ઉત્તર લખતા વિદ્યાર્થીને પરીક્ષક પકડે ને જે સ્થિતિ થાય, શરીરમાં—છાતીમાં છરી ભોંકતા પકડાયેલા ખૂનીના મનની જે સ્થિતિ થાય, છાનામાના ખાવાનું ખાઇ જનાર અને ભરેલા મોંવાળા બાલકના હૃદયની જે સ્થિતિ થાય તે સ્થિતિ વનમાલાની થઇ હતી. પરંતુ વનમાલા અબલા નહોતી; રજપૂતાણી હતી,

અનેક સંકટોમાંથી બહાર નીકળી આવી હતી અને ત્હેમાં પોતાના પતિની બેવફાઇ વિશે દુષ્ટરાયે શંકા ઉત્પન્ન કરી હતી. મનુજહૃદય–સ્વભાવજ એવો છે કે પહેલે તડાકે આત્મરક્ષાની વૃત્તિ થાય. ખરૂં હો વા ખોટું હો પણ પોતાનો બચાવ કરવા દરેકને મન થાય. વનમાલા પકડાઇ હતી. હજી ભ્રષ્ટ થઇ નહોતી એ વાત ખરી છતાં હૃદયમાં સેતાને પ્રવેશ કર્યો હતો. પરંતુ સ્વબચાવ કરવા તૈયાર થઈ અને બચાવનીજ ઇચ્છાથી, પ્રથમ લાગણીથી ભવિષ્યનો કાંઇ પણ વિચાર ન કરતાં બોલી.

હા ! એજ વનમાળા ! સુમનગુચ્છ માટે ખાધાપિધાની દરકાર ન રાખતાં, ઘરના વૈભવને તુચ્છકારી પ્રેમયોગિની થનાર વનમાળા આજ. દિવસોના દિવસો મહિનાના મહિના ભગવા ધારી ગામે ગામ સુમનગુચ્છ માટે રખડનાર, એને માટે હૃદયના–શરીરના યૌવનના સર્વ વિકારો દાબનાર આજ વનમાલા. પણ એજ સુમનગુચ્છ આ કે જેના હૃદયમાં વિષ ભર્યું છે. જે એક પતિવ્રતનો ખોટો દમ્ભાસ મારતા હતા, જે તેમને માટે જીવ–સર્વસ્વ આપનાર–એમને માટે રાજા પ્રજાની ઇતરાજી વહોરનાર પત્નીને વિસરી જઇ નાશી જઇ પરદેશમાં સુખ ભોગવવા તૈયાર થયા. ત્યાં બીજી સ્ત્રીને પરણ્યા ? અને સંતાન સુખ અનુભવ્યું ? શું એ સ્ત્રી ન્હાસી ગઇ ? મરી ગઇ ? શું તમારો બાલક કોઇ લઇ ગયું કે મરી ગયો ? બીજી ન મળવાથી વનમાળાને ખોળવા આવ્યા છો ! "

'વનમાળા ! વનમાળા ! આ તું શું બોલે છે ? ઉડતો ચોર કોટવાળને દંડે છે ? હું પ્રત્યક્ષ તને અન્ય પુરૂષ સાથે અયોગ્ય સ્થિતિમાં જોઉં છુ છતાં તું મારા ઉપર આરોપ મુકી જાતને બચાવવા ધારે છે ! હું તને વીસરી ગયો ? મ્હેં બીજી સ્ત્રી કરી ? મ્હારૂ સંતાન ! અરે

રાક્ષસણી ? પાપીણી ? આ તું શું બકે છે ? ત્હારે માટે રાતની ઉંઘ ખોઇ, ત્હારે માટે જીવનના વભવો છતાં દુઃખો સહન કર્યાં, ત્હારે માટે, ભયંકર કારાગ્રહમાંથી છૂટવાનો એક ઉદ્દેશ તને મળવાનો હતો પણ એ મળવું મરવા બરાબર થઇ ગયું. અરેરે સ્ત્રી-જાતીનો આટલા માટેજ વિશ્વાસ ન કરવો કહ્યું છે એ ખરૂં. હું મરી ગયો હત ને પુનર્જન્મ કરવા તૈયાર થઇ હત તો જૂદી વાત પણ આતો હું જીવતો છું છતાં અપવિત્ર થવા જાતને-આત્માને નર્કમાં નાંખવા તૈયાર થઇ !

"હું આત્માને નર્કમાં નાંખવા તૈયાર થઇ. હું વનમાળા-જે વનમાળાને ગામે ગામ હજારો સ્ત્રી-પુરૂષો પગે પડતાં; જેણે કુપથ જતાં અનેક સ્ત્રીઓને બચાવી હતી. જેની પવિત્રતા માટે કોઇને શંકા પણ નથી તે વનમાળા ધર્મભ્રષ્ટ-કર્તવ્ય ભ્રષ્ટ ! લક્ષ્મી-જોગણ-કમળા જેવી પવિત્ર સાધ્વીઓના સહવાસમાં હું ક્ષણભર રહેવા લાયક નથી. અરેરે ! આ મને કયાં સૂઝયું. ખરે મ્હારૂ અભિમાન આજ નષ્ટ થયું ! સ્ત્રી પુરૂષનો એકાન્ત વાસ એ અગ્નિ અને ઘીના સહવાસ બરાબર કહ્યો છે તે યથાસ્થિત છે. દૃષ્ટાંત-જેવા ને વચને શામાટે ફસાઇ ? ફસાઇ ? હું પડી છું પણ છેક્ક પગથીયે ગઇ નથી. પડતાં પડતાં પરમેશ્વરે બચાવી છે. અધઃપાત થયો છે પણ પૂરેપૂરો નહી. હજી મ્હારી પવિત્રતા જાળવી શકીશ. માનસિક ભ્રષ્ટતા આવી છે પણ બસ એ ભ્રષ્ટતા દૂર કરી શકીશ ! યૌવન-એકાન્ત, પતિની બેવફાઇના વિચાર અને પુરૂષ-મધુમુખા પુરૂષનો સહવાસ મ્હારી ભ્રષ્ટતાના કારણ ખરે જ પતિની પત્ની પ્રત્યેની બેદરકારી, અન્ય સ્ત્રી પ્રત્યે તેમનો પક્ષપાત. પુરૂષોની નીતિ શિથિલતા માટે લોક નિન્દાનો અભાવ મ્હારા જેવી કેટલી સ્ત્રીઓના પતનનું કારણ થઇ પડતાં હશે ? અરે ! હવે હું શું કરૂં ? હું કોને મોઢું બતાવું ? સુમનગુરૂજી મ્હારા વ્હાલા ! એ મ્હારા વાલા ખરા કે કેમ ? ક્ષણવાર પહેલાં એ મ્હારા વ્હાલા હતા ? તો

પછી એ સુમનગુચ્છ મ્હને—ચોરી કરતાં પકડાયેલા ચોરને માફી બક્ષશે ? મ્હને એમના હૃદયમાં એનું એ સ્થાન આપશે ? પણ મ્હારી જાતને હલકી શા માટે ગણું—એમણે પોતે શું કર્યું છે ? અપવિત્ર છે કે કેમ

સુમનગુચ્છ ! વ્હા—સુમનગુચ્છ ! શું તમે કાશ્મીર ગયા નહોતા ? ત્યાં પ્રાઇવેટ સેક્રેટરી નહોતા ? ત્યાં તમે પરણ્યા નહોતા ? તમારે પુત્ર થયો નહોતો.

વનમાળા ! ત્હારા મગજમાં આવું હળાહળ વિષ કોણે રેડ્યું છે ? કાશ્મીર સહેલ મારવા ગયો હતો એમ કે ? ત્યાંના પ્રાઇવેટ સેક્રેટરી હતો એ વાત ખરી પણ ત્યાં પરણ્યા—પુત્ર થયો એ કોણે કહ્યું! અથવા આ ત્હમારાં કારસ્તાન છે; મ્હારાથી કંટાળી આ રસ્તે જેનીસાથે તું પકડાઇ તે પુરૂષ કે તેવા પુરૂષો સાથે સ્વતંત્રતા ભોગવવા આ ત્હારી બાજી છે. આટલાજ માટે મ્હારા કાગળ તારના ઉત્તર ન હોતા આવ્યા કે ? આટલાજ માટે મુદામ મોકલેલા માણસો સાથે કાશ્મીર આવી નહિ કે? આમજ કરવું હતું, તારી બેવફાઇ જાણતો હોત તો હું કારાગ્રહમાંથી બહાર નિકળવા જરા પણ ઇચ્છા રાખત નહિ; ત્યાંજ જીવન ગાળત. જેથી મ્હારી આશા નષ્ટ થાત નહિ. માનસિક વનમાળાના સંયોગમાંજ, ત્હેના સૂક્ષ્મ પ્રેમમાં આનંદમાની અંત આણત. અહીં આવવાથી દુનિયા ઉપર વૈરાગ્ય આવે છે—પ્રેમની પવિત્રતા માની શકતો નથી. જોગણ ! જોગણ ! ત્હેં મ્હને કારાગ્રહમાંથી શા માટે કાઢયો ? વનમાળા મેળવી આપવા બ્હાર કાઢયો. તે વનમાળા આજકે? શું તું પણ આની બેવફાઇ જાણતી હતી ? એ બેવફાઇ બનાવી આપવા મ્હને આ બાજુ મોકલ્યો. પીંગલાની બેવફાઇ જોઇ ભર્તૃહરીને થયું તેમ આજ મ્હારી સ્થિતિ થઇ.

સુમનગુચ્છ ! જોગણુ કોણુ ? ત્હમે કારાગૃહમાંથી મ્હને મળવા આવ્યા. મોકલ્યા ? કઇ જોગણે. વિધવા સાધ્વી હતી ત્હેણે ? ઠીંગણી, ભરેલ અવયવવાળી, ગૌરવદની જોગણે ત્હમને મોકલ્યા ?

વનમાળા ! મ્હને સમજણુ પડતી નથી. ત્હારી સાથે વાત કરવી યોગ્ય છે કે નહિ તે સમજી શકતો નથી. હા ! તેજ જોગણે મ્હને ભોંયરામાંથી બ્હાર કાઢ્યો; તેણેજ મ્હને આ બાજુ નર્મદાના તીરે વનમાળા મળશે એમ કહી મોકલ્યો છે. પણુ ત્હારી બેવફાઇ ! ત્હારી પવિત્રતાના ડોળ કરવાની યુક્તિ તો જબરી.

સુમનગુચ્છ ! શું ત્યારે ત્હમેં પરણ્યા નથી ! શું ત્હમારી વનમાળાના સ્નેહમાં ભાગ પાડનાર લાવ્યા નથી ? શું તમને એનાથી પુત્ર થયો નથી ?

વનમાળા? આ તું બોલે છે કે બકેછે ? સૂર્યમાં શીતળતાનો સંભવ હોય, અરણ્યમાં કુમુદ ઉગી શકે, મહાત્માઓ અસત્ય પથે જાય, ચંદ્રમાં ઉષ્ણુતા પ્રકટે તોજ સુમનગુચ્છનો સ્નેહ પલટે ? સમજી? વનમાળા ? આટલા વર્ષ તું મ્હારી સાથે રહી, આપણે સાથેજ સુખ દુઃખ ભોગવવા છતાં તું મ્હારૂં હૃદયજ ઓળખી ન શકી એ નવાઇ અને એક દુષ્ટ માણસે પોતાની નીચ વૃત્તિ પરિપોષવા કરેલી જાળમાં ફસાઈ અને મ્હારા પ્રેમ ઉપર નહી પણુ એના વચન ઉપર વિશ્વાસ રાખી શુદ્ધ પ્રેમને તરછોડવા, એટલુંજ નહી પણુ આત્માના મણીને કાળો કરવા તત્પર થઈ. ખરે ક્રૂરસેનના રાજ્યની અસર ગઈ નથી.

સુમનગુચ્છ ! સુમનગુચ્છ ! ત્હમે એમ ન બોલો. મ્હને ન બાળો. શું ત્યારે ત્હમારે છોકરો નથી. ત્હમે થોડા દિવસ ઉપર ઘોડા ઉપર એક છોકરાને લઇ ત્હમે લડાવતા લઇ જતા નહોતા ! નજરે જોનારે કહ્યું પછી કેમ ન માનું ?

અરે મૂર્ખી ? તું અને પેલી ત્રણ સાધ્વીઓ મ્હેં સાંભળ્યું છે તેમ ગરીબો—અનાથોના ઘરોમાં ફરતી. ત્હમે અનાથ બાલકોને દુધ પાતાં, ખવરાવતાં—રમાડતાં. ધારો કે એકાદ બાલકને દુધ પીવરાવતાં કે રમાડતાં કોઇ જૂવે માટે તું વ્યભિચારિણી ? એ બાલક તારો કે ?

ત્યારે વહાલા કહોને એ બાલક કોનું હતું ? વ્હાલા સુમનગુચ્છ ? એ દુષ્ટે મ્હને ભોળવી. હું એમને એમ તો ભોળવાઇ નથી પણ જ્યારે મ્હને કહ્યું કે ત્હમારે પુત્ર છે અને એ પુત્રને લડાવતા મ્હેં જોયા ત્યારે મ્હારા હ્રદયનો તાપ પ્રજ્વલી ઉઠ્યો—સુમનગુચ્છ ! હું ત્હને દેવની માફક સ્નેહની મૂર્તિ માફક પૂજતી—પૂજું છું. તમારા સ્નેહની ઘેલી છું ત્હમને ક્ષણવાર ન જોઉં તો મ્હારો જીવ કાઢું. આવી હું તે ત્હમારાથી આટલા વર્ષ વિખૂટી પડી. તમને ખોળવા—ત્હમારા તરફના મ્હારા સ્નેહને લીધે જોગણ થઇ ત્હમે ન મળ્યા. ત્હમને ખોળવા હજી નિકળવાની હતી ત્યાં આ દુષ્ટ મળ્યો. એણે ત્હમારા સમાચાર આપતાં ત્હમે મ્હારા વિના—મ્હને ભૂલી કાશ્મીર જેવા ધનાઢ્ય રાજ્ય અને પ્રદેશમાં પ્રાયવેટ સેક્રેટરીનો માનવંત હોદ્દો ભોગવો છો એ કહ્યું એટલે મ્હારા હ્રદયમાં અસંતોષ ઉત્પન્ન થયો. સ્ત્રીઓને પુરૂષ વગર ન ચાલે પણ પુરૂષોને પોતાની સ્ત્રી વિના ચાલે એમ મ્હને ભાસ્યું ત્યાં ત્હમે પરણ્યા છો એમ કહ્યું. વ્હાલા ! ત્હમારે માટે પીરસેલી થાળી બીજો લઇ જાય તો ત્હમને કેવુ લાગે ? મ્હારી પણ એજ સ્થિતિ થઇ. હું અહીં એમને મળવા તલસું છું. ને એ બીજીની સાથે આનંદ કરે છે. વ્હાલા? ઇર્ષાને લીધે લાંબા વિયોગને લીધે અને ત્હમારા સ્નેહને લીધે શંકાસ્પદ થઇ ત્હમને બીજીની સાથે હરતા ફરતા આનંદ કરતા પ્રત્યેકપળે મ્હારી નજરે જોવા લાગી ને મ્હારા હ્રદયમાં ઇર્ષાનો કીડો મ્હોટાને મ્હોટો થઇ હ્રદય કોરવા લાગ્યો. બળતામાં ઘી હોમાય તેમ એણે કહ્યું

કે એ છોકરાને લડાવતા મ્હેં જોયા. વ્હાલા સુમનગુચ્છ? જે હાથમાં મ્હારા ઉદરમાં જન્મેલો બાળક રમતો જોવા, જે ખોળામાં મ્હારાથી ઉત્પન્ન થયેલો, આપણા-સ્નેહની ગાંઠરૂપ બાળકને રમતો જોવા અનેક સ્વપ્નો અનુભવતી તે જ્યારે એજ હાથમાં-એજ ખોળામાં બીજા-બીજીથી ઉત્પન્ન થયેલો બાળક રમતો સાંભળે પછી કેમ ઇર્ષા ન આવે? વ્હાલા! એ ઇર્ષા ઉત્પન્ન થતાં દુષ્ટરાયે પોતાનો પ્રપંચ ચલાવ્યો. વ્હાલા! સ્ત્રીપુરૂષ-પતિથી પત્ની કે પત્નીથી પતિ અસંતુષ્ટ હોય અને જે કારણોથી અસંતોષ ઉત્પન્ન થયો હોય તે કારણનો લાભ લેનાર સ્ત્રી કે પુરૂષ હોય, તે પ્રસંગો ખોળે અને પોતાની જાળ પાથરે તો જરૂર-ઘણે અંશે તેને જય મળેજ. મ્હારા દાખલામાં એજ બન્યું. વ્હાલા ક્ષમા-

વ્હાલી વનમાળા! જગતમાં-વિશ્વમાં પરમેશ્વર શિવાય કોઇ પવિત્ર નથી. અમે પુરૂષો રસ્તામાં જતી અનેક યૌવનાઓ જોઇ દુષ્ટ વિચાર કરીયે છીએ. ત્હમે સાધારણ રીતે તેમ કરતા નથી. જે ભૂલ તેં આજે કરી છે ત્હેવી ભૂલો હમે હમેશાં કરીએ છીએ તો ક્ષમા આપનાર ત્હારૂં હૃદયજ છે. ભવિષ્યમાં એવી ભૂલ ન થાય તો બસ. વ્હાલી આવ એક સ્નેહાલિંગ આપ.

વનમાળા અને સુમનગુચ્છ ભેટયાં અને એક બીજાને હૃદયદાન દીધાં અને ક્ષણવાર સ્વર્ગ સુખ અનુભવવા લાગ્યાં. આ આનંદ બહુ વાર ન ટકયો કારણ બીજી જ પળે બે ચાર સીપાઇઓ અને દુષ્ટરાય દાખલ થયો.

"પકડો બન્નેને? સાધ્વીને ફસાવી લઇ જનાર આજ" વનમાળા અને સુમનગુચ્છને પોલીસ લઇ ગઇ. દુષ્ટરાયે બીજો રસ્તો લીધો.

પ્રકરણ સોળમું.

જોગણ અને લક્ષ્મી.

વનમાં બનેલા ત્રાસદાયક બનાવથી જોગણ અને લક્ષ્મી એટલાં તો ગભરાઇ ગયાં હતાં કે તેઓ વનમાળાના કહ્યા પ્રમાણે ઘોડા ઉપર બેઠાં હતાં છતાં તેમનામાં નહોતો ઉત્સાહ, નહોતી શક્તિ કે નહોતી હિંમત. પ્રત્યેક પળે દુશ્મનો આવશે એ બીતિ હતી, ઘોડા ઉપર જન્મ ભરમાં બેઠાં નહોતાં અને પાણીદાર ઘોડા ઉપર બેસવાનું હતું. વનમાળાનો ઘોડો આગળ હતો. પૂછવાનો કે ઉભા રહેવાનો સમય નહોતો એટલે બે ઘોડા વચ્ચે અંતર વધતું ગયું. અંધકાર વધતો ગયો. વનમાળાનો ઘોડો કઈ બાજુ ગયો તે સમજાયું નહિ. લક્ષ્મી અને જોગણને માનસિક તેમ શારીરિક શ્રમ લાગ્યો હતો. આગળ ચાલવાની શક્તિ નહોતી. આખરે એક નાના તળાવ કાંઠે વડની ઝાડ નીચે બેઠાં. રાત્રી વધ્યે જતી હતી, આખા જંગલમાં શુન્યકારને લીધે ભયાનકતા છવાઇ હતી. મનુષ્યનો પગરવ ન હોતો. એટલામાં કોઇ ઝુંપડી કે ગામ નજરે પડતું નહિ. આવા ઘોર જંગલમાં રાત્રીના સમયે આ બે કોમળ હૃદયની સ્ત્રીઓ એકલી અતુલી પડી હતી. વડની ઘટા તળે ઘોડા ઉપરનું જીન કાઢી બન્ને પડયાં અને પડતાંની સાથેજ ખુલ્લા પ્રદેશ, મંદ પવન અને શ્રમને લીધેજ ઉંઘી ગયાં અને સ્વપ્ન સૃષ્ટિમાં પડયાં.

રાત્રી જતાં ચંદ્રનો ઉદય થયો. ચંદ્રના કિરણો બન્ને કોમળાંગી ઉપર પડયાં. લક્ષ્મીનો કેશકલાપ વિખરાઇ જઇ ત્હેના સૌંદર્યને વધારે

મોહક બનાવતો હતો; છાતી ઉપરનું લુગડું ખસી જઇ કબજાને ભરવેલા આંકડા છૂટા થઇ ગયા હતા, લુગડાની પાટલી પથરાઇ ગઇ હતી, એક હાથ ઓશીકાની ગરજ સારતો હતો અને સ્વમના કારણસર લક્ષ્મીના ચહેરા ઉપર આનંદ, સ્મીતહાસ્ય, ચિંતાના રંગો ફરતા હતા.

વિધવા જોગણે સફેદ વસ્ત્ર પહેર્યું હતું. મ્હોં ઉપર ચંદ્રના કિરણ વડના પત્રોમાંથી પડતાં હોવાથી પત્રના હાલવાથી ચંદ્રતેજ જોગણના ચહેરા ઉપર સંતાકુકડી રમતું હતું; માંસલ હાથ, વિશાળ ઉન્નત વક્ષસ્થળ, સર્વ ઇન્દ્રીયોને બાંધી લીધી હોય એમ દર્શાવતો કાળા વાળનો ભરાવદાર અંબોડો, પરવશપણાને લીધે ઉંઘમાં ભાન ન હોવાથી સફેદ પાન જેવું કોમળ ઉદર વિધવાના સૌંદર્યમાં વધારો કરતાં હતાં.

આવા ગાઢ જંગલમાં કોણ આવનાર છે એમ માની બન્ને સાધ્વીઓ નિશ્ચિંતપણે નિદ્રાદેવીને સ્વાધીન થયાં હતાં. સ્ત્રી—યુવાવસ્થા પ્રાપ્ત થયેલી સભ્ય સ્ત્રીઓ પિતા કે પતિના ઘર શિવાય કદિ નિશ્ચિંત સુતી નથી અને ત્હેમાં એકાન્તમાં તો શ્વાનનિદ્રાજ અનુભવે છે. સહજ ખડખડાટ, પગરવ કે અવાજથી જાગી ઉઠે છે. પોતાના પહેરેલાં વસ્ત્ર ખસી જાય નહી, મર્યાદા સચવાય—અકસ્માતથી પરપુરૂષ આવે તો લજ્જાસ્પદ થવાનો સમય ન આવે એની બહુ સંભાળ રાખે છે. બાલ્યાવસ્થામાં માબાપના દુર્લક્ષને પરિણામે બેકાળજી થયેલી સ્ત્રીઓ, યાત્રા, જાન, કે મુસાફરીને અંગે પરદેશ જાય છે ત્યાં ઘરની માફક નિશ્ચિંત સુવાની ટેવને લીધે હાસ્યાસ્પદ થાય છે એટલુંજ નહિ પણ ઘણીવાર ત્હેમાંથી જન્મભર સાંભરે, પશ્ચાતાપ થાય એવાં માઠાં પરિણામ ભોગવવાં પડે છે. લક્ષ્મી અને જોગણ શ્રમને લીધે ઘેરજ સુતાં હોય એમ માની નિષ્કાળજી રહ્યાં હતાં અને પરિણામ એ આવ્યું કે પહેરેલાં વસ્ત્રો અસ્ત વ્યસ્ત થઇ ગયાં.

હિંદુસ્તાનના જંગલો જંગલ ખાતાના દેખરેખપણા નીચે હોય છે અને જંગલો જળવાઇ રહે, એની અંદરના ઝાડો–લાકડાં કોઇ વગર પરવાને કાપી ન જાય એટલા માટે રેંજરો રાખવામાં આવે છે અને આ રેંજરો જંગલમાં વારંવાર ફરતા રહે છે. આવા રેંજરોમાંનો એક આજ ચંદ્રોદય થતાં ઘોડા ઉપર બેસી જતો હતો. સાથે નાની પીસ્ટોલ–એક મ્હોટી બંધુક રાખ્યાં હતાં. રેંજર ગુજરાતી હતો, એણે પાટલુન, હાફકોટ અને ફેંટો પહેર્યો હતો. શરીરે કદાવર અને દેખાવડો હતો–હિંમત અને શૌર્યવાળો હતો. એક બાજુ આકાશમાં ચંદ્ર સરતો હતો; ઘાઢા જંગલમાં પરાણે પસાર થતો પવન ફુફવાટો કરતો હતો; વૃક્ષોમાં કોઇ કોઇ સ્થળેથી પક્ષીઓની પાંખોનો ફડફડાટ સંભળાતો હતો; રખેને વાઘ વરૂ આવી હેરાન કરે એ બ્હીકથી રેંજર વારંવાર આસપાસ જોતો હતો. જંગલમાંના લાકડાં કાપે છે કે કેમ રહેનો વિચાર રેંજરના હૃદયમાં થતો નહિ. ઘરબાર કુટુંબ મૂકી જીવના જોખમે પેટને માટે આમ હિંસક પશુની માફક જંગલમાં ભટકવું પડે છે તેનો વિચાર કરતો હતો. ‘ જ્યારે સ્નેહાળ-સુખી યુવાનો પોતાની પત્નીઓના સહવાસમાં શાન્ત નિદ્રા લેતા હશે, કૌમુદી ઉત્સવ અનુભવતા હશે, સંગીતના મધુર સૂરથી હૃદય અને કર્ણને આનંદ આપતા હશે, નાટકાદિથી નેત્રને સંતોષતા હશે ત્યારે હું આ ઘાઢ તિમિરવાળા જંગલમાં એકલો ભટકું છું. નથી કોઇ સાથે વાત કરવાનું સાધન. એકલા ભટકવાથી કોઇની સાથે બોલવા ચાલવાના સાધનના અભાવે હું મ્હારો પોતાનો અવાજ પણ ઓળખી શકતો નથી. મ્હને ભય છે કે મ્હને બોલતાં પણ નથી આવડતું; મ્હારા મિત્રોમાં આ વન્યપશુ અને પક્ષીઓ, નેત્રને આનંદ આપનાર આ ઉંચા નીચાં વૃક્ષો, નદી તળાવ અને પર્વતો; હૃદયને આનંદ આપનાર પક્ષીના કલરવ કે કાનને સંતોષનાર

પવનનો સુસવાટો" રેંજર આમ વિચાર કરતો જાય છે ત્યાં તળાવ નજરે પડયું-આ તળાવ ઉપર આવેલા વિશાળ વડની નીચે એણે પોતાનો કેમ્પ ઘણીવાર નાંખેલો હોવાથી જગા પરિચિત હતી. આજ પોતે એકલો હતો છતાં એ વડ વૃક્ષ નીચે ક્ષણુવાર બેસી બીડી પી પછી જવાનો વિચાર કર્યો. જે બાજુ વડ હતો તે બાજુ ઘોડો ફેરવ્યો; દૂર હાલતાં ચંદ્રના પ્રકાશમાં વડની નીચે કોઇ સુતેલું જણાયું. "લુચ્ચાઓ! ઝાડ કાપવા આવેલા! પકડાયા છે! બદમાશો ઘણીવાર સટકી ગયા છે. હું એકલો છું તેઓ વધારે હશે તો? હરકત નહિ આ બંધુકથી ઠાર કરીશ પણ આજ એમને એમના પાપની શિક્ષા કર્યા વિના નહિ રહું." રેંજર ઘોડા ઉપરથી ઉતર્યો. ઘોડાને દૂર એક ઝાડ સાથે બાંધ્યો, અને પીસ્તોલ તૈયાર કરી બંધુક હાથમાં લીધી. ધીરે પગલે જ્યાં સુતેલું હતું ત્યાં ગયો. રેંજરનું ત્યાં જવું અને ચંદ્રનો પૂર્ણ પ્રકાશ પડવો બન્ને સાથે થયું. ચંદ્રનો પ્રકાશ પડતાં નવોજ દેખાવ રેંજરે જોયો. લાકડાં કાપી જનાર બદમાશો ને બદલે બે નવ યૌવના સુતેલી જણાઇ. 'આતે વનદેવીઓ હશે? કે કોઇ મુસાફર? આવા ગાઢા જંગલમાં બે સ્ત્રીઓની આવવાની, આમ નિશ્ચિંત સુવાની હિંમત રહે ખરી? ના. ના જરૂર કોઇ વનદેવતા! વનદેવીઓ આમ નિશ્ચિત ઉંઘે અહોશું આમનું સૌંદર્ય! આ બન્નેમાંથી કઇ વિશેષ રૂપવતી એ કહેવું કઠિન છે. વિશાળ કેશકલાપ વિખરાયા છે, શ્વાસથી ઉછળતાં ઉન્નત વક્ષસ્થળ લોહચુંબકની માફક આકર્ષી રહ્યાં છે, સ્વચ્છ અને સૌંદર્યને વધારનાર વસ્ત્રો પણ છે. એક આછા પણ નાજુક આભુષણ પહેર્યાં છે ત્યારે બીજીના હાથમાં કાંઇ નથી. અરે એ વિધવા હોવી જોઇએ પેલી બાલા બાલાજ લાગે છે. કાલિદાસનું **अनाघ्रातं पुष्पम्** લાગે છે. આ બન્ને વન્યકુસુમો અત્રે શા માટે આવ્યાં હશે. એકાન્ત બુરી

ચીજ છે. મ્હારૂં હૃદય કહ્યું કરતું નથી. કઇ તરફ મારૂં મન આકર્ષાય છે તે ખબર પડતી નથી. આ જંગલનો હું સત્તાધારી છું. એકાન્ત છે, આ બન્ને સ્ત્રીઓ છે; પછી શું ?" રેંજર ક્ષણવાર બન્ને મુખ જોતો ઉભો રહ્યો. ચંદ્રનો પ્રકાશ આ બન્ને સુંદરીઓપર પડતો હતો અને રેંજર જેમ જેમ બન્નેને નિહાળતો ગયો, તેમ તેમ હૃદય ઉપરનું સામ્રાજ્ય ખોતો ગયો. રેંજર લક્ષ્મી પાસે ગયો ત્હેના મ્હોં સામુ, ત્હેના ચ્હેરા ઉપર સ્વપ્નથી થતા ભાવો તરફ જોઇ રહ્યો. આકાશમાં ચંદ્ર શોભતો હતો તેમ લલનાના કપાલમાં ચાંલ્લો શોભતો હતો. માંસલ કપોલમાં સ્વપ્નમાં થતા હાસ્યને લીધે ખાડા પડતા હતા. રેંજર નીચો વળ્યો. પાસે સૂતેલી વિધવા ઉંઘતી હતી જગનિયંતા શિવાય, ત્હેના સાક્ષીભૂત વૃક્ષ શિવાય રેંજરના અપકૃત્યને કોઇ જોનાર નહોતું.

આ વખતે લક્ષ્મી સ્વપ્નાવસ્થામાં હતી; લક્ષ્મી બેચાર દિવસના શ્રમથી થાકી નિશ્ચિંત ઉંઘી ગઇ હતી ખરી છતાં તેનો જીવ પોતાના વ્હાલા રસિકચંદ્રમાં જ હતો, વિધવા જોગણ ત્હેને રસિકચંદ્ર મેળવવા લઇ જતી હતી ત્યાં અવનવા બનાવો બન્યા હતા. બીજી બે સાધ્વીનો પ્રસંગ પડયો હતો, આ જંગલમાં આવી; એકાન્તમાં સૂતી, શાન્તમંદ પવન, તળાવ કિનારો, વડવૃક્ષની છાયા, આકાશનો ઘુમટ આ સર્વે જોતાં નવલકથા, અવલોકનથી ઉદ્‌ભવેલા પતિ સહવાસની લાલસા જાગૃત થઇ હતી અને એના એ વિચારમાં ઉંઘી ગઈ હતી. જે સમયે રેંજર આવ્યો તે સમયે લક્ષ્મી સ્વપ્નમાં રસિકચંદ્રને જોતી હતી. રસિકચંદ્ર —લક્ષ્મીના હૃદયમાં વિરહાગ્નિ—પ્રેમજ્યોતી સળગાવેલી ન્હાશી ગયેલો રસિકચંદ્ર, તલપતી—તડફડતી—બળતી લક્ષ્મીને મળ્યો. નેત્ર નેત્ર મળતાં, ધડકતાં હૃદયો વચ્ચે વાયરલેસ ટેલીગ્રાફી ચાલતાં, લક્ષ્મીના મ્હોં ઉપર ઉલ્લાસ, આનંદ છવાયો. ઘણે વર્ષે, ઘણા પ્રયાસે મળેલી વસ્તુ માટે

હૃદયમાં જૂરાજ અલૌકિક ભાવો ઉત્પન્ન થાય છે અને એવા ભાવો લક્ષ્મીના હૃદયમાં થતા હતા. વ્હાલા રસિકચંદ્ર ! ત્હમે તમારા પિતા માતાના દૂરાગ્રહથી કટાળ્યા હતા ત્હેમાં મ્હારો શો વાંક ! મ્હને કહ્યું હત, જણાવ્યું હતનો રાત્રાબ્હેનની માફક હું ત્હમારી સાથે ગમે ત્યાં આવવા તૈયાર થાત. એક પત્રિકા કે સંદેશા મોકલવાના અભાવે આટલાં દુઃખી થયાં. જગતે મ્હને બળી ગયેલી જાણી ? ત્હમે મૂવેલી ધારી, તમે મુંબાઈમાં કાંઈ કાંઈ સ્ત્રીઓ શેઠાણીઓના માનિતા થઇ પડયા—વ્હાલા ! હવે મારૂં મન અધીરૂ થઇ ગયું છે, હવે તમને જવા નહિ દઉં—હવે મારા ગળા સાથે, હૃદય સાથે રાખીશ. મ્હારા નેત્રથી દૂર નહિ થવા દઉં " આટલું બોલી લક્ષ્મીએ પોતાના બન્ને હાથ પ્હોળા કર્યા અને પોતાના સ્વપ્ન સષ્ટિમાં નજર આગળ આવેલા રસિકચંદ્રના કંઠે ભેરવ્યા. સ્વપ્નનું કાર્ય શરીરે કર્યું—સૂતેલી લક્ષ્મી લવી " વ્હાલા ! નહીં જવા દઉં " આ બોલતાં એના હાથ પહોળા થયા અને પ્રત્યક્ષ દુનિયામાં રેંજર નજર આગળ હતો. રેંજર લક્ષ્મીના સૌંદર્યથી લોભાઇ તેના કપોલ ઉપર સ્નેહદાન દેવા નિચો વળ્યો હતો ત્યાં તેના ગળામાં લક્ષ્મીના કોમળહસ્ત પડ્યા. રેંજર ક્ષણવાર ગભરાયો ! પણ " વ્હાલા ! શબ્દે વિહ્વળ બનાવ્યો. એ સમજ્યો કે બાલા રાજી થઇ છે અને એણે એના પ્રેમનો સ્વીકાર કર્યો છે. આજ પળે વિધવા જોગણની આંખ ઉઘડી—આસપાસ જોતાં નવોજ દેખાવ જોયો. લક્ષ્મીના હાથ કોઇ પુરૂષની આસપાસ. પેલો પુરૂષ પુતળાની માફક નીચો વળી ઉભો રહ્યો છે. રખે ને એ રસિકચંદ્ર હોય એમ માની તે તરફ ટીકી ટીકીને જોયું—જોતાંજ ખાત્રી થઇ કે રસિકચંદ્ર ન હોય. લક્ષ્મી—પવિત્ર લક્ષ્મી—પવિત્રતા—વિશુદ્ધ સ્નેહની ડફાંસ મારતી—પવિત્રતાની દેવી ગણાતી લક્ષ્મી આમ જંગલમાં પરપુરૂષને મળે એ વિચારજ આ અનુભવી વિધવાને ઘેલી બનાવવા બસ હતો.

લક્ષ્મીનો ત્યાગ કરવો ? ન્હાસી જવું લક્ષ્મીનું નામ ન લેવું, મુંબાઇ જઇ રસિકચંદ્ર મળે તો લક્ષ્મીનો મોહ દૂર કરાવવો, પવિત્ર રસિકચંદ્રને અપવિત્ર લક્ષ્મીના સહવાસથી ભ્રષ્ટ થતાં બચાવવો. બસ એજ. એજ પળે લક્ષ્મી જાગૃત થઇ જૂવે છે તો રસિકચંદ્રને બદલે કોઇ અજાણ્યો પુરૂષ. આમ એકાન્તમાં રાત્રીયે આવી અવસ્થામાં એક અજાણ્યા પુરૂષના કંઠમાં પોતાના હાથ જોઇ ગભરાઇ ! બીજી પળે પોતાની કેવી સ્થિતિ થશે. પવિત્રતા–પતિવ્રત ભંગ થશે એની ધાસ્તી પેસતાં સફાળી ઉઠી દૂર ઉભી. જોગણને આ બધા ઢોંગ લાગ્યા. " ક્ષણું પહેલાં વ્હાલા કહી કંઠે ભૂજ નાંખનારી લક્ષ્મી મ્હને જાગેલી જોઇ–પાપ ફુટ્યું સમજી ઢોંગ કરે છે. પવિત્રતાનો સ્વાંગ ધારે છે. એ ધૂતારીને–ધૂતારી શામાટે? બેંડ સ્ટેટ ઉપર મ્હારા પતિને અકસ્માત્ થયો હતો અને રસિકચંદ્ર મ્હારી સાથે ગાડીમાં બેઠા હતા ત્યારે મ્હારા મનની શી સ્થિતિ થઇ હતી ? રસિકચંદ્રને ફસાવવા મ્હેં કાંઇ પ્રયત્નો ઓછા નહોતા કર્યાં ? તો લક્ષ્મી ચિરાવિરહીણી લક્ષ્મી આમ એકાન્તમાં પુરૂષને જોઇ ક્ષણવાર ભાન ભૂલે એમાં શી નવાઇ! પતિત થાય એમાં એનો શો વાંક ? એનો શામાટે તિરસ્કાર કરવો. પતિત થવું એ ભૂલ છે પણ એ ભૂલ સ્નેહથી સુધારવી પણ એનો તિરસ્કાર કરવાથી તો પતિતની સ્થિતિ વધારે અધમ થાય છે. તો લક્ષ્મીને બોલાવું? એને અનુકૂળતા કરી–અરે આવા મ્હારા વિચાર. આ પુરૂષ કોણ હશે ? લાવ તાલતો જોઉં? "

વ્હાલી ? થોડીવાર પહેલાં 'વ્હાલા ! નહિ જવા દઉં" કરી મ્હારા કંઠમાં ત્હારો કોમલ કર નાંખી શાન્તિ પ્રસારતી હતી તે આમ એકાએક દૂર જતી રહી ? શું પેલેથી એ જાગી તેથી શરમાઇ ! એમ હોય તો એને દૂર......

ચૂપ રહો? ત્હમે કોણ છો? કોઇ આરીસર લાગો છો. આરી-સર હો તો ત્હમારે અમારૂં અબળાનું રક્ષણ કરવું જોઇએ. અમને એકલાં દેખી જૂલમ કરતાં શરમાવું જોઇએ ગળામાં હાથ? હા! મ્હેં પાપણીએ ભુલ કરી ખરી પણ એ મ્હારા સ્વપ્નાનું પરિણામ હતું-મ્હેં મ્હારા પતિના કંઠમાં—

હા. હું પણ એજ કરૂં છું. પતિના કંઠમાં અને હું……

બસ કરો? મ્હારા પતિ એકજ છે અને એને માટે આ વેશ સજ્યો છે. માટે ચાલ્યા જાવ.

લક્ષ્મી સ્ત્રી-ચરિત્ર લગાવે છે કે સત્ય બોલે છે તે જોગણ નક્કી કરી શકી નહી એટલે તે પાસે આવી બોલી. "લક્ષ્મી! જો ત્હારે આ ભાઇ સાથે જવું હોય, ત્હારે કાંઇ એમની સાથે સંબંધ હોય તો બે-લાશક જા હું મ્હારૂં ફોડી લઇશ. રસિકચંદ્ર માગશે તો યોગ્ય ઉત્તર આપીશ."

બ્હેન! તું પણ મ્હને પાપી માને છે! હા સંયોગો એવા હતા કે વ્હેમ આવે પણ વ્હાલી બ્હેન મ્હારૂં હૃદય શુદ્ધ છે મ્હારા અંતઃક-રણમાં રસિકચંદ્ર શિવાય બીજા કોઇની જગા નથી.

પેલો રેંજર તો આ વાતચિત કાંઇ સમજ્યોજ નહી લક્ષ્મી નક્કી ત્હેને ચાહ્ય છે અને ચાહ્યા વિના કંઠમાં હાથ નાંખી બોલાવે નહિ. માત્ર આ બીજી વિધવાના જાગી જવાથીજ ઢેંગ કરે છે. પેલી જોગણને ઠેકાણે પાડવામાં આવે તો તાલ જામે. આવો વિચાર કરી બોલ્યો. "બાઇઓ? ત્હમે આ જંગલમાં એકલાં છો. હું આ જંગલનો ઉપરી છું. અહીંથી ગામ બહુ દૂર છે. ત્હમારે રહેવાને ઘરબ્હાર ન હોય તો મ્હારી સાથે ચાલો. ત્હમારે જ્યાં જવું હશે ત્યાં મોકલી આપીશ.

લક્ષ્મી જોગણ તરફ તો ઘડીમાં રેંજર તરફ જોવા લાગી.

લક્ષ્મી રેંજરના પ્રેમમાં આસક્ત થઇ છે અને મ્હારાથી બીયે છે એમ માની વિધવા જોગણે કહ્યું. "લક્ષ્મી આ ભાઇ કહે છે એ બરાબર છે. આપણે એમની સાથે જઇએ. ત્યાં ત્હને ગમે તો તું રહેજે અને હું મુંબાઇ જઇશ."

"જોગણને મ્હારી પવિત્રતા માટે શંકા પેઠી છે અને એ શંકા દૂર કરવીજ જોઇએ' એમ લક્ષ્મીને થયું પરંતુ અત્યારે ત્હેનો પ્રસંગ ન હોવાથી મૂગી રહી. રેંજર તો એમજ માનતો હતો કે લક્ષ્મી વશ થઇ છે અને એને સાથે રાખવામાં કાંઇજ વાંધો આવનાર નથી. એટલે લક્ષ્મીને સાથે લઇ જવા રાખવા ઉત્સુક હતો પણ જોગણની પીડા પતાવવા ચાહતો હતો. પણ અત્યારે તો બન્નેને સાથે લઇ ગયા વિના છૂટકોજ નહોતો એટલે એક ઘોડા ઉપર પોતે અને બીજા ઘોડા ઉપર લક્ષ્મી અને જોગણ બેસાડી મુકામ ઉપાડ્યો.

પ્રકરણ સત્તરમું.

જોગણ.

રેંજર-લક્ષ્મી અને જોગણ પાછલી રાતની મુસાફરી કરી પ્રાતઃ કાળ થતાં ગામમાં આવ્યાં. રેંજર આ ગામમાં રહેતો હતો અને વારંવાર ડીસ્ટ્રીક્ટમાં અહીંથીજ જતો. રેંજર એકલો હતો પણ માણુસોની છુટને લીધે એક સારા ગૃહસ્થ તરીકે રહેતો. રેંજર લોકોમાં માનીતો અને સ્વભાવે મિલનસાર હતો. જ્ઞાતિમાં કન્યાઓની અછતને લીધે અને યુનીવર્સીટીની ડીગ્રી ન મેળવેલી એટલે પરણી શકયો નહોતો. સામાન્ય રીતે એનું વર્તન શુદ્ધ હતું જો કે પુરેપુરૂં તો નહિજ. લક્ષ્મીને જોતાં-એની મનોઇચ્છા પ્રમાણેના લક્ષ્મીના તે સમયના વર્તનથી રેંજરની વૃત્તિ ઉશ્કેરાઇ ગઇ હતી અને તે વૃત્તિને તાબે થઇનેજ બન્નેને સાથે લાવ્યો હતો છતાં રસ્તામાં શાન્ત ચિત્તે વિચાર કરવાનો પૂરતો સમય મળવાથી રેંજરનું અંતઃકરણ ત્હેને દંશ દેવા લાગ્યું. " આ બાઇ ! મ્હને એકદમ વ્હાલા-કહી બોલાવે એ મનાય ખરૂં ? ત્યારે એ એના પતિને સંભારતી નહિ હોય ? કોઇ દિવસપણ મળેલાં નહિ-જોયેલાં નહી છતાં એકાએક મ્હને ભેટે એ સંભવિત છે ખરૂં ? ધારો કે એ કુલટા હોય તો પછી એવી ને રાખી મ્હારી આબરૂ બગાડું ? અત્યાર સુધીની મ્હારી વિશુદ્ધતા લોક સન્માન ક્ષણવારમાં ખોઉં ? ખરે લોભાઇટી

જનસમાજના અપવાદનો ભય એ નીતિ નિયમનું પાલન કરવામાં કરાવવામાં ઉત્તમ સાધન છે. એ ભયને લીધે અનેક મનુષ્યો પાપના ખાડામાં પડતાં બચે છે ત્યારે હું શું કામ ન બચું ?" રેંજર—ખાનદાન ખત્રાસનો રેંજર પોતાની વસ્તુ સ્થિતિ સમજ્યો અને જેમ બને તેમ આકર્ષક વસ્તુથી દૂર રહેવા નિશ્ચય કર્યો. બન્ને સાધ્વીઓને અનુકૂળતા કરી આપી મોકલી દેવા નિશ્ચય કર્યો.

જોગણુ ને લક્ષ્મીની વૃત્તિ માટે શંકા આવી હતી અને એતો એમજ માનતી હતી કે લક્ષ્મી રેંજરની વૃત્તિને તાબે થઇ એની પાસે-જ રહેશે. આવી સ્થિતિમાં પોતાને રહેવું એ ઠીક નહિ માની નાસી છુટવાનો લાગ ખોળતી હતી.

રેંજરના હૃદયમાં પવિત્ર વિચારો ઉદ્‌ભવ્યા હતા, બન્નેને સહિસલામત સ્થળે મૂકી આવવા વિચાર થતા હતા ત્યારે લક્ષ્મી—અનેક સંકટોથી કોમળ બનેલી, બ્હીકણુ હૃદયવાળી લક્ષ્મી ક્ષણેક્ષણે ગભરાતી. હવે શું થશે? પવિત્રતા જળવાશે કે કેમ? અહીંથી શારીતે ન્હાસી છૂટવું એનો વિચાર કરતી હતી. આમ ત્રણે જણા પોતપોતાની યોજના કરતાં હતાં ત્યાં અવનવો બનાવ બન્યો.

પ્રાતઃકાળ થયો હતો; રેંજર, લક્ષ્મી અને જોગણુ પ્રાતઃવિધિથી પરવારી ઘરના પાછલા વંડામાં ત્રણુ જૂદા જૂદા ખાટલામાં બેઠાં હતાં. દરેકના હૃદયમાં આશા, નિરાશા, ભીતિ, શંકાની વૃત્તિઓનું વહન જોશબંધ થતું હતું. એક એકને માટે શંકા અને ભવિષ્યનો ક્રમ કેમ ગોઠવવો એ વિચારે કોઇને કાંઇ સૂજતું નહોતું. રેંજરના માણુસો, પાડપાડોશી "રેંજર સાહેબ સાથે બે બાવીઓ આવી છે, શા માટે આવી હશે ? જંગલમાં લાકડા કાપતાં પકડાઇ હશે કે દરરોજ આવે છે તેમ

માણુસો આવ્યાં હશે, પણુ આવી ખૂબસૂરત છોકરીઓ બાવી શા માટે થઈ હશે, એવા એવા પ્રશ્ન અંદર અંદર પૂછતાં હતાં."

પોસ્ટલ ડીપાર્ટમેન્ટમાં એક ડેડલેટર ઓફીસનું ખાતું છે, આ ખાતાનું કામ એટલુજ છે કે પાર્સલ, કાગળ, કે બીજી કોઇ વસ્તુ ટપાલમાં મોકલી હોય અને તેનો માલિક ન જડે તેમજ શરનામાના અભાવે પહોંચી ન શકે એમ હોય તેવી વસ્તુઓ આ ઑફીસમાં રહે છે. અમૂક મુદત થયા પછી આ વસ્તુઓ કાગળો વેચી નાખવામાં આવે છે. મુંબાઇ કલકત્તા વગેરે મોટા શહેરોમાં આવા કાગળો વસ્તુઓ વગેરે લઇ લેનાર કોન્ટ્રેક્ટરો હોય છે. તેઓ સરકારને—પોસ્ટખાતાને અમૂક રકમ આપી સઘળો માલ લઇ લેછે અને તે માલ છૂટો કરી તેમાંથી કમાવાની વ્યવસ્થા કરે છે.

આવા કોન્ટ્રેક્ટરમાંનો એક ખોજો જે ગામમાં રેંજર રહેતો તે ગામનો રહીશ હતો. રેંજરને અને એને સારો નાતો હતો એટલે જ્યારે જ્યારે કોન્ટ્રેક્ટર, 'આવતો ત્યારે કાંતો બ્લોટીંગપેડ, કેલેન્ડર, સારાં ચિત્રો, નવલકથાઓ લાવતો અને કોઇ કોઇવાર તો પતિપત્નીના, અવિવાહિત સ્ત્રી પુરુષના મોટા માણુસોના ખાનગી પત્રો નમુના દાખલ લાવતો.

રોજના નિયમ પ્રમાણે ખોજો એકાદ બે પુસ્તક, ચિત્ર અને કયાલેન્ડર લાવ્યો હતો. આજ સવારે રેંજરને મળવા આવ્યો. રેંજર વંડામાં લક્ષ્મી અને જોગણુ સાથે બેઠો હતો, રેંજર સાહેબ કામમાં છે જાણી સીપાઇ સાથે પેલી વસ્તુઓ અંદર મોકલી સલામ કહેવડાવી ખોજાએ રજા લીધી. રેંજર આજ ઉત્સાહમાં નહોતો. સીપાઇને એ ચીજો ટેબલ ઉપર મૂકવા કહ્યું. સીપાઇ ટેબલ ઉપર મૂકી ચાલ્યો ગયો. લક્ષ્મીની શી ઇચ્છા છે, રેંજર શું કરવા ચાહે છે, એ બેને એક બીજા

વચ્ચે કેવી વૃત્તિ છે એ જોવા જોગણે મેજ ઉપરથી ચોપડી લઇ પાના ફેરવવા માંડયાં. ચોપડી કોઇ ઇંગ્રેજી નવલકથા સચિત્ર હતી. જોગણુ પાનાં ફેરવતાં ઘડીમાં રેંજર સામું તો ઘડીમાં લક્ષ્મી સામું જોતી અને એના શંકાશીલ હૃદયને એમજ લાગ્યું કે બન્નેનાં નેત્રો મળતાં હતાં, અને એ બે વચ્ચે કાંઇ વાયરલેસ ટેલીગ્રાફી ચાલતી હતી. આમ બન્ને કામ કરતાં કરતાં—પાનાં ફેરવતાં ફેરવતાં એક કવર મળ્યું, કવર ઉપર ડેડલેટર ઓફીસ શ્રીનગર કાસ્મીરની છાપ હતી. કવર ઉપરના સરનામા તરફ આકસ્મિક નજર ગઇ તો નીચે પ્રમાણે હતું. "સૌ. વનમાળા. સુમનગુચ્છને ત્યાં. ભદ્રાવતી." આટલું વાંચતાંજ જોગણુ ચમકી. વનમાળાનો પત્ર. વનમાળાને કોનો પત્ર? એ પત્ર કયારે લખાએ? આ ચોપડીમાં કયાંથી અને અહીં કયાંથી? લક્ષ્મીને કહું? વખત છે ખાલી કવર હોય તો? પહેલાં જોવા દે?" આમ વિચાર કરી શાન્ત રહી લક્ષ્મી કે રેંજર ન જાણે તેમ ચોપડીમાં ને ચોપડીમાં જ કવર રાખી અંદરથી કાગળ કાઢયો અને વાંચ્યો.

વ્હાલી વનમાળા !

સ્નેહમાં શંકા વિશેષ આવે.

મ્હારે માટે કેદખાનાના દુઃખ ભોગવનાર તું જ અને હાલ તારકાગળો મળ્યા છતાં એકેકનો જવાબન દેનારપણ તુંજ! મારા કાગળો—તારા તાર ત્હને મળતા નથી? શું કોઇ આપણું દુશ્મન જાગ્યું છે? અગર તું ભુલી ગઈ છે? મ્હને અહીં કાશ્મીર રાજની પ્રાઇવેટ સેક્રેટરીની જગા મળી તેના સમાચાર લખ્યા તે ખાતે પણ કાંઇપણ ઉત્તર નહી. જાત્રામાંથી પત્ર નહોતા લખાયા તેથી રીસાઇ હતી કે છે શું! જાત્રામા મંદવાડ વગેરેના કારણસર પત્ર લખાયો નહોતો. આ કાગળનો ઉત્તર

નહિ આવે તો જાણીશ કે એક સમયની સુમનની વનમાળા સુમનની મટી બીજાની થઇ છે? ત્હારા વિના આ જગા–પૈસો–સત્તા નકામી લાગે છે.

ત્હારોજ,

સુમનગુચ્છ.

આ પત્ર વાંચતાં જ જોગણ ઝબકી. "સુમનગુચ્છ પ્રાયવેટ સેક્રેટરી, કાશ્મીરમાં મોજ કરે અને વનમાળા બીચારી રખડે છે. સુમનગુચ્છનો પત્તો લાગ્યો પણ વનમાળા કયાં હશે. હમણાંજ છૂટાં પડયાં છીએ ત્યારે તો આટલામાં જ હશે. હું જ કાશ્મીર જઇ સુમનગુચ્છને મોકલું. મ્હારે જવું તો હતુંજ ને આ ઠીક બ્હાનું મળ્યું લક્ષ્મી હવે આવે એમ લાગતું નથી–" જોગણે ધીરે રહી કાગળ સેરવી લીધા–ચોપડી ઠેકાણે મૂકી અને રેંજર તરફ મ્હોં કરી બોલી. "ભાઇ ! જંગલમાંથી સહીસલામત અહીં લાવ્યા તે માટે ઉપકાર. હવે મ્હને જવા દેશો. મારે હરદ્વારની જાત્રા કરવાની છે. આ બ્હેન ! ભલે અહીં રહે ! એ નાજુક છે–એણે ટાઢ તડકો વેઠયો નથી. એનાથી રસ્તાનો શ્રમ વેઠાશે નહિ. એ ત્હમારી પાસે સુખી થશે ?"

બ્હેન ? આમ શું બોલો છો ! મ્હારે અહીં રહી શું કરવું છે. જ્યાં ત્હમે ત્યાં હું—

ના. મ્હારે ત્હારૂં કામ નથી—એટલું કહી રેંજરના ઉત્તરની રાહ જોયા વિનાજ જોગણે ઘર છોડયું–લક્ષ્મી જોગણની પાછળ જતી હતી ત્યાં રેંજર ઉભો થયો–બારણા વચ્ચે આડો ઉભો રહ્યો–ગુજવામાંથી એક ન્હાની છબી કાઢી લક્ષ્મીના મ્હોં આગળ ધરી–ત્યારે આને મળવું હોયતો અહીં રહે? એ છબી જોતાં જ લક્ષ્મીએ ઝડપ મારી છબી લેવા યત્ન કર્યો. રસિક? રસિકની છબી તમારી પાસે કયાંથી, હા ! મ્હારે એમને

મળતું છે એમની નજર આગળ મ્હારે મ્હારો દેહ છોડવો છે–મ્હને બતાવો–મ્હને મ્હરા રસિકના દર્શન કરાવો. દર્શન કરાવો તો તમે જે માગો તે આપવા તૈયાર છું—

એમ! આપ વચન હું જે માગું–મ્હારી જે ઇચ્છા હોય તે ત્હારે પૂરી પાડવી. દર્શન કરાવું પછી કાંઇ.

*　　　*　　　*　　　*

જોગણુ પાસે પૈસા હતા. એણે અમુક રકમ પોતાના નામની બેંકમાં મૂકી હતી અને પહેલથી કરેલી વ્યવસ્થા પ્રમાણે બેંકમાંથી જોઇતા રૂપીઆ ઉપાડતી. જોગણુને–રંગીલદાસ શેઠની વિધવા ને મ્હોટા ગામમાં બેંક સિવાય બીજું કોઇ ઓળખતું નહી. વિધવાએ લક્ષ્મીને–અજીતરાયને ત્યાં રહેલી સુંદર ઉર્ફે લક્ષ્મીને રસિકચંદ્ર પાસે લઇ જવા બીડું ઝડપ્યું હતું પરંતુ રસ્તામાં અનેક બનાવો બન્યા. રખડવું પડયું અને આમ લક્ષ્મીને રખડતી મૂકી ચાલી નિકળી. જોગણુ ચાર દિવસે મુસાફરી પૂરી કરી શ્રીનગર આવી પહોંચી અને ત્યાંના શિવ મંદિરમાં વાસ કર્યો. મૂળ પોતે ગુજરાતી છે. પતિના ગુજરી ગયા પછી સંન્યસ્ત લીધું છે. ઇશ્વર ભજન, જનસેવા અને પ્રભુભક્તિમાં જીવન ગાળવા ઇચ્છે છે એમ વાત ફેલાવી

હમેશાં પારકે ભાણે લાડુ મોટો લાગે છે, પરદેશી આપણા શાસ્ત્રની, રીતરીવાજની વાતો કરે, વખાણુ કરે એ આપણુને બહુ ગમે છે અને એના તરફ વિશેષ માનવૃત્તિ થાય છે આજ પ્રમાણે વિધવા જોગણુની કીર્તિ શ્રીનગરમાં પ્રસરી; કાશ્મીરના મહારાજાથી માંડી નાનામાં નાના અમલદારને ત્યાં આ સાધ્વીનાં ભજન ગવાતાં. સાધ્વીએ વાક્ચાતુર્ય–સૌંદર્યથી ઘણાને વશકર્યા–અમલદારોમાં એક સાધ્વીની પાછળપાછળ ભમવા લાગ્યો. એની મોહ વૃત્તિનો લાભ લઇ જોગણે સુમનગુચ્છના સંબંધી સર્વ

હકીકત જાણી લીધી. વિધવા પોતાને તાબે થશે એ આશાએ, પ્રશ્નનો હેતુ સમજ્યા શિવાય સુમનગુચ્છને રાજા સાથે કેવી રીતે સંબંધ થયો, કાશ્મીરમાં એની કેવી કીર્તિ હતી, કેવી રીતે ગુમ થયો, હવે ક્યાં હશે એ સર્વવાત કહી. વિધવા જોગણે હવે પોતાનીપાશ વિસ્તારી; જે સ્થળે કેદખાનું હતું–જે ભોંયરામાં સુમનગુચ્છને ગોંધી રાખવામાં આવ્યો હતો તે જોવા, દૂરથી જોવા પ્રબળઇચ્છા થઇ અને મોહપાશમાં ફસાયેલા અમલદાર સાથે નાસી જવા તૈયારી કરી. અમલદારને એકાંત જગા માટે કેદખાના પાસે જવા ઇચ્છા દર્શાવી અને તે અમલદાર કબૂલ થયો.

સંધ્યાકાળ વીત્યાપછી હમેશના નિત્યનિયમ મુજબ ભજન કીર્તન થયા બાદ રાત્રીના નવના સુમારે એક બંધ ગાડી મંદિરના દરવાજા પાસે આવી, ગાડી તૈયાર છે એવી વરધી આવતાં જોગણ ગાડીમાં બેઠી. ગાડી ચાલી કેટલા કલાક ગાડી ચાલી હશે તે કોણ જાણે પણ પરોઢીયું થતાં ગાડી ડુંગરની તળેટી પાસેના એક નાના ગામમાં આવી. આવા ગામમાં ગાડી–દરબારી ગાડી કોઇક દિવસજ આવતી હોવાથી ગાડીને જોતાંજ ગામનો પટેલ–તલાટી આવી પહોંચ્યો સાધ્વી બાઇની કીર્તિ અહીંપણ પ્રસરેલી હોવાથી સર્વ કોઇ ત્હેનો આદર સત્કાર કરવા લાગ્યું. ગાડીવાળાને પૂછતાં 'સાહેબ બપોરના આવવાના છે અને આ બાઇની સંભાળ રાખવા કહ્યું છે' એટલો જવાબ મળ્યો, સાધ્વીને પટેલ પોતાને ઘેર લઇ ગયો અને ફળ-ફળાદિની વ્યવસ્થા કરી. દશ વાગ્યાને સુમારે પટેલના ઘરમાંથી રોટલો–ડુંગળીની એક ટોપલી તૈયાર થઇ અને એક પટાવાળો લેવા આવ્યો, સાધ્વી સમજી ગઇ અને સીપાઇની પાછળ જવા ઇચ્છા થતાં ગામમાં શિવ મંદિરમાં જઇ આવું કહી ઉભી થઇ. પટલાણી સાથે આવવા

તૈયાર થઈ પણ તેને આવવા ના કહી. આગળ સીપાઇ ને પાછળ સાધ્વી. આમ કેટલોક રસ્તો કાપ્યા પછી સીપાઇ ઉભો રહ્યો. એક કળ દબાવી છાટ ઉઘાડી–દોરીવતી રોટલાની ટોપલી અંદર મોકલી અને છાટ બંધ કરી પાછો ફર્યો. જેવો સિપાઇ પાછો ફર્યો કે સાધ્વીએ સીપાઇને કહ્યું. આજ તમારા સાહેબ આવવાના છે? એમને મારૂ નામ દઇ કહેજો કે કાંઇ કારણુસર હું હરદ્વાર તરફ જાઉં છું અને તેઓ મને ત્યાં મળે. આટલું બોલી સાધ્વીએ સીપાઈના હાથમાં એક સોના મહોર મૂકી સીપાઇ ચાલ્યો ગયો અને અગાઉ જણાવ્યા પ્રમાણે સાધ્વીએ સુમનગુચ્છનો છુટકારો કર્યો.

પ્રકરણ અરાઢમું

દુષ્ટરાય.

દુષ્ટરાયનો સિતારો પાંશરો હતો. દુષ્ટરાયનો ગ્રહ ચ્હડીયાતો હતો ત્યારે રાજ્યમાંજ એટલું નહિ પણ આખા કાઠીયાવાડમાં દુષ્ટરાય ભાઇની હાક વાગતી હતી. પદવી તો હજુર સેક્રેટરીની હતી પણ પોતાની યુક્તિ પ્રયુક્તિથી—હૃદયમાં કોઇ પણ દુષ્કૃત્ય કરવામાં સંકોચ આવતો ન હોવાથી **यनकेनप्रकारेण** દ્રવ્ય પ્રાપ્તી કરવામાં ચૂકતા નહી. પટાવાળાથી કારભારી સુધીને દુષ્ટરાય ભાઇની ખુશામત કરવી પડતી. દુષ્ટરાયભાઇ ઉપરી અમલદારોના નીચમાં નીચ વાસના પૂરી પાડવાના સાધન તૈયાર કરી આપતા. ભ્રમણચંદ્ર—રસિક અને સધાના પિતા—પતિ પરાયણ—સાધ્વી કાન્તાના પતિ—ભ્રમણચંદ્ર આજ દુષ્ટરાયની મહેરબાનીથી બે પૈસા ભેગો કરવા સશક્ત થયા હતા. અને ભ્રમણચંદ્ર દુષ્ટરાયને સદા ખૂશ રાખવા નવી નવી તદબીરો કરતા. દુષ્ટરાય પરણેલો હતો. એની પત્ની સુશીલ ઉચ્ચ કૂળની અને રૂપવતી હતી. દુષ્ટરાયના સર્વ ગુણની ત્હેને ખબર હતી. કોઈ કોઈ વાર પ્રેમથી, દાખલા દલીલો આપી કુમાર્ગે ન જવા સદ્બોધ આપતી પરંતુ દુષ્ટરાયને તે બોધ રૂચતો નહિ. ત્હેના મિત્રો—કહેવાતા મિત્રોની દાનત દુષ્ટરાયની પત્નીને ફસાવવાની હતી પરંતુ આ પવિત્ર પ્રેમદા ઉપર ત્હેમની સત્તા ચાલી

નહિ. જ્યારે આ સાધ્વી પત્ની જાળમાં ન સપડાઈ ત્યારે આ દુષ્ટોએ દુષ્ટરાયના કાન ભંભેરવા માંડ્યા, એ સદ્વર્તનશાળી પત્નીની હીલચાલ દુષ્ટરાય બારિકીથી તપાસવા લાગ્યો. શંકા એવી વસ્તુ છે કે જ્યાં હૃદયમાં એક વખત દાખલ થઈ એટલે શાન્તિનો સંહાર કરે છે. જેને માટે ત્હમને શંકા, વ્હેમ થાય તે મનુષ્યની ન્હાના-મા ન્હાની ભૂલ કે ઝીણામાં ઝીણી વાત ઈર્ષાનો કીડો જાગૃત કરવા બસ છે. ત્હેમાં પણ આપણી પત્નીની પવિત્રતા વિશે શંકા આવી કે જીવન નિરસ થવાનું. એક નહી પણ અનેકવાર આપણે રસ્તામાંથી કે બ્હારી-ગે બેઠા પરસ્ત્રી સંબંધી વાત કરીએ છીએ, ક્ષણવાર દુર્વાસના ઉત્પન્ન પણ થતી હશે છતાં આપણે ખોટું કરીયે છીએ એમ માનતા નથી. આપણી પોતાનીજ પત્ની આપણા મનોવિચાર જાણી આપણને પ્રેમથી તેવો વિચાર ન કરવા કહે તો આપણે તેમની ઉપર ચ્હીડાઈએ છીએ અને તરછોડી કાઢીયે છીએ. પણ એથી ઉલટું આપણું શંકાશીલ હૃદય આપણી પત્નીને અન્ય પુરૂષ સાથે સહેજ પણ વાત કરતાં જૂએ એટલુંજ તહી પણ સાંભળે તો જોઈ લો ક્રોધનો વેગ, ક્ષણે ક્ષણે વાત ન કરવા, બ્હાર ન જવા, સારૂં લુગડું ન પહેરવા, ન હસવા હુકમ કરીયે છીએ. વ્હેમી ભરથારો ઘરમાં પોતાની ઘેરહાજરીમાં કોણ કોણ આવ્યું ગયું તેની તપાસ કરે છે, જાસુસો રાખે છે અને કેટલીકવારપુરી પણ મૂકે છે. સામાન્યરીતે જે પુરૂષોને પોતાનામાં હૃદયબલ—નીતિબલ હોતું નથી, તેઓ પોતેજ શિથિલ વૃત્તિના હોય છે. જેઓ પોતેજ નિર્બલ હોય છે, સ્ત્રી—પ્રત્યે ભાવ—પ્રેમ હોતો નથી, પોતાની પત્નીથી સંતુષ્ટ હોતા નથી, તેઓજ શંકાશીલ થાય છે અને આ શંકાને ટેકો આપનાર—પત્નીના વર્તનની બાતમી આપનાર કહેવાના મિત્રોનો ઉપકાર માને છે.

દુષ્ટરાયના સંબંધી આમ જ હતું. પોતે નિર્મલ નીતિનું નામ નહિ. અનીતિને પોષીને જ રાજ્યપ્રીતિ અને દ્રવ્ય મેળવેલું અને અનીતિમાંથી, વ્હાલા થઇ પડેલી અનીતિમાંથી અટકવા પત્નીએ બોધ આપેલો એટલે પત્ની આંખમાં કણુ જેવી લાગતી ત્હેમાં મિત્રોએ બળતામાં ઘી હોમ્યું.

એક દિવસ રાત્રીના દશના સુમારે પતિની વાટ જોતી પત્ની પથારીમાં પડી પડી ઉંઘી ગઇ, દુષ્ટરાય નિશાચર વૃત્તિ વાળો દુષ્ટરાય ગામમાં વેશ્યાઓને ત્યાં ભટકતો હતો ત્યાં દુષ્ટરાયનો એક મિત્ર દુષ્ટરાયના રંગ મહેલમાં દાખલ થયો. દુષ્ટરાયના મહેલમાં દુષ્ટરાયના મિત્રોને રાત્રી કે દિવસના કોઈ પણ સમયે દાખલ થવાની પરવાનગી હતી.

દુષ્ટરાયને પોતાની પત્ની ને પોતાના પતિના મિત્રોની વર્તણુકની ખબર હોવાથી તેમજ પતિની અનિયમિત આવવાની ટેવથી વાકેફ હોવાથી મુખ્યત્વે કરી રાત્રે ઓરડાનાં ચાર બાજુનાં બારણાં વાસી સુતી. પતિનો ઘંટો ઓળખીનેજ ઉઘાડતી. રોજના નિયમાનુસાર આજ પણ આ પત્ની વ્હાલા દુષ્ટરાયની વાટ જોતી પથારીમાં ઉંઘી ગઇ. દુષ્ટરાય દુષ્ટ હતો છતાં આ પત્નીનો સ્નેહ એવોને એવો હતો. મમતા ઓછી નહોતી. પતિ પ્રત્યે દયાથી જોતી અને ભૂલ કરતું બાળક માતાને વધારે વ્હાલું લાગે છે તેમ આ કુપંથે જતો પતિ પત્નીને વધારે મોહક લાગતો. પતિની ભ્રમણામાં ને ભ્રમણામાં સ્વપ્નામાં પડી અને સ્વપ્નામાં પતિને મળી પતિ મળતાંજ બે કર વને ભેટી. દઢ આલિંગન દીધું અને બોલી, મ્હોટેથી લવવા લાગી.

વ્હાલા ? વ્હાલા ! આમ રીસાતા હોઈશું ? હવે ત્હમને નહિ જવા દઉં; છો આખુ ગામ જોવા આવે ને મ્હારી ફજેતી થાય "

પત્નીનું લવવું ને દુષ્ટરાયનો મિત્ર બ્હાર દિવાનખાનામાં દાખલ થવું "દુષ્ટરાયતો ઘરમાં નથી અને એની વહુ કોની સાથે વાત કરે છે? બસ એતો એજ! એ જાણુતી હોવી જોઇએ કે દુષ્ટરાય મોડો આવશે અને ઘરમાં કોઇ નથી એટલે એણે બીજાને બોલાવ્યો હશે. ખરે આ લાગ સારામાં સારો છે. લાવ દુષ્ટરાયને બોલાવી બતાવું એટલે એને ખાત્રી થશે' આટલું વિચારતાં જ દુષ્ટરાય જે નાયકાને ત્યાં જતો ત્યાં મિત્ર દોડયો. જરૂરનું ઘર આગળ કામછે કહી ગાડીમાં ઘેર લાવ્યો અને ઘરમાં પેસતાં જ કહ્યું" તું અમારૂ માનતો નહોતો પણુ આજ જોજે ને કાનોકાન સાંભળજે' ત્હારી સદ્‌ગુણી પતિવ્રતા સ્ત્રી કોની સાથે વાત કરે છે તે જો" "મ્હારી પત્ની મધ્યરાત્રીએ એકાન્તમાં બીજા સાથે વાત કરે એ બનેજ નહી! એ બને જ નહી, એમ બોલ્યો ખરો પણ તે બોલતાંની સાથે જ હૃદયમાં ચરેરાટ પડયો." પોતાની પરણેતર પત્ની અન્ય પુરૂષની સાથે અને તે હું નજરે જોઇશ?"

હું બીજાની સાથે વાત કરૂં–સ્વતંત્રતાથી વર્તું તો મ્હારી પત્નીને મ્હારા જેવી વૃત્તિ થાય કે કેમ? મ્હને ક્રોધ ચડેછે તેવો ચ્હડે કે કેમ તે પ્રશ્ન આપણામાંના ઘણાની માફક પૂછયો નહિ. બન્ને મિત્રો ઉપર આવ્યા–દિવાનખાનામાંથી સુવાના ઓરડાના બારણા પાસે આવી ઉભા ત્યાં અંદરથી શબ્દ સંભળાયા—

"વ્હાલા? છો આવે ને? એમાં ડરવાનું શું છે? એક વખત આવો–બેટા–ત્હમે મ્હને વ્હાલા હીમ જેવા લાગો છો? કેટલી વાટય જોઉં? અત્યારે કોઇ હરકત કરે એમ નથી. વ્હાલા! હું ત્હમારી છું–"

સમજ્યા? દુષ્ટરાય? આ ત્હમારા પત્ની? અહલ્યા–લ.રા–મંદોદરી જે કહો તે! વ્હાલા બ્હાર છે ત્યારે અંદર કોને બોલાવે છે? છો

આવેને ? ત્હમારાથી ક્યાં બ્હીએ છે ? ડરવાનું શું છે ? શેનુ ડરવાનું ! જેણે મૂકી લાજ તેને ન્હાનુ સરખું રાજ. વળી ત્હમે રહ્યા બાયલા-બાયડીના હાથમાં રમનારા. એના ઉપર વિશ્વાસ એટલે કોણુ હરકત કરે એમ છે ?" કેમ મૂગા થયા ? દુષ્ટરાય જેટલો દુષ્ટ હતો તેટલો જ ઉતાવળીઓ અને આવેશમય હતો. પત્નીની પવિત્રતામાટે મૂળ શંકા તો હતી જ ત્યાં આ શબ્દોથી લાગ્યું સળગી–મિત્રના મ્હેણાએ તેલ હોમ્યું.

આખા ભાવનગરમાં હું કર્તા હતા ને મારે ઘેર આમ ? મારો મિત્ર બીજે વાત કરે તો મ્હારૂં તો નાક કપાઇ જ જાયને ? હું બાયલો? અરે રાંડના શા ભાર છે ? એને અને એના યારના ટુકડા કરૂં ત્યારે જ મ્હારૂં નામ દુષ્ટરાય. મ્હને કોણુ પકડનાર છે મ્હારૂં નામ કોણુ દેનાર છે ? અને બીજી કન્યા મને જોઇએ એટલી મળશે. આ બોલતાં જ ખીંટીએ લટકતો મોટો છરો હાથમાં લઇ બારણા તરફ દોડયો–બારણું અફાળ્યું–"ઉઘાડ જલ્દી" પતિના જોરે બારણાં હચમચી ગયાં ખખડાટ ને ઘાંટાના અવાજથી પત્ની સાફાળી ઉઠી–ઉઠતાં–હુગડું ઠોકઠાક કરતાં–કઇ બાજુથી–કોનો અવાજ આવે છે એ નક્કી કરવામાં કાંઇક વાર થઇ. ઉંઘમાં ને ઉંઘમાં–બ્હીકમાં ને બ્હીકમાં પેહેલાં બીજી બાજુનું દાદરાનું બારણું ઉઘાડયું–એ બાજુ કોઇને ન દેખાતાં બારણું બંધ કરી દીવાનખાના તરફના બારણા તરફ ગઇ–બારણું ઉઘાડતાંજ ક્રોધ, વૈર અને બળથી ઉશ્કેરાઇ ગયેલો પતિ જોયો, પતિને જોતાં જ–વ્હાલા! કહી ભેટવા ગઇ ત્યાં બીજા પુરૂષને જોતાં મર્યાદા સાચવવા ગઇ ને દુષ્ટરાયનો મિજાજ ગયો. કેમ ? પેલા તારા માટીને ભેટતાં 'ડરવાનું શું છે' છો આવેને ! કહેતી હતી અને મ્હને ભેટતાં મ્હારા મિત્રની શરમ આવી. રાંડ કુલટા કોની સાથે વાત કરતી હતી ? બોલ ક્યાં છે એ ત્હારો માટી ? ઘણા દિવસનું પાપ આજ પકડાયું છે !

પાપ. મારી ? આ શું બોલો છો ? આ ઓરડો હું બંધ કરીને સૂતી હતી. મ્હેં કોઇ સાથે વાત કરી નથી મ્હેં કોઇને જોયો નથી. આજ ત્હમને કોણે ભંભેર્યા છે ?

હેં ભંભેર્યાં છે ? આ મ્હારા કાનોકાન સાંભળ્યું છે. તું વ્હાલા કહી બોલાવતી હતી, વ્હાલા હીમ જેવા લાગોછો. હરકત નથી એ મેં જાતે સાંભળ્યું છે એટલે માનવા ન માનવાની વાત નથી—અને પહેલું આ બારણું કેમ ન ઉઘાડયું ? ઉઘાડતાં વાર કેમ થઇ ? પેલે બારણેથી ન્હસાડી મૂકયો કે ?

વ્હાલા ! વ્હાલા ! આમ ઉશ્કેરાઇ ન જાઓ ! હું કોઈની જોડે બોલી નથી. હું વાટય જોતી ઉંઘી ગઇ હતી. સ્વપ્નામાં લવતી હોઉં તો કોણ જાણે ! ઉંઘમાંથી ઉઠતાં મ્હેં જાણ્યું કે અવાજ આમથી આવે છે એટલે પહેલું એ બારણું ઉઘાડયું ".

એમ કે ! મ્હેં જાણ્યું ! તું શેં ન જાણે ? સ્ત્રી ચરિત્ર જવા દે ! બોલ સાચું. બોલ ! ત્હને જીવતી નહી રહેવા દઉં " આટલું બોલતાં દુષ્ટરાય પત્ની ઉપર ધસ્યો અને જોતજોતામાં પવિત્ર—પ્રેમાળ પત્નીના પેટમાં છરો ખોસી દીધો.

ભાઇ ! ભાઇ ! આ ત્હમે શું કર્યું—પત્નીનું ખૂન. એનું પરિણામ શું આવશે તે જાણોછો ?

જાણ્યું જાણ્યું હવે. મ્હને કોણ કહેનાર છે તું મુગો મરને. ડૉ. ત્રીભોવનદાસને ચાંપ્યા કે કોલેરાનું સર્ટીફીકેટ. પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટને પણ એજ. સીપાઇઓને ઇનામ કે વાત-કોઇ બની નથી. દુષ્ટરાયે આજ ઘડરીયો ઘડ જીત્યો હોય, આસુરી વૃત્તી ઉપર દૈવી સંપત્તિનો જય થયો

હોય, જગતમાંથી પાપ વૃત્તિનો નાશ કર્યો હોય તેમ આનંદમાં હતો. દુષ્ટરાય ભાઇની પત્નીને કોલેરા થયું છે એવી ગામમાં વાત ઉડી. દાક્તર ત્રિભોવનદાસને રાત્રે ઉંઘમાંથી જગાડી બોલાવી મંગાવવામાં આવ્યા. દુષ્ટરાયના મિત્રો–ઓશીયાળો–હેઠળ દીવાનખાનામાં ડાકટરની વાટય જોતા હતા. ડોકટર અને દુષ્ટરાય નીચે આવ્યા.

ડાકટર સાહેબ! મારૂં ઘર આપી દેવા તૈયાર છું જો મ્હારી સુશીલ પત્નીને બચાવો તો?

સાહેબ મારાથી બન્યું તેટલું કર્યું. કોલેરા બહુ જોરમાં છે અને દવાની અસર થઇ નહી એટલે લાચાર છું. પા કલાકમાં—

અરે રે! મ્હારૂં ઘર ભાંગે છે. એના જેવી પત્ની થનાર નથી. એની પાછળ સાત હજાર રૂપીઆ પુણ્યમાં કાઢું છું. દાક્તર? પણ દાક્તર ચાલ્યા ગયા. સવારમાં ચાર વાગતામાંજ શબને સ્મશાન ભૂમિમાં લઇ જવામાં આવ્યું અને જરીયન સાડી સાથેજ ભસ્મ કરી નાંખવામાં આવ્યું. દુષ્ટરાયે શોક પાળવા માંડ્યો. બીજી કન્યાની વાત થતાં ચ્હીડાવા લાગ્યો—

એ પત્ની પાછળ સંસાર ત્યાગ કરવા નિશ્ચયો કરવા લાગ્યો–લોકોમાં સ્નેહનાં વખાણ થવા લાગ્યાં.

સમય જતાં જ્ઞાતિમાં અકસ્માત રાધાનાં દર્શન થયાં–રાધાના પિતાનું નામ પુછતાં શ્રમણચંદનું નામ આવ્યું એટલે દુષ્ટરાય જોરમાં આવ્યો. જાસુસો મારફત શ્રમણચંદ્રને માગું કર્યું–લાલચો અપાઈ અને દ્રવ્યના લોભી શ્રમણચંદ્રે માગું કબૂલ પણ કર્યું. એક બાજુ રાધા અને બુદ્ધિસાગર પ્રણય કેલી કરતાં હતાં–એક બીજાને વરવા યુક્તિઓ ચલા-

વતાં હતાં ત્યાં દુષ્ટરાય ભ્રમણચંદ્ર સાથે લગ્ન તિથિ નક્કી કરતો હતો. લગ્નની તૈયારી ચાલતી હતી ત્યાં રાધા ન્હાસી ગઇની વાત આવી. દુષ્ટરાય નિરાશ થયો—ન્હીડાયો—બાજી હાથથી ગઇ—લોકમાં શું મોઢું દેખાડું એમ થતાંજ લાંબી રજા લઇ રાધાની શોધમાં એ પણ નિકળ્યો. કાઠિયાવાડ, ગુજરાત, મુંબઇ રખડયો પણ રાધાનો પત્તો લાગ્યો નહિ. અમદાવાદમાં એક દિવસ ફરતાં ફરતાં ખાડીયામાં ઝવેરચંદ માણેકચંદ ઝવેરીના ઘર આગળ એક સ્વરૂપવાન કન્યા—સહચરીના વેશમાં જોઇ. તપાસ કરતાં ત્હેનું નામ સુંદર છે અને શેઠની છોકરી ઇચ્છાને શિખવવા રાખેલી સ્ત્રી શિક્ષક છે એમ ખબર મળી. સુંદર એજ લક્ષ્મી કે કેમ એ શંકા થઇ. ' લક્ષ્મીને પરણાવવા ઇચ્છનાર રસિકચંદ્ર રાધાનો ભાઇ—રાધા દગો દઇ ન્હાસી ગઇ—એનું વેર એના ભાઇની ઉપર લઉં તો શું ? એ ઇચ્છાએ લક્ષ્મીને ફસાવવા તદબીરો કરવા માંડી પણ એમાં ફાવ્યો નહિ અને ઉલટું પાસે બે પૈસા હતા તે અમદાવાદમાં લોફરીઆ ટોળીએ હજમ કર્યા. દુષ્ટરાય નિરાશ થતો ગયો. પાછો ભાવનગર જાઉં એમ અનેકવાર વિચાર કરતો પણ ત્યાં શું મોંઢું દેખાડું ? રાધા વિના જવું એ ફજેત થવા બરાબર છે માની રહ્યો—જુગાર—રંડીબાજી—દારૂમાં ચકચૂર થતો ગયો—એક દિવસ નર્મદાના જંગલમાં કોઇ ચાર જોગણો છે અને તેમાં બે ઉંચી જાતની છે એવી વાત આવતાં દુષ્ટરાય તે તરફ જવા ઉપડયો. જોગણો અજાણ્યે રસ્તે—નાના ગામડામાં ફરતી એટલે એમનો પત્તો મળવો મુશ્કેલ હતો છતાં શ્રમ વેઠી બહુ રખડયો. ફરતાં ફરતાં રખડતાં જે ગામમાં વનમાળા અને કમળા હતાં તે ગામમાં આવ્યો. વનમાળા અને કમળાની તપાસ કરી. રાધા કે લક્ષ્મી ન નીકળી હવે જે હાથ આવે તે લઇ લેવું એવો નિશ્ચય કરી

વનમાળાને હાથ કરવા બાજી પાથરી. શુરી-વયયુક્ત, સૌંદર્યવાન વનમાળાને જોતાં જ દુષ્ટરાયનું મન લોભાયું-વનમાળા કયારે એકલી પડે. ત્હેને કયાં અને કેવી રીતે મળવું એના વિચારમાં હતો ત્યાં વનમાળાના ભજનમાં આવતા ભાવિકમાંથી એક સાગ્રીત મળી આવ્યો. બન્ને જણાએ વનમાળાના ઇતિહાસની તપાસ કરવા માંડી. વનમાળા ઉપર દેખરેખ રાખવાનું કહી દુષ્ટરાય ભદ્રાવતી તરફ જવા નિકળ્યો .ભદ્રાવતીમાં દુષ્ટરાયે વનમાળાના પૂર્વ ઇતિહાસની ત્હેના પતિ સુમનગુચ્છની પૂર્ણ માહિતી મેળવી સુમનગુચ્છની છબી જોઇ-નકલ સાથે રાખી પાછો ફર્યો. રસ્તામાં ભાગ્યવશાત્ બાળકને રમાડતો ખીલાવતો એક રજપુત ઘોડા ઉપર બેસી જતો જોયો-એને જોતાંજ સુમનગુચ્છની ભ્રાન્તિ થઇ. ગુંજવામાંથી છબી કાઢી ચહેરા સરખાવતાં-ભ્રાન્તિ કાંક દૂર થઇ છતાં ખાત્રી કરવા ઘોડા પાછળ ગયો. જે વૃક્ષની નીચે સુમનગુચ્છ આરામ લેવા ઉતર્યો ત્યાં દુષ્ટરાય આવી ચડયો. બન્ને અજાણ્યા જંગલમાં એકઠા થયા.

પ્રકરણ ઓગણીસમું.

જંગલમાંથી ભદ્રાવતી.

ઘોડા ઉપરની ગાદી પાથરી તે ઉપર બાલકને સુવાડી સુમનગુચ્છ પાસે પડયો પડયો બાલકના વાંસા ઉપર હાથ ફેરવતો હતો; તે સાથે આ બાલક કોનું હશે? એનું શું કરવું? મારાઓએ શામાટે મારવા આણ્યું હશે? હું એને કયાં રાખીશ? વનમાળા ન જડે તો પછી મ્હારે આ જંજાળ શામાટે વીંટાળવી એમ વિચારોમાં મશગુલ થઇ ગયો હતો. ત્યાં દુષ્ટરાયે પાસે આવી વાક્જાળ પાથરી.

મહેરબાન! આપને કયાં રહેવું? આ કંદર્પ જેવા બાલકને લઇ એકલા જંગલમાં કયાં આવી ચ્હડયા? એની મા મરી ગઇ હશે? એક પિતા તરીકેની તમારી ફરજ એને સંભાળવાની છે પણ...

ભાઇ! હું એનો ખરો પિતા નથી પણ પાલક પિતા છું. વખાનો માર્યો એ મ્હને હાથ લાગ્યો છે–મ્હારૂં નામ સુમનગુચ્છ?

કોણ સુમનગુચ્છ? ભદ્રાવતીના સુપ્રસિદ્ધ સુમનગુચ્છ? ભાઇ સાહેબ! અત્યારસુધી આપ કયાં હતા? અહીં તો આપના નામની જપમાળ ચાલતી હતી. બિચારી વનમાળા—

શું વનમાળા ગુજરી ગઇ–હેં મ્હને જલ્દી કહો! એને માટે હું

હું કાશ્મીરથી અહીં આવ્યો છું. પ્રાઇવેટ સેક્રટરીની જગા એને માટે લીધી. એને પત્રો લખ્યા પણ ઉત્તર નહીં. ત્હમે વનમાળા માટે જાણો છો—મ્હને એનો પત્તો આપશો તો જન્મો જન્મ આભાર માનીશ.

ભાઇ ! ત્હમે રજપુત છો ? કેળવાયેલા છો ? સંસારના—રાજ ખટપટના અનુભવી છો. મારે કાંઇ લેવા દેવા નથી—સ્વાર્થ નથી પણ ત્હમારા જેવા સારા માણસ ખોટા વિશ્વાસે ફસાય એ મ્હારાથી જોવાય એમ નથી. ત્હમે આવ્યા એ સારૂં કર્યું પણ વનમાળાને મળવાની આશા રાખશો નહી એનું નામ જવા દો. આખરે સ્ત્રીની બુદ્ધી પાનીયે.

એટલે તે મરી ગઇ નથી? ત્યારે શું ન્હાશી—ના—ના એ બનેજ નહિ. મ્હને વનમાળા માટે દુષ્ટ વિચાર આવેજ નહિ. એ વનમાળાએ મ્હારે માટે ક્રૂરસિંહની લાલચોને લાત મારીને, રાજવૈભવને તુચ્છકાર્યો છે, દુઃખો સહન કર્યાં છે. ત્હમે મ્હને ઉરાડો ના. ત્હમે દુશ્મનની ગરજ સારો છો.

લો હું નહિ કહું પણ આટલું સાંભળી લો. વનમાળા ત્હમારે માટે સાધ્વી થઇ અને બીજી બે ત્રણ સાધ્વી સાથે ભટકવા લાગી. એમની સાથે કેટલોક વખત એક પુરૂષ હતો એને માટે ગામગપાટા ચાલ્યા. તમારી ખર કે ખબર ન મળી. પછી વનમાળા શું કરે. યૌવન, નિરાશા—સંસારની લાલચો કોણે છોડી છે. ભલભલા એ વૃત્તિને તાબે થયા તો પછી વનમાળા શા હિસાબમાં અને ત્હેમાં એને પેલી ત્રણ ઢોંગી સાધુડીઓ મળી.

અરે ભાઇ ! ત્હમે આ શું કહો છો હું માની શકતો નથી. વનમાળા અપવિત્ર—બીન વફાદાર એ બને જ કેમ ? સૂર્ય પશ્ચિમમાં ઉગે તો પણ માનું નહિ—અને એમ હોય તો મ્હારૂં કોણ ? પછી જી-

વીને શું કરવું ? પણ હું રજપૂત છું. એ હાં–તે બતાવો. એ પાપીણી, એ નિમકહરામ કુલટાને બતાવો–એનો એના મ્હોં સામે તિરસ્કાર કરી જાઉં કે ત્યાં જ ઠાર કરૂં. હાય ! હાય ! શુરી રજપુતાણી બેવફા ! એને શી કમી હતી ? પૈસો હતો, મન માનીતો પોતાનો સ્નેહ હતો. છતાં વિષ્ટામાં મ્હોં નાંખ્યું.

ભાઈ શાન્ત થાવ ! હોય જગત છે તે એમ હોય. એને મારવાથી શો લાભ ! ભોગ એના. એ એને રસ્તે જાય તો જવા દો તમને બીજી ઘણીએ એથી સારી મળશે.

ના પણ એક વખત મારે નજરે જોવી તો ખરીજ માટે બતાવો.

તો ચાલો ! પણ એને કોઇની સાથે વિકારથી વાત કરતો જુવો તો પછી ?

હું મુંગો રહીશ. ચાલ્યો જઇશ પણ ખુનામરકી નહી કરૂં પછી કાંઇ.

તો ઠીક. આ બાલકને હું કહું ત્યાં મૂકો. કાલ સંધ્યાકાળ પછી નદિ તીરે ઝાડની ઘટા છે ત્યાં આવી ઉભા રહેજો અગર ખરી વખતે તમને તેડવા મોકલીશ, તમારી આંખે જોજો.

દુષ્ટરાય–વનમાળાના રૂપમાં મુગ્ધ થયેલા દુષ્ટરાયે વ્હેમનો કીડો સુમનગુચ્છના હૃદયમાં દાખલ કર્યો. સુમનગુચ્છ અત્યારસુધી વનમાળાના પ્રેમના સ્વપ્ના જોતો હતો. માનસિક સંયોગ અનુભવતો હતો. બાલકને પંપાળતાં સ્વર્ગ સુખ અનુભવતો હતો તેજ સુમનગુચ્છના હોશકોશ ઉડી ગયા. વનમાળાને અન્યપુરૂષસાથે હસી ખુશીથી વાત કરતી નજર આગળ જોવા લાગ્યો અને એક મીનીટ એક યુગ જેવી લાગવા માંડી. દુષ્ટરાયે સુમનગુચ્છ પાસેથી બાલકને લીધો. ત્હેને કાલાકાલા પ્રશ્ન પૂછી રમાડવા લાગ્યો અને બંનેને લઇ પોતાના એક મિત્રને ત્યાં ઉતારો આપ્યો.

દુષ્ટરાયે પ્રપંચની જાળ પાથરી, બીજા દિવસે આગળના પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે વનમાળાની મુલાકાત કરી. ત્હેના કોમળ હૃદયમાં સુમનગુચ્છ સંબંધી વિષ રેડવું–તેના પવિત્ર ચિત્તમાં અપવિત્રતા દાખલ કરી અને તેનો લાભ લઈ વનમાળાનો કોમળ હાથ હાથમાં લઇ પોતાની દુષ્ટ વાસના પૂરી પાડવાના પ્રયત્નો કરવા માંડયા. સુમનગુચ્છ અધીરો સુમનગુચ્છ–પત્નીની બેવફાદારી જોવા ઉત્સુક સુમનગુચ્છ આપેલા વખત કરતાં વહેલો આવ્યો અને દુષ્ટરાય અને વનમાળા વધારે પતિત થાય તે પહેલાંજ દાખલ થયો અને દુષ્ટરાય–પત્નીની બેવફાઇ બતાવનારજ આ કૃત્ય કરનાર છે જાણી દીલગીર થયો.

દુષ્ટરાયે બન્નેનાં હૃદયમાં વ્હેમ ઉત્પન્ન કર્યો હતો અને એ દ્વારા વનમાળાને પોતાની કરી લેવા બાજી રચી હતી પરંતુ પવિત્રતા જળવાઇ રહી. શુદ્ધ અંતઃકરણો પતિત ન થાય એ ઇશ્વરની ઇચ્છા હોવાથી વનમાળા પતિત થાય તે પહેલાંજ સુમનગુચ્છ ત્યાં આવી ચડયો. પાપી દુષ્ટરાયને નિરાશા થઇ. મહેનત નકામી ગઇ. વનમાળા અને સુમનગુચ્છ વધારે વાર એકલાં રહેશે તો ત્હેમના હૃદયમાં છુપાઇ રહેલો–વ્હેમથી ઢંકાઇ ગયેલો સ્નેહનો ઝરો એકદમ વહેવા માંડશે. સત્ય વાતની પ્રતિતી થશે, પોતાના દુષ્ટકાર્ય—પ્રપંચ જણાઇ જશે અને સુમનગુચ્છ જીવતો રહેવા નહિ દે એવો ભય દુષ્ટરાયના હૃદયમાં પેઠો. પવિત્ર અને પાપી હૃદયમાં અંતરજ આ છે. પવિત્ર હૃદયો ઉપર અનેક આક્ષેપો આવે છે. લોક નિન્દા થાય છે, જગતની બત્રીશી એ ચડે છે–પરંતુ ગ્રહણથી મુક્ત થતાં સૂર્યચંદ્ર પ્રકાશે છે તેમ સત્યવાત જણાતાં પવિત્ર હૃદય વધારે પવિત્ર બને છે–વધારે પ્રિય લાગે છે ત્યારે પાપી હૃદય શરૂઆતમાં સ્વર્ગીય સુખ ભોગવે છે, જગતમાં વાહ વાહ બોલાય છે, વૈભવ-આનંદ-મોજ-

મઝાહજ જુએ છે છતાં અંતે પર્વતના શિખર ઉપરથી પડે છે અને જેટલો આનંદ ભોગવ્યો હોય છે તેથી બેવડુ દુઃખ સહેવું પડે છે. વનમાળા અને સુમનગુચ્છ મળ્યાં એટલુંજ નહિ પણ બે વચ્ચેની મતભેદોની દિવાલો તૂટી પડી જાણી એટલે દુષ્ટરાય બ્હીન્યો-અને ડુબતો માણસ તરણું પકડે તેમ ગમે તેમ કરી આ બન્નેનું નિકંદન કાઢવા તેમને કનડવા નિશ્ચય કરી નાઠો. ગામમાં જઈ પોલીસ અમલદારને મળ્યો. સુમનગુચ્છ કોઇનું બાળક ઉપાડી લાવ્યો છે, એની વાત ઉપરથી એમ લાગે છે કે જંગલમાં શિવમંદિરમાં કોઇનું ખૂન કર્યું છે, તેજ સુમનગુચ્છ ગામમાં આવેલી સાધ્વીને લઇ ન્હાસી જવાની મસલત કરે છે અને અત્યારે એ મસલત માટે ઘટામાં મળ્યો છે એવી બાતમી આપી. પોલીસ અમલદાર દુષ્ટરાયની સાથે તે જગાએ આવ્યો. વનમાળા અને સુમનગુચ્છ એક બીજાંને ભેટ્યાં હતાં અને તે તકનો લાભ લઈ-" પકડો એમને એજ બે " એમ દુષ્ટરાયે પોલીસ અમલદારને કહ્યું અને બન્નેને કેદ કરી લઇ જવામાં આવ્યા. દુષ્ટરાય સમજતો હતો કે જો કેસ પોલીસના હાથમાં ગયો અને એને કચેરીમાં ઉભા રહેવું પડશે તો ભાવનગર-ગધા-લક્ષ્મી-નાં નામ આવશે. પોતે ફજેત થશે અને કમોતે માર્યા જવું પડશે. આટલાજ માટે જાઓ હું આવું છું કહી દુષ્ટરાય તેજ પળે પલાયન કરી ગયો.

દુષ્ટરાયની સ્થિતિ બગડતી ગઇ. એક ભૂલ એક પાપ છૂપાવતાં બીજી ભૂલ બીજું પાપ કરવું પડે છે મનુષ્યના હૃદયમાં લાલસા વધતી જાય છે ત્યારે સદ્વૃત્તિ ઘટતી જાય છે. એ લાલસાને સંતોષવા અનેક કાર્યો કરવા પડે છે અને એ કરવામાં નીતિનું ધોરણ વિસરાય છે. દુષ્ટરાયનું જીવનજ દુષ્કૃત્યોમાં શરૂ થયું હતું. દુર્વાસનાથી પોષાયું હતું.

પછી ઉન્નતિ ક્યાંથી સંભવે ? પત્નીનું ખૂન કર્યું. ત્યાં વિષય વૃત્તિ સંતોષવા રાધા લેવા–પરણવા વૃત્તિ થઇ એ વૃત્તિ ભ્રમણચંદ્રે ઉશ્કેરી. રાધાના ન્હાશી જવાથી એ વૃત્તિ વધારે જાગૃત થઇ. ન મળી શકે એ વસ્તુ વધારે આકર્ષક લાગી અને રાધા મેળવવા ભાવનગર ત્યજ્યું. રાધા મેળવતાં લક્ષ્મી જોઇ. વિષયવૃત્તિ સાથે વૈરવૃત્તિ ભળી અને લક્ષ્મીને પ્રાપ્ત કરવા અનેક પ્રયત્નો કર્યાં. સ્ત્રીને ફસાવવા વૈભવ અને દ્રવ્યનીજ જરૂર છે એમ માનતો અને સામાન્ય રીતે અર્ધદગ્ધ, જેનું મન કેળવાયું નથી એવી સ્ત્રીઓ પૈસા માટે આત્મા વેચવા તૈયાર થાય છે એ વાત પણ ખરી. લક્ષ્મીને પોતાની કરવા માટે લક્ષ્મી નહોતી. એ લક્ષ્મી મેળવવા જુગાર શરૂ થયો. જુગાર સાથે મધુપાન દાખલ થયું. આમ દુષ્ટરાયની આસપાસ જાળનું કોકડું ગુંચાતું ગયું. લક્ષ્મી સુંદરે અમદાવાદ છોડ્યું ત્યાં વનમાળા–ત્રીજી મોહીની નજરે આવી. એ મોહીની પણ વિજળીના ચમકારા માફક ઉડી ગઇ અને અને દુષ્ટરાય વિચારમાં પડ્યો. રાધા ! રાધા ત્હારે માટે ઘર છોડ્યું. ત્હારે માટે હેરાન થયો. હવે શું કરવું. જે બાજી માડુ છુ તેમાં હારૂં છું. દુષ્ટરાય કદિ હાર્યો છે ? રાધા–સુંદર વનમાળા એક પછી એક તાળી આપી ચાલ્યાં. હવે એકજ બાકી છે. ભદ્રાવતીમાં બુદ્ધિસાગર છે. રાધા એની સાથેજ હોવી જોઇએ ત્યાં જઇ એકવાર પાન કરૂં–રાધાને–એકવાર હાશ–ત્યારેજ હું સંતોષથી રહીશ. ત્યાં સુધી જીવન નકામું અને સ્ત્રી જાતિને ફસાવતાં વાર શી ? બસ એજ.”

આમ દુષ્ટવાસનાની પરંપરા અનુભવતો દુષ્ટરાય ભદ્રાવતી પહોચ્યો. ધર્મશાળામાં ઉતર્યો. હવે કેવી રીતે રાધા મેળવવી ત્હેની યોજના કરતો હતો ત્યાં ધર્મશાળાની સામેની ઓરડી ઉઘડી એમાંથી એક નવ યૌવના

ઇંદ્રની અપ્સરા કે કોઇ તાપસી હોય એવી એક સ્ત્રી બહાર નીકળી. પગમાં પાવડીયો હતી, બન્ને હાથમાં રૂદ્રાક્ષની માળા હતી. સફેત વસ્ત્ર પહેર્યું હતું કબજો પણ સફેત હતો, કોટમાં પણ રૂદ્રાક્ષની માળા લટકી રહી હતી. ભગવી શાલ ઓઢી હતી. ભવ્ય કપાળ ઉપર વિભૂતી ચોળેલી હતી. આ સાધ્વી રૂપવતી સાધ્વીને જોતાંજ દુષ્ટરાય ચલચિત્ત થયો. આ છે શું ? રાધા ગઇ, અમદાવાદ લક્ષ્મી મળી. પણે વનમાળા મળી—અહીંઆ ! અરે પ્રભુની ઇચ્છાજ એવી છે કે મારે આનંદ કરવો.

હું કયાં ખોળવા ગયો હતો પ્રભુએ જ મેળવી આપી પછી મ્હારો શો વાંક ? " આમ કરી ચિકિત્સા જોતો બેઠો. પેલી સાધ્વી ઓરડીમાંથી બ્હાર નીકળી ગામ તરફ ગઇ. દુષ્ટરાય ત્હેની પાછળ પાછળ ગયો. ગામમાં સાધ્વીએ બે ચાર જણા સાથે કાંઇ વાત કરી ત્યાર પછી ગામ બ્હાર શિવમંદિર તરફ ચાલી. દુષ્ટરાયની નજર આ સાધ્વી ઉપર જ હતી. જે શિવમંદિરમાં બુદ્ધિસાગર અને રાધાવારંવાર જતાં તેજ શિવ મંદિરમાં સાધ્વી અને દુષ્ટરાય દાખલ થયા. સાધ્વીએ મહાદેવના દર્શન કર્યા—પાછળ નદિના ઘાટ તરફના ઓટલા ઉપર બેઠી—દુષ્ટરાય પાછળ ગયો નમસ્કાર કર્યા.

વનમાળાને તો ઓળખતાં હશો ?

વનમાળાનું નામ સાંભળતાંજ જોગણુ ચમકી—દુષ્ટરાયને ધારી ધારીને જોયો ને બોલી.

હેં શું કહ્યું ? વનમાળા ? ક્યાં છે ? તમે કોણુ છો ?

વનમાળા પાસેના ગામમાં કેદ છે. સુમનગુચ્છ અને વનમાળાને કોઇના ખૂન માટે પકડવામાં આવ્યા છે એમની ઇચ્છાથીજ હું બીજી

સાધ્વીઓને ખોળવા નીકળ્યો છું ત્હમે એમાંના હો એમ ત્હમારા ઉત્તર ઉપરથી લાગે છે.

હા—એમાંની છું. એ ક્યાં છે તે બતાવશો—ત્હમે મ્હારી જોડે આવશો—આ ગામના ન્યાયાધીશ બુદ્ધિસાગર અને એમના પત્ની રાધાની મદદથી આપણે કાંઇ કરી શકીશું—તમારો ઉપકાર નહી ભૂલું. બન્ને મંદિરમાંથી નિકળ્યાં—દુષ્ટરાય અને સાધ્વી ઘણા વર્ષોના ગાઢા સંબંધમાં હોય તેમ વાતો કરવા લાગ્યાં. વાતો કરતાં હર્ષ-ચિંતા કરતાં ધર્મશાળામાં આવ્યાં—બન્ને છુટાં પડયા. બીજે દિવસે જવું એ નિશ્ચય કર્યો.

રાત્રી પડી. રાત્રીની સાથે—કાળી રાત્રીની સાથે હૃદયની કાળાશનુ જોર વધવા લાગ્યું. જગતમાં બે આંખની શરમ છે. પ્રકાશ પવિત્રતાને ઉલ્લાસે છે અંધકાર પાપવૃત્તિને પોષે છે. અંધકાર વધતાં, એકલા પડતાં દુષ્ટરાયની નજર આગળ સાધ્વીની મૂર્તિ ખડી થઇ. શું એનું સૌંદર્ય ? શું એનો મોહક ચહેરો ? એના કોમળ હાથ ! મધુરી વાણી ! જેમ જેમ વિચાર આવેગ વધતો ગયો તેમ તેમ અધીરાઇ વધતી ગઇ. ધર્મશાળામાં શાન્તિ પ્રસરતી ગઇ. સાધુ—બાવા—ભીખારી—આ બાગમાં ઉતારૂઓ થાકયા પાકયા સૂતા હતા. કોઇની ઉધરસનો અવાજ તો કોઇના નસકોરાનો અવાજ શાન્તિનો ભંગ કરતો હતો. થંભને બાંધેલી ઝોળીમાંનું બાળક રડતું ત્યારે ઉંઘમાં ને ઉંઘમાં જ માતા સૂઇજા—જો બાવો આવ્યો કહી હીંચોળતી.

ચોકીદાર ખૂણામાં હોકો રાખી ઉંઘતો હતો. આવે વખતે દુષ્ટરાય ઉઠયો. ધીરે પગલે સાધ્વીના ઓરડા તરફ ગયો. બારણું ઠેલ્યું—ઠેલતાંની સાથે ઢીલી સાંકળ ઉઘડી ગઈ ને બારણું ખૂલ્લું થયું. સાધ્વી સાદડી ઉપર સૂતી હતી—ત્હેના મ્હોં ઉપર બ્હારના ઝાંખા ફાનસનો પ્ર-

કાશ પડતો હતો. ભવ્ય તેજસ્વી કપાળ, યૌવન આનંદપૂર્ણ લાલાશ માંસલ ગાલ ઉપર છવાઇ રહી હતી–અંબોડો ઢીલો થઇ સૌંદર્યને વધારે મોહક બનાવતો હતો, છાતી ઉપરનું લુગડું ખસી જતાં વિહ્વલતાને ઉશ્કેરતું હતું, પાટલી લથરપથર થઇ હતી-ચત્તાપાટ સૂતી હતી. આ સ્થિતિ જોઇ દુષ્ટરાય ગાંડા જેવો થયો. ક્યાં છું, હું શું કરૂં છું ત્હેનું ત્હેને ભાનજ ન રહ્યું–મલિનવાસના વધારે ઉદ્દીપ્ત થઈ પરંતુ પવિત્રતા સાધુતાનો પ્રભાવજ એવો છે કે મલિનતાથી પાસે જવાતું જ નથી. સાધ્વીના કપાળની પ્રભા એટલી તો હતી કે દુષ્ટ દુષ્ટરાય પાસે જઇ શક્યોજ નહી એના ચિત્તમાં વાસનાનું પૂર્ણ સામ્રાજ્ય હતું છતાં પગલું ઉપાડી શક્યો નહી. દુષ્ટને સાહાય કરવાનીજ ઇચ્છા હોય તેમ ફાનસનો દિવો ઓલવાઇ ગયો અને સર્વત્ર દુષ્ટરાયના હૃદયનો અંધકાર છવાઇ રહ્યો. દુષ્ટરાય ટટાર થયો–એનામાં જોમ આવ્યું અને નીચો વળે છે ત્યાં પગની ઠેશ વાગી ઠેશ વાગતાંજ મગજમાં તાર પહોંચ્યો. સાધ્વી ઉભી થઇ–ઉભા થતાંજ કેડમાંથી છરો કાઢ્યો અને કોણ છે એની તજવીજ કર્યા વિનાજ અંધારામાં છરો ખોસ્યો–છરો પેટમાં પેસતાંજ ચરરર અવાજ થયો અને અવાજ સાથે ચોકીયાત જાગ્યો. બન્નેને થાણામાં લઇ ગયા–ડાકતરને ત્યાં બોલાવ્યો. બપોર જેમતેમ ગયો. પણ સાંજ પડતાં કેસ બગડતો ગયો અને દુષ્ટરાયની ઇચ્છાથી બુદ્ધિસાગર અને રાધાને બોલાવવા મોકલ્યું.

પ્રકરણ વીસમું.

સેશન્સ.

આજ મુંબઈની હાઈકોર્ટમાં અસાધારણ ધમાલ હતી આજથી શેશન્સ કોર્ટ બેસવાની હતી. શેશન્સ તો દર ટર્મમાં ભરાય છે પણ આજની ધમાલનું કારણ આજનો સેન્સેશનલ કેસ હતું. સેશન્સ ભરાય છે તે જગા આજે તમાશગીરો–વકીલો–બારીસ્ટરોથી ચીકાર હતી લીફ્ટ મારફત એક પછી એક અમલદારો આવવા લાગ્યા. જ્યુરરો રખેને આપણું નામ આવે ને મોડા પડવાથી પચાસ રૂપીઆનો ચાંલ્લો ચોટે એ બ્હીકે વ્હેલા આવી બેઠા હતા. શીપાઈઓ આમતેમ ફરી ભીડ થતી અટકાવતા હતા સવાદશ થયા ને કાળી–જાળીવાળી, કેદીઓને લઈ એક પોલીસ પાર્ટીની દેખરેખનીચે ગાડી આવી. ગાડીમાંથી કેદીને બ્હાર કાઢયો આ કોઈ નહિપણ ગ્રાન્ટરોડ સ્ટેશનઉપર પકડાયેલો કોંડાજીરાવ હતો. દાદરા મારફતઉપર લઈ તોહોમતદારના પાંજરામાં ઉભો રાખવામાં આવ્યો. આણુંદરાવ જે પોલીસ તપાસ પછી તારાપુર ગયો હતો તે આજે બોલાવવાથી હાજર થયો હતો. સાડાદશ થતાંજ બ્યુગલ વાગ્યું, હાઈકોર્ટ ઉપર ધજા ચ્હડી–નામદાર જજને માટે ખાસ રાખવામાં આવેલા લીફ્ટ મારફત જજ પધાર્યા. છડી પોકારાઈ–સઘળા ઉભા થયા અને કોર્ટના કારકુને જજ સાહેબે જગા લીધા પછી તહોમતદારનું નામ પોકાર્યું. દુભાશીયા મારફત નામ ઠામ ગુન્હો જાહેર કરી

કામ શરૂ કર્યું. ફરીયાદી તરફના બારીસ્ટરે પોતાના મુદ્દા રજુ કરતાં જણાવ્યું કે–કોંડાજીરાવ મરનાર નારાયણરાવ જાધવનો ઓરમાન સસરો થાય છે. કોંડાજીરાવની દાનત કમળા ઉર્ફે તારાને પોતાના પુત્ર હનમંતીયાને પરણાવી ત્હેનો પૈસો પોતાને હસ્તક કરવાની હતી કમળાને દુઃખ દેવામાં કોંડાજીએ બાકી રાખી નથી એ વાત ત્હેના સગા વ્હાલાએ નીચેની કોર્ટમાં આપેલી જુબાની ઉપરથી પુરવાર થાય છે. લગન હનમન્તીયા સાથે નકી થયાં પણ અકસ્માત કહો કે પ્રભુની મરજી કહો પણ આજ આનંદરાવ વડોદરામાં તે દિવસ આવી ચ્હડયા અને એમની મદદથી કમળા નાશી છુટી–કમળાએ ત્યારપછી શું શું કર્યું–ક્યાં ગઇ તે આપણે જાણવાની જરૂર નથી પણ એની પોતાની જુબાની તેમજ બીજી જુબાનીથી જણાય છે કે કોંડાજીરાવને કમળા તરફ ઘણું જૂનું વૈર હતું અને તે વૈરના અંગેજ નારાયણરાવ જાધવનું ખૂન કરાવ્યું છે. કમળાના પુત્રનું ખૂન થાય તો વારસ પોતે થાય એટલા માટે કમળાના પુત્રનું ખૂન કરવા કોંડાજીરાવે ઘણા પ્રયાસો કર્યા છે. કમળાને ફસાવવા કોંડાજીરાવનો હાથ હતો તેટલોજ હાથ ત્હેની ઓરમાન માતાનો હતો અને ભોળવવા માટેજ જ્યારે કમળાને પુત્ર થયો ત્યારે ઝભલું ટોપી અને બે અલંકારોની ભેટ આપી હતી તે તેજ સાલના કાગળ પત્રોઉપરથી જણાય છે સંવત–ના મહીનામાં કમળા તાપી નદિના તીર ઉપર આવેલા શિવાલયમાં બાળક સાથે દર્શન કરવા ગઇ હતી. અંધારૂ થતાં ચાર જણા આવી કમળાને પકડી–બાંધી તેની પાસેથી ત્હેના બાળકને લઇ ગયા એ નીચેની કોર્ટમાં પુરવાર થયું છે. એ ચારમાનો એક કોંડાજીરાવ હતો. આ વેશમાં કમળાએ કોંડાજીરાવને જોરથી બચકું ભર્યું હતું અને તે બચકાનો ડાઘ કોંડાજી-

રાવના હાથ ઉપર હજી પણ છે. કમળા અત્યાર સુધી મુંબાઇ નહોતી એટલુંજ નહી પણ દૂર ગામડામાં હતી. એણે જુબાનીમાં કહ્યું છે કે જે વખતે મારા બાળકને મારી પાસેથી છીનવી લેવામાં આવ્યું તે વખતે કોંડાજી બોલ્યો હતો કે " માતાના નાશ સાથે બાળકનો પણ નાશ થવોજ જોઇએ એટલુંજ નહિ પણ તારા દુર્ભાગી પતિનો પણ અત્યાર પહેલાજ નાશ થઇ ગયો હશે. કારણ કે તે મુંબાઇ જવા નીકળ્યો તે વેળાએ ગાડીમાંથીજ તેને બહાર નદિમાં નાખી દેવા માટે તારી માતાએ ચાર મારાઓ તેજ વેળા રવાના કર્યા હતા; કારણ કે એ જીવતો રહે તો પણ અમારા માર્ગમાં એક કંટકસમાન થઇ પડવાનો પૂરેપૂરો સંભવ છે " નારાયણરાવને રેલ્વે ટ્રેઇનમાંથી નાંખી દેવામાં આવ્યો છે અને એમાં કોંડાજીનો હાથ હોવોજ જોઇએ એમ નિર્વિવાદ-વાત છે. કમળાની પોતાની જુબાની પણ એવીજ છે. કમળાના પુત્રની તપાસ પોલીસ ચલાવે છે પણ હજી પત્તો લાગ્યો નથી. એટલે આપણી પાસે એવા પુરાવા છે તે ઉપરથી જ આપણે નિર્ણય ઉપર આવવાનું છે. "

ફરિયાદીનો બારીસ્ટર પોતાની દલીલ ચલાવતો હતો ત્યાં તારવાળાએ આવી કલાર્ક ઓફ ધ ક્રાઉનના હાથમા તાર મૂકયો. કલાર્કે તાર ફોડયો અને નામદાર જજને ખબર કરી કે મરનાર નારાયણ જાધવના પુત્રનો પત્તો લાગ્યો છે એટલુંજ નહિ પણ તપાસ કરતાં એ પુત્રનું ખૂન કરનાર—કરાવનાર, ખૂનની જગા પણ મળી આવ્યાં છે. વળી એ છોકરાને બચાવનાર શખ્સ પણ સાથે છે તેમજ કમળા ઉપર જૂલ્મ કરનાર, જૂલ્મથી લઇ જવા યત્ન કરનાર અને કોંડાજીને માથામાં ફટકો લગાવનાર બાઇ પણ છે. આ સઘળાં કાલ સવારસોરા આવી

પહોંચશે. આ તારની વાત થતાંજ કોર્ટમાં તાજુબી—ત્રાસ—સતોષની લાગણી ફેલાઇ કોંડાજીરાવ તો નિરાશ થઇ બેઠો હતો તે તારનો મુદ્દો જાણતાંજ બાલકની માફક રોવા લાગ્યો.

ફરીયાદીના બેરીસ્ટરે પોતાનું ભાષણ પુરૂં કર્યું અને તારમાં જણાવેલા માણસોની જરૂર હોવાથી કેસ મૂલતવી રાખવામાં આવ્યો. કોંડાજીરાવ ફરીને બંધ ગાડીમાં ચોગરદમ સીપાઇઓ સાથે ડુંગરી જેલમાં ગયો. કમળા આણંદરાવ સાથે ગઇ. કમળાની કોઇ દયા ખાતા તો કોઇ ગમે તેમ ટીકા કરતા હતા. પેપરમાં મોટા મોટા હેડીગોથી આજનો હેવાલ છપાયો હતો અને પેપરો બમણા પૈસા આપતે પણ મળતાં નહોતાં.

બીજે દિવસે સાડાદસ વાગે કોર્ટ બેસતાંજ નામદાર જજે પેલા તારમાં જણાવેલા શખસની હાજરી માગી. પોલીસે પ્રથમતો નારાયણરાવ જાધવના સાત વર્ષનો પુત્ર કોર્ટને રજુ કર્યો. પુત્ર જોતાં—લાંબી મુદતે પોતાના એકના એક પુત્રને જોતાંજ કમળાનું હૃદય ભરાઇ આવ્યું અને પોતે ક્યાં છે ત્હેની જરાયે દરકાર ન રાખતાં ગાંડાની માફક દોડી—પુત્રને ઉપાડી લઇ છાતી સાથે ચાંપ્યો. નામદાર જજ, કારકુનો, વકીલો, તથા સગીરો અને જુરરો કોઇજ કરી શક્યા નહી. ઉલટું વત્સલતા ભરેલી માતાને પુત્રને આલિંગતી જોઇ ખુશ થયા.

સાત વર્ષનો બાલક આમ પરદેશી સાહેબો, કાળા ડગલા વાળા સીપાઇઓ—ભીડ જોઇ ગભરાયો પણ કોર્ટે ધીરજથી ધીરેથી બાલકને પ્રશ્ન પૂછવા માંડયા અને ત્હેના ઉત્તર કળાથી લીધા.

બીજા સાક્ષી સુમનગુચ્છને સાક્ષી પુરવામાં—સત્યવાત પ્રકટ કરવામાં કાંઇજ વાંધો નહોતો. વાંધો હોય તો એટલોજ કે તે કાસ્મીરનું પ્રકરણ ઉઘાડવા ઇચ્છતો નહી કારણ તેમ કરવાથી કાસ્મીરના મહારાજા

'ઉપર બ્રીટીશ પ્રજાને કનડી કેદ કરવાનું તહોમત આવે એમ હતું. અને એ ખટપટમાં ન પડવા માત્ર જરૂર જોગી હકીકત આપવા ઠરાવ કર્યો. પોતે કોણ છે વગેરે પૂર્વ વૃત્તાન્ત જે વાંચક વર્ગ સારી પેઠે જાણે છે તે ટુંકામાં કોર્ટને જણાવ્યો અને ત્યાર પછી તેણે કોર્ટને જણાવ્યું કે "યાત્રાએ નિકળ્યા બાદ કાસ્મીરમાં હું ઘણો સમય રહ્યો. ત્યાંનો પ્રદેશ ત્યાંના હવા પાણી અને ત્યાંની અનુકૂળતાથી લોભાઇ ત્યાંજ જીવન ગાળવા મે નિશ્ચય કર્યો અને કાસ્મીર મહેશની કૃપાથી અનુકૂળતા પણ થઇ. એ દરમીયાન મ્હારી પત્ની વનમાળાને જરા પણ વિરોધ નહોતો. મેં મારી પત્નીને બોલાવવા તાર-પત્રો માણસો મોકલ્યા હતા પણ દુર્ભાગ્યે મ્હને કોઇએ ખબર આપી નહી આથી નિરાશ થઇ મ્હેં કાસ્મીર છોડ્યું. હિમાલયની તળેટીઓ જોવાની અને ઉદ્વિગ્ન મનને શાન્ત કરવાના ઇરાદાથી હું પગરસ્તે એ દિવ્ય ભૂમિ જોતો ગયો. ત્યાં ઘાડ જંગલમાં હું ભૂલો પડયો. નિરંતર બરફથી ઢંકાયેલા હિમાલયના શિખરો, લીલોતરીના સાથે જે પરિભ્રમ કરતાં ઝરણાં સ્વચ્છ કાચના જેવાં પાણીવાળી નદિઓ, કર્ણને મધુર એવાં પક્ષીના કલરવ શાંત બની ક્યાં જાઉ છું તેનું મ્હને ભાન રહ્યું નહિ. આમ કેટલાક દિવસ ગાળ્યા પછી—" "સાક્ષીને જણાવો કે અહીં કવિતા કે લેખ લખવાનો નથી. કોર્ટનો ટાઇમ બગાડવાનો નથી માટે મુદ્દા ઉપર આવો."

કોર્ટનો હુકમ થતાં સુમનગુચ્છે 'ઠીક સાહેબ' કહી શરૂ કર્યું. હું એક મંદિરમાં આવી પહોંચ્યો ત્યાં મ્હને એક તપસ્વિની મળી. એ તપસ્વિનીએ શ્વેત વસ્ત્ર, રૂદ્રાક્ષની માળા, પાવડી પહેર્યાં હતાં. એ તપસ્વિનીએ મ્હારા ઉપર પ્રસન્ન થઇ જણાવ્યું કે 'વનમાળા—ત્હારી વનમાળાને મળવું હોય તો પૂર્વ તરફ નર્મદા કિનારે જા."

સાક્ષીએ જાણવું જોઇએ કે આ કોર્ટ વ્હેમી લોકોથી–ભૂત પીશાચ જાદુને માનતી નથી. માટે એવી ગપ્પો ન મારતાં મુદ્દા ઉપર આવવું; નહી તો કેસમાં એની જુબાની નિરૂપયોગી ગણાશે.' સુમનચંદ્રે પોતાનો જુબાની ચાલુ કરી. રેલ્વે પગરસ્તે એમ રખડતો હું અમલનેર અમરકંટક આવી પહોંચ્યો. ત્યાંથી પગરસ્તે જંગલમાં જતાં એક ગાઢ અરણ્યમાં શિવમંદિર આવે છે. અંધકારમાં હું ઘોડા ઉપર ચાલ્યો આવતો હતો ત્યાં મેં એક બાલકની ચીસ સાંભળી. ચીસ સાંભળતાંજ કોઇ નરાધમ ઘરેણાને માટે બાલકનું ખૂન કરે છે એમ માની જે થાય તે ખરૂ એમ નિશ્ચય કરી ઘોડા ઉપરથી કૂદી પડ્યો. મંદિરમાં પેઠો ત્યાં અંધકારમાં એક મ્હોટા માણસના હાથમાં કાંઇ હથીઆર જેવું લાગ્યું. તે જોતાંજ મેં મારી બંધુક ફોડી. ગોળી વાગતાંજ તે ખુની પડ્યો–હું બાલકને લઇ ચાલી નિકળ્યો. વનમાળાનો મેલાપ થયો અને અમે બે પતિ–પત્ની વાત કરતાં હતાં ત્યાં અમને પોલીસે પકડ્યાં. પકડનાર પોલીસ અમલદાર શાક્ષીના પાંજરામાં ઉભા અને જુબાનીમાં જણાવ્યું કે "નારાયણ જાધવના કેસમાં ક્રીમીનલ ઇન્વેસ્ટીગેશન ડીપાર્ટમેન્ટ તરફથી તપાસનું કામ મને સોંપવામાં આવ્યું હતું મ્હને તપાસ દરમીયાન ખબર મળી હતી કે મરનાર દાક્તરની ઓરત કમળા જોગણ વેશે ભટકે છે. એની શોધ કરતો હું ભદ્રાવતીની સરહદના અને નર્મદા તીરના ગામડામાં ફરતો હતો ત્યાં મ્હને બાતમી મળી કે કમળાની સાથે ફરતી એક જોગણ જે વનમાળા નામે ઓળખાય છે અને કોર્ટમાં અત્યારે હાજર છે તે એ ગામમાં આવી છે એટલુંજ નહી પણ કોઇ પુરૂષની સાથે ઘટામાં વાતો કરે છે. વળી બાતમી મળી કે એ પુરૂષ એ ગામમાં નવોજ આવ્યો છે અને ત્હેની સાથે એક છએક વર્ષનો છોકરો છે. બાતમીદારની સાથે હું જ્યાં વનમાળા

અને અત્રે હાજર થયેલા સાક્ષી સુમનગુચ્છ વાતો કરતા હતા ત્યાં ગયો. ઝાડની પાછળ છૂપાઇ એ બેની વાત સાંભળી. પ્રથમ એક બીજા માટે વ્હેમાયેલાં હતાં પણ શાન્ત થતાં પતિપત્ની છે એમ જણાવ્યું અને એક બીજાને ભેટયાં આજ જોગણુ કમળાને ઓળખે છે એમ વનમાળાએ એક જગાએ પોતાની હકીકત જણાવેલી તે ઉપરથી જાણતાં એમને પકડવાં હોય તો મળશે જાણી બન્નેને હમે અમારે સ્વાધીન લીધાં. પોલીસ થાણામાં લઇ જઇ કમળા સંબંધી તથા તેના છોકરા સંબંધી સર્વ હકીકત પૂછી. બન્નેમાંથી એકકે કમળાનું શું થયું હશે, છોકરો ક્યાં હશે તે જાણતાં નથી એમ લાગ્યું ત્યાર પછી જે છોકરો સુમનગુચ્છની પાસે હતો તે છોકરો હાજર કર્યો. છોકરાંને જોતાંજ વનમાળા એકદમ બોલી ઉઠી. હાય! હાય! આતો મારી કમળાનો છોકરો, આતો મારી પાસે ઘણું રમ્યો છે. આવ બેટા! એમ છોકરાને છાતી સરસો ચાંપ્યો અને છોકરો ઓળખતો હોય તેમ એની પાસે ગયો પણ ખરો. વનમાળા છોકરાને રમાડતી હતી ત્યાં કોણ જાણે શું એ થયું તે ક્રોધથી લાલ આંખો કરી ઉશ્કેરાઇ જઈ પોતાના પતિ સુમનગુચ્છને કહેવા લાગી. "વારૂ! સુમનગુચ્છ મ્હને કહો? જવાબ આપો! આ છોકરો ત્હમારા હાથમાં ક્યાંથી આવ્યો? જો તમે મ્હને ચાહતા હો, ત્હમારો સ્નેહ મ્હારા ઉપર સાચો હોય, મ્હને ત્હમારી હમેશની જોવા માગતા હો તો સાચે સાચુ બોલો? શું તમે તો પેલા પાપી કોંડાજીના સાગ્રીત તો નથી થયાને? પેલા શિવમંદિરમાં કમળાને લઇ જવા શ્રમ વેઠનાર, મારફોડ કરનાર બાળકને ઝુંટાવી લઇ જનાર નરાધમોમાંના તમે એકતો નહોતા ને? હું ત્હમને ચાહું છું. હું તમને મ્હારા સર્વસ્વ ગણું છું પણ જો ત્હમે આ કાળું કૃત્ય કર્યું હશે એમાં સામીલ હશો તો આજથી હું સધવા છતાં વિધવા જેવી ફરીશ. ત્હ

મારૂં મ્હોં નહિ જોઉં" વનમાળા આવી ઉશ્કેરાઇ ગઇ હતી કે અમે બધા પોલીસ અમલદારો તો દિગમૂઢ થઇ ગયા. રખે ને અમારા દેખતાંજ બીજું ખૂન થાય એવી બીક પેઠી હતી સુમનગુચ્છ શાન્ત હતો. એણે પ્રત્યુત્તરમાં જણાવ્યું કે "વનમાળા! વનમાળા આ તું બકે છે કે બોલે છે? પેલા દુષ્ટની સંગતિમાં અતિભ્રષ્ટ થઇ લાગે છે નહિ તો વનમાળા આમ કદી ઉશ્કેરાઈ જાય નહિ. આ બાલકને ઝુંટી જવાથી મ્હને શો લાભ થવાનો હતો? એ બાલક કોનો છે કઇ જ્ઞાતિનો છે તે પણ હું જાણુતો નથી. માત્ર એને મરતો બચાવ્યો. એ મ્હારી ભૂલ. દયા ડાકણને ખાય છે. દુનિયા ભલાનીજ નથી. આ બાલકને બચાવવાથી મ્હને શા ફાયદા થયા તે કહું કે? પ્રથમ તો હું અત્યાર સુધી નિશ્ચિન્ત એકલો ફરતો તે આ બાલકને લીધે નિશ્ચિંતતા ગઈ છે. એ બાળકને પેલા દુષ્ટે જોયો. એણે ત્હારા કાન ભંભેર્યા ત્હેં મારા ઉપર મ્હારા, ત્હારી તરફના સ્નેહ ઉપર શંકા આણી અને ક્ષણવાર તું મ્હારે માટે બીજાની થવા તૈયાર થઇ; એજ બાળકને બચાવ્યો એટલે બાળકના ખૂન કરનારામાંનો એક ગણાયો. આટલા લાભ મળ્યા એ બાળક તો અહીંથી દસ બાર ગાઉ આવેલા જંગલના શિવમંદિરમાં હું વખતસર ન પહોંચ્યો હત તો હતું ન હતું થઇ ગયું હત. હું ખોટું બોલતો હોઉં તો પોલીસને તપાસ કરવા મોકલ એટલે જણાશે" એ ધણી ધણીયાણીની તકરારથી અમને તપાસ કરવાનું સાધન મળ્યું. હું અને ચાર પોલીસ સવાર બતાવેલા શિવમંદિરમાં ગયા—મંદિરમાં હથીયાર થોડા લુગડાં—ફેટા અને એક માણસનું મડદું પડેલું મળી આવ્યું. એ બધું હવે થાણામાં લાવ્યા. લુગડાં તપાસતાં ગુજવામાંથી કોંડાજીરાવનો કાગળ મળ્યો. ગનપત ઉપર લખેલો હતો અને અમૂક ઠેકાણે મળવા લખ્યું હતું.

ફરિયાદીનાં બારીસ્ટરે કોર્ટની રજા લઇ કહ્યું આપ નામદારને જણાવવા રજા લઉં છું કે 'આજ ગનપત કોંડાજીનો સાગ્રીત હતો. એજ ગનપત વડોદરામાં ડામીજમાં ડામીજ લેખાય છે. એની મદદથી કમળા અને ન્હેના ધણીનું ખૂન કરવા કોંડાજીની યુકિત હતી."

પોલીસ અમલદારે પોતાનું બોલવું જારી રાખ્યું—એ કાગળો ઉપરથી કોર્ટને જણાવો કે સદરહુ મદીરમાં મળવાનું પહેલેથીજ નકકી કરવામાં આવ્યું હતું—એજ કાગળો ઉપરથી જણાશે કે વડોદરા રેલ્વેમાં નારાયણરાવ અમૂક તારીખે જવાનો છે માટે તેને ઠાર કરવા અમૂક માણુસો મોકલ્યા છે વગેરે. આ સઘળી જુબાની ઉપરથી કોંડાજીરાવ ગુન્હેગારછે એમ અમને દીસે છે. સર્વ જુબાની પુરી થતાં—ગુન્હેગારને કાંઇ કહેવું હોય તો કહેવા જણાવવામાં આવ્યું—કોંડાજીરાવ તો પુરાવાથી એટલો તો નાહિંમત થઇ ગયો હતો કે એનામાં બોલવાનો હોશ નહોતા. ગ્રાન્ટરોડના સ્ટેશન ઉપર સેકન્ડ કલાસના ડબ્બામાંથી પોલીસના હુકમથી ઉતરતાં એ જુદો છે—ખૂનનો આરોપ મુકતાં વિચાર કરજો કહેનાર કોંડાજી ગરીબ ગાય જેવો દીસો થઇ ગયો. મ્હારે કાંઇ જ કહેવું નથી. કોર્ટની મરજીમાં આવે તેમ કરે' એટલું કહી બેસી ગયો.

જ્યુરીનો મત લેતાં કોંડાજીરાવ ગુન્હેગાર ઠર્યો, પરન્તુ નામદાર જજે ટીકા કરતાં જણાવ્યું કે કોંડાજી ગુન્હેગાર છે એમાં શક નથી પરન્તુ એના દરેક કામમાં કોઇ સાક્ષીભૂત થયેલું મળી આવ્યું નથી એટલે કોર્ટ ન્હેને દેહાંત દંડની શિક્ષા કરી શકતી નથી પરન્તુ એણે જેવા અને જેટલા ગુન્હા કર્યા છે તે એટલા ભારે છે કે જેટલી શિક્ષા થાય તેટલી ઓછી છે માટે એને દેશનિકાલની સજા કરવામાં આવે

છે. એની સાથેના સાગ્રીતોની તપાસ પોલીસ ચાલુ રાખશે અને જડી આવે યોગ્ય શાસન કરવામાં આવશે.

કોંડાજીરાવને પોલીસે સ્વાધીનમાં લીધા અને દેશપાર જનાર બીજા ગુન્હેગારોની સંખ્યા થતાં સુધી થાણા જેલમાં રાખવાનો હુકમ થયો.

કમળા અને આણંદરાવ ઘણે વખતે ભેગા થતાં ભાઈ બ્હેન જેટલો આનંદ ઉભરાયો કમળાને હવે પોતાના પુત્ર શિવાય કાંઈજ નહોતું અને એટલા માટે આણંદરાવે વડોદરાની સર્વ વ્યવસ્થા કરી પોતાની સાથે તારાપુર રહેવા વીનંતી કરી. સુશીલ દુઃખો કમળાએ એ વિનંતી સ્વીકારી અને વડોદરે જઇ તારાપુર જવા નિશ્ચય કર્યો.

વનમાળા અને કમળા પાછાં મળ્યાં; વનમાળાને પતિ મળ્યો કમળાએ પતિ ખોયો હતો પણ પુત્ર પ્રાપ્ત કર્યો હતો—આમ વનમાળા હર્ષમાં હતી ત્યારે કમળા શોક મિશ્રિત હર્ષમાં હતી; બન્ને સાધ્વીઓ લક્ષ્મી અને વિધવા જોગણ સંબંધી વાત કરતી કરતી કોર્ટ બહાર ગઇ. આખા દિવસના શ્રમથી જરાક બેક બે ઉપર હવા ખાવાના વિચારથી આણંદરાવ કમળા, છોકરો, વનમાળા અને સુમનગુચ્છ ચર્ચગેટના સ્ટેસન તરફ ગયાં. સાંજનો સમય હોવાથી લોકોની ધમાલ ઓછી નહોતી. વચલો દરવાજો બંધ હતો—નાના દરવાજેથી પારસી યુવતીઓ, નિશાળીયાઓ, ગમત કરતાં અને ગાળો દેતાં પારસીઓ, ધીરા પગલે ચાલતા શેઠીયાઓ જતા હતા. ઝાડની નીચે લ્હેજતદાર ચટણીવાળો ભૈયો તોલ કે માપની જરાએ દરકાર ન રાખનાર ઘરાકોને બે–ચાર કે છ પૈસાના મમરા કાગળમાં નાંખી—ખાટી મીઠી ચટણી—કાંદા નાંખી હલાવી—મ્હોમાં પાણી આવે એવી રીતે આપતો હતો; બટન—કાર્ડ—કવર બુટ પૉલીસની ડબ્બી લઇ એક ખોજો રસ્તામાં બેઠો હતો.

હતો ત્યારે બીજો કાજુ–દ્રાક્ષના પડીકાં ચાર ચાર પૈસે વેચતો હતો. મોટોર–વીકટોરીયા, સાઇકલ બેન્ડ સ્ટેન્ડથી ક્વીન્સરોડ ઉપર દોડી રહી હતી. કમળા અને એમનું ટોળું કેસની, મુંબાઇની બલીહારીની–લક્ષ્મીની વાતો કરતું જતું હતુ. સીગ્નલ પડેલું હોવાથી નાનો દરવાજો પણ બંધ હતો અને એ બંધ હોવાથી એ ગેટ પાસે પુષ્કળ ભીડ હતી. ભીડમાં ન પેસવાના ઇરાદાથી વનમાળા અને કમળા દૂર ઝાંપાવાળાની ઓરડીની પેલી પાસ ઉભાં–એક જી. આઇ. પી. ની ગાડી–સોલ્જરોથી ભરેલી કોલાબાથી દાદર તરફ જતી હતી–આ ગાડી ચર્ચગેટ ઉભી રહેવાની નહોતી. ગાડીમાં સોલ્જરો બુમાબુમ પાડી રહ્યા હતા. ગાડી ઝાંપા પાસે આવે છે ત્યાં એક માણસ બેન્ડ સ્ટેન્ડને રસ્તે થઇ–ચર્ચગેટથી કોલાબે જતી રેલ્વે લાઇન અને બેન્ડ સ્ટેન્ડની સડક વચ્ચેના મેદાનના ધોરા ઉપરથી કૂદી ગાડી–એનજીન આગળ પડયો. પડતાંની સાથેજ ઝાંપાની બન્ને બાજુઓનાં ટોળામાંથી કારમી ચીસ પડી–એ ત્રાડથી આખો લત્તો ગાજી ઉઠયો–એનજીન ડ્રાઇવરે ગાડી અટકાવવા બહુ પ્રયત્ન કર્યો પણ ગાડી એટલા તો જોરથી જતી હતી કે ઉભી રહેતાં એનજીન સ્ટેશનના પ્લાટફોર્મ સુધી પહોચ્યું. ત્રાડ પડતાં જ ગાડી ઉભી રહેતાં જ સીપાઇઓ. અને ડ્રાઇવર દોડયા, લોકોમાંથી પણ પાંચ પચાસ દોડયા. ડબ્બામાં બેઠેલા અને દેશીઓની હહા હીહી કરતા સોલ્જરો એકદમ શાન્ત થઇ ગયા–ગાડીમાંથી કૂદી પડયા અને બીજાની મદદ આવે તે પહેલાં પાંચ સાત સોલ્જરોએ તે કમનશીબ માણસને ખેંચી કાઢયો. હાથ–પગ છૂટા પડયા હતા, કાન તુટી ગયો હતો, માથાની ખોપરી બેસી ગઇ હતી. માણસમાં જરાએ જીવ નહોતો પણ જોરમાં વહેતા લોહીને એકદમ અટકાવ મળવાથી છૂટા પડેલા હાથ

પગ તરફના હતા. દેખાવ ત્રાસજનક હતો કમળા વનમાળા તો કોઈક અગદાગો સાંભળી શેઠ ખાઇ ગયાં હતાં ત્યાં મડદાને ઝાડ નીચે મૂકવા ‘ ખસો ખસો ’ ની બુમ પડી. ભીડ ખસતાં વનમાળા અને કમળાની નજર પેલા મડદા તરફ પડી અને એનું મ્હોં જોતાં બન્ને એકી વખતે છાતીફાટ ચીસ પાડી બોલી ઉઠ્યાં—હાય! હાય!

આતો બીચારો બાપુજી સોની!

પ્રકરણ એકવીસમું.

ભદ્રાવતીમાં.

સ્વારના ગયા પછી તરતજ બુદ્ધિસાગર અને રાધા ગાડીમાં બેશી ગામમાં ગયાં–ગાડી એમને એમ ઇસ્પીતાલ તરફ હંકારી ઇસ્પીતાલના દરવાજા આગળ પટાવાળો રાહ જોઇ ઉભો હતો–ગાડીમાંથી ઉતરતાં બન્ને ઉતાવળે પગલે વોર્ડ તરફ ગયાં. ત્યાં દાકતર દરદીની સારવારમાં હતા. દુષ્ટરાય ખાટલામાં આળોટતાં બુમ પાડતો હતો નર્સ–હમાલ બે બાજુ બેશી એક માથે આઇસ ઘસતો હતો. ત્યારે બીજો ઘા સંભાળતો હતો–દાક્તર ઘડીમાં નાડ–ઘડીમાં આંખો તપાસતો ચિંતાતુર ચહેરે ફરતો હતો.

બુદ્ધિસાગર અને રાધાને જોતાંજ દરદીની આંખોમાં તેજ આવ્યું "કોણ રાધા!" દુષ્ટરાયને જોઇ રાધાને ત્રાસ છૂટયો–દુષ્ટરાય પથારી વશ હતો છતાં એના નામથી રાધાને એટલી ભીતિ થતી કે પાસે જવાની હિંમત ચાલી નહિ.

'રાધા! હિંમત રાખ હું હારી સાથે છું અને એ મરવા પડયો છે.' બુદ્ધિસાગરે રાધાને ખચકાતી જોઇ કહ્યું. રાધા અને બુદ્ધિસાગર દુષ્ટરાયના ખાટલા નજીક ગયા. રાધાને જોતાંજ–રાધાને પાસે આવતાંજ દુષ્ટરાય જોર કરી ઉભો થયો અને 'રાધા–બે–' કહી કાંડું પકડયું–રાધાએ ચીસ પાડી અને દુષ્ટરાય અશકિતને લીધે ધબ લઇ પડયો. રા-

ધાનું કાંડું હજી દુષ્ટરાયના હાથમાં જ હતું. દાકતર નર્સ–બુદ્ધસાગરે દુષ્ટરાયને પથારીમાં સુવાડયો પકડી રાખ્યો અને માથા ઉપર બરફ ઘસવાનું ચાલુ રાખ્યું. દુષ્ટરાયનું શરીર અગ્નિમાં તપતું હોય તેમ ગરમીથી ધીકતું હતું–થોડીવાર દુષ્ટરાય પથારીમાં પડી રહ્યો. આંખ ઉઘાડી બે બાકળા માફક ચોગરદમ જોઇ રહ્યો. રાધાની તરફ તાકીને જોયું અને બોલ્યો. " રાધા પ્રિય રાધા–બ્હેન રાધા. મ્હને ક્ષમા કરો. હાય ! મ્હારી પત્ની આ આવી ! જે પીસ્તોલે મેં એનું ખુન કર્યું હતું તેજ પીસ્તોલ મ્હારા સામી ઉગામી ઉભી છે-હા ખરૂં છે. મ્હેં ત્હારા ઉપર ખોટો શક આણી મારી. હું તો પાપી છું અનેક સ્ત્રીઓ તરફ કુદષ્ટિ કરી છે માર માર, હક છે–ઓ બાપ–રે ! છાતીમાં બંધુક વાગી. કોણ રાધા ? બચાવ. બચાવ, ત્હારા વિના મને કોણ બચાવશે. અરે આ જમના દુત આવ્યા. પેલી કેવી સુંદર મૂર્તિ છે. કેવી ખુબસુરત છે. એને આલીં–અરરર–બળીમૂઓ રે બાપ ! મ્હને શી ખબર કે એ સુંદર મૂર્તી અગ્નિથી તપતી હશે–હાય, હાય !. એને બઝાવી મ્હારૂં શરીર બાળી નાંખ્યું રે–અરે જખ મારે છે કયાં દાઝયો છું ? પેલી વનમાળા રહી ! કેવો આકર્ષક લાગે છે ? એનો કોમળ હાથ મ્હારા હાથમાં કેવી શીતળતા વરસાવે છે. પણ અરે આ શું ! વનમાળા બદલાઇને નાગણ થઇ ગઇ ! નાશ બાપ મારા હાથમાં ચૂડ ભરવી છે. હમણાં દંખશે—લક્ષ્મી! રાધાને બદલે લક્ષ્મી તો લક્ષ્મી ! અપ્સરા જેવી લક્ષ્મી ! તને નહિ છોડું—પરણીશ તો ત્હનેજ. અરેરેરે ! મરી ગયો મ્હારા બાપ ! પર્વતના શિખર ઉપરથી ઉંડા ધરામાં નાંખ્યો. હવે હું ક્યાંથી નીકળીશ ? હાશ–હાશ. પેલી તપસ્વીની આવી ? કેવું સુંદર મોં ! કેવું નાજુક બદન ! લાવ એને ભેટું ? ઓરે વીજળીનો આંચકો શરીરની આરપાર ગયો–રાધા ! બ્હેન રાધા ?'—આટલું બોલતાં દુષ્ટરાય ફરીને બેઠો

થયો; આખું શરીર ધ્રુજતું હતું: આંખો ચકળ વકળ થતી હતી-શ-
રીરમાંથી અગ્નિ વરસતો હતો. દાકતરે સુઇ જવા-શાન્ત થવા કહ્યું.
માથા ઉપર આઇસ કોલનવોટર છંટાતું હતું-પણ દુષ્ટરાયને જરાએ
શાન્તિ વળી નહિ-બ્હેન રાધા ! તું મારી માની જણી બ્હેન છે હો?
તું મારી દેવી છું-તું મારી માતા છું ? મ્હને ક્ષમા કર. મ્હારાં પાપ
મારાં દુશ્મન મારી આંખ આગળ આવી ઉભાં છે. જે સુંદરીઓ તરફ
મ્હેં કુદષ્ટી કરેલી તે સુંદરીઓ મ્હને તરવારથી મારે છે-મારા શરીર-
માં તીણા ખીલા ભોક છે. બ્હેન ! બ્હેન ! મારો કયે ભવે છુટકારો
થશે ? મ્હેં મારો વૈભવ ઘર-બાર અને બૈરી-કેવી સાધ્વી પત્ની મ્હેં
એને જરાયે સુખ આપ્યું નથી-મ્હારા જેવા નરાધમને એવી સ્ત્રી ન
જોઇએ-બ્હેન રાધા? આ મ્હારા કૃષ્ણને પરણી તું સુખી થઇ છે.
મ્હને પરણી તું દુઃખી થાત. હું જાણું છું-મ્હારાં પાપનો મ્હારી સાથે
અંત આવશે. કોઇ જાણનાર નથી. લક્ષ્મી ? ! વનમાળા ! અંજાણી
વિધવા જોગણુ ! મ્હને ક્ષમા આપજે-હાય ! હાય ! પરદેશમાં આમ
કમોતે મરૂં છું. રાધા ! બુદ્ધિસાગર મ્હારૂં મડદું રઝળવશો નહિ" આ-
ટલું બોલતાં દુષ્ટરાયની આંખો ચડી ગઇ. પગ ટાઢા પડયા-શીતળ થતાં
ગયા-છાતી ઉછળવા લાગી-શ્વાસ વધ્યો-મ્હો ઉપર દુઃખ-પીડાની લા-
ગણીઓ સ્પષ્ટ દેખાવા માંડી. રાધાથી જોવાયું નહિ. જન્મમાં
મૃત્યુ શય્યા પાસે પહેલવહેલી ઉભી હતી. શરીર અને આત્માના વિયોગ
દુઃખો જોતાં રાધાને સંસાર-સૌંદર્ય-શરીર ઉપર અભાવો આવ્યો.
રાધાની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. એના કોમળ હ્રદયમાં સ્નેહ-દયા
મનુજ પ્રીતિનો ઝરો ઉછળ્યો-એકદમ દૂષ્ટરાયના મ્હો ઉપર આંખો
ઉપર હાથ મૂકયો જેથી ફાટી આંખો ત્રાસદાયક ન લાગે. બીજે હાથ

છાતી ઉપર ફેરવી બોલી. ભાઇ ! દુષ્ટરાય ! પ્રભુ ત્હમને માફ કરશે. શાન્ત થાવ. હું માફ કરૂં છું. ભાઇ ! પ્રભુનું નામ દો ! "રામ-રામ." દુષ્ટરાયમાં સાંભળવાની શક્તિ હોય કે કેમ તે રામ જાણે પણ રાધાના હસ્તથી રાધાના શબ્દથી મનશાન્તિ થઇ હોય એમ લાગ્યું અને રા. એટલા શબ્દ નિકળતાં નિકળતાં અમર આત્મા ચાલ્યો ગયો. મૃત્યુનો વિચાર થતાંજ રાધા ગભરાઇ ગઇ ને બુદ્ધિસાગર તરફ રડતી આંખે જોઇ બોલી અરેરે ! બિચારો મરી ગયો ! અરે રામ ! આમ અન્ત આવશે એમ કોણ જાણતું હતું મારીજ આંખે આ દેખાવ જોવાનો. ન્હા ! એને અવલમંજલ પહોંચાડી એના આત્માને શાન્તિ આપવા મ્હારા તરફથી સો રૂપીઆ દાનના આપશો.

બુદ્ધિસાગર-ડાક્તર-રાધા, આ દેખાવથી ખિન્ન થયા. ક્ષણવાર કોઇથી બોલાયું નહી. રાધા-બુદ્ધિસાગરને લક્ષ્મી નામ પરિચિત હતું વનમાળા સુમનગુચ્છનાં નામ ભદ્રાવતીમાં રહેવાથી સાંભળ્યા હતા. જોગણ આવેલી વિધવા હશે એમ અનુમાન કર્યું. પણ આ નામને દુષ્ટરાય સાથે શું લેવા દેવા ? શું એમની પાછળ તો નહિ પડયો હોય ! લક્ષ્મી ! રસિકભાઇની વહુ ? એનો પત્તો દુષ્ટરાયને મળ્યો હશે ! હાય ! હાય! હું એ ફેવી ગાંડી એ કયાં છે. એટલું પૂછયું હત તો કેવું સારૂ ! રસિકભાઈ કયાં હશે ? અરેરે ! અમે સુખ ભોગવીએ છીએ ને એ બે કયાં પડયાં હશે " આવા આવા વિચાર આ પ્રેમાળ દંપતીને થયા પણ હવે શા કામના !

પતિપત્ની શાન્ત થયાં-પોલીસ તપાસ કરાવી મુડદાને બાળવા રજા આપી. બુદ્ધિસાગર પોતે જાને સ્મશાન ગયો. અગ્નિ સંસ્કાર એણે કર્યો અને પછી ભાવનગર તાર કર્યો.

બીજે દિવસે સવારના બુદ્ધિસાગરે વિધવાશ્રમમાંથી જોગણને બોલાવી મંગાવી. બંગલાના પાછલા ભાગમાં બાગની રેતીમાં ત્રણ ખુરશીઓ પડી હતી. ક્યારાઓમાં જૂદી જૂદી જાતના ગુલાબો ખીલી રહ્યા. કુંજમાં હીંચકો પવનના જોરે સહેજ હાલતો હતો. માળી પાણી છાંટવાના કામમાં પડયો હતો. બુદ્ધિસાગર અને રાધા બન્ને આરામખુરશી ઉપર પડયાં પડયાં વિચારમાં તલ્લીન હતાં ત્યાં જોગણ આવી, બન્ને ઉભાં થયાં અને નમસ્કાર કરી ખુરસી ખસેડી સાધ્વી પણ શાન્ત સ્વસ્થ ચિત્તે બેઠી.

બ્હેન ! ત્હમે ક્યાંથી અને કેમ આવ્યાં છો ? આવો વેશ શાથી ? અને પેલા–ના પ્રસંગમાં ક્યાંથી એ કહેવાય એ પ્રમાણમાં કહેશો. હું ત્હમને મદદ કરવાની ઇચ્છાથી પૂછું છું.

પ્રિય બન્ધુ ! આ ગામમાં આપ સિવાય મારૂં કોઇજ નથી એટલે હું સત્યંજ કહીશ. આપના તરફ મ્હારો પક્ષપાત છે કારણ આપનાં પત્ની મ્હારા ભાઇના બ્હેન થાય એટલે મ્હારા પણ બ્હેનજ.

રાધા વચમાં બોલી ઉઠી ! ત્હમારા ભાઇ તે મ્હારા ભાઇ ! કોણ રસિકચન્દ્ર–રસિકભાઇને મ્હારા સિવાય બીજી બ્હેન હતીજ નહી, છેજ નહિ.

હા તે હશે બ્હેન ! પણ માની જણી બ્હેન શિવાય બ્હેન બીજી હોયજ નહિ કે શું? એમજ હોય તો રક્ષાબંધનને દિવસે આટલી રાખડીઓ બંધાય નહી.

ત્યારે રસિકચંદ ત્હમને મળ્યા છે ? એકલા છે ! સુખી તો છે ને ? અમે એને માટે બહુ શોધ કરી પણ પત્તો નથી–લક્ષ્મીની પાછળ જીવ ખોશે.

હા ! રસિકભાઇ મ્હને મળ્યા હતા ? ક્યાં હશે તે ચોકસ કહી શકું એમ નથી ! સુખી તો કોણ જાણે ! લક્ષ્મીની શોધમાં છે પણ લક્ષ્મી ?

શું લક્ષ્મી મરી ગઇ ? બીજાને પરણી ?

મરી તો નથી ગઇ. બીજાને પરણી તે તો કેમ કહેવાય. પર નાતમાં પરણવાનો આપણામાં રીવાજ નથી.

શું ત્યારે મ્હારો ભાઇ જેને માટે જંપીને બેઠો નથી તે બીજાના રક્ષણમાં છે. કુલટા બ્હેન મ્હારા રસિકભાઇને બતાવો એટલે હું એને ઠેકાણે આણું. રસિક ક્યાં હશે ?

રસિક મુંબાઇમાંજ હોવા જોઇએ. કંચન નામની કન્યા સાથે લગ્ન થવાનાં હતાં એ મે સાંભળ્યું. વર્તમાનપત્રમાં વાંચ્યું હતું. તે વખતે હું કાશ્મીર તરફ હતી.

કાશ્મીર? ત્યાં કેમ ગયાં હતાં. વેશે વાચે તો ગુજરાતી લાગો છો.

હા. હું ગુજરાતી છું. વણિક છું. મ્હારી બીજી સખી વનમાળાના પતિ. આજ શહેરના શુરવીર સુમનગુચ્છ કાશ્મીરમાં છે અને વનમાળા પતિવિયોગે ઝુરતી હોવાથી સુમનગુચ્છની તપાસ માટે કાશ્મીર ગઈ હતી—ત્યાં સુમનગુચ્છનો પત્તો મળ્યો એમને આ બાજુ મોકલ્યા. મ્હારા ધર્મબન્ધુ રસિકના લગ્ન ભેટ આપવાના ઇરાદાથી મુંબાઇ જવા ઇચ્છા કરતી હતી ત્યાં ખબર મળ્યા કે રસિકચંદ્ર એકાએક લગ્ન કર્યાં શિવાય ચાલ્યા ગયા છે. આ સાંભળી મ્હને જબરો આઘાત થયો ? હું નિરાશ થઇ મ્હારા જીવનનો રસ જતો રહ્યો.

બ્હેન ! ત્હમને હરકત ન હોય તો કહેશો કે રસિકચંદ્રને અને ત્હમારે પરિચય ક્યારે અને કેમ થયો.

પોતે પોતાના પતિ શેઠ રંગિલદાસ સાથે ઉઘાડી ગાડીમાં એંડસેન્ડ ઉપર ગઇ હતી. ગાડીને અકસ્માત થયો ને રસિકચંદ્રનું અચાનક આવવું. તેણે કરેલી મદદ અને તેથી થયેલી ઓળખાણ. બંગલામાં સાથે રહેવાનો પ્રસંગ–હ્રદયમાં દુષ્ટ વિચારનો પ્રવેશ–રસિકચંદ્રની દ્રઢનીતિ અને એનાથી થયેલો આત્માનો બચાવ જોગણે નિખાલસ હ્રદયે પતિપત્નીને કહી સંભળાવ્યો. એ સાંભળતાં બન્નેને રસિકભાઇ માટે સન્માન અને આ વિધવા માટે મમતા–સ્નેહ દયા ઉત્પન્ન થયાં.

ત્યારે ત્હમે રસિકભાઇના ગયા પછી જોગણુ થયાં ?

હા. અને મ્હારો પૈસો વીલ કરી મ્હે રસિકચંદ્ર બાર વર્ષની અંદર જડી આવે તો એમને આપવા ઠરાવ્યું છે.

શાબાશ છે ત્હમારા બન્ધુભાવને.

લક્ષ્મી માટે ત્હમને શંકા હોય એમ લાગે છે ?

હા. જ્યારે પવિત્ર નીતિની મૂર્તિ રસિકચંદ્રની સાથે અદ્રઢ શિથિલ વૃત્તિની લક્ષ્મીને સરખાવું છું ત્યારે મ્હને ગ્લાની થાય છે.

ત્યારે શું રસિકભાઇ માટે લક્ષ્મી યોગ્ય નથી ?

એતો કોણ જાણે પણ રસિકચંદ્ર તો રસિકચંદ્ર જ છે.

અરે પુષ્કળ વૈભવ મ્હોં આગળ હતો. ઉગતા કુસુમની માફક યૌવાવસ્થાના પુર બ્હારમાં ખીલેલી યુવતિ. શરીર–આત્મા-વૈભવ–વાડી વજીફો પગ આગળ નાખનાર હતી છતાં લક્ષ્મીને માટે, નીતિ ખાતર જેનું મન જરાયે ડોલ્યું નહી તે રસિકચંદ્ર ક્યાં અને લક્ષ્મી એક ત્રણ બદામના રંજર, વિલાસી–ટાપટીપથી સુંદર દેખાતા કાળ: સત્તાવાળા રંજરના માટે પાશમાં ફસનારી લક્ષ્મી ક્યાં ?

ત્હમે શું કહો છો ? એમ હોય જ નહીં, ત્હમે ભૂલતાં હશો. લક્ષ્મી એને હું સાથે ભણતાં હતાં. એનો સ્વભાવ હું રગેરગ જાણું છું. એનામાં અપવિત્ર વિચારો દાખલ થાયજ નહિ.

હશે, મ્હેં તો જોયું એ ઉપરથી કહું છું.

ત્યારે રસિકચંદ્ર બીજી સાથે લગ્ન કરવા તૈયાર થયા તે કેમ ?

બ્હેન એમાં હું રસિકચંદ્રનો વાંક જોતી નથી લક્ષ્મીનો પત્તો નહોતો સાંભળ્યા પ્રમાણે પોતાની જ જ્ઞાતિની વિદ્વાન સુશીલ એકની એક અને ધનાઢય કન્યા મળે પછી શામાટે ન પરણે ?

ત્હમારામાં હજી હિંદુના જુના અને ત્હેમાં પણ વાણીયાના વિચાર રહ્યા છે. ધારો કે રસિકભાઇ એ કન્યાને પરણ્યા હોત. લક્ષ્મી જડે–એ પરણેલાં નહોય, રસિકચંદ્ર માટે એણે સગાં વ્હાલાં ઘર બ્હાર તજ્યાં પછી એની શી સ્થિતિ ? આમ પુરુષો માટે એક જ સ્ત્રીઓ માટે બીજો કાયદો હોવાનું કારણ ? લક્ષ્મી મરી ગઇ છે કે બીજાને પરણી છે એવી ખાત્રી થાય ને પછી રસિકચંદ્ર બીજી પરણે તેનો યોગ્ય.

હા. હું ત્હમારૂં કહેવું સમજી અને ધારૂં છું કે લક્ષ્મી જીવતી છે એવી ખબર રસિકભાઇને મળી હોવી જોઇએ અને એથી જ લગ્ન અટકેલાં.

વારૂ ત્હમારે ને આ દુષ્ટરાયને ક્યાંથી પરિચય ?

રસિકચંદ્ર મુંબાઇ નથી એટલે હું આ બાજુ વનમાળા હશે, એનો પતો લાગશે ધારી આવી. રસ્તામાં મુંબાઇના ડૉ. નારાયણરાવ જાધવના ખૂનના કેસની ખબર મળી. એની પત્ની કમળા મ્હારી સ્નેહાળ સખી છે. એના વૈધવ્યના ખબરે મ્હારી નિરાશામાં ઉમેરો કર્યો.

કમળા, વનમાળા, લક્ષ્મી અને હું ચારે સાથે હતાં. દૈવવશાત્ હું ને લક્ષ્મી સાથે રહ્યાં—કમળા અને વનમાળાનો પતો ન લાગ્યો. કમળા પતિના કેસ માટે મુંબઇ ગઇ છે એમ ખબર મળી. વનમાળા નર્મદા કિનારે હશે એમ અટકળ કરતાં આ બાજુ આવી—અહીંની ધર્મશાળામાં ઉતરી ત્યાં એ પાપી પામર પ્રાણીઓનો ભેટો થયો અને દુષ્ટને આ મ્હારા હાથથી મારવો પડયો. કાયદામાં જે શિક્ષા હોય તે ખમવા તૈયાર છું બ્હેન !

પતિવ્રત પવિત્રતા જાળવવા સ્વરક્ષણ માટે જ ત્હમે હથિયારનો ઉપયોગ કર્યો છે માટે ત્હમે ગુન્હેગાર નથી.

વારૂ રસિકચંદ્ર, લક્ષ્મીનો પત્તો મેળવીશ? સુમનગુચ્છ ને વનમાળા મળ્યાં છે—મુંબાઇ છે. કમળા, એનો પુત્ર અને આણંદરાવ પણ મુંબાઇમાં છે એમ પેપરો ઉપરથી લાગે છે વળી રેલ્વેના અકસ્માતમાં એક સોની મરી ગયો તેને વનમાળાને કમળા ઓળખતાં હતાં એમ પેપરો ઉપરથી લાગે છે?

કોણ? બાપુજી સોની તો નહિ !

અરેરે ! શાથી ? બીચારો ! અમારી યાત્રામાં એ અમને સહાયકારી હતો. અરે રામ ! આજ માઠાજ સમાચાર મળતા ગયા છે.

શાથી અને કેમ તે ખબર નથી. આપઘાત હોય એમ લાગે છે.

બ્હેન ! ત્યારે ત્હમે હવે અહીંજ રહેશો. અત્રેના વિધવાશ્રમને એક યોગ્ય દેખરેખ રાખનારની જરૂર હતી. કેટલાકનો વિચાર કોઇ વૃદ્ધ સેવાભિલાષી પવિત્ર પુરૂષને રાખવાનો છે. હું તદ્દન વિરૂદ્ધ છું. પુરૂષ અને સ્ત્રી—પછી તે પુરૂષ ભલે વયોવૃદ્ધ હોય સંસ્કારી હોય.

પ્રતિષ્ટિત હોય તો પણ પુરૂષ અને સ્ત્રી સાથે રાખવા ઇચ્છતો નથી. પંદરે વર્ષે પણ ત્હેમાંથી ભડકો થવા સંભવ છે અને એમ થાય તો સ્ત્રી સુધારણાની હીલચાલ ઉપર જબરો ઘા પડે. સદ્‌ભાગ્યે ત્હમે આવ્યાં છો. ત્હમે યોગ્ય છો જ જાળી નથી તો આટલું કાર્ય માથે લઇ જગત ઉપર ઉપકાર કરશો. ત્હમારી ત્રણ સખીઓની જરાયે ચિન્તા ન કરશો એમનો પત્તો મેળવી એક વખત તમને મેળવીશ.

જો એટલું થાય તો બસ. મ્હારૂં જીવન આથી બીજા કયા સન્માર્ગમાં ગાળી શકીશ?

વિધવા જોગણે વિધવાશ્રમની વ્યવસ્થાનું કાર્ય માથે લીધું એટલે બુદ્ધિસાગર નિશ્ચિંત થયો. રાધા આજ થાકી ગઇ હતી. મૃત્યુનો દેખાવ નજર આગળથી ખસતો નહોતો-લક્ષ્મી માટે જોગણની શંકાએ રાધાને ઉદ્વીગ્ન બનાવી હતી-જોગણની વાતે વ્હાલો રસિકચંદ્ર સાંભર્યો આમ અસ્વસ્થ રાધા ગભરાઇ-એને ગભરાયેલી જોઇ બુદ્ધિસાગર ઉઠયો-જોગણ પણ વિધવાશ્રમ તરફ ગઇ.

પ્રકરણ બાવીસમું.

રેંજર.

વનમાલા ઉપરનો સુમનગુરુજીનો કાગળ ચોપડીમાંથી મળતાં જ સુમનગુરુજીની શોધમાં જોગણે કાસ્મીરનો રસ્તો લીધો. તેજ પળે લક્ષ્મીએ જવાની તૈયારી કરી અને ત્હેને અટકાવવા રેંજર વચમાં ઉભો.

રસિકચંદ્રની છબી બતાવી અને પોતાની ઇચ્છા પુરી પાડે તો રસિકચંદ્રનો પત્તો આપે એ શરત આપણે આગળ જાણી છે. લક્ષ્મીને માટે વાંચકવર્ગને શંકા આવી હશે—લક્ષ્મી સારી પેઠે જાણતી હતી કે જોગણને એની પવિત્રતા માટે શંકા આવી હતી. પરંતુ પોતે પવિત્ર છે એ જણાવવા સમય નહોતો અને કહેતો આવશે કે કેમ તે શંકા હતી અને આથી જ મુગી રહી.

રાત્રીના દશ વાગ્યા હતા. ચંદ્રનો પ્રકાશ પાછળ વંડામાં પડતો હતો—શીંગડાના ઝાડમાં થઇ પ્રકાશ ખાટલા ઉપર પડેલી લક્ષ્મીના શોકગ્રસ્ત વદન ઉપર છવાયો હતો. લક્ષ્મી પડી પડી વિચાર સાગરમાં ઝોલાં ખાતી હતી. 'પ્રતાપરાયની લક્ષ્મી તે હું જ કે ? તે દિવસે જ્ઞાતિ ભોજન વખતે વ્હાલા—રસિક ઉપર ચીઠી લખી મોકલનાર હું અને આજે આજ રસિક વિના રખડનાર પણ હું જ. અમણચંદ્ર ! ત્હમને શું સુઝયું કે રસિકનો વિવાહ મારી સાથે થતાં અટકાવ્યો ! એથી શો લાભ

થયો! આખા કુટુંબનો વિનાશ થયો, કાન્તા કાકી ઝુરાઇ ઝુરાઇને મરી ગયાં—હમારે ઘરબાર તજવું પડયું. બીચારી રાધા! હા! રાધા મ્હારા કરતાં હોંશીયાર—એતો એના બુદ્ધિસાગરને મળી, પરણીને સુખી થઇ. મારૂં નશીબ જ અવળું અને ડગલે ડગલે વિઘ્નો. અમદાવાદમાં સદ્‌ભાગ્યે ઇચ્છા જેવી સહીયર મળી ત્યારે ત્યાં મુવો નવનીત મળ્યો—એનાથી બચી ત્યાં પતિની આશાએ જોગણુ સાથે નીકળી. એસાને માલા તેસા. સરખેસરખાં ભેગાં થયાં—દુ:ખમાં બાકી ન રહી તે પાછાં છુટાં પડયાં—સ્વપ્નામાં વ્હાલા રસિકને મળી ત્યાં આ રેંજર આવી ચડયો. રેંજર જાણે છે કે હું એને ચાહું છું અને એની ઇચ્છાને તાબે થઇશ પણ આ લક્ષ્મીનું શરીર અને આત્મા રસિકના છે. એના અભાવે ચિતાને સોંપશે. જોગણુને મ્હારે માટે શંકા આવી. રખેને એ મ્હારા પહેલાં રસિકને મળે અને રસિક મને ત્યજી દે તો? અરે રામ! આટલું દુ:ખ જ દેવું હતું તો આગમાંથી બચાવી જ શું કામ!"

આમ અનેક વિચારો કરતી ઘડીમાં સરતા ચંદ્ર સામું તો ઘડીમાં ચંદ્રપ્રકાશમાં ઉડતાં રાત્રીના પક્ષી તરફ જોતી લક્ષ્મી ચતીપાટ સુતી હતી. રેંજર ડીસ્ટ્રીકટમાં ગયો હતો સવાર સુધી આવનાર નહોતો એટલે નિર્ભય હતી; મંદપવન, નજદીકમાં બેઠેલી ભજનમંડળીના સૂર-એકતારો, મંજીરા અને જીહો—જીહોના અવાજથી લક્ષ્મીની આંખ મળી ગઈ. મધ્યરાત્રી થઇ ગઇ, ચંદ્ર બરાબર માથા ઉપર હતો—લક્ષ્મી યોગીનીના વેશની લક્ષ્મીએ પણ સફેત મલમલની સાડી પહેરી હતી. કપાલમાં કંકુનો ચાંલ્લો આકાશના ચંદ્રની હરીફાઇ કરતો હતો—એક હાથ માથા નીચે હોવાથી વિશાળ વક્ષસ્થળ શ્વાસથી ઉછળતું સ્પષ્ટ દેખાતું હતું.

રેંજર ડીસ્ટ્રીકટમાં ગયો હતો પણ એનું હૃદય ઘર આગળ હતું. વિધવા જોગણના ગયા પછી એકલી લક્ષ્મીના વિચાર આવતાં—એના સૌંદર્ય, એકાન્ત, વગેરેના વિચાર આવતાં પોતે ખોટું કરે છે એ વિચાર નષ્ટ થયો પાપ ને પુણ્ય એ સઘળું મનુષ્યનું કૃત છે. એ બધાં બંધનો શા માટે જોઇએ. પશુ–પંખીમાં એ બંધનો કયાં છે અને ત્હેમાંએ આમાં શું ? એ એકલી છે, અવિવાહિત છે, પતિનો પત્તો નથી, પતિ હજી થયો છે કયાં તો પછી. વળી એ છબી બનાવી ત્યારે એને મેળવી આપવા માટે મારી સર્વ ઇચ્છા પૂરી પાડવા વચન આપ્યું છે તો પછી શા માટે બ્હીવું. હું એક ઓફીસર છું, મ્હારા પાછલા ભાગમાં કોણ આવનાર છે અને લક્ષ્મીના આવવાની કોઇને ખબર નથી એતો એજ ડીસ્ટ્રીકટ ફરાશે, પછી—આવો વખત ફરી ફરીને નહિ આવે, આપણે કયારે પરણવાના છીએ ?" દુષ્ટ વિચારનું સામ્રાજય થયું. આટલાજ માટે પ્રભુ પ્રાર્થના સત્ સંગત, ઇશ્વર શ્રદ્ધા અને સારા સંયોગોની જરૂર છે, મનુષ્ય ગમે તેટલો કેળવાયલો હોય, ધર્મ–પુસ્તકો મહાત્માના વિચારોનો અભ્યાસક હોય, પોતાનામાં મનોબલ—આત્મ શ્રદ્ધા છે એમ માનતો હોય છતાં મનોવિકાર સ્ત્રી સંગતિ એવી વસ્તુ છે કે આપણે કઇ વખતે ચલચિત્ત થઇશું તે સમજણ નથી પડતી. બ્રહ્મા પુત્રી પાછળ પડયા હશે કે કેમ, વિશ્વામિત્ર મેનકાથી લોભાયા હશે કે કેમ, શંકર ભીલડીના મોહમાં લુબ્ધ થયા હશે કે કેમ તે રામ જાણે, પણ એ દૃષ્ટાંતો હસી કાઢવા જેવાં નથી. જગતના ઇતિહાસમાંથી આપણા સમયના મનુષ્યમાંથી દાખલા મળી આવશે જેમાં એ વૃત્તિને લીધે નથી રહ્યું ભાન જ્ઞાનનું, જગતના સમાજના નેતા તરીકેનું, વયનું, સંત-પણાનું, જ્ઞાતિનું. આટલા જ માટે ભાઈ સાથે પણ એકાન્તમાં વખતો-વખત સમય ન ગાળવા મહાત્માએ કહી ગયા છે.

રેંજર ડીસ્ટ્રીકટમાંથી અડધેથી પાછો ફર્યો મધ્યરાત્રીએ ઘેર આવ્યો. પાછલે રસ્તેથી વંડામાં દાખલ થયો ત્યાં લક્ષ્મી- મનમાં રમી રહેલી નવયૌવનાને નિશ્ચિંત સુતેલી જોતાં નિંદ્રાધીન સુંદરીની છબી પ્રત્યક્ષ જણાઇ. મનોવિકારને પુષ્ટી મળી અને મધ્યરાત્રી–એકાન્ત–ઉત્તેજક ચંદ્ર અનિલ સૌંદર્યથી લોભાઈ લક્ષ્મીના તરફ ધસ્યો પરન્તુ; દુર્ભાગ્યે વચમાં પડેલા પત્થરની ઠેશ વાગી. ઠેસ વાગતાં જ પડયો ને માથું ખાટલા સાગે અથડાયું–અથડાતાં જ અવાજ થયો અવાજ અને ખાટલાને ધકકો લાગતાં લક્ષ્મી સાફાળી ચમકી ઉભી થઇ આંખ ચોળી આમતેમ જુવે છે તો રેંજર સામો ઉભો હતો. પડી જવાથી સારામાં-સારો લાગ ખોવાથી રેંજર કાંઇક નિરાશ થયો હતો પણ તે ટટાર થયો ને બોલ્યો " લક્ષ્મી ? રસિકચંદ્રની પેલી છબી જોઇ છે ને! અને મળવું હોય તો મ્હારી ઇચ્છા પુરી પાડ "

અને ના કબૂલ થાઉં તો—

તો એજ કે તું એકલી છે. અહીં તારૂં કોઇ નથી ગમે તે રસ્તે ગમે તે પ્રકારે મ્હારી ઇચ્છા પુરી પાડીશ જ, લક્ષ્મીએ પોતાની સ્થિતિનો વિચાર કર્યો, રેંજરની સત્તાનો એકાન્ત અવસ્થાનો વિચાર કરતાં નરમ થવામાં જ શ્રેય માની કહ્યું—

પણ–આ છબી તમારી પાસે કયાંથી આવી એ નહિ કહો ?" "નહિ કહો" એ એવી ઢબથી એવી ધીરાશથી અને એવી ખૂબીથી બોલી કે રેંજર નરમ ઘેંશ થઇ ગયો. લક્ષ્મી તાબે થઈ, એ સર્વ ઇચ્છા પુરી પાડશે–એ ચાલ છે, જંગલમાં બનેલો બનાવ ખરો જ હતો. માત્ર વિધવા જોગણની હાજરીને લીધેજ બોલતી નહોતી એની ખાત્રી થઇ અને શેઠના હાથમાં રોટલો જોઇ કુતરૂં કુદે, વડિલના હાથમાં પીપર

મીન્ટની ટીકડી કે રમકડું જોઇ છોકરૂં કુદે તેમ રંજર લક્ષ્મીની આસપાસ ભમવા લાગ્યો.

લક્ષ્મી—હને મ્હારી...ને નહિ કહું તો કોને કહીશ. ત્હારા એક મધુર શબ્દ માટે ત્હારા મોહક સ્મિત માટે હું સર્વસ્વ આપવાને તૈયાર છું. મ્હારો એક મિત્ર બાંકીપુર છે. એ અને હું બે કોલેજમાં સાથે ભણતા હતા એ અમદાવાદ એક ધનાઢ્ય શેઠની એકની એક પુત્રી સાથે પરણ્યો છે. એમને ત્યાં એક સુંદર નામની......

શું સુંદર? ત્હમારો મિત્ર અમદાવાદનો ધનાઢ્ય શેઠ!

કેમ! તું એમને ઓળખે છે?

ના પહેલા તમે તમારે જે કહેવું હોય તે કહો પછી હું કહીશ.

એ સહચરીનો પતિ ગુમ થયો છે. એનો પત્તો મેળવવામાં અનુકૂળતા થાય એટલા માટે મ્હારા મિત્રે એ છબી મ્હારા ઉપર મોકલી હતી મ્હારા મિત્રને સંતોષવા મ્હેં બહુ પ્રયત્ન કર્યાં પણ લાચાર, હું એ નાશી ગયેલા પુરૂષનું નામ જાણતો નહોતો. ત્યાર પછી ખબર મળી કે એક જોગણુ સાથે સુંદર પણ જતી રહી છે. મ્હારો મિત્ર બાંકીપુર નોકરી ઉપર ગયો. ત્હારા અહીં આવ્યા પછી કદાચ સુંદર તે તુંજ એમ ધાર્યું. કારણ ત્હારી સાથે જોગણ હતી. પણ જોગણની સાથે વાર્તાચતમાં ત્હારૂં નામ લક્ષ્મી છે એમ લાગ્યું એટલે મ્હને શક પડયો એ શક દૂર કરાવવા છબી બતાવી. હવે સુંદર અને લક્ષ્મી બે કે એક?

ત્યારે રસિકચંદનું નામ ત્હમે શાથી અને ક્યાંથી જાણ્યું.

તે દિવસે જંગલમાં મ્હેં ત્હને લવતાં એ નામ દેતાં જોઇ હતી, વળી જોગણની સાથે વાતમાં પણ એ નામ આવ્યું હતું. એતો ઠીક પણ મ્હારા પ્રશ્નનો ઉત્તર આપને?

સુંદર અને લક્ષ્મી એક ખરી ? એ ખરી ને નહિને નહિ.

એમ કેમ બને ?

મ્હારૂં નામ સુંદર. ત્હમારા મિત્ર અજીતરાયની સુશીલ પત્ની ઇચ્છાની સહચરી સુંદર તે હુંજ. રસિકચંદ્રની શોધમાં નીકળનારી હુંજ પણ અજીતરાય હાલ ક્યાં છે ?

વાત કેમ ઉરાડી ? મુદ્દાની વાત તો રહી ગઇ. લક્ષ્મી અને સુંદર એક કે કેમ ?

ત્હમે માનો તો એક ને નહિ તો જૂદી. રસિકચંદ્રનો પત્તો મેળવવો છે, તેના તરફ મ્હારો ભાવ છે, સ્નેહ છે. ત્હેમને માટે જંગલ ભટકવાના સોગન લીધા છે તે લક્ષ્મીએ—પણ ત્હમારી ઇચ્છા...ત્હમને આપેલી આશા લક્ષ્મીથી પુરી પડે એમ નથી માટે જૂદી; અને જૂદી તે સુંદર.

ત્હારી એ ફીલસુફી મને ગમતી નથી ને મ્હને સમજણ પણ પડતી નથી. મ્હારે તો કામ સાથે કામ.

પણ અજીતરાયને શો ઉત્તર આપશો. ધારો કે હું અજીતરાયને—એના પત્નીને લખું કે ત્હમે જેને મિત્ર ગણો છો. પવિત્ર માનો છો તે સાધુના લેબાશમાં સેતાન છે, એને ત્યાં કોઇ સાધ્વી સ્ત્રીને રહેવું એ કઠિન કામ છે તો ત્હમને શું થાય ?

સુંદર ? લક્ષ્મી ? જે હોય તે ? શું તું જાતે કબૂલ કરી મ્હને હલકો પડાવવા ધારે છે. ને સુંદરને ઇચ્છાએ રક્ષણ આપ્યું તેજ સુંદર પણ સાથે અપવિત્ર થશે ને ? તે સુંદર પણ ઇચ્છાની નજરમાં હલકી થશેને 'પણ' તું શા માટે ગભરાય છે. આપણી વાત—આપણો સંબંધ કોઈ જાણનાર નથી. એ માટે પુરતો બંદોબસ્ત કર્યો છે.

વારૂ ઇચ્છા બ્હેન હાલ ક્યાં છે. ?

અજીતરાય બાંકીપુર કૉલેજમાં પ્રોફેસર છે અને પતિ પત્ની બન્ને ત્યાં છે. હવે એ બધી માથાકૂટ ઠીક ! જવા દેને ! આવ ! બેસ આ ખાટલામાં.

હં-પણ ત્હમે થાકયા પાકયા હશો. થાક ખાવ-ભૂખ નથી લાગી ?

ભૂખ તો લાગીજ છે પણ મ્હારી ભૂખ ભાગ પછી ખાવાની વાત.

લાવો હું પહેલાં ત્હમને ખાવાનું કરી આપું. વાડામાં દુધી છે અને છીની મુંઠીયા તળી આપું. કહો તો ભજીયાં કાંદાના કરી આપું ?

હવે આ મધ્ય રાત્રે તને ક્યાં તસ્દી આપું. કાલ સવારે થઇ રહેશે. પણ પહેલી તું—

નારે એમ થાય ? કહી લક્ષ્મી ઉઠી ત્યાંજ પડેલા કોલસા લઇ સઘડીમાં નાખી ગાસલેટ રેડી સળગાવ્યા. ભજીયાનો સામાન તૈયાર કર્યો. લક્ષ્મીએ રંજરની ગેરહાજરીમાં ઘરની સર્વ વ્યવસ્થા, ક્યાં શું શું છે જોઇ લીધું હતું એટલે તેલ વગેરે શોધી કાઢવામાં જરાએ વિલમ્બ લાગ્યો નહી. રંજર ખાટલામાં બેઠા બેઠા પળે પળે લક્ષ્મીના ઉત્સાહ, લક્ષ્મીનો સ્નેહ, લક્ષ્મીના સૌંદર્યના મનમાં વખાણ કરતો જોઇ રહ્યો હતો. લક્ષ્મી રંજર જાણે પોતાનો મનથી માનેલા પતિ હોય તેમ સ્નેહ પૂર્વક વિના સંકોચે વાત કરતી હતી.

વારૂ પણ રસિકચંદ્રનો કાંઇ પત્તો ?

હા. મ્હે થોડા દિવસ ઉપર વાંચ્યું હતું કે મહાલક્ષ્મી ઉપરના શાન્તિસદનના ધનાઢય ગૃહસ્થના એકની એક પુત્રી કંચન સાથે રસિ-

કચંદ્રનું લગ્ન થનાર હતું–લગ્ન દિવસ નક્કી થયો. બન્ને એક બીજાને ચાહતાં હતાં. ઘણો સમય એક બીજાં સાથે રસિકચંદ્રનું લગ્ન થનાર હતું. લગ્ન દિવસ નક્કિ થયો. બન્ને એક બીજાને ચાહતાં હતાં. ઘણો સમય એક બીજાં સાથે રહ્યાં હતાં છતાં છેવટે લગ્ન બંધ રહ્યાં. રસિકચંદ્ર ત્યાંથી ચાલ્યા ગયા.

શું ? રસિકચંદ્ર બીજીને ચાહતા હતા !

કંચન ! કંચન મ્હારા કરતાં વિશેષ સ્વરૂપવાન હશે ? "

દેવતા સળગાવતાં હૃદયમાં ઇર્ષાનો અગ્નિ સળગ્યો અને લક્ષ્મી કંપવા લાગી. શું કરૂં ? પાંખ હત તો ઉડી રસિકચંદ્ર આગળ ઉભી રહેત. મોડે મોડ ઠપકો આપત. કંચનને નજરો નજર જોત. રેંજર વસ્તુ સ્થિતિ સમજ્યો અને બોલ્યો "પણ તું શા માટે ગભરાય છે–એ ભલે પરણે. આપણે અહીં રહી. "

તો આ રેંજરની યુક્તિ હોય, રસિકચંદ્ર એવા હોયજ નહિ. જરૂર એતો રસિકચંદ્ર માટે વ્હેમ ઉત્પન્ન કરવવા માટેજ આ યુક્તિ, ખેર ! એમ કહી લક્ષ્મીએ સળગેલી સઘડી ઉપર કઢાઇ મૂકી કઢાઇમાં તેલ ભર્યું ને તેલ ઉકળવાની વાટય જોતી ભજીયાની તજવીજ કરવા લાગી.રેંજર થાકેલો હતો. મધ્યરાત્રી થઇ ગઇ હતી. આંખમાં ઉંઘ હતી છતાં મનોવૃત્તિ કબજામાં ન હોવાથી અસ્વસ્થ હતો અને ખાટલામાં આંખ મીચી પડયો હતો.

લક્ષ્મી ઉભી થઇ ટટાર થઇ આંખમાં ક્રોધ–વૈર ખુનસ ભરાયું સાંડસી લઇ કઢાઇ પકડી અને લે લેતો જા કરી ઉકળતું તેલ સુતેલા રેંજર ઉપર નાંખ્યું. તેલ પડતાંજ 'ઓ બાપરે !' ની બૂમ પાડી પણ

બીજી જ પળે બેભાન થઇ પડ્યો. રેંજરનું મકાન ગામ બ્હાર દૂર હોવાથી અને ગુન્હો મનાવવા વારંવાર ગુન્હેગારને માર પડતો હોવાથી લોકોનું ધ્યાન ત્યમ તરફ જાય એમ હતું નહિ. લક્ષ્મી આગળ પાછળ જોયા વિના જ, રખેને બીજી પીડામાં પડાય એ ત્રાસે વંડાના પાછલા બારણામાંથી મોઢે માથે શાલ ઓઢી નાઠી. રેંજરની સ્થિતિનો ત્હેને જરાયે વિચાર થતો નહિ.

પ્રકરણ ત્રેવીસમું.

મુસાફરી.

લક્ષ્મી–ભાવનગરના સુપ્રસિદ્ધ ગૃહસ્થ પ્રતાપરાયની લાડકી પુત્રી રસિકચંદ્રની આંખની કૌમુદી, એકલી અતુલી, પાછલા રાતના આમ નાસતી હતી એણે ટુંક જીવનમાં જગતના અનેક રંગો જોયા. હિંદુ સંસારમાં સ્નેહલગ્ન કવચિત્ દેખાય છે, પણ લક્ષ્મીને સ્નેહનું સ્થાન મળ્યું તે ભાવીએ ઝુંટાવી લીધું. સ્નેહીની પાછળ દોડી તેમ તેમ સ્નેહી દૂર જતો ગયો, ઘરમાંથી પગ બ્હાર ન કઢેલો તે લક્ષ્મી ભૂખી તરસી ટાઢ તડકામાં જંગલે જંગલ ભટકી; કોઇનો કટુ વેણ સાંભળેલો નહિ તેજ લક્ષ્મી ને લોકોના અપમાન–ન સાંભળેલા શબ્દો સાંભળવા પડયા.

લક્ષ્મીએ ન કરવાનું કર્યું હતું; એક મનુષ્ય ઉપર કડકડતું તેલ રેડયું હતું–એનું શું પરિણામ! મરણ? ખૂન! એ પકડાઇ તો–ફાંશી? બસ–અંત–લક્ષ્મીની નજર આગળ ફાંશીનો માચડો ખડો થયો–ફાંશી આગળ ઘસડાતી પોતાની જાતને જોઈ–ત્યાં રસિકચંદ્રની મૂર્તિ ખડી થઇ. શું છેલ્લી સલામ. મળ્યા વિના મનની મુરાદ મનમાજ રાખીને? અભિલાષા–આશા પુરી કર્યા વિનાજ છૂટાં પડવાનું અને તે પણ એમના મનથી તો ખૂનીજ ને......લક્ષ્મી આમ અનેક તર્ક વિતર્ક કરતી, ક્યાં

જાય છે–આગળ પાછળ કોણુ ને શું છે તે જોયા વિનાજ ચાલ્યા કર્યું. સવાર થતાં એક નાના સ્ટેશનવાળા ગામ આગળ આવી પહોંચી. સ્ટેશન ઉપર નહોતી ધમાલ કે ભીડ, સ્ટેશન માસ્તરજ તારમાસ્તર–ટીકીટ–માસ્તર અને ગુડ્સ માસ્તર–એક પોર્ટર અને એક પટાવાળો. સ્ટેશન માસ્તરનું ઘર પણ સ્ટેશન ઉપરજ હતું. અને ગાડી આવવાના સમયેજ બ્હાર નીકળતો. લક્ષ્મી સ્ટેશન ઉપર આવી થાકી પાકી બાંકડા ઉપર ઉંઘી ગઇ–ગાડીનો વખત થતાં પોર્ટરે આવી ઉઠાડી–ત્હારે ક્યાં જવું છે? ટીકીટ લે' ના શબ્દ કાને પડતાંજ લક્ષ્મી ગભરાઇ–– ".ક્યાં જવું છે? ક્યાં જાઉં? મુંબાઇ? મુંબાઇ કોને ત્યાં? શાન્તિસદન મહલક્ષ્મી? એ શું હશે? મ્હેં મુંબાઇ જોયું નથી. કહે છે મુંબઇનું સ્ટેશન જ નથી ત્યારે? પણ ટીકીટ તો લેવીજને–એમ કહી લક્ષ્મીએ ગુંજવામાં હાથ નાંખ્યો. લક્ષ્મી એમને એમ નાઠી હોવાથી પાસે પઇ નહોતી. હવે? એકદમ રોઇ પડી. એને રોતાં જોઇ પોર્ટરને દયા આવી. પોર્ટરે સ્ટેશન માસ્તરની વહુને કહ્યું–વહુ જોવા બહાર નિકળ્યાં તો એક સ્વરૂપવતી યુવાન યોગિની નિરાશા અને દુઃખથી રોતી જણાઇ. હિંદુ ઓના અનેક દોષો હશે. હિંદુ સ્ત્રીઓ અજ્ઞાન–અભણ–કજીઆખોર–વ્હેમી હશે પણ એમનામાં પારકાની સેવા કરવાની વૃત્તિ એટલી તો સબળ હોય છે કે તે સેવા કરવાનું કામ વનિતા વિશ્રામ કે સેવાસદનમાં શિખવાની જરૂર રહેતી નથી. પાડપાડોશીમાં કોઇ માંદુ પડે, કોઇ પડે આખડે, કોઇ નિરાધાર સ્થિતિમાં આવી ચ્હડેલું હોય તો હિંદુ સ્ત્રીઓનાં હૃદય પોતાને જાતેજ દુઃખ થયું હોય એમ હિસે છે–અને દિવસ કે રાત્રીએ શ્વાસભર દોડે છે, ઘરમાંથી જે હોય તે આપે છે તે સમયે સેવા કરીયે છીએ, દાન કરીયે છીએ તે લક્ષમાં નથી

હોતું ત્હેની નોંધ પણ કરતાં નથી, અમે કરીએ છીએ કે કર્યું છે ત્હેનું ભાન પણ નથી રહેતું. એ નોંધ એ જાતની સેવા–પત્રોમાં રીપોર્ટોમાં નામ આણુવાની ઇચ્છા હાલની નવિ પદ્ધતીની સ્ત્રીઓમાં આવી છે.

સ્ટેશન માસ્તરનાં પત્ની લક્ષ્મી પાસે ગયાં. ત્હેને સ્નેહપૂર્વક શાન્ત કરી. કોણ છે ક્યાં જવું છે તે પ્રશ્ન કર્યાં અને જરાયે ફિકર ન રાખવાનું કહી ઘરમાં ગઇ. જ્ઞાતિ ભેદ ન જોઇએ. એ ઉત્તમ વાત છે પણ એ કાઢતાં હૃદયની ઉદારતા સ્નેહ ખસવાં ન જોઇએ. કેળવાયેલા વર્ગમાં જ્ઞાતિ ભેદ કાઢવામાં સ્નેહને બદલે હડીલાઇ–તિરસ્કાર વૃત્તિ દાખલ થાય છે અને એને લીધે ઐક્ય ઘટતું જાય છે. બીન કેળવાયેલા–હલકી પંક્તિનો માણસ પોતાને ત્યાં ઉચ્ચ પંક્તિના માણસ આવે તો ત્હેને ધિક્કારતો નથી; પરંતુ ત્હેને બનતી સઘળી સગવડ કરી આપે છે, સ્વચ્છ પાણી ગમે તેટલે દુર હોય તો પણ લાવી આપવાની ફરજ સમજે છે, પોતાની સાથે જમે ખાય નહીં તો રાંધવાની અનુકૂળતા કરી આપતાં મુંઝાતો, નથી ઉલટું 'પાળે ત્હેનો ધર્મ' એ જગાએ સ્નેહ અને સંબંધ જાળવી રાખે છે. આથી ઉલટુ કેળવાયેલો હલકી પંક્તિનો માણસ ઉચ્ચ જ્ઞાતિના માણસ પ્રત્યે કાંઇ તિરસ્કારની લાગણીથી જૂવે છે અને એની સાથે સર્વ વ્યવહાર સંકુચિત દ્દષ્ટિથી રાખે છે. સ્ટેશન માસ્તરનાં સુશિલ અજ્ઞાન પત્નીએ પોર્ટર મારફત સ્વચ્છ પાણી મંગાવી લક્ષ્મીને પાયું, ઘરમાંથી મગજ અને મમરા ખવડાવ્યા એટલુંજ નહિ પણ મુંબાઇ સૂધીની ટીકીટ કઢાડી આપવા પતિને દૂરાગ્રહ કર્યો. અતુલી ઉચ્ચ કોમની–દુઃખી સ્ત્રી હતી–પૂન્યનું કામ હતું અને પત્નીને ખુશ કરવાનું હતું એટલે સ્ટેશન માસ્તરે પોતાના પદરના પૈસા આપી આંનટેરાડની ટીકીટ કરી આપી.

ગાડી ચાલતાં લક્ષ્મીને આ ઉજડ અરણ્યમાં ભગિની કરતાં પણ અથાગ વ્હાલ અને પ્રેમ લાવનાર સ્ટેશન માસ્તરનાં પત્નીથી છૂટાં પડતાં લાગી આવ્યું અને ગલિત અશ્રુએ ગાડીમાં બેઠી. બીજે દિવસે સવારમાં ગ્રાન્ટરોડ ઉતરી—લક્ષ્મીએ મુંબાઈ કોઇ દિવસ જોયું નહોતું. પિતાને ઘેર હતી એ વખતે સગાં સંબંધી સ્નેહીઓએ લક્ષ્મીને મુંબાઇ મોકલવા આગ્રહ કર્યો હતો તે વખતે આવી હત તો સ્ટેશન ઉપર તેડવાને માણસો—ગાડી આવી હત. લક્ષ્મી ગાડીમાંથી ઉતરી ત્યાં મજુરોની દોડા, દોડ, મોટા માણસોને લેવા આવનારની હર, ફર, હે કેશવલાલ? મગના!'ની બુમાબુમ સાંભળી. ઝાંપામાંથી બ્હાર જવામાં ભીડ નડતી હતી. એટલુંજ નહિ પણ મુંબાઈ આવશે ત્યારે થઇ પડશે એ વિચાર ગાડીમાં હતો તે મુંબાઇ આવતાં દૂર થયો અને હું કયાં જાઉં? કોને બોલાવું એ વિચાર થતાં જ લક્ષ્મીથી રોવાઇ જવાયું હરેક ટ્રેન વખત અને તેમાં પણ શુ ટ્રેઇન વખતે પોલીસના માણસો—ડીટેક્ટીવો ફરતા હોય છે—પેસેન્જરોની હીલચાલ ધ્યાનથી તપાસતા રહે છે—આવામાંનો એક સાદા 'વેશે જાડી 'ડાંગ રાખી ફરતો હતો તેણે લક્ષ્મીને એકલી ઉતરતાં—મુંબાઇની તદ્દન અજાણી હોય એમ ફરતાં અને છેવટે રોતાં જોઇ પાસે આવ્યો ને બોલ્યો.

"કેમ રૂવો છો? કયાંથી આવ્યાં છો? કાંઇ ખોવાયું? ગભરાવ નહિં."

ભાઇ! કાંઇ ખોવાયું નથી. હું મુંબાઈથી અજાણી છું અને કયાં જવું તે—

ત્યારે તમારે કયાં જવું એ નક્કી નથી. કેમ ને કયાંથી આવ્યાં છો? તમારા ધણીનું નામ શું—

ભાઇ હું પરણેલી નથી!

પરણેલાં નથી ! એમ કેમ બને ! નાશી આવ્યાં છો તમને પોલીસમાં—

બાઇ સાહેબ ! હું એવી નથી—મ્હેં કાંઇ ગુન્હો કર્યાં નથી. ગુન્હો શબ્દ બોલતાં લક્ષ્મીને એમ જ થયું કે રેંજરને બાળી મૂકવાની વાત બ્હાર પડી હોવી જોઇએ અને તાર મુંબાઇ આવ્યો હોય જેથી રએને પકડાઉં.

મારે મહાલક્ષ્મી શાન્તિસદનમાં જવું છે.

પેલાને આ એકલી બાઇને જોતાં કાંઇક મળશે એમ માની લ્યો. ચાલો મારી સાથે હું તમને લઇ જાઉં. બીજા કોઇને કહેશો નહિ નહિ, તો મુંબાઇની પોલીસ તમને હેરાન કરશે. લક્ષ્મી પણ વિશ્વાસથી આ અચાનક આવી પડેલી મદદ માટે ઇશ્વરનો ઉપકાર માનતી એની પાછળ પાછળ ગઇ. પેલો માણસ આ બાઇને ઝાંપા બ્હાર લઇ ગયો. બીજા પોલીસોએ આને જોતાંજ સલામ કરી તે ઉપરથી લક્ષ્મીને લાગ્યું કે આ કોઇ જાણીતો હોવો જોઇએ. ડાંગ ઉંચી કરતાં એકને બદલે પંચ ગાડીઓ આવી ઉભી. લક્ષ્મી અને પેલો માણસ ગાડીમાં બેઠાં. સાથે સાથે એકજ બાજુ બેઠાં, બેસાય ન બેસાય તેનું ભાન લક્ષ્મીને હતું જ નહિ ' મહાલક્ષ્મી ' એટલા શબ્દ સાંભળતાં વિકટોરીયા વાળો પેલા માણસને આેળખતો હોય એમ લાગ્યો; ગાડી ટુંકે રસ્તે એટલુંજ નહિ પણ અવર જવર ઓછો હતો એ રસ્તે આવી. મહાલક્ષ્મી સ્ટેશન ઉપર મહાલક્ષ્મી માતા જવાનો રસ્તો છે. આગળ જતાં ગ્રાન્ટરોડ ઉપરની સડક આ સડકને મળે છે. કચરાપટીની ગાડીઓ આજ રસ્તે જાય છે આ રસ્તે સારા ઘોડા અથવા મોટાર બગીઓ પ્રમાણમાં ઓછી આવે છે. વિકટોરીયા ત્યાં આવી પહોંચી, વિકટોરીયા વાળાના હાથમાં એક રૂપીઓ

મુકયો ને બન્ને ઉતરી પડયાં. વિક્ટોરીયા વાળો ચાલ્યો ગયો. લક્ષ્મીને પેલો માણુસ દરિયા કિનારે લઇ ગયો. મહાલક્ષ્મીના આ ત્રિભેટાનો રસ્તો કાંક ઉજડ છે. એક રસ્તો મહાલક્ષ્મીમાતાના તરફ જાય છે. બીજો મુંબાઈ તરફ ને ત્રીજો વાંદરા તરફ. બત્તીની સામે એક નાની હોટલ છે તેની પાસેથીજ દરિયામાં પત્થરમાં ઉતરવાનો રસ્તો છે. ત્યાં એક મસ્જીદ કે મંદિર જેવું દૂરથી લાગે છે. લક્ષ્મીને પેલો માણુસ એ તરફ લઇ ગયો. પત્થરની આડ આવવાથી કોઈ દેખી શકે એમ નહોતું આ સ્થળે લક્ષ્મીને અડાવવી શરૂ કરી. ઘરેણાં અને રોકડ રકમ આપી દેવા જણાવ્યું અને નહિ આપે તો પોલીસને સ્વાધીન કરવામાં આવશે એવી ધમકી આપી. ગરીબ બિચારી લક્ષ્મી ફરી ફસાઇ, વિશ્વાસ મૂકયો ત્હેનુ આ પરિણામ આવ્યું. અજાણી એકલી ને વળી સ્ત્રીજાત; મુંબાઇમાં મ્હારૂં કોણ ? મ્હારી પવિત્રતા કોણ માનશે ? શી રીતે જળવાશે ! એ બ્હીકે હાથમાંથી સોનાનાં કંકણ, ગળામાંથી સુવર્ણ હાર–વીંટી–નાજુક લોળીયાં–કડું આપી દીધું. ' ખબરદાર જો કોઇને કહ્યું તો ' એટલું કહી પેલો માણુસ ત્યાંથી ચાલી ગયો.

લક્ષ્મી પત્થર ઉપર બેસી ગઈ અને ફુસકે ફુસકાં ખાતી ખૂબ રોઇ. દરિયાના ઘુઘવાટે, પવનના ઝપાટે શાન્તિ મળી અને લથડતી ભડતી સડક ઉપર આવી. " હવે કયાં જવું ? " રસિક ! રસિક ! ત્હારે માટે ઘર તજ્યું–સગાં તજ્યાં, લોકમાં થતી નિન્દા ન ગણુગારી ને તું કંચનને પરણુવા તૈયાર થયો ? કંચન કેવી હશે ? કાઠિયાવાડી તો નહિંજ હોય; મુંબઇગરાઓને કેળવાયેલાને કાઠીયાવાડી કન્યા ન ગમે એ ખરૂં છે પણુ એમાં અમારો શો વાંક ? અમારા શરીર ગુજરાતી કન્યા કરતાં સારાં છે. એમનાં જેવાંજ ગોરાં છીએ પણુ હમારો જાડો પહે-

ર્વેશ, અતિશય લાજના રીવાજ, સ્ત્રીઓને કેલવણી ન અપાય ને તેમાં ઇંગ્રેજી તો નહિજ એ ભાવના અમને પછાત રાખે છે. ગુજરાતી કન્યા વધારે સુંદર દેખાય છે. એમના ઘરેણામાં એમના વસ્ત્રોમાં—એમની વાણીમાં રસોઇમાં ને છેવટ એમના અથાણામાં પણ કાંઇ ટેસ્ટ હોય છે. પણ હમારા માબાપો જ ભણેલા ન હોય, કાઠીયાવાડના ખૂણામાં ઉછરેલા હોય અને તેમાં એકાદ અર્ધદગ્ધ ભણેલા કુટુમ્બીઓમાં ફજેતી જૂવે પછી શું પરિણામ આવે. કંચનને જોઉં તો ખરી. કદાચ રસિક આવે તો આવે. લગ્નની ના કહી હશે તે કારણ હશે. પણ શાન્તિસદન ક્યાં આવ્યું, મુંબઇના દરેક બગલા ઉપર પાટીયા હોય છે. પણ અરેરે મને ફેર કેમ આવે છે. મ્હારામાં શક્તિ નથી. આંખે ઝાંઝવા આવે છે, દેખાતું નથી. ચાલવાનાં હોંશ નથી. થાકી ગઇ છું. ભૂખ લાગી છે. તરસથી મ્હોં સૂકાઇ ગયું છે. પેલો બંગલો કોનો હશે ! કેવો વિશાળ બંગલો ! દરિયા કિનારે, દરિયાનો ઠંડો પવન, બાગનાં સુગંધિત પુષ્પની રજ લઇ અંદર રહેનારને કેવાં શાન્ત બનાવતાં હશે. અરેરે હું પણ આવા એક બંગલાની" આટલું કહેતાંજ ફેર આવતાં લક્ષ્મી પડી. અને બેશુદ્ધ થઇ ગઇ તેજ મળે બંગલામાંથી એક પુરૂષ પોતાની સાથે માંદી—અસક્ત—ચિંતાગ્રસ્ત પુત્રીને લઇ દરિયા તરફ જવા બ્હાર નિકળ્યો. આ પુત્રી કોઇજ નહિ પણ કંચન, કંચને લક્ષ્મીને પડતાં જોઇ. જોતાંની સાથે પિતાજી પેલી પડી 'ની બુમ પાડી દોડવા ગઇ પણ દોડાયું નહિ "બ્હેન! તું ફિકરાઇ જા નહિ હું જાઉં છું મદદ કરૂં છું ઉભી રહે" આટલું બોલી કંચનનો પિતા લક્ષ્મી તરફ દોડયો અને માળીને બોલાવી બાગમાં લીધી. મુખ ઉપર પાણી છાંટયું શાન્ત કરી. કોણ કામની ધીરેથી હકીકત પૂછી. પોતે ઉચ્ચ જ્ઞાતિની છે અને વખાની મારી આવેલ હોવાથી ઉંડા પ્રશ્ન પૂછી એને દુભાવવી

નહિ એવી કંચનની ઇચ્છા થતાં પ્રશ્ન પૂછતાં બંધ થયાં. કંચનને એક સહચરીની ખાસ જરૂર હતી અને તેમાં આ પ્રભુએ મોકલી માની રાખી લીધી. લક્ષ્મીને પહેરવાનાં વસ્ત્ર વગેરેની અનુકૂળતા કરી આપી અને લક્ષ્મીને પિતાનું ગૃહ મળ્યું હોય એમ લાગ્યું. કંચનનો મંદવાડ ચાલતો હતો; કેટલીક વખત બ્હાર જતી તો કેટલીક વખત દિવસોના દિવસો પથારી વશ રહેતી. આ સર્વ વખત લક્ષ્મી પોતાના પાલકપિતાનાં પુત્રી અને વ્હાલા રસિકની વ્હાલપાત્ર કંચનની સેવા અંતઃકરણપૂર્વક કરતી. અને આમ દિવસોના દિવસો વીતિ ગયા.

'રસિકચંદ્ર આવે છે' એ કંચનના પિતાના શબ્દોએ શાન્ત પડેલી લક્ષ્મીના હ્રુદયને હલમલાવી મૂક્યું—રસિકચંદ્રને જોતાંજ એના હ્રુદયમાં શું શું થયું—એનું શું પરિણામ આવ્યું તે આપણે જોઇ ગયા. રસિકચંદ્ર મુંબઇ છે એટલું જ નહિપણ પોતાને મળેલી કંચનને મળવા પરણાવા આવ્યા છે. એમ એને શંકાશીલ હ્રુદયને થતું. અજીતરાયની પત્ની અને અમદાવાદવાળા શેઠ ઝવેરચંદની પુત્રીની ઇચ્છાના લગન કરી આપવામાં—એનું જીવન સુખભર બનાવી આપવામાં પોતેસહાયભૂત હતી એટલે એનું પોતાનું લક્ષ પણ એ તરફ ગયું. જો વખત જશે તો રસિકચંદ્ર પણ કંચનને પરણશે અને પોતે રખડતી રહેશે આવા વિચારે જે દિવસ રસિકચંદ્ર આવ્યો તેજ દિવસે બાંકીપુર તાર કર્યો. ઇચ્છા કે એનો પતિ જરૂર આવશે—એની પાસે હ્રુદય ખોલશે અને ચોક્સ રસિકને મેળવી આપશે એ ખાત્રી હોવાથી તાર કર્યો—પરન્તુ તારનો અમલ થાય—જવાબ આવે—ઇચ્છા કે અજીત આવે તે પહેલાં જ, કંચનના પિતાએ પોતાના ઘરમાં દાસી તરીકે રાખેલીને રસિકચંદ્ર સાથે મધ્યરાત્રીએ એકાન્તમાં વાત કરતાં જોઇ અને એનું કાસળ કાઢવા—કાઢી મૂકવા નિશ્ચય કર્યો.

પ્રકરણ ચોવીસમું.

રસિકચંદ્રની આત્મકથા.

કંચન, લક્ષ્મી અને કંચનના પિતાના ગયા પછી રસિકચંદ્ર એક બાલકની પેઠે–ધારેલી વસ્તુ ન મળતાં નિરાશ થતાં રોયો અને રોતાં રોતાં ઉંધું માથું નાંખી ઉંઘી ગયો. પ્રાતઃકાળ થયો. આખા ઓરડામાં એકલોજ હતો. બારી દ્વારા જોતાં દિવસ ચ્હડી ગયો હતો. કોઇ ઉઠાડનાર નહોતું. બોલાવનાર–કેમ ઉઠયા નથી કહેનાર નહોતું એટલે દીલગીર થયો. જગતમાં આપણું કોઇ નથી એવું ભાન થતાં ભાવનગર–ભૂત કાળમાં માતાપિતાનો સ્નેહ–બુદ્ધિસાગર–રાધા મિત્રો સાંભર્યા–તે દિવસે અગાશીવાળી ઓરડીમાં સુતો હતો અને રાધા આવી મ્હને મનાવતી હતી તે દિવસોતો ગયાજ ને ? રાધાતો સુખી થઇ–ભદ્રબાળા મનમાન્યા પતિ સાથે આનંદ કરે છે પણ હું—

રાત્રીનો બનાવ સાચો હશે કે સ્વપ્નું! બસ હું આમ ચાલ્યો જાઉં તો ? કંચનની રજા લઇ ચાલ્યો જાઉં ? રજા લેવા જાઉં ને લક્ષ્મી ત્યાં હોય તો ? લક્ષ્મી ? મ્હેં ત્હને દુઃખી કરી કપટદાસની પુત્રી જોડે મ્હારો વિવાહ થવાનો હતો ત્યારે હું એમ જ સમજતો હતો કે મ્હારો ને એનો વિવાહ થાયજ કેમ ! લક્ષ્મી વિના જીવાય જ કેમ ! તેજ હું કંચનને જોઇ ત્હને ભુલી ગયો–પરણુવા તૈયાર

થયો—મ્હારા પિતા આવી ન્હડયા ન હોતતો પરણ્યોએ હોત. અરેરે—હજી પણ મ્હારૂં મન કંચન તરફ દોડે છે—લક્ષ્મી! લક્ષ્મી! ત્હારો સ્નેહ ભુલાય એમ છે?' એને મળું! લક્ષ્મીને પરણી સુખી થઇશ? આવો વિચાર કંચનને જોઇ નહોતી ત્યારે આવ્યો હતો. કંચનને પરણ્યા પછી બીજીને જોઇ એવો વિચાર નહિ થાય એ હવે કેમ કહી શકાય? વારૂં સમૂળગો ન પરણું તો—એમ જીવન વ્યતીત થઇ શકે? સ્નેહ લગ્ન—આત્મ લગ્નની બુમ મારનારા પ્રથમ પત્ની મરી જતાં ગાંડા થઇ જાય છે, સંસાર ખારો સમજે છે, લગ્નની વાત થતાં છેડાઇ પડે છે, છબીએ મઢાવે છે; પૂજે છે, લોકો રાખે છે અને જન્મભર બીજી પરણુંત જ નહિ એવું મનાવનારા વરસ કે છ મહિના પછી બીજી પરણે છે—પહેલી જેના વિના ક્ષણ પણ કેમ જીવાશે એમ માનનારા બીજીમાં તલ્લીન થઇ જાય છે તેવો હું થાઉતો—

એટલામાં નોકરે “ભાઇ! ચાહ માટે શેઠ બોલાવે છે” એટલું કહ્યું: શું હશે? શું થશે? વળી શો બનાવ બનશે' એમ વિચાર કરતો. કાંઇ ગભરાતો રસિકચંદ્ર નીચે ગયો.

નીચે ઓરડામાં શેઠ આરામ ખુરશી ઉપર સવારનું ટાઇમ્સ લઇ બેઠા હતા. સામે એક ખુરશીમાં લક્ષ્મી ગભરાતી હોય એવી સ્થિતિમાં અધુકડી બેઠી હતી. લક્ષ્મીની જોડે પણ બારી પાસે આરામ ખુરશીમાં કંચન પડી હતી. વચમાં આરસના ગોળ ટેબલ ઉપર ચાહનો સામાન પડયો હતો. સામે એક ખુરશી ખાલી હતી. રૂપાની ચાહદાનીમાં ઉકળતું પાણી હતું. બીસ્કીટ પણ સાથેજ રહે એવી જોડેલી રકાબીવાળા કપ સોસર પડયાં હતાં. એક તાસકમાં બીસ્કીટનો ઢગલો હતો. એક ચાંદીના પોટમાં દુધ શોભી રહ્યું હતું. બે ચાર રૂપાના ના-

જુક ચમચા તેજ મારી આંખને ચમકાવતા હતા. એટલામાં રસિક-ચંદ્ર આવ્યો અને ખાલી પડેલી ખુરશી પર બેઠો. તાજવાના એક પલ્લામાં વજન મુકતાં બીજું પલ્લું ઉંચું થાય તેમ રસિકચંદ્ર આવતાં નજરે પડતાં કંચન અને લક્ષ્મીના હૃદયનાં પલ્લાં હાલ્યાં–ઉંચાં નીચાં થયાં.

કંચન અશક્તિને લીધે, ધ્રુજતે હાથે પ્યાલામાં ચાહ રેડતી હતી. સેકેરાઇનના બેત્રણ ગાંગડાં નાખ્યા. દુધ જોઈએ એટલું લેવાની પદ્ધતિ હોવાથી સઉસઉની મેળે લે એમ ઠર્યું હતુ.

શેઠ પ્યાલો હાથમાં લેતાં બોલ્યા. રસિકચંદ્ર ! તે દિવસે તમારા પિતાના મૃત્યુ પછી જતા રહ્યા હતા. કંચનને રઝળતી ઝુરતી મુકી ચાલ્યા ગયા હતા. તે આમ ફરીને કયાંથી ?

મુરબ્બી ! એ વાત સંભારતાં મ્હારાં રૂવાટાં ખડાં થાય છે. મ્હારી માનસિક સ્થિતિ અત્યારે પણ સારી નથી. આ બેમાંથી એકને મ્હારૂં મ્હોં બતાવી શકું એમ નથી.

પણ કહો તો ખરા ? કયાં ગયાં ને કયાંથી આવ્યા.

પિતાશ્રી ? મ્હારા પિતાની અંતઃકાળની આજ્ઞા થતાં આપનુ આ અણમૂલું રત્ન છોડી જેને માટે મ્હેં મ્હારૂં વતન છોડયું તેને આને શોધવા નિકળી પડયો. વતન ભાવનગર તરફ જવા તો પગજ ઉપડનો નહિ. બુદ્ધિસાગર–રાધા ને મળવા તીવ્રેચ્છા હતી પણ ત્યાં જવાથી મનઃશાન્તિ મળશે એમ ન હોવાથી વિચાર ફેરવ્યો.. લક્ષ્મી જીવતી છે એમ પિતાએ કહેલું પણ એકલી, ઉમર લાયક–રખડતી લક્ષ્મીના પવિત્ર જીવન માટે શંકા આવવા લાગી. સ્ત્રીઓ પવિત્ર હોય જ નહિ. રહેજ નહિ એમ નબળા મનના, પોતાને પવિત્ર માનનારા પુરૂષો સમજે છે. હું એમાંનો એક હતો. લક્ષ્મીને માટે ક્ષણે ક્ષણે દુષ્ટ વિચાર આવતાં–કંચનની મોહકમૂર્તિ–પવિત્ર પ્રેમ, આપનો આગ્રહ સાંભરતો અને

વધારે દુ:ખી થયો–મુંબાઈ છોડી ગુજરાત ગયો–કલકત્તાની એક પેઢીને ટ્રાવેલીંગ એજન્ટ જોઇતો હતો–રસ્તામાં–મુસાફરીમાં લક્ષ્મીના પત્તા લાગી જાય માની એ નોકરી માટે તજવીજ કરી અને મળી. ધંધાને અંગે અનેક ગામ ચિત્રવિચિત્ર પુરૂષો જોતો રખડયો–એ પ્રસંગે આપણી જૂદી જૂદી લોકોપયોગી સંસ્થાઓ જોવાની અનુકૂળતા મળી અને પ્રસિદ્ધ થતા રીપોર્ટોમાં અને વસ્તુ સ્થિતિમાં કેટલું અંતર હોય છે, રિપોર્ટો કેમ ઘડાય છે અંતઃકરણપૂર્વક કામ કરનારાની કેટલી ખોટ છે. જે કરનારા હોય છે તેમની કદર ન બુઝવાથી તેમને કેટલો નિરાશા થાય છે. ધાંધલીયા ખુશામતીયાજ બહાર પડે છે. એ સર્વનો અનુભવ થયો. સ્વાર્થત્યાગની વાતો કરનારામાં સ્વાર્થત્યાગનો ભાવ હોતોજ નથી. પોતાને રહેવા માટે અપટુડેટ સામાન સગવડવાળો બંગલો જોઇએ. ગાડી ઘોડા જોઈએ, ફરવા–હવાખાવા જવું જોઇએ, દરરોજ બદલવા કપડાં જોઈએ. ફર્સ્ટ કે સેકન્ડ કલાસની ગાડી જોઈએ, નિયમસર સારૂં સારૂં ખાવાનું જોઈએ. ખીસાં પૈસાથીં ભરેલા જોઈએ, બચ્ચાને માટે સારો પૈસો મૂકી જવો જોઇએ. આવા લોકો બીજાને સ્વાર્થત્યાગ કરવા, માત્ર જીવનજોગ કમાવા, નાની ઓરડીમાં રહી સાદુ જીવન ગાળવા, પૈસા તરફ દુર્લક્ષ રાખવા કહે છે પરન્તુ એમને પોતાને એ સ્થિતિમાં રહેવું ગમતું નથી. થોડા મહિના ગળ્યા પછી દ્રવ્યના પ્રમાણમાં જે ખરેખરાં દયાપાત્ર છે તેમની બરદાશ ન થતી હોવાથી મ્હને નિરાશા થઇ હું ત્યાંથી નિકળ્યો. જનસમાજની સેવા કરવામાં સ્ત્રીઓની આવશ્યકતા ઓછી નથી. એકલી સ્ત્રીઓને જેટલી મુશ્કેલીઓ પુરૂષોને–યુવાનોને છે. તેટલીજછે. ગરીબ અનાતો આ સેવા કરનારનાં અહો નિત્ય વખાણ કરે છે, અને અંતઃકરણ પૂર્વક ચાય છે પરન્તુ કેળવાયેલા, કહેવાતા મિત્રો, સમજનારા બુદ્ધિશાળી

સોસાયટીમાં ફરનારા આવી સેવા કરનારાના અને તે દ્વારા સંસ્થાના દુશ્મનની ગરજ સારે છે. સેવિકાને જોઇ ન હોય. વૃદ્ધ નિશંકજીવન ગાળનારી હોય તોપણ યદ્વા તદ્વા બોલી એમના ચરિત્ર ઉપર બટ્ટો લાવવા યત્ન કરે છે. ખરેખર સંસાર સુધારા અગર અન્ય ઉન્નતિના માર્ગને જેટલું નુકશાન કેળવાયેલા, કહેવાતા કેળવાયેલાની નિન્દા ઇર્ષા, કુસંપ અને સ્વાર્થવૃત્તિથી થાય છે તેટલું નુકશાન અજ્ઞાનીના વિરોધથી થતું નથી

આમ એકલો, જીવનના અવનવા બનાવોના વિચાર કરતો—ભૂત ભવિષ્યનાં ચિત્ર ખડા કરતો હું દુઃખી થયો. લક્ષ્મી અને કંચનની મૂર્તિઓ વારંવાર સ્વપ્નમાં અને જાગતાં નજર આગળ ઉભી થતી, મ્હને ઠપકો આપતી. લક્ષ્મીએ મ્હારે માટે સર્વનો ત્યાગ કર્યો. કંચનને આશા આપી નિરાશ કરી. લક્ષ્મીની છબી કાળે કરી કાંક ઝાંખી થઇ હોય એમ મ્હને લાગ્યું. કંચનની મૂર્તિ વધારે મોહક—જવલન્ત—સૌંદર્યમય લાગી અને આપની પાસે આવી ક્ષમા માગી કંચનનું પાણિગ્રહણ કરવા પ્રબળ ઇચ્છા થઇ. પલટાય પરન્તુ પગ ભારે થયો હતો. કંચનના સ્નેહની -એને થતા દુઃખની જરા પણ દરકાર કર્યા વિના નાઠો હતો એટલે મ્હારી આપની પાસે આવવાની હિમત ન ચાલી. પરન્તુ જેમ જેમ મુશ્કેલીનું ભાન થતું ગયું તેમ તેમ કંચનનો સ્નેહ મ્હને અધિક બાળવા લાગ્યો- લક્ષ્મી સાંભળે છે અને કદચ એ નામ નથી મ્હારે માટે હલકો અભિપ્રાય આવશે—આવ્યો છે—કંચનનું નામ રાત્રી દિવસ મ્હારા હ્રદયમાં રમ્યા કર્યું અને કંચન વિનાનો સંસાર ખારો લાગવા લાગ્યો. કદાપિ હું પાછો આવું તો આપ મ્હને નીમાતા તરીકે કબૂલ કરશો કે કેમ ત્હેની શંકા થવા લાગી અને અંતે ગભરાઇ આપઘાત કરવા નિ-

શ્રય કર્યો. નર્મદા કિનારે એકાન્તમાં આ શરીર જળને સોંપી દેવાનો દૃઢ ઠરાવ કરી એ તરફ પ્રયાણ કર્યું. ભાવનગર વ્હાલું વતન-હૃદયમાંથી ખસી ગયું હતું. જીવનમાં આશાનું-આનંદનું સ્થાન કોઇ જ હોય તો કંચનજ હતું-લક્ષ્મીને કોણ જાણે કેમ વિસરી ગયો હતો આ એનો અનુભવ થયો ત્યારેજ ખબર પડી કે પુરૂષો જેને સ્નેહ કહે છે તે સ્નેહ નથી. માત્ર આકર્ષણ, આ વેગ છે, બાકી સ્નેહ પલટાયજ નહિ. એક-બે-ત્રણ પત્ની કરતાં સંકોચજ થાય નહિ. બાલક એક રમકડું મૂકી બીજું લે તેમ આપણે રમકડાં બદલીયે. સ્ત્રીઓ આર્ય સ્ત્રીનો સ્નેહ પલટાય એવો હોતો નથી અને આટલાજ અપવિત્ર માટે પુરૂષો કરતાં સ્ત્રીઓ વધારે પ્રશંસાને પાત્ર છે. નર્મદા કિનારાના એકગામ પાસે પહોચતાં જંગલમાં એક દિવસ અદ્ભૂત દેખાવ નજરે પડયો પ્રાતઃકાળ થવા આવ્યો હતો તેવે સમયે બે ઘોડા ગામ તરફ આવતા હતા એક ઘોડા ઉપર એક કદાવર લશ્કરી પોશાક પહેરેલો યુવાન બેઠો હતો અને બીજા ઘોડા ઉપર બે યુવાન સુંદરીઓ બેઠી હતી. આ બન્ને સુંદરીઓને જોતાંજ મ્હારા હૃદયમાં અનેક તર્ક વિતર્ક થઇ ગયા. એ બન્ને યુવતીયોના ચહેરા મ્હને પરિચિત હતા-પરન્તુ એમનો ક્યાં-ક્યારે અને કેવે પ્રસંગે પરિચય થયો હશે એ જરાયે સાંભરતું નહીં. યોગિનીના વેશમાં આવી યુવાન સુંદરીઓને લઇ જનાર આ કોણ હશે એ જાણવાની જીજ્ઞાસા થતાંજ હું પણ એમની પાછળ પાછળ ગામમાં ગયો. એઓ જે ઘરમાં ગયાં તે ઘર બ્હારથી જોયું. નિશાની રાખી ધર્મશાળામાં આવ્યો. ધર્મશાળાના ચોકીદાર મારફત ખબર કાઢતાં જે ઘરમાં એ બન્ને યોગિની ગઇ હતી તે રેંજરનું ઘર છે એમ ખબર મળી. રેંજર સાહેબને ત્યાં વખતો વખત આવાં પક્ષી સપડાય છે એમ જાણતાં બન્ને સાધ્વી માટે ચિન્તા થઈ. કોણ

જાણે કેમ બન્ને તરફ હ્રદય ખેંચાતું હતું. એ ખેંચાણ પવિત્ર હતું કે અપવિત્ર તે કહી શકતો નથી પરન્તુ એમને જોવાં. એમની સાથે મધુરા વાર્તાલાપ કરવાં–એમના મોહકસૌંદર્યમય ચહેરાનું પાન કરવાનો નિશ્ચય કર્યો અને અધીરો જીવ વધારે ને વધારે અધીરો થયો. હું પાપ કરૂં છું કે કેમ! લક્ષ્મી, કંચન "આમ અન્ય પુરૂષને જોતાં તેમની સાથે વાર્તાલાપ કરવા ધારે–ઉત્સુક થાય તો હું રાજી થાઉં કે કેમ, એ મને એમ કરવા દઉં કે કેમ તે શંકા છે. પરન્તુ મ્હને તો તે કાળે કાંઇ સાંભર્યું નહિ. હું જે કરૂં છું તે સારૂંજ કરૂં છું એમ લાગ્યું અને આપણને એમ લાગે પણ છે. એકપળ એ ચહેરાને જોયા વિનાજાય છે તે કાળ સમીજાય છે માની હું ધર્મશાળા બ્હાર નિકળ્યો. ક્યાં જાઉં છું–શું કરૂં છું–રસ્તામાં શું આવે છે ત્હેનું જરાયે ભાન નહોતું. ભાવનગર, મુંબાઇ. કંચન–લક્ષ્મીના ચિત્રો સીનેમેટોગ્રાફની ફીલમની માફક મારી નજર આગળ તર્યાં. એટલામાં સામેથી એક યૌવના–યોગીનીના વેશમાં વિધવા લાગતી સ્ત્રી ચાલી આવતી દેખાઇ, એને જોતાંજ એ મુખારવિંદ જોતાંજ હ્રદય હલમલવા લાગ્યું–" પિતાશ્રી ? મ્હારી આત્મકથામાં અનેક ઉપાધિ–ચિન્તાના કારણે યોગ્યાયોગ્ય કથન થાયતો ક્ષમા કરશો–દૂરથી જેની ઝાંખી થતી હતી–જે ચહેરો વાદળામાં છૂપાયો હતો તે સ્પષ્ટ દેખાવા લાગ્યો અને ક્ષણવાર ઉભો રહ્યો અમારા બન્નેમાંથી એકેકમાં બોલવાનો હીમત નહોતી. એ બાઇના હ્રદયમાં શા શા ભાવ થતા હતા તે હું સમજી શક્યો હતો–એ બાલાને હું ઓળખી શક્યો હતો તે બાળાને જોતાંજ મુંબાઇમાં મ્હારે એમનો કેવા સંયોગોમાં પ્રસંગ પડ્યો હતો–એ સંયોગોને લીધે અમારે કેવી વિચિત્ર સ્થિતિમાંથી પસાર થવું પડ્યું હતું–એ બાલાનો જીવનનો–આત્માનો અધઃપાત થતાં અટકાવવાની કેવી શક્તિ પ્રભુએ આપી હતી–તે સમયે લક્ષ્મી–માટે

મ્હારો કેટલો ભાવ હતો-એ બાલાએ પોતાનો ધર્મ બન્ધુ ગણી મ્હને પોતાનો વૈભવ આપી દીધો હતો. મ્હારે માટે પોતાના ધર્મ બન્ધુ માટે લક્ષ્મીનો શોધી લાવવા દૃઢ પ્રતિજ્ઞા કરી હતી એ સર્વ પ્રસંગો તાજા થતાં હું નરમ બન્યો. હૃદય ભરાઇ આવ્યું અને પડવા જેવો થઇ ગયો. મ્હારી સ્થિતિ જોતાંજ એ બાલા જોગણ વિધવા પાસે આવી-મ્હને-મ્હારે ખભે હાથ મૂકી બોલી! "બન્ધુ! રસિકચંદ્ર? જે સમયે મ્હારા જીવનમાં અંધકાર કાળાશ પાપ છવાઇ રહ્યું હતું તે સમયે માર્ગસૂચક-થનાર, મ્હારા જીવનમાં પ્રકાશ નાખનાર, મ્હારા આત્માને ઉદ્બોધનાર ત્હમે હતા. ભાઇ ! ત્હમારી પવિત્રતા ત્હમારી દૃઢતા નહોત તો આ મ્હારો આત્મા મણિકચારનો એ કાળો પડી ગયો હત ભાઇ ! ત્હમને સુખી કરવા એ મ્હારા જીવનની ભીષ્મ પ્રતિજ્ઞા છે હતી-ત્હમને ત્હમારી લક્ષ્મી સોંપવી એ મ્હારી પ્રબળ ઇચ્છા હતી. આવા પવિત્ર---"

મ્હારૂં હૃદય મ્હને ડંખ દેવા લાગ્યું અને હું બોલ્યો—

"બ્હેન ! બ્હેન ! મ્હને પવિત્ર શામાટે કહો છો ! એ સમયનો

રસિકચંદ્ર અને આ રસિકચંદ્ર જૂદો છે. એ સમયમાં આ રસિકચંદ્ર ત્હમે કહો છો એવો પવિત્ર હતો. તે સમયે આ રસિકચંદ્રમાં લક્ષ્મી શિવાય અન્ય સ્ત્રીમાટે સ્થાન નહોતું. ખરેખર ત્હમારા હૃદયમાં ક્ષણવાર અપવિત્ર વિચાર ઉદ્‌ભવ્યા તેનાં કારણ સબળ છે. ત્હમારૂં લગ્ન નાની વયે-વૃદ્ધપતિ સાથે થયું હતું-ત્હમે સંસ્કારી ત્હમારા પતિ અસંસ્કારી હતા. ત્હમને સંસ્કારી અને અસંસ્કારી-વૃદ્ધ અને યુવાનનું સમતોલ કરવાના પ્રસંગ-અનુકૂલતા મળ્યા. મ્હને એમાંનું કાંઇ નહોતું. લક્ષ્મીએ મ્હારે માટે દેશ સગાંવ્હાલાં તજ્યાં. અનેક અ-

ફ્વાને પાત્ર થઇ છતાં એની ગેરહાજરીમાં અન્ય સ્ત્રી કન્યા સાથે વચને બંધાયો. જે સ્નેહ લક્ષ્મીને હતો. જે ઉપર લક્ષ્મીને હક હતો તે અન્યને આપ્યો. માટે હું અપવિત્ર છું-પણ વ્હેન! ત્હમે અહીં કયાંથી-કયાં જાઓ છો? કાલ સવારે ત્હમારી સાથે જે પુરૂષ ઘોડા ઉપર હતો તે કોણ? ત્હમારી, સાથે ઘોડા ઉપર બીજી યુવતિ હતી તે કોણ?

જોગણે ઉત્તર આપ્યો—રસિકભાઇ! હું માનતી નથી. જે રસિકચંદ્રે લક્ષ્મીને માટે-હૃદયના સ્નેહ શિવાય પોતાની પાસે કાંઇ નહોતુ તે લક્ષ્મી માટે મ્હારી જાત, મ્હારો વૈભવ મ્હારી મીલકતનો તિરસ્કાર કર્યો હતો તે રસિકચંદ્ર અન્યના સ્નેહમાં ફસાય એ મનાયજ કેમ?'

મ્હેં કહ્યું વ્હેન! "મ્હેણા ન મારો. જગતને બોધ આપનાર, કામ ક્રોધ, મોહને જીતી લેઇ જગતની ઉન્નતિ કરવા નીકળી પડનાર જગત જેને સાધુ મહાત્મા સંત માનતા જેને પવિત્રતાની મૂર્તિ માનતા એવા પુરૂષો પણ કોઇ દુર્ભાગ્ય પળે મોહિની રાક્ષસી માયા સ્ત્રીમાં ફસાયા છે તો પછી હું કોણ? પણ વ્હેન? હજી મ્હારી સ્થિતિ ત્રિશંકુવત્ છે. કંચન અને લક્ષ્મી બન્ને મ્હને ચાહ્ે છે, બન્ને મ્હારા શિવાય જીવન ટકાવે એમ નથી. આ ધર્મસંકટમાં મ્હારે શું કરવું? અમારામાં બે સ્ત્રીનો ચાલ નથી અને કોને સ્વીકારવી અને કોને નહિ તેનો નિશ્ચય કરી શકતો નથી. વ્હેન! આ ધર્મસંકટમાં સલાહ આપો અને વ્હેનને ભાઇએ બચાવ્યો તેમ બચાવો."

જોગણે ઉત્તર આપ્યો-રસિકભાઇ! તમારે માટે આવું ધાર્યું નહોતું. આવા બનાવ બને એટલે કોને કોને માટે શ્રદ્ધા રહે. અસ્તુ. ભાઇ! ત્હમારી કંચનને મ્હેં જોઇ નથી પરન્તુ કંચનને પરણો-સુખી થાવ. લક્ષ્મીને વિસરી જાવ. લક્ષ્મી ત્હમારે લાયક—

લક્ષ્મી રસિકચંદ્રની વાત સાંભળ્યા કરતી હતી તે પોતાનું નામ આવતાં " ત્હમારે લાયક શબ્દ આવતાં ચમકી, રસિકચંદ્ર પણ આત્મકથા કરતાં અટક્યો, આત્મકથા લક્ષ્મીના દેખતાં પુરી કરવી કે અધુરી રાખવી—એ સુજ્યું જ નહિ. રસિકચંદ્રની ગભરામણ જોઇ કંચનના પિતાએ લક્ષ્મીને અંદરના ઓરડામાં જવા આજ્ઞા કરી. લક્ષ્મી અંદર ચાલી ગઇ અને રસિકચંદ્રે વાત શરૂ કરી.

લક્ષ્મી ત્હમારે લાયક નથી. એમ વિધવા જોગણે કહ્યું એટલે હું કાંક ગભરાયો. રખેને જોગણને એમ કહેવાનું કારણ હોય. કંચનના રસ્તામાં આવતું વિઘ્ન નષ્ટ થયું—લક્ષ્મીનો રખેને શ્રાપ લાગે એમ અનેક વિચારો થયા અને બોલ્યો.

વ્હેન ! એમ શા માટે બોલો છો ? લક્ષ્મીનો ત્હમને ક્યાંથી અનુભવ ? જેણે ઘર—બાર—નામ મ્હારે માટે ગુમાવ્યાં તે મ્હારે લાયક નહિ અને જેને વૈભવ છે પિતા છે. અનુકૂળતા છે તે લાયક એમ શામાટે? જોગણ કાંઇક જોસ્સામાં આવી બોલી. ભાઇ! તે દિવસના પ્રસંગ પછી મ્હારા હ્રદયમાં કોઇ મૂર્તિ રમતી હોય, કોઇ માટે જીવ આપતાં સંકોચ પણ થતો ન હોય, કોઇ પવિત્ર વિચારથી મ્હારૂં જીવન શુદ્ધ થયું હોય તો તે ત્હમે છો, ને ત્હમને સુખી કરવા શિવાય બીજો કયો ઉદ્દેશ હોય ? ભાઇ લક્ષ્મી પરમદિવસ સુધી પવિત્ર હતી. મ્હારી સાથે જે સુંદરી જોઇ તે કોઇજ નહિ પણ ત્હમારી લક્ષ્મી જ હતી અને તે લક્ષ્મી—

લક્ષ્મીને મ્હેં જોઇ—લક્ષ્મી આટલામાંજ છે જેને માટે પૈસે—ટકે માણુસે શરીરે હેરાન થયો તે મારી હ્રદય રમણી આટલામાંજ છે—એ જાણવા મ્હારી રગેરગમાં લોહી ઉછળવા લાગ્યું. હું એને ક્યારે મળું એની નેત્ર કૌમુદીથી શી રીતે શાન્તિ મળે, એને હમેશને માટે તા-

પમાંથી શી રીતે બચાવું એમ થઇ ગયું—જોગણની સાથે એક ઘડી વાત કરી એ હવે કલ્પસમાન લાગવા લાગ્યું લક્ષ્મી-લક્ષ્મીની મૂર્તિ નજર આગળ ખડી થઇ. કંચન ઉપર પડદો પડયો અને અનેક પાપો-દોષો કર્યા પછી, પકડાયા પછી આરોપી ન મળતાં પશ્ચાતાપ થાય અને જેના અપરાધો કર્યા હોય તેની પાસે જવાનું થતાં હૃદયની જે લાગણી થાય, તેને પગે પડી ક્યારે ક્ષમા મેળવું એમ થાય તેમ મ્હને થયું. લક્ષ્મી દૂર હતી ત્યારે કાંક—વિસરાઇ હતી તેજ લક્ષ્મી હાથ વેંતમાં છે જાણતાંજ મ્હારૂં ચિત્ત વલોવાઇ ગયું પણ વધારે હકીકત મેળવવા હું બોલ્યો.

"બ્હેન તે લક્ષ્મીનું શું છે ? એને મૂકી ત્હમે ક્યાં જાવ છો ? એને માટે ત્હમે શું કહેવા માગો છો ?

જોગણ બોલી. ભાઇ ! ત્હમે જ્યારે સાંભળવા જ ઇચ્છો છો તો સાંભળો· ત્હમારા હૃદયમાંથી તેથી આઘાત થાય તો મ્હારો દોષ ન કાઢશો—લક્ષ્મી ત્હમારી લક્ષ્મી પવિત્ર નથી. જે પુરૂષની સાથે ત્હમે અમને જોયાં તેજ પુરૂષની સાથે લક્ષ્મી તો, મળીશું રહેવા ઇચ્છા રાખે છે અને અત્યારે પણ ત્યાંજ છે, જીવતાં હોઇ શું " એટલું કહી જોગણ ચાલી ગઇ. હું તો સ્તબ્ધ જ થઇ ગયો. લક્ષ્મી મ્હારા શિવાય અન્યને ચાહી શકે ? આ વખતે મ્હને એમ ક્ષણવાર પણ વિચાર નહોતો આવ્યો કે લક્ષ્મી શિવાય હું બીજાને કેમ ચાહી શકયો હોઇશ. લક્ષ્મી બીજાની અને હું આમ એને માટે ભટકું ? મ્હારૂં મગજ ભમવા લાગ્યું. હૃદયની શાન્તિ નષ્ટ થઇ. શંકા ઉત્પન્નજ ન થાય એમાં જે આનંદ છે તેટલો શંકા થયે તે સાચી છે કે ખોટી તે જોવામાં તપાસવામાં નથી પોતાનાં પ્રિયજનમાં દોષો હોય, કાને સંભળાય તો તે દરકસ્રાવવા પ્રયત્ન કરવો એ આપણી ફરજ છે પણ ત્હેની

ખોળ કરી–ખરી છે કે ખોટી તે જોવાથી, જોવા ઇચ્છા રાખવાથી વધરે દુઃખ થાય છે. 'મ્હને મ્હારા દોષો કહો મ્હને ખોટું નહી લાગે' એમ કહેનારા હજારો હોય છે પણ એ કહેવામાં આવતાં ખોટું ન લગાડનાર ભાગ્યે એકજ નિકળે છે, આજ પ્રમાણે પતિએ પત્નીના, પત્નીએ પતિના દુષ્કૃત્યો નજરે જોવા ઇંતેજારી દર્શાવવી–તેની સાબીતી મેળવવા બહુ ખટપટ ન કરવી. નહિતો એમાંથી આપઘાત કે ખૂન એજ પરિણામ આવે. નજરે જોઉં તોએ મ્હને કાંઇ જ નહિ થાય એ કહેવું–માનવું તદ્દન ભૂલ છે. મ્હારી પણ એજ સ્થિતિ થઇ. લક્ષ્મીને મળવું પણ શી રીતે? રેંજરને પ્રત્યક્ષ ઓળખતો નહોતો તો પછી શાઆને જવું! રેંજર મ્હારજાય પછી જવું એમ નિશ્ચય કરી ધર્મશાળામાં ગયો પણ ત્યાં શાન્તિ મળી નહિ દિવસમાં પચીસવાર રેંજરની તપાસ કરી પણ સંતોષ કારક ઉત્તર નમળ્યો–થાકી ઉતારે આવી સુતો. પથારીમાં ઉંઘનો આવેજ શાની. થવાનું હોય તે થાય એમ કહી ઉઠયો અને રાત્રીમાં રેંજરના ઘર તરફ ગયો. આગલું બારણું બંધ હતું. એટલે પાછળ વંડા તરફ ગયો–વંડાની ભીંતમાં જાળીયું હતું. જાળીયામાંથી નજર કરી જોઉં છું તો લક્ષ્મી, આયેહુય મ્હારા હૃદયની શાન્તિ–લક્ષ્મીને રેંજર સાથે હાસ્ય વિનોદ કરતાં જોઇ. મધ્ય રાત્રીએ પરાયાના ઘરમાં–ગૃહિણીની માફક હાસ્યથી વાત કરે, એને એના ઘરમાં ભજીયાં કરી આપવા–તૈયાર, થાય પોતાના પતિને સંતોષવા જેટલી ઉત્સુક ન હોય તેટલી ઉત્સુકતા દર્શાવે અને તે પણ ત્હેનો પતિ જુવે પછી ત્હેના હૃદયમાં શું શું થાય તે સમજી શકાશે! મ્હારામાં ક્રોધ–વેર ઇર્ષા એકદમ ઉત્પન્ન થઇ અગ્નિ સળગાવવાં લાગ્યાં. મ્હારી પાસે શસ્ત્ર કે અસ્ત્ર હતતો લક્ષ્મીને ત્યાં ને ત્યાંજ ઠાર કરત–જોગણ સાચી–એના શબ્દે શબ્દ ખરા. લક્ષ્મી લાયક નથીજ એ વિચાર થતાંજ નિરાશ થયો.

નિરાશ થતાં—જીવનનો બીજો રસ સુકાઇ જતાં પાછો ફર્યો. નર્મદા માં પડી આત્મહત્યા કરી જીવનનો અંત આણવા નિશ્ચય કર્યો અને એમને એમ જંગલમાં પાસેના એક શિવાલયમાં જઇ પડયો. ત્યાં માનસિક અને શારીરિક શ્રમને લીધે ઉંઘી ગયો.

પ્રાતઃકાળ થયો—રાત્રીના બનાવનો વિચાર કરતાં ખરૂં કે ખોટું સ્વપ્ન કે સાચું એમ શંકા થઇ. શંકા થતાંજ વ્હેમ દૂર કરવા ગામમાં ગયો—રેંજરની તપાસ કરી તપાસ કરતાં ખબર મળી કે રેંજર કોણ જાણે શાથી આખે શરીરે દાઝ્યો છે અને મૃત્યુ પથારીમાં ઇસ્પીતાલમાં છે. રેંજર સાંજનો બાર ગયો હતો. એના ઘરમાં બે સાધ્વીઓ આવી હતી—રેંજર ક્યારે આવ્યો—એ બે સાધ્વીઓ કોણ હતી અને ક્યાં ગઇ તેની કોઇને ખબર નથી. માત્ર રેંજરની બૂમ મધ્યરાત્રીએ સંભળાઇ હતી. એ બૂમ ગુન્હેગારની હશે એમ માનવામાં આવ્યું હતું-સવારે શીપાઇ હમેશની માફક અંદર ગયો ને જુવે છે તો રેંજર આખે શરીરે દાઝેલો બૂમો પાડતો હતો. પાસે કઢાઈ-ભજીયાનો સામાન પડયો હતો. આ સર્વ ક્યાંથી આવ્યું તેની તપાસ પોલીસ પટેલ કરે છે

આટલી માહિતી મળતાંજ મ્હારા પડળ ઉઘડયાં લક્ષ્મી-પવિત્ર લક્ષ્મી ઉપરનો આક્ષેપ કેટલો ખોટો છે તે સમજાયું—જોગણે લક્ષ્મી ઉપર તદ્દન ખોટો આરોપ મુકયો છે તે નિર્વિવાદ વાત. એવું માની જે લક્ષ્મીને ગઇ રાત્રે મારી હત તો મૃત્યુને આધીન કરત તેજ લક્ષ્મી હેવતામાં તપી શુદ્ધ થયેલી કનકની મૂર્તિ ઠરી. હાય ! હાય ! આટલે વખતે હાથ લાગેલી લક્ષ્મી છટકી ગઇ—ઉતાવળીયો ન થયો હોત—જરાક વધારે વાર બાળી પાસે ઉભો હત તો સત્ય જણાત. લક્ષ્મીને લઈ

નિશ્ચિંતપણે નિર્ભય જગાએ જઇ શકત પરન્તુ એ સઘળું રાંડયા પછી ડહાપણ હતું. લક્ષ્મી ગઇ. ફરીને મળશે કે કેમ તે શક પડયો પરન્તુ લક્ષ્મી હયાત છે. હજી બીજાની થઇ નથી. થશે નહિ એ ખાત્રી થતાં આત્મઘાતના વિચાર દૂર કર્યા અને મુંબાઇ જઇ કંચનને સમજાવી, આપને સમજાવી—કંચનની સ્થિતિ જોઇ કંચનની રજા લઇ એની અને આપની ક્ષમા માગી લક્ષ્મી સાથે પરણવા દેવા મંજુરી માગવા વિચાર થયો. આપને--કંચનને કહ્યા વિના લક્ષ્મી મળ્યે પરણી શકાય પરન્તુ મ્હારા હૃદયમાં એટલો પણ અશાન્તિનો પાસ ન રહેવા દેવા ઇચ્છા હતી. લક્ષ્મી ઉપરની શંકા એના ઉપરનો આરોપ દૂર થતાં લક્ષ્મી આટલામાંજ હશે એમ નિશ્ચય કરી એ ગામ છોડયું. મ્હારા જીવનનો માર્ગ કયો હશે તે સમજાયો નહિ. લક્ષ્મીને આગમાં જોઇ—ત્યાંથી બચ્યાના સમાચાર મળ્યા. આટલે વખતે મળી. એ પવિત્ર આત્મા ઉપર આળ ઓરાદયું. તિરસ્કાર કર્યો—પસ્તાવો થયો પણ મળવાનું બન્યું નહિ. આમ હૃદય ઉપર એક પછી એક આઘાત પડતાં નિરાશા ઉદાસીનતા મ્હારા હૃદય ઉપર છવાઈ. રખેને મુંબાઇ ગઇ હોય એમ માની મુંબાઇ આવ્યો. અત્રે બે ચાર સ્થળે તપાસ કરી---પત્તો ન લાગ્યો. એક દિવસ અકસ્માત ડાકટર વકીલ મળ્યા. એમની મારફત કંચનના મંદવાડના સમાચાર સાંભળ્યા. ડા. વકીલના કહેવાથી કંચનના મંદવાડનું કારણ હું હતો એમ લાગ્યું. પવિત્ર વ્હાલસોઇ લક્ષ્મી મ્હારે માટે આમ રખડે છે. યુવાન સ્ત્રીને પડતી વિપત્તિઓ સ્નેહ અને ધૈર્યથી સહન કરી પતિશોધમાં રખડે છે. કંચન, સ્નેહના સાગરરૂપ કંચન, મ્હારા વચન--વિશ્વાસથી ખીલેલા કુસુમસમ કંચન મ્હારાજ તિરસ્કાર અ-ભાવથી નિસ્તેજ નિસત્વ થઇ મૃત્યુ પંથે જવા તૈયાર થઇ છે. અરેરે ! મ્હારૂં જીવન કોઇને શાન્તિકારક ન થયું ને ? માતા--પિતા મ્હારા વિયોગે

દુઃખે ચાલ્યા ગયાં. રાધાને તે દિવસ પછી મળયોજ નથી. લક્ષ્મી કંચન બુદ્ધિસાગર આમ કેટલા આત્માને મ્હેં દુઃખી કર્યા. આવો વિચાર થતાં પ્રત્યેકની ક્ષમા માગી હૃદય શાન્તિ મેળવવા વિચાર થયો અને છેવટે કંચનના પગે પડી ક્ષમા માગી એના અને મ્હારા આત્માને શાન્તિ આપવા ચાલ્યો ચાલ્યો અહીં આવ્યો. પિતાશ્રી આ મ્હારી હકીકત છે. મ્હારા જીવનની આશા નષ્ટ થઇ છે હવે લગ્ન-સંસારમાં મોહ રહ્યો નથી. કંચનના સુધામય શબ્દ સાંભળી આપના ક્ષમાશીળ વચનો ફરી ફરી તટમાં ભટકી જીવન વ્યતીત કરવા દો—"

એટલામાં બંગલાના ઝાંપા ઉપરનો રામોશી આવ્યો અને શેઠના હાથમાં ચીઠી આપતાં બોલ્યો. "સાહેબ ! લક્ષ્મીબાઇએ આ ચીઠી આપને આપવા કહ્યું છે. હું આવું છું કહી ભાડાની વીકટોરીયા કરી બ્હાર ગયાં છે."

"કોણ લક્ષ્મી ! કેમ ! શા માટે ?" એમ રસિકચંદ્રથી બોલાઇ જવાયું અને લક્ષ્મીની પાછળ દોડ્યો, શેઠે તેમ કરતાં અટકાવી ચીઠ્ઠીમાં લખેલું વાંચી પછી બીજું પગલું ભરવા કહ્યું. ચીઠી વંચાય તે પહેલાં ત્રણેના મનમાં જૂદા જૂદા ભાવ થયા. કંચનના પિતા લક્ષ્મીના જવાથી દીલગીરમાં હતા પણ કંચન સાજી થાય હોય એમ આશા હોવાથી વચમાંથી નડતર ગયું એમ લગ્યું. કંચનને તો પોતાનો આત્મા ગયો હોય એમ આઘાત થયો. રસિકચંદ્ર લક્ષ્મીને પરણે એજ એની મહેચ્છા હતી. રસિકચંદ્રને સુખી કરવા—સુખી જોવા એજ એના જીવનનો હેતુ હતો અને એ થાય એટલે દેહ છૂટે તો ઠીક એમ એ માનતી. રસિકચંદ્ર તો બેબાકળોજ બન્યો. પોતે મળ્યો છતાં એ કેમ ચાલી ગઇ તેની કાંઇ સુજ ન પડી. રસિકચંદ્રે ચીઠી ઉઘાડી અને વાંચી

મુરબ્બી શ્રી—

આપે જીવતદાન આપ્યું છે, કંચન મ્હેને સંસારમાં ન બને એવું, અમે એકજ વસ્તુના આકાંક્ષી હોવા છતાં, મ્હારે માટે સ્વાર્થ ત્યાગ કરવા તત્પર થયાં એ ઉપકાર ભૂલું એમ નથી. મારા જીવનનો આધાર નેત્ર સન્મુખ જોતાં મ્હને શો આનંદ થયો હશે તે આપ સમજી શકશો ? પરન્તુ એ મ્હને અપવિત્ર ધારે છે એ વિચારજ મ્હને મુઝવી નાખે છે—રંજનને ત્યાં હાસ્યવિનોદ કરતી જોઇ મ્હારે માટે તિરસ્કાર થયો એટલું સાંભળી હું ગભરાઇ અને સદાને માટે જવા નિશ્ચય કર્યો હું જાઉં છું, મ્હારા રસિકને કહેજો કે હું પવિત્ર છું અને અન્તકાળે એનું જ પવિત્ર નામ દઇ સ્વર્ગમાં મળીશ અને ત્યાં પવિ પ્રભુ પાસે મ્હારા હૃદય સાથે ચાંપીશ.

દુ:ખી લક્ષ્મી.

પ્રકરણ પચીસમું.

સુંદર અને ઇચ્છા.

કંચનના પિતાએ લક્ષ્મીને અંદર જવા આજ્ઞા કરી તેજ વખતે લક્ષ્મી ઉભી થઈ અંદર ચાલી ગઈ; પરન્તુ પોતાના પતિની વાત થતી સાંભળવાની તીવ્ર લાગણી થઈ. શું હશે ? અને હેમાં પણ રસિકચંદ્રને એવું તે શું કહેવું હશે ? શું મારે માટે કોઈએ ખોટી અફવા તો ઉરાડી નહી હોય ? જે રસિક માટે હું સર્વસ્વ આપવા તૈયાર છું તે રસિકના મનથી હું હલકી તો નહિ હોઉં ? રખેને કંચનનો સ્વીકાર કરવા મન હોય અને મ્હારા દેખતાં માંગણી ન કરી શકતા હોય? " લક્ષ્મી લાયક " એ શબ્દ બોલ્યા તે પૈલી જેગણુ વિધવા મળી હતી એણે મારે ને રંજરને સંબંધ છે એમ તો નહિ કહ્યું હોય. અરેરે ! માણુસો બીજાના વર્તન માટે અભિપ્રાય બાંધવામાં કેટલી ઉતાવળ કરે છે. એટલુંજ નહિ પણ એવો અભિપ્રાય બાંધી કેટલું નુકશાન કરે છે. બ્હેન જેગણુ ? આપણે સાથે રહ્યાં-તમને મ્હારા જન્મથી અત્યાર સુધીની હકીકતથી વાકેફ કર્યા. છતાં મારે માટે આવો વિચાર. જો શિથિલ થવું હોત તો ભાવનગરમાં ઓછા પ્રસંગ હતા ? નવનીતે થોડા કાલાવાલા કર્યા હતાં ? પેલા મિયાં એ ઓછી ધમકી આપી હતી ? રંજરે કાંઇ ઓછી આજીજી કરી નહોતી પણ મ્હારા હ્રદયમાં મ્હારા રસિક સિવાય બીજી મૂર્તિની જગા જ નહોતી ને

નથી. પુરૂષો એક મૂર્તિ ખસેડી બીજી મૂકી શકે છે. એટલુંજ નહિ પણ બે ત્રણ મૂર્તિ રાખી શકે છે. રસિકને મન હીરો હતી તે કાચનો કકડો થઇ ત્યારે મારે સાંભળવાની શી જરૂર છે ? વખત છે કાંઇ એવું હોય તો નાહકનો જીવને ઉદ્‌વેગ થાય. ના–ના, પણ સાંભળવાતો દે. એમને મારે માટે શો અભિપ્રાય છે" આટલું જ કહી લક્ષ્મી પાછી આવી બારણા પાછળ ઉભી રહી. રસિકચંદ્ર રેંજરના ઘરના જાળીયા પાસે ઉભા રહી જોયું હતું તે વાત કરતો હતો. રસિકચંદ્રે રેંજર સાથે હસીને વાત કરતી લક્ષ્મીને જોઇ હતી અને તે સમયે ક્રોધ તિરસ્કાર દર્શાવ્યો હતો આટલું સાંભળતાં જ લક્ષ્મીના હોશકોશ ઉડી ગયા. જીવન નિરસ લાગ્યું. જેગણુ, આખું જગત ખરાબ ધારે ત્હેની ત્હેને દરકાર નહોતી પરન્તુ પોતાનો વ્હાલો પતિજ–રસિકચંદ્રજ ખરાબ ધારે પછી જીવીને શું કામ ? આટલા સમયના ખમેલા ઝંઝાવાત નિષ્ફળ ગયા. શાન્તિસદન ખાવા ધાવા લાગ્યું. રસિકચંદ્રનું નામ સાંભળતાં–મ્હોં જોતાં એના મધુર શબ્દો સાંભળવામાં જે આનંદ, જે ઉત્સાહ થતો હતો તે સર્વ નષ્ટ થયાં લક્ષ્મીના મ્હોનું તેજ ઉડી ગયું અને પોતાની ઓરડીમાં જઇ ઉતાવળમાં ચીઠી લખી. પાછલે બારણેથી ઝાંપા પાસે જઇ ભૈયાને કહી ભાડાની ગાડી મંગાવી અને ગાડી આવતાં રામોસીને ચીઠી આપી આવી. ગાડીવાળાએ 'ક્યાં હાંકું' એમ પૂછ્યું પણ લક્ષ્મી-ગભરાયેલી લક્ષ્મીએ સાંભળ્યું નહી—"કોટ" એટલો જ શબ્દ નિકળ્યો. ગાડીવાળાએ ચાબુક લીધી ગાડી પુરપાટ હાંકી.

ગાડી કવીન્સરોડ ઉપર થઇ ફ્લાવર ફાઉન્ટન પાસે આવી. આ સ્થળે ગાડી-ઘોડા-ટ્રામ-મોટોરની એટલી ધમાલ હોય છે કે કાચો પોચો માણસ ગભરાઇ હડફટમાં આવ્યા વિના રહેજ નહિ. પોલીસ-

નો બંદોબસ્ત સારો હોય છે. હાથ ઉંચો થતાં જ સઘળાં વાહનો જ્યાં ને ત્યાં ઉભાં રહે છે એ વાત ખરી છતાં લગભગ દરરોજ અકસ્માત થાય છે. લક્ષ્મીની વિકટોરીયા કવીન્સ રોડ ઉપર થઇ—જુની પોસ્ટ ઓફીસ પાસે થઇ મોટા રસ્તામાં પેઠી. સેક્રેટરીએટ તરફથી એક મોટરકાર ધસતી આવતી હતી. સામેથી ખટારાવાળો ઉતાવળથી ખટારો હાંકી જવા ધારતો હતો એટલામાં એક વિદ્યાર્થી વચમાં થઇ પસાર થયો વિદ્યાર્થીને બચાવવા વિકટોરીયાવાળાએ ઘોડો ખેચ્યો. ઘોડો પાછો હટયો ને ખટારા સાથે અથડાયો. વિકટોરીયા અને ખટારાની અથડામણી થઇ તેજ પળે મોટાર આવી. મોટારવાળાએ અટકાવવાનાં ફાંફાં માર્યાં પણ ગાડી આવે તે પહેલાં વીકટોરીયા સાથે મોટાર અથડાઈ ને વિકટોરીયા ઉંધી વળી. લક્ષ્મી–વિચારમાં લીન થયેલી લક્ષ્મી ચમકી પણ શું થયું તે જાણે તે પહેલાં ગાડીમાંથી ઉથલી પડી. અને નીચે પથ્થર ઉપર પટકાઇ. પડતાંની સાથે જ બેભાન થઇ. પોલીસ લોકોનો જમાવ થયો અને મોટાર—ગાડીની સ્થિતિ તપાસતાં પહેલાં સર્વનું ધ્યાન આ નિરાધાર બાઇ તરફ પડયું. પોલીસે ગાડીવાળાને આ બાઈ સંબંધી કેટલીક હકીકત પૂછી અને તે ઉપરથી જણાવ્યું કે મહાલક્ષ્મી શાન્તિસદનમાંથી આ બાઇ આવી હતી અને કયાં જાય છે તેની વિકટોરીયાવાળાને ખબર નહોતી. આ ભાંજગડ ચાલે છે ત્યાં એક બીજી વિકટોરીયા બોરીબંદર તરફથી આવી. 'શાન્તિસદન—મહાલક્ષ્મીનું નામ સાંભળતાંજ અંદર બેઠેલી બાઇએ વિકટોરીયા ઉભી રખાવી અને વિકટોરીયાવાળાને શું છે તેની ખબર કહાડવા કહ્યું. વિકટોરીયાવાળાએ તપાસ કરી જણાવ્યું કે મહાલક્ષ્મી શાન્તિસદનની એક બાઈની ગાડી અથડાવાથી ભાગી ગઇ અને તે બાઇને વાગ્યું છે, બેભાન અવસ્થામાં પડી છે. એને કોઇ ઓળખતું નથી "બાઇ-શા

ન્તિસદન—બેભાન " આટલા શબ્દ કાને પડતાં ઇચ્છા બેબાકળી બની. રખેને હૃદયનો ભય ખરો પડે ? વીક્ટોરીયાના સામાનનું શું થશે હેની જરાયે દરકાર ન કરતાં એકદમ નીચે ઉતરી લોકોના ટોળામાં પેઠી અને લક્ષ્મીનો ચહેરો જોયો. લક્ષ્મીને જોતાં જ હેના બેભાન શરીરને જોતાંજ ઇચ્છા ઢીલી ઢફ થઇ અને એકદમ રોઇ પડી.—"હાય હાય આતો મ્હારી સુંદર ? આને માટે હું અહીં આવી અને મ્હને આવી સ્થિતીમાં મળશે એ મેં ધાર્યું જ નહોતું. એ ક્યાં જતી હશે ? હું એને સાથે લઇ જાઉં.—ક્યાં લઇ જાઉં ? " એમ આ નિશ્ચિંતપણે વિચાર કરતી હતી ત્યાં પોલીશે તેને ઇસ્પીતાલમાં લઇ જવાની તૈયારી કરી. હું આને ઓળખું છું. એની સારવાર કરીશ. અને જ્યારે જોઇએ ત્યારે હાજર થવા અને કરવા તૈયાર છું. મ્હારૂં શિરનામુ આ રહ્યું એમ કહી ઇચ્છાએ ગીરગામમાં પોતાના પતિના એક સગા અને સંબંધીનું નામ આપ્યું. સુંદર-આપણી લક્ષ્મીને ગાડીમાં ઉપાડી બેસાડવાની તજવીજ કરી. સુંદર હજી બેભાન જ હતી. સદ્‌ભાગ્યે સખત વાગ્યુ નહોતું માત્ર પછાડાથી જખડ થઇ હતી સુંદરને લઇ ઇચ્છાએ ગાડી ગીરગામ તરફ હંકાવી. અને રસ્તાના પવને, ઇચ્છાના વ્હાલસોયા કોમળ હાથ અને મધુર શાન્તિપ્રદ વચને લક્ષ્મી જાગ્રત થઇ જુવે છે તો કોઇ અજાણ્યા ઘરમાં પોતે પલંગ ઉપર પડી છે. પલંગ પાસે સ્ટુલ ઉપર પંખો, દવા, ચાહના પ્યાલા પડયા હતા. ઓશીકા તરફ ઇચ્છા બેઠી બેઠી સુંદરના માથા ઉપર હાથ ફેરવતી હતી. સુંદરે આંખ ઉઘાડી—આગળ પાછળ જોયું અને ઇચ્છાને જોતાં ઓળખતાં એક બેભાન માણસ મુગું માણસ—હૃદયમાં શોકનો ઉભરો ન શમાવી શકતું હોય તેવા માણસ પેઠે તીકીતીકીને જોઇ રહી. આંખો બેબાકળી થઈ. અને આંખમાંથી

ડળક ડળક આંસુ ખરવા લાગ્યાં. ઇચ્છા સુંદરની પાસે ગઇ, તેનું માથું ખોળામાં મૂક્યું અને બીજા હાથ ત્હેની છાતી ઉપર રાખી શાન્ત પાડતી બોલી.

બ્હેન ! સુંદર ! હવે તને કેમ છે ? ક્યારે વાગ્યું ? કાંઇ દુખે છે? લાવ તેલ ચોળું ? ગભરાઇશ નહિ ? હું ત્હારી પાસે છું—અહીં ત્હને કોઇ જાતની અમુઝણ આવે તેમ નથી. સુંદર–લક્ષ્મીને ઇચ્છાનો પરિચિત ઘાંટો સાંભળી ભૂતકાળ અમદાવાદ સાંભર્યું અને તે સંભારતાં સંભારતાં બોલી. "બ્હેન ! મ્હેં તને તાર કર્યો તે આટલા માટે ! અરેરે જ્યારે તાર કર્યો ત્યારે મારા મનમાં કેટલો ઉમંગ–આનંદ હતો ? મ્હારી ઇચ્છા આવશે ને જેમ એને અજીતરાયના સંસર્ગમાં હું કારણભૂત થઇ પડી હતી તેમ મ્હને–મ્હારા રસિક ! બ્હેન ! બ્હેન ! હું અભાગીણી કેમ મરી ન ગઇ ! હવે જીવીને શું કરૂં–બ્હેન ! મ્હારા કરતાં કંચન સુખી છે. અરેરે રસિક કંચનને પરણે–સ્વીકારે ત્હેમ મ્હને પરવા નથી. હું મરી જાઉં ત્હેની પરવા નથી પણ આ લક્ષ્મી, તારી સુંદર ખરાબ છે પાપી છે એવો આરોપ આવે એ મ્હારાથી સંભળાતો નથી અને તે પણ મ્હારા રસિક તરફથી !—

ઇચ્છા–બ્હેન ! ઉશ્કેરાઇ ન જા ! તું પાપી ! ત્હને પાપી કહેનાર કોણ છે ? બ્હેન શાન્ત થા. ત્હને આરામ થશે એટલે હું જગતને બતાવી આપીશ કે પાપી કોણ છે ! સ્ત્રીઓની માથાવટીજ મેલી. સ્ત્રી અન્ય પુરૂષ સાથે વાત કરે કે ખરાબ એમજ માની લેવાય. સ્ત્રી જરા-કપણ જાહેર જીવન ગાળે કે એકલી રહે એટલે પતી રહ્યું–સુંદર ! ત્હારામાં દોષ સંભવે જ કેમ ! ચંદ્રમાં ઉષ્ણતા હોય, મેરૂ ચલે, પશ્ચિમમાં સુરજ ઉગે, તોપણ મ્હારી સુંદર અપવિત્ર ન હોય. જખ મારે છે

એ તો કોઇના ચ્હડાવ્યા રસિકચંદ્રે માની લીધું હશે બ્હેન અત્યારે વખત નથી અને સંભારી તને દુઃખી કરવી નથી પણ ત્હારા બોલવા ઉપરથી લાગે છે કે રસિકચંદ્ર કંચન સાથે વચને બંધાયા છે, મોહે ફસાયા છે અગર પૈસે લોભાયા છે. કંચન તો પેલા મહાલક્ષ્મીવાળા તમારી ન્યાતવાળા શેઠની એકની એક છોકરી છે તેજને.

સુંદર-બ્હેન! કંચન તો કંચન જ છે. રસિકચંદ્ર જેવાને કોણ ન ચ્હાય. વિલાયતમાં ગમે તેમ હશે પણ આપણે ત્યાં ગમે તો રૂઢીથી ગમે તો વર્ષોથી ગુલામગીરીની સ્થિતિમાં સ્ત્રીઓ રહી છે તેથી હો અગર પતિ એજ પરમેશ્વર અને રાજા અને પતિના કાર્યમાં અભિપ્રાય બંધાયજ નહિ એ વિચારથી હો, આપણામાં બે સ્ત્રીઓ—અગર તેથી વધુ સ્ત્રીઓ એકજ પતિને ચાહી શકે છે એટલે એ બેમાં ઇર્ષા—કંકાસ થતો નથી એવા ઘણા દાખલા છે. સ્નેહને બદલે પુત્રઇચ્છા—પૈસે—ઘરેણાં—વૈભવ માટે ઇચ્છા થાય એટલેજ કંકાસ શરૂ થાય છે. બાકી કેવળ પતિ માટેની ભાવના હોય ત્યાં એમ થતું નથી અને કંચનને સ્વપ્નમાં પણ મ્હારે માટે ઇર્ષા આવી હોય એમ લાગતું નથી. રસિકચંદ્ર પહેલીવાર કંચનની સાથે લગ્ન કરવા તૈયાર થયા અને પછી ચાલ્યા ગયા છતાં કંચનનો ભાવ રસિકચંદ્ર ઉપર એવોને એવોજ રહ્યો. અરે જે દિવસે હું શાન્તિસદનમાં પહેલવહેલી આવી—એના ખાટલા પાસે બેઠી અને હું પણ જે રસિકને એ ચાહે છે ત્હેનેજ ચાહું છું અને મ્હારે માટેજ રસિક એને તરછોડી ગયા એમ જાણ્યું છતાં કંચનના હૃદયમાં જરા પણ સ્નેહ મમતા ઓછાં થયાં નથી; એ બદલે હું રસિકને ત્હારી સાથે વિવાહીત જોઇ આનંદ પામીશ એમ બોલી હતી.

ઇચ્છાઃ—હશે બ્હેન! એ વાત જવા દે. ત્હારી વાત ઉપરથી

લાગે છે કે રસિકને ત્હારે માટે કાંઇ વ્હેમ છે અને એ વ્હેમને લીધે ત્હારો તિરસ્કાર કરવામાં આવ્યો છે. ત્હારા મનની ઉમેદો નષ્ટ થઇ. ચિંતા નહિ. એજ રસિક ત્હારા હૃદયમાં રમે, એજ રસિક ત્હને ખોળતો આવે ત્યારે જ હું સુખથી જંપીને બેસીશ. બ્હેન! ત્હારા કરેલા ઉપકારો મ્હારાથી વિસરાય એમ નથી. પાછલી વાત સંભારૂં છું ત્યારે એમ થાય છે કે મ્હારા ચામડાના જોડા કરી ત્હને પહેરાવું તોએ એ ઉપકાર વળે એમ નથી. મ્હારી મા કેવી? એવાને મા કહેવી કે કેમ! એ માની હું દીકરી એને ભણાવી–શુદ્ધ સંસ્કાર પાડી પશુમાંથી માનવી બનાવનાર મારી સુંદર. નવનીત–એ નરાધમની સાથે હું પરણી હતતો મ્હારી શી સ્થિતિ થાત? મ્હારે લીધે મ્હારી માતા–મ્હારા પિતાના શબ્દો સાંભળવામાં ત્હને ઓછો સંતાપ પડ્યો છે. એ નવનીત અને મ્હારી કુલટામાની ખટપટથી ત્હારી શી સ્થિતિ થાત! ત્હને શું શું દુઃખ પડ્યું છે એ મ્હારાથી અજાણ્યું નથી. અજીત મ્હારા–અજીતની સાથે હું સુખી હોઉં–અમારૂં નાનુ સુખી કુટુમ્બ આનંદ, પ્રેમ અને કુટુમ્બ સ્નેહ ભોગવતું હોય તો તે ત્હારે લીધેજ. અમે બાંકીપુર બેઠે બેઠે પણ રસિકની–ત્હારી શોધ કરવામાં બાકી નથી રાખી પરન્તુ દુર્ભાગ્યે પત્તોજ મળ્યો નહિ.

સુંદર—વારૂ બ્હેન! પણ આપણે આ ઘરમાં કયાં સુધી રહીશું આ કોનું ઘર છે?

ઇચ્છા—એ ખાતે ત્હારે કાંઇ ચિંતા કરવાની નથી. એમના એક મિત્રનું ઘર છે. એઓ કોઇ કામસર મહિના માસ માટે બહાર ગામ ગયા છે. અને ઘરની કુંચીની વ્યવસ્થા હું આ-વવાની છું જાણી કરતા ગયા છે મ્હારા આવવા અગાઉ એમણે તાર કર્યો હતો.

સુંદર—તો તો ઠીક. પણ રસિકચંદ્ર અગર કંચન શોધ કરશે ને પોલીસ આપણને બતાવશે તો ?

ઇચ્છા—તે વખતે સહુ થઇ પડશે. અત્યારે તો ત્હારી તબીયત સાચવવાની છે. મેં આજે બાંકીપુર કાગળ લખ્યો છે એનો તારથી જવાબ બે ત્રણ દિવસમાં આવશે એટલે આપણે બાંકીપુર જવાની તજવીજ કરીશું.

ઇચ્છાની રાત દિવસની સારવાર અને આશ્વાસનથી સુંદર–લક્ષ્મી નું લથડી ગયેલું શરીર તંદુરસ્ત થયું; આ બન્ને બહેનો સારાં પુસ્તકો, માસિકો અને એવીજ નિર્દોષ વાતોમાં દિવસ ગાળતી. સાંજનાં ફરવા જતાં પણ તે જગા એવી હતી કે જ્યાં બહુ માણસોની અવર જવર નહોય. ઇચ્છા વારંવાર દિવસના ગમે તે સમયે બહાર જતી અને કલાકોના કલાકો બહાર રહેતી. સુંદર ઘણીવાર પ્રશ્ન કરતી. સાથે આવવા દુરાગ્રહ કરતી પરન્તુ ઇચ્છા તેને ના કહેતી. ઇચ્છાની આવી આવી વર્તણુકથી સુંદરને કેટલીકવાર શંકા આવતી પરન્તુ એ શંકા ઉદ્‌ભવે-ઉદ્‌ભવી મ્હોટું રૂપ પકડે તે પહેલાં દાબી દેતી. અજીતરાયના પત્ર આવતા. ઇચ્છાને બેજીવાવસ્થામાં સારા દાકતરોની સલાહ લેવા અને તેટલો ઓછો શ્રમ લેવાની સૂચના આવતી પરન્તુ ઇચ્છાને કાંઇ જ નહોય તેમ જતી. રાતના મોડી આવતી. રાતના ઉજાગરા કરતી અને વિચારમાં હોય તેમ કેટલીકવાર મુંગીજ રહેતી. સુંદરની સ્થિતિ કઢંગી હતી. રસિકચંદ્રના મતમાં હલકી હતી. રસિકચંદ્ર શાન્તિ સદનમાં જ હોવો જોઇએ. કંચનના પિતાના હૃદયમાં નાશી જવાથી કાંઇ થયું લાગતું નથી નહી તો આટલા દિવસથી તજવીજ ન કરાવે. એ બનેજ નહિ. આમ હોવાથી શાન્તિસદનમાં પાછી જઇ શકે એમ નહોતી. લક્ષ્મી

પવિત્ર હતી છતાં ભાવનગર છોડી ગઇ તેજ દિવસથી તેનું નામ જગબત્રીશીએ ચ્હડ્યું હતું. સરસ્વતીચંદ્રની માફક, કુમુદની માફક પોતાનું સ્નેહમય જીવન થાય. હું સરસ્વતીચંદ્ર ને મ્હારે કુમુદ જોઇએ. હું કુમુદને મ્હારે નવીનચંદ્ર કે સરસ્વતીચંદ્ર જોઇએ એમ દરેક ભાવમય યુવાન કે યુવતિને જોઇએ મનને ગમે પરન્તુ એવુ કોઇ બીજું કરે તો ટીકા કરનાર પણ પોતેજ. લક્ષ્મી રસિકચંદ્ર માટેજ ગઇ એ વાત ઉડતાંજ નવરાં સર્માંએ, કહેવાતા હિતચિંતકોએ અનેક અફવા ઉરાડી. લક્ષ્મી કદાપિ કોઇને મળતી તો વિવેક ખાતર આવો બેસો કહેનાર મળી આવતા પરન્તુ ત્હેની પુંઠ પાછળ કાનના કીડા પણ ખરી જાય એવી નિંદા થતી. લક્ષ્મીને કોઇ ખબર પડી હતી અને તેટલા પુરતીજ તે બહુ ફરવા બહાર જતી નહિ. ઇચ્છા ગામ ગપાટા લાવતી અને એ ગપાટા ઉપર સુંદરને સંસારનું ચિત્ર દોરવાનું હતું.

બાંકીપુરથી પત્ર આવ્યો. અજીતરાય રજા ઉપર વડોદરે જવા આવનાર હતા. રસ્તામાંથી ઇચ્છાને લેવા અને પછી બન્ને જણાએ વડોદરે જવા ઠરાવ કર્યો હતો. લક્ષ્મીએ સાથેજ આવવું અને જે ઇચ્છાને કકો શિખવ્યો, જે ઇચ્છાને સંસારશાળાનું જ્ઞાન આપ્યું. ઇચ્છાને પતિ ભકિત, પતિ-પ્રેમના ઉચ્ચ સંસ્કાર આપ્યા તેજ ઇચ્છામાં માતાના ઉચ્ચ સંસ્કાર પાડવાનું કામ પણ લક્ષ્મી અવિવાહિત લક્ષ્મીને સોંપાયું હતું. લક્ષ્મીએ એ કામ આનંદભર સ્વીકાર્યું અને સાથે વડોદરે જવાનો ઠરાવ કર્યો

અજીતરાય બાંકીપુરથી આવ્યા. લક્ષ્મી અને ઇચ્છા બન્ને સ્ટેશન ઉપર તેડવા ગયાં હતાં. ગાડીમાંથી ઉતરતાંજ અજીતરાયે લક્ષ્મીને કહ્યું—સુંદર બ્હેન ? બીજાંના ત્હમે લક્ષ્મી બ્હેન હશો પણ

અમારા તો સુંદર બહેન ! ઇચ્છાના માસ્તર તે અમારા પણ માસ્તર. માસ્તર મ્હને ખબર નહિ કે ત્હમારાં શિષ્યને તમે આવું વશીકરણ શિખવ્યું હશે.

લક્ષ્મી—અજીતરાય ! એ વશીકરણ ઇચ્છા બહેનમાં હશે પણ તેમાં કોઇ એનો દોષ નથી. ઠેઠ વડોદરેથી ત્હમે અમદાવાદ આવ્યા. કોઇ ઇચ્છા બહેન આવ્યાં નથી. વળી વડોદરામાં રહેતાં ત્યારે નાની છોકરીને ભોળવનાર તમે હતા–તમારા ઉપર ફોસલાવી લઇ જનારનો ચાર્જ આપવો જોઇએ.

આમ હાસ્ય વિનોદ કરતાં ત્રણે ઘેર ગયાં. એકાદ દિવસ મુંબાઇ ગાળી વડોદરે જવાની તૈયારી થઇ.

અજીતરાય લક્ષ્મી અને ઇચ્છા સેંકડકલાસના ડબ્બામાં બેઠાં, જગા રીઝવર્ડ કરાવી હતી. અજીતરાયનો પટાવાળો થર્ડ કલાસમાં બેઠા. અજીતરાયના હૃદયમાં કોઇપણ તરેહની ગંભીર ચિન્તા નહોતી. ઇચ્છા સગર્ભાં હતી સુવાવડ માટે વડોદરે જતી હતી અને સામાન્ય રીતે આપણી સ્ત્રીઓને સુવાવડ કુદરતી છતાં મૃત્યુની બ્હારી મનાતી હોવાથી ફરીને મુંબાઈ જોઇ શકે કેમ ? મ્હારા વ્હાલા સાથે બાંકીપુર જઇ શકીશ કે કેમ ! મનમાં ધારેલી યોજના પાર પડશે કે કેમ ? કરેલી પ્રતિજ્ઞા ઇશ્વર પૂરી કરાવશે કે કેમ એ પ્રતિજ્ઞા ન પળાય કરેલી યોજના ફળિભૂત ન થાય, તો પછી કરેલા ઉપકારનો બદલો ન વળાય અને સુંદરની સુંદરતા સુંદરનું જીવન ના થાય તેનું પાપ ત્હેને માથે. સુવાવડમાં મરી જાય તો ઇશ્વરને શો જવાબ આપી શકે ?' આમ પતિ પાસે છતાં પોતાના અંતર સંસારમાં કોઇપણ બરેહનુ દુઃખ ન છતાં

ઇચ્છા ચિન્તાતુર મ્હેરે બેઠી હતી. મુંબાઇ હજી પંદર દિવસ રહેવાય તો સારૂં એમ થતું હતું પરન્તુ એ બને એમ ન્હોતું. લક્ષ્મી, ઇચ્છા અને અજીતરાયની સુંદર આતે દુઃખથી કઠોર તો ખરી પણ કાંઈક કઠણ હૃદયની થઇ હતી. ભાવનગર રસિક માટે ત્યજ્યું વનવનનાં પાણી પીધાં, જોગણ થઇ, ગામેગામ ભટકી શરીર ને મનનાં દુઃખ સહન કર્યાં, પગલે પગલે પવિત્રતા જોખમમાં નાખી–પરોક્ષ ટીકા સાંભળી આમ છતાં રસિકને માટે, રસિકના વ્હાલ ખાતર, રસિકના હેતભર્યાં મોંહા બોલ ખાતર સઘળું ગણકાર્યું નહિ, એજ રસિક મળ્યો. રસિક મળશે ત્યારે શી શી આશા હતી. આટલે વખતે રસિક મ્હને જોશે એનું હૃદય ઉછળી પડશે, નેત્રમાં સ્નેહતેજ માશે નહિ. હૃદયનો ભાવ જીભ્હા કહી શકશે નહિ. લોખંડ અને લોહચુંબક ખેંચાય તેમ ખેંચાઇશું. અહા છાતી સાથે છાતી ચંપાશે ત્યારે કેવો આનંદ કેટલો–આનંદ થશે? સૂર્ય ઉગતાં ચકવાક ને ચક્રવાકી આખી રાત્રીના ભિષણ વિયોગ પછી મળે તેમ મળીશું. જગતની આંખમાં ધુળ નાખીશું. પતિપત્નીની તરીકે દંપતી તરીકે સંસારનાં કર્તવ્યો કરીશું. એ આશા 'રસિકચંદ્ર આવે છે' એ કંચનના પિતાના શબ્દે ઉત્પન્ન થઇ હતી. હવે દુઃખનો અંત આવ્યો–રસિક ને હું સાથે જ શાન્તિ સદનમાંથી નિકળીશું એ આશાએ ઇચ્છાને તાર કર્યો પણ શું બન્યું! રસિક ખોયો આના કરતાં રસિક ન મળ્યો હોત. આશા જાગૃત ન થઇ હોત. એ હૃદયને હલમલાવી નાખનાર મૂર્તિનાં દર્શન જ ન થયાં હોત તો સારૂં હતું આતો મો આગળ આવેલો કોળીયો પડી ગયો–મુંબઇ ગયો કંચનને પરણાવવા ઇચ્છે છે એમ કહી એમણે મ્હારૂ મન શાન્ત કર્યું હત તોપણ બસ હતું આતો હું અપવિત્ર માટે મ્હારો તિરસ્કાર કંચન પવિત્ર માટે સ્વીકાર કંચનનો સ્નેહ અવિચળ; મ્હારો સ્નેહ વ્યભિચારી.

આ દુઃખ કોને કહું?? મ્હારે નથી કોઇની હુંફ મ્હારી પાસે નથી વૈભવ, કંચન! કંચન! ઘડીકમાં તું મ્હને દેવી જેવી લાગે છે પણ બીજી પળે તું મ્હારી પેલા જન્મની વૈરીણી હોય એમ ભાસે છે. વ્હાલા રસિક! મ્હારા ઉપર કૃપા કરો; હું માનો છો એવી પાપીણી નથી. ત્હમારે માટે રંજ- રના—મનુંયના ઉપર ધગધગતું તેલ રેડયું અને ત્હમે પાપીણી માનો છો. જોગણ! ત્હારા હાથમાં શું આવ્યું? ત્હારા એક શબ્દે મ્હારો સંસાર ધળ કરી નાંખ્યો. ત્હારો પતિ સાથે હતો છતાં રસિક જોઇ તું વિવ્હલ બની, એને ફસાવવા ફાંફાં માર્યાં. મારે એવું કોઇજ નહોતું. સ્વપ્નમાં વ્હાલા રસિકની મર્તિ જોઇ મ્હારા દૂર્ભાગ્યે રંજર દુષ્ટ રંજર સન્મુખ ઉભો હતો. તે ઉપરથી આવો નિર્ણય કર્યો! અરેરે! હવે મ્હને સાંભરે છે. આપણા સુધરેલા મનુષ્યો કેટલા વ્હેમી હોય છે? મ્હારા પડોશી પેલા રમણીકની પત્ની સીક પડયાં અને રસિકચંદ્રે એક સ્નેહી તરીકે ભાઇ તરીકે ટર્પેન્ટાઇન ચોળ્યું તેટલા માટે ન્યાતમાં કેવી વાત થઇ હતી. અરે દુષ્ટ લોકો ત્હમારી એક કુવાડા જેવી જીભથી કેટલું નુકશાન થાય છે તે સમજો છો? ફલાણાને ફલાણી સાથે સંબંધ છે. એવી વાત થતી હોય ત્યાં મ્હેં પણ એક દિવસ બેને વાત કરતાં જોયાં હતાં, હસતાં દિઠાં હતાં એમ એકદમ કહી કેટલી નાલેશી કરો છો? કુટુમ્બે કુટુમ્બ વચ્ચે—પતિપત્ની વચ્ચે જીવન પર્યન્તનાં ઝેર રેડો છો. જાહેર સંસ્થા માટે નાલાયક ઠરાવો છો. ત્હમને ત્હમારા દેશની ત્હમારી સંસ્થાની ત્હમારાં પત્નિનાં બાળકોની દરકાર હોય તો એવી નાલેશી કરતો અટકો હાય! હાય અનુભવ હોય તેજ જાણે. આવી નાલેશીથી મ્હારા હૃદયમાં કાતીલ તરવાર પેઠી છે. કહેતા કહેતીમાં— નજરે જોયા વિના, પુરી ખાતરી કર્યા વિના મ્હારા ઉપર શ્રદ્ધાના અભાવે મ્હારા પ્રેમની પરીક્ષા કર્યાં વિના રસિકચંદ્રે મ્હારો ત્યાગ કર્યો.

વ્હેમ પણ શું કરે ? એમની પ્રતિજ્ઞા એમની પાસે રહી રસિકને નમાવવાના હતાં ને રસિકને મ્હારા કદી આપવાનાં હતાં ને ? બીજાને શું ? છેવટે કાંઇ ન થયું; મ્હારાથી બન્યું એટલું કર્યું, હું શું કરૂં; દીલગીર એટલુંજ. ને મ્હારે જન્મ ભરસોસવાનું, કદાચ રસિકનું નજ બને, ને નહીંજ બને તો બીજાને પરણું ? પરણવું એટલે શરીર લગ્ન કરવું હોય, તો બને. આપણામાં હિંદુઓમાં નાની કન્યાઓના વિવાહ થાય છે અને તુટે છે એ બીચારી સમજતી નથી એટલે એક નહિ તો બીજું એમ આનંદ માને છે—પુરૂષો સંસારના કામની અડચણો સહન ન કરી શકતા હોવાથી આત્મા ઉપર વિશેષ કાબુ ન હોવાથી ફરી પરણે છે પરન્તુ અમે સ્ત્રીઓ સમજણ આવ્યા પછી સ્નેહના બીજ વૃક્ષ થયા પછી એકનેજ સર્વસ્વ માન્યા પછી અન્ય પુરૂષને હમારા કેમ કહી શકાય. સ્નેહ ન હોય સ્નેહ ન થયો હોય—માત્ર લગ્નની રૂઢીથીજ લગ્ન થયાં તો જૂદી વાત. જે દિવસે રસિક કંચનને પરણે તેજ દિવસે મ્હારે આ સંસારનો ત્યાગ કરવો પરમ ધામમાં જવું અગર સંસાર ઉપરથી મોહ ઉઠાવી સેવા જીવન ગાળવું. ”

આમ ત્રણે જણા કામ પડતુંજ બોલી મુંગા મુંગાં ગાડીમાં બેઠાં. ગાડી ઉપડવાની થઇ અને બારણા બંધ થયાં. લક્ષ્મીએ મુંબાઇને, રસિકના સૂક્ષ્મ શરીરને, આત્માને સજળ નેત્રે કોઇ ન દેખે એમ પ્રણામ કર્યાં. એંજીનની વીસલ વાગી. એ વીસલ વાગતાંજ લક્ષ્મીના હૃદયમાં ચીચીયારી પાડી અને એ સાથેજ કોણ જાણે કેમ મ્હોટેથી રોવા રે[illegible] જવાયું. અજીતરાય ઇચ્છા આમ સુંદર—લક્ષ્મીના રોવાથી ગભરાયાં. લક્ષ્મીને બંને સુંદરની પાસે ગયાં. ઇચ્છાએ પડખામાં લીધી ઇચ્છા ચતુર ઇચ્છા સમજી ગઇ પરન્તુ અત્યારે વખત ન હતો એટલે માતા બાલકને ખોળામાં સુવાડે તેમ સુવાડી થાબડવા લાગી. અજીતરાય પંખો નાખવા

લાગ્યો આ સ્થિતિમાં ગાડી ચાલી. ગાડી ચાલતાં બ્હાર પ્લેટફોર્મ ઉપર શું થાય છે ને કોણ કોણ છે તે જોવાનો સમય કે ઉમંગ કોઇનામાં નહોતો. એટલામાં ઇચ્છાના ગાલ ઉપર કાંકરા જેવું અથડાયું, ઇચ્છા ચમકી. અજીતરાયને થયું કે કાંક પડ્યું. અજીતરાય ઉપાડી જુએ છે તો કાગળનો ડુચો. કોઇકે મશ્કરી કરી હશે એમ કહી અજીતરાય કાગળ નાખી દેવા જતો હતો ત્યાં ઇચ્છાએ કાગળ ફેંકી એમાં કાઇ ન લખ્યું હોય તો પછી નાંખી દેવા સૂચવ્યું. અજીતરાયે ઇચ્છાની ઇચ્છા મુજબ ડુચો ઉઘાડ્યો અને સરખો કરી જુએ છે તો પત્રિકા. એ પત્રિકામાં આટલાજ શબ્દ હતા. અજીતરાયે વાંચ્યા અને ઇચ્છાના હાથમાં પત્રિકા આપી.

બ્હેન !

ત્હમારી તપાસ બહુ કરી. આ પત્રિકા ત્હમે ફરીને આવશો ત્યારે આપવી એમ નક્કી કર્યું હતું પણ ત્હમે આવ્યાં નહિ. આજ ત્હમે જવાનાં છો એવી ખબર મળતાં આ લાગ સાધ્યો છે. ત્હમે જેને માટે યત્ન કરો છો તે ત્હમારો થશે. એ ઉપરથી મ્હે મારો હક ઉઠાવી લીધો છે. એના પ્રયત્નોમાં ત્હમારો વિજય: થયો છે. મ્હારી પ્રબળ ઇચ્છા હતી પણ મ્હારા એકના ભોગે બીજાને સુખી કરવા તૈયાર છું. વળી હું વધારે વખત રહી શકું એમ લાગતું નથી. અગવડ છે, અડચણ છે, મ્હારા પિતાનો વાંધો છે છતાં એ ત્હમારો થશે—એને સમજાવીશ. નહિ સમજે તો આત્મઘાત કરીશ પણ આજથી હું એની બ્હેન છું—

આટલું વાંચતાં ઇચ્છાનું હૃદય ભરાઇ ગયું, ખોળામાં પડેલી સુંદરનો સુંદર કરમાયેલો ચ્હેરો જોતાં વીલી થઇ અને સુંદરની હાજરીની જરાયે દરકાર ન કરતાં અજીતરાય તરફ જોઇ બોલી.

વ્હાલા? મ્હારૂ હૃદય કહ્યું કરતું નથી. પંદર દિવસ રહેવાયું હત તો! અરેરે મ્હનેએ સુવાવડ આ વખત કયાંથી આવી? આમાંથી શું થશે તે સમજાતું નથી. કંચનની પ્રતિજ્ઞા એ ભીષ્મ પ્રતિજ્ઞા, એના પિતા કોઈ ઉપાયે રસિકને પરણાવ્યા વિના નહી રહે રસિકચંદ્રને લક્ષ્મી સુંદર માટે સ્નેહ છે. એને માટે જરાયે વ્હેમ નથી એ લક્ષ્મીને મળવા હૃદય સાથે ચાંપવા ઉત્સુક છે મ્હારી બાજી અધુરી હતી પુરી થતાં પહેલાં ઉછાળી નાંખી. અને હવે કોણ જાણે શું થશે? આ પત્રિકાનો અર્થજ એ છે કે કામ વિકટ છે ચોકસ છે પણ હવેની રમત ઉપર જીતનો આધાર છે,

સુંદર ગભરાઇ હતી અને એજ મુઝવણમાં બેભાન થઇ પડી હતી. આગળ પાછળ શું થાય છે તેનું ત્હેને ભાન નહોતું. કાનમાં અધુરા અસ્પષ્ટ શબ્દો પડતા હતા. આ સ્થિતિમાં એના કાનમાં "રસિક લક્ષ્મીને મળવા હૃદય સાથે ચાંપવા ઉત્સુક છે" એટલા શબ્દ પડયા. પડતાંની સાથેજ, ધોળાયા પછી એકદમ ઉઠીને બોલી. હેં? રસિક મ્હને મળવા ઉત્સુક છે તમે ખરૂં કહો છો? ત્યારે મ્હારે વડોદરે નથી આવવું. હું જાઉં છું. મ્હારા રસિક પાસે. એને મળીશ એની ક્ષમા માગીશ એને મ્હારે માટે વ્હેમ નથી તો મ્હારે એને માટે સ્નેહ છે વ્હાલ છે. હું જાઉં: વ્હાલા આવી. " એમ કરતી ગાડીનું બારણું ઉઘાડવા દોડી. ઇચ્છા અને અજીતરાય પાછળ દોડયાં અને " બ્હેન! બ્હેન! ગાંડાઇ ન કરો ' રસિકચંદ્ર ગાડીમાં છે બીજા કમ્પાર્ટમેન્ટમાં છે—"

હેં! આ ગાડીમાં છે કયાં છે—" કરી ધબ લઇ પડી. ગાડી પુરપાટ દોડયે જતી હતી અને આ ત્રણેની ચિત્ત વૃત્તિ પણ ગાડીના વેગની માફક અસ્થિર હતી.

પ્રકરણ છવીસમું.

કંચનની પ્રતિજ્ઞા.

રામોશીએ શેઠના હાથમાં ચીઠી મુકી. રસિકચંદ્રે વાંચી. કંચને સાંભળી. સાંભળતાંજ કંચન, અશક્ત કંચન-પવિત્ર કંચન-પ્રેમપાત્ર કંચન-ઝડપ બેઠી થઇ અને બોલી : " પિતાજી, લક્ષ્મી જરૂર ચાલી ગઇ. એણે રસિકચંદ્રના અડધા શબ્દ સાંભળેલા—અગર તમે અંદર જવાનું કહ્યું તે ખોટું લાગ્યું-પિતાજી ! એ અનાથ અતુલી આપણે પાને પડી સગી બ્હેન ન કરે-તમારી નર્સ ન કરે તેવી ચાકરી-તેવી બરદાસ લક્ષ્મીએ કરી છે. પિતાજી ! એના પ્રેમપાત્રને હું લઇ લેવા માગું છું-એ પાત્ર મારૂં થવાનું હતું-છે એમ જાણતાં છતાં એણે જરા પણ મનમાં આણ્યું નથી. મ્હારી પ્રત્યે અભાવ-ઇર્ષા દર્શાવી. નથી. પિતાજી ! હું મ્હારા પિતાના ઘરમાં સાહેબીમાં બેઠી છું. લક્ષ્મી જેવી મ્હારી સેવા કરનાર હતી. પાણી કહેતાં દુધ મળે છે, એક કરતાં હજાર નોકર મારી ખીજમતમાં હાજર છે. શાન્તિસદન જેવો મ્હારી માલકીનો બંગલો છે. આપ જેવા મ્હારી સંભાળ લેવાના છો ત્યારે એ બિચારીને નથી માતા કે પિતા-ભાઇ નથી. ભાવનગર છોડ્યા પછી

નથી ખાધો સુખે રોટલો કે નથી સુખે લીધી ઉંઘ–ઉંચ કોમની કન્યા એણે કોઇ દિવસ જાડું લુગડું કે જાડો ખોરાક જોયો નથી. ટાઢ તડકો વેઠ્યો નથી છતાં આમ રખડવા બાર પડી છે. દુઃખે ગણકારતી નથી. માન અપમાન સમજતી નથી એવી આપણે આશરે આવી–એ શા માટે ? કેવળ આ રસિકચંદ્રને ખાતર–આ રસિકચંદ્ર આવી સુશીલ–શુદ્ધ થયેલી લક્ષ્મીને મુકી મ્હારા જેવીને સ્વીકારવા તૈયાર થાય ત્યારે એને કેમ ન થાય ! પિતાજી ? અધુરામાં પુરૂં જેને પોતાના માને તેની તરફથી વ્હેમ શંકા આવે તો પછી એનું જીવન પણ શા કામનું ? પિતાજી ? રસિકચંદ્ર ? ગમે તેમ કરી મ્હારી લક્ષ્મીને લાવી આપો. લક્ષ્મી ન આવે ત્યાં સુધી હું તમારી નથી. મ્હને જીવાડવી હોય–મ્હને સુખી જોવી હોય તો મ્હને મ્હારી લક્ષ્મી લાવી આપો. રસિકચંદ્ર ? જ્યાં સુધી લક્ષ્મી નહી આવે ત્યાં સુધી કંચનને મુવેલી સમજજો."

કંચનનો પિતા આ નવુંજ નાટક જોઇ આશ્ચર્ય પામ્યો. રામોશાની ચીઠી વાંચતા એને તો કાંક શાન્તિ થઇ હતી. ટાઢે પાણીએ ખસ ગઇ એમ એને લાગ્યું હતું. લક્ષ્મીને દૂર કરવાની એની યોજના વગર નિર્વિઘ્ને પાર પડી. મ્હારી કંચન હવે રસિકચંદ્રને નિઃશંક પરણશે અને અમારામાં એક ઉપર બીજી લવાય નહિ એટલે લગ્ન જેમ બને તેમ વહેલાં કરી નાંખવા એમ ધારતો હતો ત્યાં કંચન–ઉશ્કેરાઇ ગયેલી કંચનને લક્ષ્મીની વકિલાત કરતી જોઇ આભોજ બન્યો અને સહજ ઉશ્કેરાઇ બોલ્યો ? કંચન ! તુંતો જન્મભર મૂર્ખીજ રહી. ખરેખર તું આ પતિને લાયક નથી. ત્હારામાં કોણ જાણે ક્યાંથી આવા ગુણ આવ્યા ? શું લક્ષ્મીને બોલાવું ? લક્ષ્મી એની મેળે ગઇ છે. મ્હેં કાઢી મૂકી નથી તો પછી મ્હારે શી પડી છે તે એને બોલાવું ? ત્હારા માર્ગમાં કાંટા સમાન લક્ષ્મીને બોલાવી ઉપાધિ વ્હોરી લેવાનો નથી.

રસિકચંદ્રની પાછળ હું તારી જાત બગાડી. અરણ્યમાં દરિયા કિનારે હમને રસિકને આટલી છુટ ન આપી હતતો આજે મ્હને ન લાગત. મ્હને આજ લાગે છે કે કન્યાઓને સ્વચ્છંદી–મોજીલી કરવાથી–બહુ લડાવવાથી હમેશાં ગેરલાભજ થાય છે. કંચન તું અને રસિકચંદ્ર સાથે રહ્યાં, હમારા બેની ઇચ્છાથીજ લગ્ન કરવા ગોઠવણ કરી ત્યાં આ રસિક ભાઇ પિતાની આજ્ઞા માનવા–લક્ષ્મીને પરણવા ચાલ્યા. પિતાની આજ્ઞા લેવી હતી તો પછી જાણતા નહોતા? શામાટે આ ભોળા પતંગને ફસાવ્યું? એ રસિક આમ પોતાની મેળે આવ્યો છે. હમારા લગ્નથી હમને શાન્તિ મળનાર છે ત્યારે હું શા માટે મદદ ન કરૂં? લક્ષ્મી જગતમાં એકલી છે. તમારાં લગ્ન થયાં જાણશે એટલે પરણશે અને નહિ પરણે તો એ શું? એનું કોઇ નથી. ચાર જણ જઇ ઠેકાણે—

કંચન-પિતાજી? પિતાજી? બસ રાખો. હું નહોતી ધારતી કે કંચનના પિતા આવા હશે, લક્ષ્મીએ હમારૂં શું બગાડ્યું છે. જે કંચન માટે તમે આટલું કરવા ઇચ્છો છો તે કંચન માટે તો એણે જાત ખરાબ કરી. કંચન તમારા જેવી નગુણી નહિ થાય. માંદી માંદી હું લક્ષ્મીને સોધવા જઇશ. પત્રે પત્ર નોટીસ આપીશ. કોઇ પણ રીતે મ્હારો ખપ હશે તો રસિકચંદ્ર પણ એની શોધ કરશે. લક્ષ્મી! હાય! હાય! એનો દોષ શો? એક પવિત્ર શુદ્ધ પ્રેમથી મનમાન્યા પતિને પરણવા ઇચ્છે છે એજ ને.? અને રસિકચંદ્રે જેમ મ્હને વચન આપ્યું હતું તેમ તેને આપ્યું હશે ત્યારે ને? મ્હારા કરતાં એ સારી ભાવનગરથી. રસિકચંદ્ર ગયા–એની પાછળ લક્ષ્મી પ્રેમજોગણ થઇ. મ્હારી પાસેથી રસિકચંદ્ર ગયા અને હુંતો આ પડી–મ્હને તો બ્હાર જવું કાંઇ સુજ્યું નહિ. મ્હારા

કરતાં એનો પ્રેમ વધારે તીવ્ર–વધારે પવિત્ર–વધારે દિવ્ય. લક્ષ્મી! લક્ષ્મી! બ્હેન! તું મ્હારી દેવી–તું મ્હારી ગુરૂ?—

રસિકચંદ્ર તો કંચન સામુંજ જોઇ રહ્યો હતો, એનો વિચારમાંજ પડી ગયો—અરેરે? આમ મ્હારે માટે બન્ને જીવ ને કલ્પાન્ત. લક્ષ્મી! પવિત્ર લક્ષ્મી એક કોમળ કળીને છુંદવાનું પાપ, નિર્દોષ આત્માને ક્રૂરતાથી બાળવાનું પાપ મારે માથે છે. કંચન! કંચન! જેમ ત્હારો અનુભવ થાય છે તેમ ત્હારા ઉદાત્તચિત્ત–નિર્મોહ પ્રેમ–સમભાવ માટે માન થાય છે. આ બે આત્મા મ્હને વ્હાલા છે. લક્ષ્મીનો સ્નેહ પત્ની તરીકે મિત્ર તરીકે–ગૃહિણી તરીકે–જીવન મિત્ર તરીકે અનુપમ છે. એને સુખી કરવી–એના સંસારના આનંદ અભિલાષા પૂર્ણ કરવા એ મ્હારી ફરજ છે–કંચનનો આત્મા વિશુદ્ધતર છે. એ મ્હારાં સૂક્ષ્મ પ્રેમની ભૂમિ છે. એને વૈભવ પાર્થિવ વસ્તુની જરા પણ અપેક્ષા નથી પણ એ કેમ બને? આપણા સંસારમાં પત્ની શિવાય અન્ય સાથે, કોઇ સ્ત્રી સાથે વિવાહિત કે અવિવાહિત સ્ત્રી સાથે મિત્રભાવથી રહેવાય નહિ અને એ રીતોમાં એ માન્યતામાં ખોટું પણ નથી. સામાન્ય બને છે કે ઘણા પરિચયથી એકજ સ્થળે કામ કરવાથી–આમ સ્ત્રીપુરૂષો સહવાસમાં આવે છે. શરૂઆતમાં ભાઇ–બ્હેન પિતા-પુત્રી તરીકેજ વર્તે છે વર્તવાનો નિશ્ચય હોય છે. સ્વપ્નમાં પણ એ ભાવના હોતી નથી છતાં કાળે કરી વૃત્તિ બદલાય છે અને ઇન્દ્રિયો જાગૃત થાય છે આટલાજ માટે એથી દૂરજ સારા. ત્યારે શું કરવું? લક્ષ્મીનું નામજ ન લેવું કે કંચનને વિસરવી? ધર્મસંકટમાંથી શી રીતે બચવું?

કંચનના પિતા અનુભવી હતા—સંસારમાં ઘાટ ઘાટના પાણી

પીધાં હતાં. એમણે એજ વિચાર કર્યો કે સમય જેવું કોઈ બળવાન નથી અને એ રીતે ધીરે રહી બોલ્યા. કંચન ! લક્ષ્મીની તજવીજ હું જાતે કરી એને ખોળી લાવીશ. તું શાન્ત થા. ત્હારે લગ્ન કરવું કે નહિ તે જોઇ લઇશું, લક્ષ્મી અહીં આવે ને રસિકચંદ્ર ન જુવે તો વળી પીડા. માટે રસિકચંદ્ર ભલે અહીં રહે–રસિકચંદ્ર ત્હારી સાથે બ્હાર ફરવા આવશે. ત્હને વાંચી સંભળાવશે એમની તબીયત સચવાશે અને લક્ષ્મી આવશે એટલે છેવટનો નિર્ણય કરીશું."

આ વાત બન્નેને ગળે ઉતરી અને શાન્તિ પ્રસરી. રસિકચંદ્ર માથે કંચનની સેવા કરવાનું કામ આવ્યું. રસિકચંદ્ર વિના કંચન સવારે ચાહ પીતી નહિ. ચાહ પીધા પછી કંચન અને રસિક બંગલાના બાગમાં ફરતાં. દરિયા સામેના કુંજમાં બેસતાં; પત્રો પુસ્તક વાંચતાં; બપોરે જમીને બે ઘડી આરામ લઇ સાથેજ બીઝીક કે શતરંજ રમતાં; સાંજના સાથેજ ફરવા જતાં આમ કંચન અને રસિકચંદ્ર ફરિને એકવાર સાથે રહેવા લાગ્યાં. ભૂતકાળમાં કંચનના પાલક પિતા રૂપી હતા અને ત્હેમની સાંનિધ્યમાં રસિકચંદ્રે કંચન પ્રત્યે પ્રેમ પ્રકટ કર્યો હતો. અરણ્યમાં એ યુગલના સ્નેહના વિકાસ ચિન્હો કુદરત સિવાય કોઇ જુવે એમ નહોતું. એમ કંચન અને રસિકચંદ્ર પાછા ભેગા થયાં હતાં. બન્નેના મનમાં લગ્નના ભાવીસુખોનાં સ્વપ્નાં આવતાં હતાં ત્યાં રસિકચંદ્ર ચાલ્યો ગયો. આ ત્રીજી વારનો મેળાપ હતો. દરિયાના એકાન્ત વાસના મિલાપ સમયે રસિકચંદ્ર લક્ષ્મી બળી ગઇ છે એમ જાણતો હતો અને ત્હેનું સર્વસ્વ કંચન હતું અને એ કંચનના સહવાસથી કાલ્પનિક સુખો મેળવતો. એ સુખોનો પરિપાક બીજા મિલાપે થવાનો હતો ત્યાં 'લક્ષ્મી જીવે છે' એ

શબ્દ વીજળીના ઘા સમાન લાગ્યા. કંચન, સુખમય હૃદયમાં રહેલી કંચન પિતાની આજ્ઞાએ કથીર નીવડી અને નાહો—ભાગ્યવશાત્ એજ રસિકચંદ્ર પાછો આવ્યો. આ વખતે લક્ષ્મીનો પ્રેમ હૃદયમાં જાગૃત હતો. લક્ષ્મીની મૂર્તિ હૃદય આગળથી ખસતી નહોતી. કંચન અને લક્ષ્મી સમાન અંતરે ઉભાં હતાં ત્યાં લક્ષ્મી ગુમ થઇ રસિકચંદ્રને પશ્ચાત્તાપ ઓછો થતો નહોતો. પરન્તુ લક્ષ્મીનો પત્તો નહોતો. હોય તો કંચનના પિતાની યુક્તિએ પત્તો લાગતો નહિ. કંચનને હૃદયમાં લક્ષ્મીના ગમનથી સખત આઘાત થયો હતો પણ તે બોલી શકતી નહિ બોલતી નહિ લક્ષ્મી જીવતી છે મરી ગઇ છે એની માહિતી ન મળે ત્યાં સુધી મુગા રહેવું એણે દુરસ્ત ધાર્યું હતું.

આમ કંચન અને રસિકના દિવસ જતા હતા. રસિકની સ્થિતિ કઢંગી હતી. કંચનને એક વખતે પોતાના હૃદયમાં જગા આપી હતી હવે એને ખસેડી લક્ષ્મીને જગા આપવી કે કેમ અગર કંચનનેજ લક્ષ્મી માની લેવી એનો નિર્ણય કરી શકયો નહોતો પરન્તુ સમય એકાન્ત અને જુના પ્રેમનાં બંનેએ પોતાનું સામ્રાજ્ય ચલાવ્યું. રસિકચંદ્ર શેકસપીયરના રોમીયો ને જુલીએટ, ભવભૂતિનું ઉત્તરરામ-કલિદાસનું શાકુંતલ, ગીતી એવાં એવાં પુસ્તકો વાંચતો કંચનને સંભળાવતો. સ્વચ્છ હવા. માનસિક શાન્તિ–દવા અને રસિકચંદ્રની હાજરીથી કંચનના શરીરમાં લોહી આવ્યું–સૌંદર્ય વધ્યું. શક્તિ આવી. અને કંચન ફરિને એક વાર ખીલી. કંચનના પિતા દૂરથી સર્વ જોતો અને ઉત્તેજન આપતો.

દિવસ જતા ગયા તેમ તેમ કંચન અને રસિક વધારે ને વધારે ગાઢા પરિચયમાં આવતા ગયાં, દરિયા કિનારે ફરવા જતાં પરન્તુ ઝાઝો વખત બાગના કુંજમાં અગાશીમાં ગાળતાં.

સાંજના ૭ વાગવાનો સમય હતો. સૂર્યનારાયણ સમુદ્રના વિશાળ પાણીમાં લાલચોળ થઇ ડુબકી મારવાની તૈયારી કરતા હતા. આકાશમાં વાદળામાં આકર્ષક રંગના સાથીયા પથરાયા હતા. મંદમંદ પવન હૃદય અને ઇન્દ્રિયોને ઉત્તજીત કરતો હતો. બાગના સુગંધિત પુષ્પો સુગંધ ફેલાવી રહ્યાં હતાં. આ સમયે રસિક અને કંચન એકજ બાંકડા ઉપર સમુદ્ર તરફ નજર કરી બેઠા હતાં. સામે ફુવારામાંથી પાણી ઉછળતું હતું તેના ઝીણા સીકર આ બન્ને ઉપર આવતાં બન્નેના રોમાંચ ખીલતાં હતાં. રસિકચંદ્રનો એક હાથ બાંકડાની બેઠક ઉપર થઈ કંચનના ખભાને અડકતો હતો. કંચનના હાથમાં ઉત્તરરામ હતુ. સૂર્યાસ્ત થયો ને કંચન બોલી—"રસિકચંદ્ર! મ્હારા પાલક પિતા પાસ હું રહેતી હતી અને આપણે તે દિવસે એ દરિયા કિનારે સૂર્યાસ્ત વખતે આમ સાથે બેઠાં હતાં. જીવનનાં કાલ્પનિક સુખો અનુભવતાં ભવિષ્ય નજરે જોતાં તે યાદ છે? રસિક! મ્હને શા માટે જીવાડી!

રસિક—કંચન! પ્રિય કંચન! આમ નિરાશ ન થા. ત્હારી સાથે મેં જે દિવસો ગાળ્યા છે તે દિવસો હજી જરાયે વિસરાયા નથી. કંચન ત્હારો પ્રેમ ત્હારી અભિલાષા હું સમજું છું અને એ પ્રેમ એ અભિલાષાને હું પાત્ર થાઉં તો બસ.

કંચન—એ ખરૂં પણ લક્ષ્મીને શું? અરેરે એ બીચારી જે સુખ લેવા આશા બાંધી બેશી રહી જે સુખ ખરેખરૂં ત્હેનું છે એ હું લઇ લેઉં?

રસિક—એમાં ક્યાં લઇ લેવાનું છે? લક્ષ્મીને હું ચાહું છું. એ જીવતી હોય અને હાજર હોય તો પણ તેને ચાહું અને ત્હને

પણ ચાહું—એટલામાં એકાએક ઝાડીમાં ખખડાટ થયો અને સુંદર સાદા વેશની પણ સ્વચ્છ વેશવાળી સ્ત્રી દાખલ થઇ અને બોલી.

"શું ત્હમે એને ચાહી શકો છો? લક્ષ્મી હાજર હોય તો એ ત્હમે આ બાઇને સરખી રીતે ચાહી શકો છો. એમ હોય તો ત્હમે શા માટે બીજા પુરૂષની સાથે વાત કરતી ત્હમારી બાયડીઓ માટે વ્હેમ લાવો છો. ક્રોધે ભરાઓ છો? લક્ષ્મી? એ બીચારી ત્હમારે માટે ન રહી ઘરની કે ઘાટની એણે માબાપ ત્યજ્યાં તે ત્હમારે માટે! આ જાન થઇને ગામોગામ ભટકી તે ત્હમારે માટે. અનેક લાલચો સામે ઝીલી તે તમારે માટે, અનેક ફાંદામાં ફસતાં જીવનું જોખમ વેઠયું તે ત્હમારે માટે, રંજરતું ખૂ......તે ત્હમારે માટે. ત્યારે ત્હમે અહીં એશઆરામ ભોગવો છો? આ બાઇની સાથે સંસારસુખ ભોગવી જીવન સફળ કરો છો ત્યારે ગરીબ પ્રેમમય લક્ષ્મી આત્મઘાત કરવા તૈયાર થઇ છે.

કંચન એકદમ વચમાં બોલી ઉઠી.

બ્હેન! ત્હમે કોણ છો? અહીં ક્યાંથી લક્ષ્મી ને ત્હમે ક્યાંથી? ઓળખો! એ ક્યાં છે. એ આત્મઘાત શા માટે કરે? મ્હને બતાવો. એને હું સમજાવીશ. શું એ મુંબાઇમાં છે, આટલામાં પાસે છે? અહીં હોય તો મ્હારા પિતા ના કેમ કહે છે?

રસિક તો આ વખતે સ્તબ્ધજ થઇ ગયો હતો. લક્ષ્મીની સખી, લક્ષ્મીની તરફદારી કરનારના સન્મુખજ કંચન પ્રત્યે ભાવ બતાવાયો એને ચાહું છું એમ કહેવાયું એ માટે એનું હૃદય એને ડંખવા લાગ્યું. પત્નીને નયન કૌમુદી માનનાર, તેને માટે મરી પડનાર પતિ, પત્ની મરી

જતાં બીજી પત્ની કરે અને ત્હેની સાથેના હાસ્યવિનોદ વખતે-તેને તું મારી નયન કૌમુદી એકની એક એમ કહેતો હોય ને વખતે મૃત-પત્ની સદેહે આવી ઉભી રહે ને જે ચહેરો થાય તેવો ચહેરો રસિક-ચંદ્રનો અત્યારે થયો હતો, રસિકચંદ્રનો સ્નેહ-લક્ષ્મી પ્રત્યેનો સ્નેહ ઓછો નહોતો. રસિકચંદ્ર દગાખોર-કપટી નહોતો-રસિકચંદ્ર વિષયી નહોતો-કંચન પ્રત્યે પક્ષપાત અને લક્ષ્મી પ્રત્યે અભાવ નહતો. તે કેવળ ભાવમય, સ્નેહાળ, કોમળ હૃદયનો હતો, બન્ને સુંદરીઓ-યુવતિઓ ત્હેને ચહાતી બન્નેયે હતી એ ત્હેને માટે અનેક ઝંઝાવાતો સહ્યા. હતા. એ બેમાંથી એકને ના પાડી શકે એમ નહોતો. રસિકચંદ્રના નીતિના સિદ્ધાન્તો ઉંચા હતા. એ સિદ્ધાન્ત ખાતરજ વૈભવયુક્ત રસિલી વાલકેશ્વરની લલનાને લાત મારી હતી. એ સિદ્ધા-ન્ત ખાતરજ કંચનની સાથેના લાંબા સહવાસ છતાં જરા પણ અમ-ર્યાદાયુક્ત વર્તન કર્યું નહોતું-એજ સિદ્ધાન્તને અંગેજ એકને વિવાહિતા તરીકે સ્વીકારી અન્યનો વિચાર પણ કરવો છોડી દેવા તૈયાર હતો. પણ હૃદયની નિર્બલતા-બન્નેના ભાવ બન્નેની તુલના કરતાં નિશ્ચય ઉપર આવી શકતો નહિ અને ત્હેને અંગેજ મનની અસ્થિરતા હતી.

આ બાઇ કોણ હશે ? શા માટે આવી હશે ? શું લક્ષ્મીએ તો મોકલી નહિ હોય એવા એવા તર્કો થતા હતા. ત્યાં પેલી બાઇએ કંચ-નના પ્રશ્નનો ઉત્તર આપ્યો.

બ્હેન! ત્હમે સ્ત્રી છો-સ્નેહ સમજો છો-આર્ય સ્ત્રીને પતિના કટુ શ-બ્દથી કેટલો સંતાપ થતો હશે તેનો ખ્યાલ ત્હમને હશે. લક્ષ્મી ત્હમારી પાસે રહીછે છતાં એક પણ દિવસ એણે ત્હમારા પ્રત્યે-એના હરીફ પ્રત્યે હરફ પણ ઉચ્ચાર્યો છે? એણે ત્હમારી સેવા કરવામાં, ત્હમારા અંતર

તેમજ મ્હાય સુખ ઉત્પન્ન કરવામાં પાછું જોયું નથી—મ્હેન! રસિકચંદ્ર ત્હમને તજી ચાલ્યા ગયા. આવતી કાલે લગ્ન થશે, આનંદ માસ ગાળીશું, પતિપત્ની તરીકે લેખાઇશું—એ ભાવ ઉત્પન્ન થતાં આનંદ ભોગવીશું એ વિચાર હતો ને તજી ગયા તે વખતે તમને થયું હતું? તમારે પિતા હતો. વૈભવ હતો, રસિકચંદ્ર જેવા અનેક મળત પરન્તુ લક્ષ્મીને શું—લક્ષ્મીને જગત ન્હાશી ગયેલી માને છે. લક્ષ્મીને જગત કુમાર્ગે ગયેલી માને છે—રસિકચંદ્રનો તિરસ્કાર—રસિકચંદ્રના સ્નેહના અભાવ એટલે એનું તો મરણુ હોં કે? સ્ત્રીઓ પુરૂષોનો વિશ્વાસ ન કરે એમાં શું આશ્ચર્ય? એક જીવતાં—એકનો સહવાસ છતાં પુરૂષો બીજાની વાતો કરે, બીજાથી આકર્ષાય, મરી ગયા પછી બીજીને પરણુતા તેમની સાથે વાર્તાવિનોદ કરતાં જોય પછી સ્ત્રીઓ કેમ માને કે પુરૂષોનો સ્નેહ અનન્ય રહેશે. મ્હેન! હું કોણુ છું એ જાણીને શું કામ છે? હું માત્ર આપની ઇચ્છા જાણુવા આવી છું. ત્હમે સુખી થાવ એમ લક્ષ્મી ઇચ્છે છે અને અન્તે એનાથી થયેલા અપરાધોની ક્ષમા માગે છે."

કંચન—પવિત્ર કંચનથી આ સંભળાયું નહિ એનું હૃદય ભરાઇ આવ્યું. માંદી હતી. ખાટલા વશ હતી. જે સમય મેડીની ચાર ભીંતો શિવાય કોઇને જોવાનું નહોતું, જે સમય રસિકચંદ્ર માત્ર સ્વપ્ન સૃષ્ટિમાંજ હતો તે સમય તેજ રસિકચંદ્રની પ્રિયતમા લક્ષ્મીજ ત્હેની સારવાર કરવામાં હતી—ત્હેના નિરસજીવનમાં રસ રેડનાર, અંધકારમય જીવનમાં પ્રકાશ પાડનાર લક્ષ્મીજ હતી. એ લક્ષ્મી અત્યારે ક્યાં છે ત્હેની તેને જરાયે દરકાર છે?" અજાણી બાઇનો આક્ષેપ કંચનને હાડોહાડ લાગ્યો—ઉપકારનો બદલો અનુપકારમાં વાળ્યો એમ ભાસ્યું અને ઢીલીઢખ થઇ બોલી.

બ્હેન ! ત્હમે કોણ છો કેમ આવ્યાં છો તે હું જાણુતી નથી પણ મ્હારી લક્ષ્મીને જ્યાં હોય ત્યાંથી લાવી આપો એને સુખી કરવા મ્હારાથી બનતું કરીશ. એને રસિકચંદ્ર સાથે પરણેલી જોઇ—

રસિકચંદ્ર—કંચન ! કંચન ! તું આમ ભોળવાઇ શું જાય છે ? લક્ષ્મીનું નામ દઇ આ કોઇ ઠગવા આવી હશે તો ?

બાઈ—ઠગવા—હા. ઠગ જગતને ઠગારૂંજ લેખે. એક કોમળ અજ્ઞાન નિખાલસ બાળાને ઠગનારનું વાતાવરણ ઠગાઇનુંજ હોય. કંચનને અરણ્યમાં ઠગી, ફસાવી, ત્યજી દેનાર તમે લક્ષ્માને ચીઠી લખી—ન્યાતમાં વખતો વખત મળી હ્રદય હરી—ઠગી એને વિસરી જનાર તમે રસિકચંદ્ર ! લક્ષ્મી, મ્હારી વ્હાલી સખી લક્ષ્મી ત્હમારી આટલી ભુલ છતાં ત્હમને પવિત્ર સ્નેહાળ નિર્દોષ માને છે. ત્હમારી નિંદા સ્વપ્ને પણ સાંભળતાં ખચકાય છે ત્યારે ત્હમને એને શું થતું હશે એનું જરા પણ થાય છે ? એના આત્મઘાતનું પાપ ત્હમારે શીર છે. એના લોહીનું એક એક ટીંપુ બળે છે તે ત્હમારે લીધેજ. અને હું ઠગારી કે કેમ તેનો નિર્ણય કરવા ત્હમનેજ સોંપું છું. ત્હમારે માટે, ગામોગામ માણસો પત્રો તારો કરી ત્હમારી તપાસ કરનાર અજીતરાયને ઓળખો છો ? એક વખતના કોલેજના સહધ્યાયી, એક વખત કોલેજમાં કોલેજના દિવસોમાં રાતની રાતો—રવીવાર ને રવીવાર આનંદમાં એમની સાથે ગાળતા. એક બીજા વીના ચાલતું નહોતું એ અજીતરાય—એ અજીતરાયની પત્ની ઇચ્છા; ભાવનગરથી ત્હમારે માટે નાસી અમદાવાદ આવી ત્હમારી સન્મુખ ઉભેલી અને ગરીબ પણ એક વખતના ત્હમારા મિત્ર અજીતરાયની પત્નીનામાં ઉચ્ચ સંસ્કાર પાડનાર સુંદર કહો કે લક્ષ્મી કહો ત્હેની સખી આ ઇચ્છાને ત્હમને ઠગવાથી શો લાભ ? મ્હારે ત્હમારૂં નથી જોયતું ધન કે મ્હારે નથી લગ્ન કરવું સમજ્યા ?

રસિકચંદ્ર નાટકના તમાશા ઉપર એકદમ પડદો ફાટતાં જૂદોજ દેખાવ નજરે પડે છે તેમ-ઇચ્છાના શબ્દ સાંભળી આમોજ બન્યો. "અજીતરાય વડોદરાવાળો અજીતરાય, મુંબઇમાં કોલેજમાં જેની સાથે ગૃહસંસારની, દેશસેવાની સાહિત્યની વાતો કરતા વખત ક્યાં ગયો તે ખબર પડતી નહી. અજીતરાયની, વડોદરાના ઇચ્છાના પ્રેમપ્રસંગો જાણી મશ્કરી કરતા તે અજીતરાયની પત્ની ઇચ્છા આમ સન્મુખ ઉભી છે. આતે સ્વપ્ન કે સાચું ? ઇચ્છાને વિદ્યાસંપાદન કરવા રાખવામાં આવેલી સુંદર તે લક્ષ્મીજ, હાય-હાય-તે વખત અમદાવાદ ગયો હતતો-"

રસિકચંદ્ર ? હવે પસ્તાવાની કે દીલગીર થવાની જરૂર નથી. ત્હમને યોગ્ય લાગે તે કરવા ત્હમે મુખ્ત્યાર છો. એકને માટે અનેક ફાંફાં મારે એમાંથી કોને સ્વીકારવું એ વ્યક્તિનું કામ છે લક્ષ્મીનો ત્હમારા ઉપર હક છે. નથી હું અહીં એની તરફથી વકિલાત કરવા આવી કે નથી વિનંતી કરવા લક્ષ્મી ત્હમને ઝંખે છે. ત્હમે વગર જાણ્યે ત્હેના પ્રત્યે જે અભાવ દર્શાવ્યો છે એના ચારિત્ર ઉપર જે આક્ષેપ મુકયા છે તે તદ્દન ખોટા છે એની ખાત્રી થઇ હોય તો બસ સંસારમાં રહેવા માગતી નથી- ઘડી બે ઘડીમાં કે થોડા દિવસમાં તે સંસારનો—મુંબાઇનો વખતે જીવનનો અન્ત પણ પણ આણશે. અંતસ્વરથાની ત્હેની એટલીજ અભિલાષા છે કે ત્હમારે એને માટે, એની પવિત્રતા માટેo હેમ ન હોય તો બસ. એથીજ એનું જીવન શાન્તિમાં અંત પામે.

રસિક—ઇચ્છા બ્હેન ! ક્ષમા કરો ! મ્હેં આપને અજ્ઞાનપણામાં ન કહેવાના શબ્દો કહ્યા છે. બ્હેન ! ત્હમને ન ઓળખ્યું? ત્હમારે માટે જે સમય તમારો વિવાહ નહોતો થયો તે વખતે અજીતરાય ને ચીડ-

વા. ત્હમારાં લગ્ન નવનીત સાથે થશે એમ જાણતાં એને જે દીલ-ગીરી થઇ છે તેમાં આશ્વાસન આપતાં અમને નવનેજા થઇ છે. એ વાત હમેજ જાણીએ. આ વાતો ત્હમે છેક ન્હાનાં હતાં ત્યારની. નવનીતની બીજી કથા તો મોટી ઉમરની. બ્હેન લક્ષ્મી ઉપર મ્હને જરાયે વ્હેમ નથી. લક્ષ્મીએ ધીરજ રાખી પુરેપુરૂં સાંભળ્યું હત તો ન્હાશી જવાનો સમય ન આવત. લક્ષ્મીને મ્હને એક વાર મેળવો. હું એની પાસે ક્ષમા માગું. મ્હારા મનમાં અન્યભાવના થઇ છે પણ એના હૃદયમાં અન્યભાવના થઇ નથી. જે કોઇ ન કરે તે એણે કરી બતાવ્યું છે. રેંજરની હકીકત મ્હેં જાતે જોઇ છે ને સાંભળી છે બ્હેન લક્ષ્મી હોય તો હું એની સેવા કરવા આવું. એને એકવાર મેળવો.

કંચન—ઇચ્છા બ્હેન ! મ્હારે ને ત્હમારે પ્રત્યક્ષ સંબંધ નથી પરન્તુ ત્હમારી નિસ્વાર્થ સેવા માટે મ્હને માન થયું છે. પણ મ્હારી લક્ષ્મી ક્યાં છે ? મુંબાઇમાંજ હોય તો બતાવો કે ત્હમારી સાથે આવું. મ્હારી એ બેનની જાતે ચાકરી કરીશ. એને મ્હારે બંગલે લાવીશ. એણે મ્હારૂં કરવામાં બાકી રાખી નથી. લક્ષ્મીને માટે રસિકચંદ્રને જરા વ્હેમ નથી. લક્ષ્મી પવિત્ર છે. અરે એના નામ માત્રથી જીવન સુધરે એમ છે. લક્ષ્મીની માનસિક સ્થિતિ કેવી હશે ? આ બધાનું કારણ હુંજ ને હું માંદી હતી ત્યારે રસિકચંદ્રને લક્ષ્મી સાથે પરણેલી જોઇ ખુશી થઇશ એમ કહ્યું હતું વખત જતાં, રસિકને ભાળતાં, લક્ષ્મીના ગયા પછી એકાન્ત મળતાં—સંયોગો મળતાં એ વૃત્તિ જાગૃત થઈ. વૃદ્ધમાં વૃદ્ધ સ્વપ્ને પણ વિકારનો ખ્યાલ ન આવે એવા મનુષ્યો મહાત્માઓ યુવાન સ્ત્રીઓના સંયોગમાં પોતાના સિદ્ધાન્તો વિસરી જાય છે તો હું કોણ. હુંતો રસિકને ચ્હાતી—ચાહુંછું—અમારા બેનો સંબંધ

થવાનો હતો, પરન્તુ ઉત્તમ સ્નેહ પ્રભુનો; બીજાને: સુખી કરવાનો સુખી જોવાનો બ્હેન! રસિકચંદ્ર પરણશે તો લક્ષ્મીને જ. મ્હને નહી. મ્હારે પરણવું જ નથી. મ્હારે જીવનના લ્હાવા લેવા નથી. મ્હારી લક્ષ્મીને રસિકની પત્ની થયેલી જોઇશ ત્યારે જ મ્હને ખરી શાન્તિ થશે. મ્હારૂં હૃદયકુસુમ ચીમળાશે. સ્નેહ જ્યોતિ ઓલવાશે તો નહી પણ એ જ્યોતિ મ્હને બાળશે. જીવનનો જ્યોતી બુઝવાતાં વિવાહિત દંપતિને આશીર્વાદ આપીશ. બ્હેન! લક્ષ્મીને લાવો–લક્ષ્મી વિના આ બંગલો આ વૈભવ તુચ્છ લાગે છે. રસિકભાઇ!–" આ જ પળે કંચનનો પિતા દાખલ થયો. તેણે છેવટના શબ્દો સાંભળ્યા અને બાજી ધૂળધાણી થઇ જાણી ક્રોધમાં બોલ્યો?

મૂર્ખ કંચન! ત્હારો બકવાટ જવા દઇશ. તું ગમે તેમ કરીશ પણ ત્હારૂં ચાલવાનું નથી આ બાઇ કોણ છે? પુછ્યાપાછ્યા વિના બંગલામાં કોણે પેસવા દીધી? એવી ધૂતારી–ઠગારીઓ ઘણી આવે છે. ચાલી જા અહીંથી. રસિકચંદ્ર? ત્હમારામાં તો કાંઇ હીમત જ નથી. હજીસુધી નકી કરી શકયા નથી. લક્ષ્મી નામનીજ લક્ષ્મી છે, ધૂળ ફાકતી છે. એને નથી કોઇ અંગતનું સ્નેહી. દેશ દેશ રખડેલી છે ત્હમે પવિત્ર માનો પણ આવા વખતમાં પવિત્ર ને પવિત્ર ઠીક ઠીક. માટે એની વાત જવા દઇ આવેલી ગંગામાં સ્નાન કરી લ્યો.

રસિક–પિતાશ્રી! શું કરવું શું ન કરવું એ જૂદી વાત છે પરન્તુ એક અનાથ સ્ત્રીને માટે યદ્વા તદ્વા બોલવું એ આપને શોભતું નથી અને મ્હારાથી શ્રવણ પણ નહી થાય.

કંચન...પિતાજી! આપ મ્હારા જનક છો. પાલક છો આપે શિક્ષણ આપ્યું તે માટે ઉપકાર થયો પરન્તુ આ વખત હું નહી માનું.

લક્ષ્મી પવિત્ર લક્ષ્મી ઉપર આરોપ આપી પાપ ન બાંધો. લક્ષ્મીની શોધમાં છું એમ કહી અત્યાર સુધી અમને છેતર્યાં. પરમેશ્વર તમારૂં કલ્યાણ કરો. મ્હારે લગ્ન કરવું નથી. મ્હારા જીવનનો અંત પાસે છે અને હું શાન્તિથી મરીશ. લક્ષ્મી અને રસિકભાઇ દંપતી થઈ પગે લાગવા આવશે ત્યારે મ્હારો જીવ ગતે જશે. બ્હેન ઇચ્છા! તમે કયાં રહોછો તમારૂં શરનામું આપશો?

ઇચ્છા શરનામાનો પત્ર આપી ચાલતી થઇ. કંચનનો પિતા ધુંધવાતો ચાલ્યો ગયો. રસિક અને કંચન એકલાં પડયાં—

કંચન! બે કલાક અગાઉ આપણે કેવા આનંદમાં હતાં. ઉત્તરરામના શ્લોકો વાંચતાં ભાવી સુખનાં કેવાં મોજાં આવતાં? પતિપત્નીના ભાવો હૃદયના પ્રત્યેક ભાગને કેવાં હલમલાવતાં! કંચન! ત્હને પગે લાગું! ત્હને વખાણું! એક ઘડી પહેલાં ત્હને આલીંગન દેવા હક હતો—ઉત્સાહ હતો હવે આલીંગન દેવાય? જગતમાં બ્હેન-ભત્રીજી—પુત્રી કહી પત્નીનો સંબંધ થાય છે તે કરનારને સારો લાગતો હશે. પરન્તુ ભાવી પત્નીનો સંબંધ તૂટતાં—ભગિનીનો સંબંધ થતાં કેવું થતું હશે તે આજ અનુભવ્યું—કંચન બ્હેન! તું આજ મ્હારી ગુરૂ થઇ, અરેરે લક્ષ્મી પ્રત્યેના મ્હારા દોષોનું આજ નિવારણ થયું. ખરેખર જગતમાં તારનાર કોઇ પ્રબળ શક્તિ હોય તો સ્ત્રીજ છે. સ્ત્રી ધારે તો કુપાત્રમાં કુપાત્ર પતિને સુધારે—સ્ત્રી ધારે તો ભવિષ્યની પ્રજાને ઉન્નત કરે, સ્ત્રી ધારે તો ઉત્તમ દેશ સેવક, ઉત્તમ રાજ પુરૂષો, પવિત્ર પુત્રી માતા અને પત્ની બનાવી શકે, વિપંથે જનારને સત્પંથે લઇ જવામાં કોઇની શક્તિ હોય તો તમારી છે, બ્હેન? લક્ષ્મીનું સરનામું મ્હને આપ—આજ પળે હું ત્યાં જાઉં.

કંચન—રસિકભાઇ ! ના. હજી વાર છે. ત્હમારા હૃદયબળની પરીક્ષા થવાદો—લક્ષ્મી પ્રત્યેના સ્નેહની કસોટી થવા દો, ત્હમારા હૃદયને પશ્ચાતાપથી ધોવા દો. પછી જ ત્હમને લક્ષ્મી મળશે.

પ્રકરણ સત્તાવીસમું

ઇચ્છા.

ફ્લાવર ફાઉન્ટન આગળના અકસ્માત્ પછી ઇચ્છા લક્ષ્મીને લઇ ગઇ અને સારવાર કરી અજીતરાય આવતાં વડોદરે લઇ ગઇ તે આપણે અગાઉ જોઇ ગયા છીએ. વાચકને યાદ હશે કે લક્ષ્મીના મંદવાડ દરમીયાન ઇચ્છા સાંજના અને કોઇ કોઇ વેળા સ્હવારના બ્હાર જતી. કલાકો ના કલાકો ગાળતી અને ક્યાં અને કેમ જઇ આવી તે સંબંધી કાંઇ હકીકત લક્ષ્મીને કહેતી નહી. ઇચ્છા નિશાચરવૃત્તિની નહોતી. નહોતી અભિસારિકા કે નહોતી અસંતુષ્ટ પતિથી. લક્ષ્મીના, પોતાની ગુરૂ સુંદરના જીવનક્ષેત્રમાં આનંદની કૌમુદી શી રીતે ખીલવું એ જ ત્હેની મનકામના હતી. ઇચ્છા રસિકચંદ્રને નામે, પોતાના પતિના કૉલેજ મિત્ર તરીકે, સુંદરના પ્રિયતમ તરીકે ઓળખતી. કંચનને ત્હેણે જોઈ જ નહોતી. વેશ્યાના પાશમાંથી સુમતિ વિજયને છોડાવવા લીલાવતી ગઇ હતી તેમ કંચનના પાશમાંથી રસિકચંદ્રને છોડાવવાનું કાર્ય સખીને માથે પડયું અને એણે હોશીયારીથી પાર પાડયું.

કંચન અને લક્ષ્મી પ્રથમ મળ્યાં ત્યારે કંચનની ઉદારવૃત્તિ, એનો વિશાળ સ્નેહ, લક્ષ્મીને માટે એની ભાવના, લક્ષ્મીને રસિકચંદ્ર જોડે પરણેલી સરસ્વતીચંદ્ર અને કુસુમને જોઇ કુમુદ આનંદ પામી હતી તેમ આનંદ માનીશ એ વૃત્તિ વિશે લક્ષ્મીએ વાત કરી હતી અને એને લીધે જ ઇચ્છામાં હિમત હતી. રસિકચંદ્ર, પ્રેમાળ રસિકચંદ્રમાં નીતિબળ ઉચું છે પણ કોમળ હ્રદયને ના કહી દુઃખી કરવા ઇચ્છતા નથી એ સમજી ગઇ હતી- આટલા જ માટે બાજી કયાં સુધી પહોંચી છે એ જાણવા સાંજના નિયમસર ઇચ્છા શાન્તિસદન તરફ જતી. બંગલાની સામે દરિયાકિનારે નાખેલા બાંકડા ઉપર બેસતી. શાન્તિસદનના વિશાળ બાગ જેવો બીજો સુવ્યવસ્થિત બાગ એ લત્તામાં નહોતો એટલે એ તરફના ઘણા કુટુમ્બો બાગ જોવા આવતા. કંચનની ઇચ્છાથી બાગમાં સ્થળે સ્થળે બાંકડા મૂકવામાં આવ્યા હતા, અને જો કે તે બાગ જાહેર છે એવું પાટીયું ચોડયું નહોતું તોપણ અસંખ્ય સ્ત્રી પુરૂષો આવતાં તો ના પાડવામાં આવતી નહી. ઇચ્છાએ દૂર રહી થોડા દિવસ તપાસ કરી. બાગમાં કોણ કોણ જાય છે, કંચન અને રસિક કયાં ને કયારે ફરવા જાય છે તે જોયું. રસિકચંદ્રની છબી જોયેલી તેથી તરત ઓળખી કહાડયો અને કંચન એની સાથે જ હતી એટલે અને એ બન્નેનો પ્રણયગોષ્ટી પ્રણયચેષ્ટા ઉપરથી પ્રેમયુગ્મ છે એ પારખી શકી. કાંઇ જ લેવાદેવા નથી એમ બતાવી ઘણી વાર જે સ્થળે કંચન અને રસિકચંદ્ર બેસતાં ત્યાં અગર પાછલી ઘટામાં ઇચ્છા બેસતી અને આ પ્રેમયુગ્મની ગોષ્ટી સાંભળતી. એ ગોષ્ટી સાંભળતાં પોતાના ભૂતકાળના વડોદરાના ફોઇને ઘેરથી છાનામાના રસ્તામાં—ઘરમાં એકાન્તમાં ન્યાતજાતમાં અજીતરાયને મળતી, ચીઠીઓ આપતી, લેતી.

ફૂલ આપતી તે દિવસો સાંભર્યા. લક્ષ્મીની ભાવનગરની પ્રેમવાતો સાંભરી અને એને માટે ગ્લાની થઇ. અજીતરાયને હૃદયમાં સ્થાન આપ્યા પછી પોતાની માતાની ઇચ્છાથી–નવનીત સાથે લગ્ન કરવાની ફરજ પડવાની હતી ત્યારે હૃદયમાં કેટલો સંતાપ થતો હતો તેની યાદ આવતાં કંપારી છૂટી અને એમ થતાં લક્ષ્મીના ભવિષ્યનું ભાન થયું. કંચનની સ્થિતિ સરખાવી અને પ્રભુની શી ઇચ્છા હશે તે જ સમજતાં ગ્લાનિગ્રસ્ત થઇ. દિવસ ઉપર દિવસ ચાલવા લાગ્યા: કંચન અને રસિક લક્ષ્મીને વિસરવા લાગ્યાં. એ બે વચ્ચે નિર્ભય હૃદયની કોમળવૃત્તિ ઉત્તેજીત કરે એવી ગોષ્ટી શરૂ થઇ અને ઇચ્છા ગભરાઇ. લક્ષ્મી જીવે છે–લક્ષ્મી રસિકચંદ્ર માટે સંતાપે છે એવા પત્રો, નનામા પત્રો ઇચ્છાએ રસિક ઉપર લખ્યા. રસિકે આ પત્રો કયાંથી આવે છે એ જાણવા ફાંફાં માર્યાં—લક્ષ્મીને મળવા ઉત્સુક થયો પરન્તુ કંચનની હાજરીમાં કાંઇ જ કરી શકયો નહી. લક્ષ્મીના સદ્‌ભાગ્યે આખરે પ્રસંગ આવ્યો. કંચન અને રસિકચંદ્રની વાતનો વિષય લક્ષ્મી થઇ અને એ લાગ સાધી ઇચ્છા પ્રકટ થઇ. કંચન કોમળ હૃદયની હતી. એનામાં સ્નેહવૃત્તિ હતી. રસિકના બુદ્ધિ પ્રભાવ માટે, હૃદયના ભાવ માટે માન હતું. રસિકના પ્રિય થવાનું, જીવનમિત્ર થવાનું મન હતું. એનામાં વિષયવાસના નહોતી. સારાં સારાં લુગડાં ઘરેણાં પહેરી ફરવાની હોંશ નહોતી. આમ હોવાથી, લમીનો જાત અનુભવ હોવાથી, લક્ષ્મીનો ખરી રીતે પહેલો હક છે એમ માનતી હોવાથી લક્ષ્મીએ રસિકને માટે સર્વસ્વ ત્યાગ્યું છે એમ જાણતી હોવાથી જ્યારે ઇચ્છાએ લક્ષ્મી આપઘાત કરવા તૈયાર થઇ છે, દુઃખી છે એમ કહ્યું ત્યારે સ્ત્રીસ્વભાવ દયા–સ્નેહ સખીભાવ જાગૃત થયાં અને કોઇ ન જાણે છતાં ઘણા સમયથી હૃદયમાં ગડભાંગ ચાલતી હતી, અને જે અનિશ્ચય લક્ષ્મીના જવાથી

દૂર નહોતો થયો પણ માત્ર દબાયો હતો તે અનિશ્ચિય જાગૃત થયો, લક્ષ્મી માટે રસિક ઉપરથી પતિ તરીકેનો હક ઉઠાવી લેવા મહત્તા બતાવી. રસિકને બન્ધુ તરીકે માનવા, એની માનસિક મિત્રતા રાખવા દૃઢ નિશ્ચય કર્યો અને એ નિશ્ચય ઇચ્છાએ જાણ્યો. કંચનના પિતાને એ વાત ન ગમી પરન્તુ લાડઘેલી—એકની એક પુત્રીને દુઃખી કરી શકયો નહિ.

ઇચ્છાના ગયા પછી કંચન એકલી પડી અને એક વખત ઓરડામાં જઇ રસિકની છબી લઇ સામે મૂકી ખૂબ રોઇ. રોવાથી હૃદયનો ભાર ઓછો થયો, રસિકની છબી સામે ભીંતે ચોડી પ્રભુ માની પ્રાર્થના કરી અને હૃદયમાં શાન્તિ પ્રસરી.

રસિકચંદ્રનો હૃદય પટ ભેદાયો. જે રસિક અત્યાર સુધી અનિશ્ચિત હતો તે રસિક કંચનની ઉદાત્તવૃત્તિ—સ્વાર્થ ત્યાગથી શરમાયો. પોતે પાપી છે. લક્ષ્મીને અન્યાય કર્યો છે અને એ દોષ—એ પાપ માત્ર લક્ષ્મીને સ્વીકારવાથી જ, એની ક્ષમા માગવાથી જ દૂર થશે એમ લાગ્યું. કંચન અને રસિક એમને એમ હમેશની માફક બાગમાં જતાં પુસ્તકો વાંચતા પરન્તુ મનોભાવના બદલાઇ હતી. બાંક ઉપર બેસતાં પણ પાસે પાસે નહી—એક બીજાને અનેક વાર આલિંગન લેતાં દેતાં તે બંધ થયાં હતાં. કંચન ? તું આજ આ સાળુ પહેર ! આ ચોળી પહેર એ કથન બંધ થયાં. કંચન અને રસિકની વાતમાંથી દંપતીની પ્રેમગોષ્ટી બંધ થઇ. લક્ષ્મીનો ઉદાત્ત સ્વભાવ લક્ષ્મીનું શુદ્ધ અંતઃકરણ, લક્ષ્મીનો સ્નેહ, લક્ષ્મીની પત્રિકા, લક્ષ્મીના દુઃખ સંબંધી જ વાતો થતી. લક્ષ્મી પ્રત્યેનો ભાવ દ્વિગુણીત થયો. કંચને અનેકવાર પરીક્ષા જોવા આડકતરી રીતે લક્ષ્મીના દોષ કહ્યા હશે લગોલગ બેસી સહજ સ્પર્શથી હૃદયના વિકારો જાગ્રત થાય છે કે કેમ તે જોયું હશે પરન્તુ

રસિકચંદ્રમાં એ વૃત્તિ જાગીજ નહિ. એના હૃદયમાં એની નજરમાં લક્ષ્મીની મૂર્તિ સિવાય અન્ય મૂર્તિ હતી જ નહી. ત્યારે કંચનને રસિકના હૃદયની ખાતરી થઇ. નિરંતર પ્રભુ પાસે બલ આપવાની પ્રાર્થના કરી જાતે હૃદયબલ મેળવ્યા પછી જ લક્ષ્મીની તપાસ કરવાનું કાર્ય કંચને માથે લીધું. ઇચ્છાના ઘરની તપાસ કરવા કોને મોકલે ? ઘરના એક એક માણસ પિતાને વાત કરે તો ? લક્ષ્મીને ત્યાંથી પણ કાઢે તો ? રસિકને એ કામ સોંપવું એ ઠીક નહિ. કોઇને ઘેર રહેતાં હોય ત્યાં રસિક જાય તે લક્ષ્મીને ઇચ્છાને ગમે કે કેમ ? આખરે રસિકની વાત જાણતો એક નજીકનો સગો છોકરો મળી આવ્યો. તેની મારફત ઇચ્છાની તપાસ કરાવી. ઘરનો પત્તો મળ્યો પરન્તુ આવતી કાલ જવાનાં છે, વડોદરે જવાનાં છે એવી ખબર મળી. આટલા દિવસ સુધી કાંઇ જ સંદેશો ન મોકલ્યો તેથી રખેને લક્ષ્મી-ઇચ્છાના મનમાં શંકા થઇ હોય, નિરાશ થઇ ચાલ્યાં જતાં હોય એમ થતાં જ ચીઠી લખી મોકલી. પેલો છોકરો ઘેર ગયો પણ બધાં નિકળી ગયાં હતાં. દોડતો સ્ટેશન ઉપર ગયો અને ત્યાં ગાડી ચાલતાં ઇચ્છા ઉપર ચીઠી નાંખી.

ઇચ્છા-લક્ષ્મી-અજીતરાય વડોદરે પહોંચ્યાં, કંચનની ચીઠી આવી ત્યાં સુધી ઇચ્છાએ એ સંબંધી કાંઇ પણ વાત લક્ષ્મીને કરી નહોતી. આથી લક્ષ્મી નિરાશ થઇ હતી પણ બધી વ્યવસ્થા થતાં-કંચનની પત્રિકા મળતાં ઇચ્છાએ સવિસ્તર હકીકત લક્ષ્મીને કહી અને અનેક વિપત્તિથી ઘડાયેલી લક્ષ્મી એકવાર ઇચ્છાના ખોળામાં માથું મૂકી રોઇ. રસિકને સ્વપ્નસૃષ્ટિમાં મળતી હોય તેમ ગાંડી બની લવવા લાગી અને રખેને રસિકને ખોટું લાગ્યું હોય, રસિક ક્રોધે ભરાયા હોય એ બ્હીકે ઇચ્છાને કહ્યું-બ્હેન ! મ્હારા રસિકને કાંઇ રીતે ક્રોધિત તો કર્યા નહોતા

ને ! એમના હૃદયમાં મ્હારે માટે જરા પણ હલકો અભિપ્રાય આપવા દેવા ઇચ્છતી નથી. ત્યારે રસિક કમ્પાર્ટમેન્ટમાં છે એ વાત ખોટીને. મ્હને ભરમાવીને--ના. ના. બેન. તમે એમ ન કહ્યું હત તો હું બારી- એથી કુદત અને મરત—મ્હારા રસિકને મળ્યા વિના મરત—નમારૂં ભલું થજો. માત્ર ઇર્ષ્યા—તાગાં કર્યાં એમ ન થવું જોઇએ. હો ? કંચન બ્હેન ! એ બિચારાંએ મ્હારે માટે કરવામાં બાકી રાખી નથી. રખડતી નિરા- ધાર મુમ્બાઇમાં આવી ત્યારે મ્હને આશ્રય આપનાર કંચન બ્હેનનાં હતાં માટે એમને જરાયે દુભાવવા મારી ઇચ્છા નથી. ”

લક્ષ્મીને સંતોષતી—આશ્વાસન આપતી ઇચ્છા બોલી ! લક્ષ્મી ! એ તરફથી નિશ્ચિંત રહે. કંચન જેવી દિવ્ય સ્ત્રી મ્હેં બીજી જોઇ નથી એના હૃદયમાં જરા પણ ઇર્ષ્યા—ઉદાત્ત વૃત્તિની ન્યુનતા જોઇ હત તો હું ત્હને કહત નહી. અને રસિકચંદ્ર ! એમની તો સ્થિતિ કઢંગીજ થઇ હતી. એક બાજુ ત્હારા તરફનો સ્નેહ અને બીજી બાજુ દરિયા- માંથી બચાવનાર, અરણ્યમાં શુશ્રુષા કરનાર, તું મરી ગઇ છે એમ માનતા તે સમયે જેની સાથે વચનથી બંધાયેલા એવી કંચન. પરંતુ કંચને જગતને દૃષ્ટાન્ત આપ્યું છે અને એ દેવીને તું ત્હારા હૃદયમાંથી ખસેડીશ નહી. એમણે પિતાને સમજાવતાં પિતાના હૃદયની બળતરા ચિન્તા-ક્રોધ તરફ જોયું નથી. એમણે દીવસોના દીવસો, રાત્રીઓ ત્હારૂં કાર્ય કરવામાં ગાળ્યા છે ને અન્તે દિવ્ય સ્નેહપરને સુખી કરવામાં જ સ્નેહનો પરિપાક માન્યો છે.

લક્ષ્મી ઇચ્છાના શીતકર શબ્દોથી શાન્ત થઇ અને અત્યાર સુધીના તિમિરમાં ચંદ્રોદયના કિરણ જોવા લાગી. ઘણા સમયના સંકટ પછી મળેલો આનંદ વધારે પ્રિય લાગે છે. લાંબા કાળથી નિરાહાર

રહ્યા પછી ગમે તેવો ખોરાક વધુ મિષ્ટ લાગે છે તેમ લક્ષ્મીને રસિકની મૂર્તિ-રસિકની વાતો-રસિકનો કાલ્પનિક સહવાસ-રસિકનું નામ વધારે પ્રિય લાગવા માંડ્યું.

ઇચ્છાના સુવાવડના દિવસો પાસે આવતા ગયા. હિંદુ સંસારમાં અનેક કારણોને લીધે શરીરની ક્ષીણતા થતી હોવાથી સુવાવડ એ મૃત્યુની મ્હારી લેખાય છે. મૃગ શરીર નરમ, સ્ત્રીઓને કસરતનો અભાવ, જુની પદ્ધતિ પ્રમાણે દેવદર્શન જવાય નહિ. નવી પદ્ધતિ પ્રમાણે હરવા ફરવા જવું વતનમાં બની શકે નહિ, ભાવમય વાતો-પુસ્તકો વંચાય, અનુકૂળતાને અભાવે હ્રદયની અભિલાષાઓ પૂરી પડે નહી એટલે શરીર ઘસાય. એવામાં સુવાવડ આવે. એ સ્થિતિ સચવાય નહી, પૌષ્ટિક ખોરાક ખવાય નહી એટલે શરીર લથડે એમાં શું આશ્ચર્ય ? ઇચ્છા મ્હોતને દ્દષ્ટીપથમાં જોવા લાગી. લક્ષ્મીનું શું થશે એજ એની ચિન્તા હતી. મુંબાઇથી હજી સુધી કાંઇ ખબરઅંતર આવી નહોતી, નકરે નારાયણ ને પોતે મરી જાય તો લક્ષ્મીનું શું.' આ વિચાર થતાં જ કંચનની ચીઠી અને સર્વ હકીકતવાળો પત્ર રાધા ઉપર મોકલ્યો. રાધા-ભાઇના વિનાં સૂની પડેલી રાધા, બુદ્ધિસાગર જેવા પતિના સહવાસમાં આનંદ-સુખ સાગરમાં નહાતી રાધાને ભઈની ખબર મળતાં આનંદ આનંદ છવંયો. ભાઈ મળ્યો. લક્ષ્મી ભાભી મળ્યાં. ભાઇનાં લગન કરવાં, લગ્નમાં મહાલવા, ભાઇ ભાભીને ભાવનગર લઇ જઇ પોતાના પતિની પ્રતિજ્ઞા ફળિભૂત કરાવાનું કાર્ય ક્યારે થાય એ માટે અધિરી થઇ. એક તાર વરોદરે અને એક તાર ભાઇ ઉપર મુંબાઇ કર્યો. તેજ પળે વિધવાશ્રમથી જોગણને બોલાવી લક્ષ્મીના, રસિકચંદ્રના સમાચાર આપ્યા. ભાઇને લગ્ન માટે પત્ર લખાયો, પોતે મુંબાઇ આવે તે પહેલાં સ્વભાવ પ્રમાણે નાશી ·

ન જવા, ઘણા સમયથી બ્હેનને ભાઇના દિદાર નજરે પાડયા નહોતા માટે દર્શનનો લાભ આપવા વિનંતી કરી હતી.


વિધવા જોગણે લક્ષ્મીને રેંજરના સંબંધમાં ઉતાવળાથી અભિપ્રાય બાંધી કરેલા નુકશાન માટે લાંબા પત્રદ્વારા ક્ષમા માગી અને રસિક લક્ષ્મીને દંપતીરૂપે આશીર્વાદ આપવા ઉત્સુકતા દર્શાવી. કોઇના લગ્ન—મૃત્યુની, કોઇ સંબંધી બનેલા અવનવા બનાવની ગતિ પવનની ગતિથી પણ વિશેષ હોય છે. ઇચ્છા, લક્ષ્મી વડોદરે હતાં તેવામાં જ કમળા આનંદરાવ સાથે પોતાના પતિની જાગીર, ઘરબારની વ્યવસ્થા કરવા વડોદરે આવી હતી અને તારાપુર જવાની તૈયારી ચાલતી હતી એવામાં જ લક્ષ્મીનો મિલાપ થયો. મિલાપ થતાંજ કમળાનો પુત્ર ' માશી ' કરતો બાઝી પડયો. માશીએ ભાણેજને ઉપાડી ધબકતા હૃદયે અને જળ ભરેલ નેત્રે ગાલ ઉપર સ્નેહ દાન દીધું. સધવા કમળાને વિધવા રૂપમાં જોતાં જ લક્ષ્મી ભેટી પડી, જંગલમાં, યાત્રામાં, અનેકવાર સાહાય કરનારી દુઃખી કમળાનાં જીવન પર્યન્તની વૈધવ્ય દશા અને તે દ્વારા સ્ત્રીઓને પડતાં સંકટ સંસારની નિઃસારતાનો વિચાર થયો. પરમેશ્વરની શી ઇચ્છા હશે? ચારે યોગીનીઓ કેવા અકસ્માતથી ભેગી થઇ! અને અત્યારે ચારેની સ્થિતિ કેવી થઇ? વાલકેશ્વરની શેઠાણી વિધવા થતાં રસિકના મોહમાં પડી. ત્યાં અનાદાર થતાં સાત્ત્વિકવૃત્તિ જાગૃત થઇ, રસિકના નીતિબળે પાપ પંકમાં પડતાં બચી. એ રસિકને સુખી કરવા પ્રતિજ્ઞા કરી—વૈભવનો ત્યાગ કરી ચાલી નીકળી, પોતે સુંદરને લક્ષ્મીને મુંબાઇ લાવવા નિકળી. પોતે જ લક્ષ્મીને શંકાની નજરે જોવા લાગી. જુના સંસ્કારો જાગૃત થતાં પોતે તેવાં બીજાં માની પુરૂષના સહવાસમાં આવવું એટલે શિથિલ-

વૃત્તિ થાયજ માની રેંજર સંબંધી લક્ષ્મી માટે શંકા આવી અને જે રસિકને લક્ષ્મી મેળવી આપી સુખી કરવા ચાહતી હતી–ઉત્સુક હતી તેજ રસિકને લક્ષ્મી માટે વ્હેમ ઉત્પન્ન કરાવી દુઃખી કર્યો. વનમાળા પતિ પરાયણ વનમાળા પતિના વ્હેમના ભોગ થયેલી વનમાળા પવિત્રતા, આત્મશ્રદ્ધા–વિશુદ્ધી અને સ્નેહના બળે પતિને મેળવી શકી–પતિના પ્રેમની પાત્ર બની- પતિ સાથે ભુતકાળમાં લીધેલો આનંદ ફરીને બેવડા ઉત્સાહથી ભોગવવા સશક્ત બની. કમળા દુર્ભાગી કમળા જન્મથી જ દુઃખો ખમવા સર્જાએલી કમળાને નારાયણ જાદવ જેવો પતિ મળ્યો, પુત્ર થયો–વૈભવ મળ્યો છતાં ભાગ્યવશાત્ દુષ્ટના પ્રપંચે સુખી જ થઇ નહી. એક દિવસ જંપી પતિ સાથે આનંદ ન કર્યો, સુખે રોટલો ખાધો નહી. બાળકને પિતાના વ્હાલનો લાભ અપાયો નહિ, છતા વૈભવે વન વન રખડવું પડયું એ પણ ભાગ્યની દશા જ ને! આ સઘળી ભૂતકાળની વાર્તા કમળા અને લક્ષ્મી વચ્ચે થઇ. કમળા ને લક્ષ્મીને અન્તે મળેલા પતિની, થવાના લગનની ખબર મળતાં આનંદ થયો અને લક્ષ્મીના લગ્ન સમયે જરૂર હાજર રહેવા કબુલ્યું.

ઇચ્છાને પુત્ર રત્નની પ્રાપ્તિ થઇ. લક્ષ્મી, દાક્તર, અજીતરાયની સેવાથી ઇચ્છાને શરીરનું નુકશાન ન થયું. લક્ષ્મીનાં લગ્ન કંચન પોતે કરનાર છે, કંચનના પિતા કન્યાદાન દેશે અને લગ્ન મુંબાઇમાં જ ધામધુમથી થશે એ જાણતાં ઇચ્છાના આનંદનો પાર ન રહ્યો. પોતાનીજ બ્હેનનાં લગ્ન હોય, પોતાને ત્યાંજ થવાનાં હોય એમ ઇચ્છા સર્વ તૈયારી કરવા લાગી.

કંચન અને ઇચ્છાના પત્ર વ્યવહાર શરૂ થયા. લગ્ન કેવી રીતે, કયારે કરવું કોને કોને બોલાવવા એ સર્વ માટે રાધાને વહેલા આવવા

વિનંતિ કરવામાં આવી. કંચનના પિતા જ્યારે સમજ્યા કે કંચન માને એમ નથી, કંચનને સુખી કરવાનો ઉપાય માત્ર કંચનની ઇચ્છા પ્રમાણે કરવામાં જ છે ત્યારે હૃદયની મલિનતા, લક્ષ્મી માટેનો અભાવ, કંચનને પરણાવવાની હઠનો ત્યાગ કર્યો. કંચન અને લક્ષ્મીનો ભેદ દૂર થયો. લક્ષ્મી અનાથ અતુલી લક્ષ્મીના પિતા તરીકે લગ્ન ઉત્સાહભર લગ્ન કરવા નિશ્ચય કર્યો અને વૈશાખ શુદ ત્રીજનાં લગ્ન નક્કી થયાં.



પ્રકરણ અઠ્ઠાવીસમું.

લગ્નનો આનંદ અને ખેદ.

"શાન્તિ સદન મહાલક્ષ્મી" આજ અશાન્તિ સદન, પ્રવૃત્તિ સદન થયું હતું. કંચનના પિતા પ્રિય પુત્રી સમ લક્ષ્મીના કન્યાદાનનું પુણ્ય મેળવી—કંચનને પરણાવ્યાનો લાવો લેવા ઉત્સુક હતા. લક્ષ્મી, ઇચ્છા, અજીતરાય, કંચનના મહેમાન હતાં-કન્યા તરફનાં સગાં થયાં હતાં. વાલકેશ્વરની વિધવા શેઠાણીવાળો બંગલો વરવાળા તરફથી ગાઠ્યો હતો. જોગણુ વિધવા પોતાના પણ હવે રસિકના બંગલામાં સર્વ વ્યવસ્થા કરવા રોકાઇ હતી. ઘણે વર્ષે મળેલી, ભાઇ જેવુંજ જીવનગાળી સુખી થયેલી રાધા અને રસિકને લીધા વિના ભાવનગર ન જવાની પ્રતિજ્ઞા કરનાર બુદ્ધિસાગરના હર્ષનો પાર નહોતો. હમેશાં લગ્ન જેવા શુભપ્રસંગે આપણને આપણા પ્રિયજન બહુ સાંભરે છે અને ક્ષણવાર રોવું પણ આવે છે. જગતમાં કેટલાક આવા શુભપ્રસંગે આંસુ પાડવાં એ અપશુકન ગણે છે. પરંતુ એ આંસુ અપશુકન નથી પણ સ્નેહનાં ચિન્હ છે. પ્રિયજનનાં સ્મરણ, અત્યારે પિતા, માતા કે ભાઇ હાજર હત તો, તેમના આશીર્વાદ મળ્યા હોત તો, તેઓ કેટલાં ખૂશી થાત! એ વૃત્તિ સ્નેહીજન માટે ન થાય તો કોને માટે થાય? શુભપ્રસંગે આપણા પ્રિયજન શિવાય કોણ સાંભરે? એ સ્મૃતિથી હૃદય કોમળ બને છે, આત્મા વિશુદ્ધ થાય છે, શુભપ્રસંગ વધારે આહ્લાદકારક

બને છે. આજ પ્રમાણે રાધા-રસિકચંદ્રને કાન્તાબ્હેન, પ્રમણુચંદ્ર પિતા સાંભર્યાં. માતાપિતા રસિકને પરણાવી લ્હાવો લેતાં ચાલ્યાં ગયાં. એકના એક પુત્રને પરણાવી–ત્હેનાં પુત્રને રમાડવાની હોંશ મનમાં ને મનમાં રાખી ચાલ્યાં ગયાં. લક્ષ્મી રસિકચંદ્રને ન્યાતમાં મળી હતી ચીઠી લખી હતી ત્યારે કેવા આનંદમાં હતી. પ્રતાપરાયજીને મન રસિક જેવો જમાઇ મળતાં એકની એક પુત્રીના લગ્ન સમયે ઠાઠથી ઉજવવાનો ઉમંગ હતો. માતાપિતા અગ્નિમાંજ ભસ્મસાત્ થઇ ગયાં. પોતે માંડ માંડ બચી ત્યારે સંસારની અનેક વિટંબના આવી પડી. આમ છતાં સ્નેહનાં બળે અને ઇશ્વરકૃપાએ રસિકની પત્ની થવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું. જે જોગણુ વિધવા રસિકચંદ્રના મોહમાં ફસાઇ હતી, જેણે લક્ષ્મી માટે શંકા ઉત્પન્ન કરાવી હતી તેજ વિધવાને તેજ રસિકના લગ્નમાં માતા–વડિલ બ્હેનની પદવી સાચવવી પડી. રસિકચંદ્રનું વતન ભાવનગર, સગાં સંબંધી ભાવનગર છતાં લગ્ન મુંબાઇ થવાનાં. લગ્ન કરનાર- લગ્નમાં ખર્ચ આપનાર અન્ય જ્ઞાતિની વિધવા. જે કંચન લક્ષ્મીની જગાએ રસિકની પત્ની થાત, પ્રમણુચંદ્રનો અકસ્માત્ ન બન્યો હત, લક્ષ્મી અચાનક રખડતી આવી પહોંચી નહોત, તો જે કંચન અત્યારે કયારનીયે સૌભાગ્યવતી થઇ હોત, રસિકની રસિક પત્નિ તરીકે માનીતિ થઇ હોત તેજ કંચન આજ પોતાની ન્હાની બ્હેન પરણતી હોય તેમ અશક્ત શરીરે પણુ સોત્સાહી મને ઘરમાં આમતેમ ફરતી હતી.

વનમાળા અને સુમનગુચ્છ, કમળા અને કમળાનો પુત્ર, બુદ્ધિસાગરની બ્હેન રત્નલક્ષ્મી અને બનેવી બળવંતરાય વકીલ, જમાલખાં જમાદાર, ભદ્રાવતીના મહારાજા સત્યસિંહ અને રાણી વિમળા, આ લગ્નમાં ભાગ લેવા આવ્યાં હતાં. વાલકેશ્વરના બંગલા અને

શાન્તિ સદનમાં હરેક પ્રકારની શોભા થઇ રહી હતી. દરિયામાં ઘણા સમય ઝંઝાવાત ખમ્યા પછી કિનારો દૃષ્ટીએ પડતાંજ આનંદ થાય છે, કડકડીને ભૂખ લાગતાં રોટલો મળતાંજ હર્ષ થાય છે તેથી પણ વિશેષ ઉત્સાહ, આનંદ, લક્ષ્મી અને રસિકને થતો હતો. લગ્નલગ્નમાં પણ ભેદ છે. સામાન્ય રીતે હિંદુ સંસારમાં બાલ્યાવસ્થા તો નહિ પણ ન્હાની વયે લગ્ન થાય છે. કન્યાને લગ્નમાં પહેરવા ઓઢવા–ખાવા પિવાનો જ આનંદ હોય છે. લગ્ન એ શું ? કોની સાથે લગ્ન કરે છે ? હસ્તમેળાપ જ કરવાનો કે આત્માનો મિલાપ કરવાનો, એ જાણતા નથી. હસ્તમિલાપ થતાં હૃદયહૃદયના તાર ચાલવા જોઇએ, અંતરની કોમળવૃત્તિ જાગૃત થવી જોઇએ જગતના એક ગંભીર કર્તવ્યની જવાબદારી માથે લઇએ છીએ એ ભાન પણ હોતું નથી. વર હાલના જમાનામાં કાંતો ભણતો હોય છે. લગ્ન એટલે ઘરકામ કરવામાં મદદ કરનાર પોતાને નહિ પણ પોતાની માતાને કુટુમ્બની સેવા કરવામાં મદદરૂપ થનાર, પોતાની વિષયવાસના પુરી પાડનારનો સંબંધ એટલુંજ મનાય છે.

રસિક અને લક્ષ્મીના સંબંધમાં તેમ નહોતું બન્ને એક બીજાને બાલ્યાવસ્થાથી ઓળખતા હતા. વિવાહની પદ્ધતિથી આ આને માટે અને એ એને માટે નિશ્ચિંત હોવાથી અન્ય પ્રત્યે વિકારની લાગણીથી જોતાં નહોતાં–એમનો સ્નેહ તીવ્ર થાય. એમના સ્નેહની કસોટી થાય અને એ સ્નેહ વિશુદ્ધ થાય એટલા માટે કંચનનો પરિચય થયો. અનેક ઝંઝાવાતો પછી એ કસોટીમાંથી પાર પડયા. કંચન પ્રત્યે સ્નેહ હતો અને લક્ષ્મી પ્રત્યે અભાવ હતો જ નહી. હિંદુ સંસારમાં જે જ્ઞાતિમાં બબ્બે ત્રણ ત્રણ કન્યા પરણી શકાય છે ત્યાં એક વધારે બ્હાલી

અને બીજી આપદા, અળખામણી એમ હોતું જ નથી એતો માત્ર એમ સમજનાર તટસ્થની ભ્રાન્તિ છે. અમે ખોટું કરતા જ નથી એમની માન્યતા હોય છે. સ્ત્રી વિધવા થતાં બીજા પુરૂષને પરણે તો એક જાતનો ત્રાસ થાય છે પણ પુરૂષ વિધુર થયા પછી બીજે જ દિવસે લગ્ન કરે તો એને પોતાને પણ નવાઈ જેવું લાગતુ નથી કારણ એવી સ્થિતિ જનસમાજમાં રોજની હોય છે. રસિકની પણ આ સ્થિતિ હતી લક્ષ્મી ન મળે તો કંચન સાથે લગ્ન કરવું એમાં અયોગ્ય કે આશ્ચર્યજનક નથી એમ માનતો, જો કે કેળવણી--સહવાસ અને સ્નેહના અનેક પરિવર્તનો જોવાથી સત્યસ્નેહ સમજ્યો હતો અને તેથીજ લક્ષ્મીને પ્રિયપત્ની સ્વીકારી હતી.

વૈશાખ શુદ ત્રીજ આવી પહોંચી. સગાં સંબંધીઓ મિત્રો આવી પહોચ્યાં. બન્ને બંગલા શણગારાયા. મૂળ મુંબાઈ અને ત્હેમાં દ્રવ્યવાનને ત્યાં લગ્ન એટલે શોભાના સાધનમાં શી મણા હોય ? સ્વર્ગજ પૃથ્વીમાં ઉતર્યું હોય તેમ દુનિયામાં મળી આવતાં શોભા સુંદરતાના સર્વ સાધનો ભેગાં કર્યાં હતાં. મનુષ્યની કલ્પનામાં જે સુંદરતા કહેવાતી હોય તે સુંદરતા આ સ્થળે લાવવા પ્રયત્ન થયો હતો. વરઘોડો વાલકેશ્વરથી શાન્તિસદન જવાનો હતો. રસિકે ઘોડાને બદલે મોટરકાર પસંદ કરી હતી. મોટરકારને ફુલોથી સુશોભિત કરવામાં આવી હતી—ગાડી—ઘોડા મોટરમાં મુંબાઈના શેઠીયા, મિત્રોનાં બાળકો બેઠાં હતાં. દર ત્રણ ગાડી આગળ બેન્ડ વાગતું હતું. સાજનમાં પ્રતિષ્ઠિત યુરોપીઅન, પારસી, યાહુદી, મુસલમાન અને હિંદુઓ હાજર હતા. રસિકે ફુલનો ઝૂંપ પહેરવાને બદલે ભરાવદાર હાર ગળામાં નાખ્યો હતો અને માથે કટકો બાંધ્યો હતો.

લગ્ન માટે પોતે જાય છે એનું ભાન થતાં રસિકના હૃદયમાં સહજ ક્ષોભ થયો. લગ્ન ! લક્ષ્મી સાથેના આત્મલગ્ન તો ક્યારનાયે થઇ ગયાં હતાં અને વૃક્ષ ઉગ્યું હતું ત્યારે આ આડંબર—આ ધાંધળ શા માટે ? લગ્નમાં મિત્રોની હાજરી સગાં સંબંધીના આશિર્વાદ પ્રભુના પ્રતિનિધિ મનાતા અગ્નિ સૂર્યચંદ્રની સન્મુખ પ્રતિજ્ઞા અને વરઘોડા આદીની જરૂર ઓછી નથી. અત્યંત સ્નેહ છે એમ માની હસાવી, છાનાં લગ્ન કરી પત્નીને રઝળાવનારના દૃષ્ટાન્તો પૃથ્વી ઉપર ઓછાં મળતાં નથી. જનસ્વભાવ અસ્થિર છે. જે આજે મોહક લાગે તે કાળે કરી તુચ્છ લાગે છે. પુત્ર–પુત્રી થાય, વર્ષોના વર્ષો સાથે રહે, છતાં અકસ્માત્ અન્ય કન્યા નજરે પડે અને ત્હેના મોહમાં પડે તે સમય જૂની પત્ની પ્રત્યે અભાવ થાય છે. લગ્ન જેવી સંસ્થા ન હોય, લગ્નની વિધિ ન હોય, જનસમાજનું બંધારણ ન હોય, હિંદુઓની લગ્નની પવિત્ર ગાંઠની ભાવના ન હોય તો તે બીચારી જૂની પત્નીના શા હાલ થાય ? એ પુત્ર પુત્રીનો પણ તિરસ્કાર કરવાનો-મ્હારાં બાલક નથી એવું કહેવાનો સમય આવે. સ્નેહને નામે વિશ્વાસ રહે નહિ. ઘણા સ્નેહીઓ, કહેવાતા સ્નેહીઓ જનસમાજના બંધારણની બ્હીકેજ પત્નીવ્રત પાળી રહ્યા છે નહિ તો છેડો છુટકો આપી સ્વતંત્ર જીવન ગાળવાને તૈયાર થાત. રસિકને પણ એમ જ લાગ્યું. લગ્ન નહોતાં થયાં, લક્ષ્મી ઉપર ભાવ હતો—લક્ષ્મી માટે જ ભાવનગર તજી રખડ્યો તે વખત પણ કંચન મળતાં લક્ષ્મીનો ત્યાગ કર્યો હતો તો પછી લગ્નની ગાંઠથી ન બંધાય અને મન ફરે તો પેલી કન્યાની શી સ્થિતિ ? આટલા જ માટે લગ્ન ક્રિયાની આવશ્યકતા છે.

વરઘોડા શાન્તિસદનમાં પહોંચ્યો. સાજન–વરરાજાનો આદર સત્કાર

થયો. સાયંકાળે સૂર્યાસ્ત સમયે લગ્નની તૈયારી થઇ. રસિક અને લક્ષ્મી આજ બે મટી એક થયાં. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાની પરવાનગી મળી. લગ્નનાં મંગળ ગીત ગાતાં, રાધા અને કંચન, વનમાળા અને ઇચ્છાનાં હૃદય ધબકવા લાગ્યાં. આંખમાંથી આંસુ ગળ્યાં અને હૃદયની મલિનતા શંકા ધોવાઇ ગઇ. રસિકચંદ્ર અને લક્ષ્મીનો હસ્તમિલાપ થયો. વિજળીની બેટરીમાં પોઝીટીવ અને નેગેટીવ તાર જોડતાં જે ઝણઝણાટ ચાલે છે તેવો ઝણઝણાટ આ બન્ને હૃદયમાં શરૂ થયો. ઘડિયાળનો ટક ટક અવાજ સંભળાય તેમ બન્ને પોતપોતાના હૃદયના ધબકારા સાંભળવા લાગ્યા. લગ્નની પ્રતિજ્ઞાઓ અપાઇ, લેવાઇ અને કંચનના જીવનની મહેચ્છા પાર પડી. સ્વાર્થત્યાગ વખણાયો. લગ્ન ક્રિયા પૂરી થતાં જ પતિપત્ની, નવાં વર વહુ પ્રથમ કંચનને પગે લાગવા ગયાં. લગ્ન પહેલાં જે કંચન, અશક્ત કંચન. મહાલક્ષ્મીથી વાલકેશ્વર દિવસમાં પાંચ પાંચવાર જતી, વરઘોડો જોવા ત્રણ સ્થળે બેઠી હતી, લગ્ન થતાં દશવાર આવી હતી તેજ લગ્ન પૂરૂ થતાં ઢીલી ઢબ થઇ ઓરડામાં જઇ પડી—કંચન હિમતવાળી હતી, એણે આત્મખૂશીથી જરા પણ શંકા વિના રસિકને લક્ષ્મીને પરણવા પરવાનગી આપી હતી. લક્ષ્મીનું લગ્ન જોવા તલપાપડ હતી. રસિકને ભાઇ તરીકે માન્યો હતો છતાં હૃદયમાં કોણ જાણે કેમ આઘાત થયો.

લાગ્યા ઘાને વિસરી શકવા કોઇ સામર્થ્ય છે ના,

એ ન્યાયે ક્ષણવાર કંચનને પોતાની ભૂત અનેભવિષ્યની સ્થિતિ નજરે તરી આવી અને હૃદયે કહ્યું નજ કર્યું. "અરે પ્રભુ? ભ્રમણચંદ્ર ન આવ્યા હત તો જે પદવી લક્ષ્મી ભોગવે છે તે હું ભોગવત. લક્ષ્મી તું અથડાતી ન આવી હોત

તો પણ હું રસિકની પત્ની થાત. પણ શા કામનું ? થાત ? પ્રભુની શી મરજી હશે ? ભવિષ્ય ! હું ! અવિવાહિત જ રહેવાની ? હિંદુ કન્યા અવિવાહિત રહે ખરી ? ત્યારે બીજાને પરણું ? ના, ના. શરીર લગ્નની જરૂર છે ? શરીર લગ્નથી મ્હને શાન્તિ મળશે ? આત્મલગ્ન તો હવે આ જન્મમાં તો નહિ થાય. રસિક ! ત્હમે શા માટે મળ્યા ? હું તણાઇ ગઇ ને જીવી તે આટલા માટે? રસિક ! ત્હમે ચાલ્યા ગયા હતા તે પાછા શા માટે આવ્યા ? રસિક તરફ મ્હારો પ્રેમ કેવો છે? શુદ્ધ છે, વિશુદ્ધ છે. એ જગન્નિયંતા ! મંગલમય પ્રભુ ! મ્હારા હૃદયને વિશુદ્ધ કર. મ્હારામાં આટલું હૃદયબલ આપ્યું ત્યારે પૂરેપૂરૂં આપ ? રસિક મ્હારા રસિક—ભા...ઇને સુખી કર. લક્ષ્મી પવિત્ર લક્ષ્મી ! ત્હેં બહુ સહ્યું છે. તું મ્હારા રસિક મ્હારા રસિકભાઇની મનોરમા પત્ની થજે... આટલું કહેતાં કંચન ગભરાઇ અને ધ્રુશકે ધ્રુશકે રોઇ. સામે રસિકની અને તે સાથે સરસ્વતીની છબી હતી તે તરફ જોઇ રહી. રસિક ઉપરથી સરસ્વતી ઉપર નજર ગઇ. પ્રિય બ્હેન—માતા ! તમે અવિવાહિત રહી જગતને દૃષ્ટાન્ત આપ્યું છે. ત્હમારૂં બલ ત્હમારી વૃત્તિનું યત્કિંચિત મ્હને આપો ! વિનંતિ કરતાં કંચન ઉભી જ રહી. મુંગી હતી. આંખમાંથી આંસુ વહ્યાં! જતાં હતાં ત્યાં પગલાં સંભળાયાં.

જાગૃત થઇ અને કાંઇ બન્યું જ નથી એમ કરી હૃદય સ્વસ્થતા મેળવી દ્વાર તરફ ગઇ. દ્વારમાં નવાં વર વધુ રસિક અને લક્ષ્મી ઇચ્છા અને રાધા સાથે દાખલ થયાં. લક્ષ્મી અને રસિક એકી વખતે પ્રભુના પગમાં પડે તેમ પડયાં અને પવિત્ર નિઃસ્વાર્થ કંચનના પગને માથે અડકાડ્યા.

કંચનનું હૃદય ઉછળતું હતું. આંખો ભીની થઇ હતી છતાં બન્નેને ઉઠાડયાં અને પ્રથમ લક્ષ્મીને ગાઢ સ્નેહથી આલિંગન આપી

રસિકચંદ્રને માથે બન્ને હાથ મૂકયા. ભાઇ? ત્હમે આવી મ્હારા જીવ-
નને સ્વર્ગગામી કર્યું. સંસારમાં પડી હોત તો આત્માનો અધ;પાત થાત.
ભાઇ! રંગીલદાસની વિધવાને ને બીજી મ્હને ત્હમે તરાવી બચાવી.
પ્રભુ ત્હમારૂં કલ્યાણ કરો. ભાઇ! આ બહેનના જીવનની સર્વ
આશા મહેચ્છા ફલિભૂત થઇ. સંસારમાં હવે કાંઇ રહ્યું નથી. આજનો
દિવસ જોવા જ જીવી હતી અને મ્હારી સગી—માની જણી બ્હેન
કરતાં પણ સવિશેષ પ્રિય લક્ષ્મિ અખંડ સૌભાગ્ય ભોગવે એજ મ્હારી
અંતરની ઇચ્છા છે. ભાઇ! શું આપું? આપવામાં એટલું જ. મ્હારી
મ્હારા પિતાની આ મિલકત મ્હારા પછી ત્હમારી છે બોલશો માં,
તમને આપતી નથી. એ મિલકત આ હિન્દના બાલકો અને તેમાં
સ્ત્રીઓનાં હિત સચવાય, આર્યત્વ નષ્ટ ન થતાં ઉત્તમ પુત્રી, પત્ની,
માતા સ્વદેશસેવા કરતી ભગિનીઓ થાય એવી યોજના પાર પાડવામાં
વાપરજો. અત્યારે તો મ્હારે અંતરની શુભેચ્છા શિવાય કાંઇ જ દર્શા-
વવાનું નથી, પતિપત્નીના હૃદયમાં કંચનને જોતાં, કંચનના હૃદયની
ઉચ્ચતા—ઉદારતા જોતાં કંચનને માટે માન-પૂજ્યભાવ ઉત્પન્ન થયાં, અને
ક્ષણવાર મુગાં રહ્યાં. રાધા અને ઇચ્છા જેમણે જનસમાજમાં કેવળ
સ્વાર્થ કૃત્રિમતા દાંભિકતા જ જોયાં હતાં જેઓ સ્ત્રીઓ આવી
દિવ્યાત્માવાળી હશે એમ માનતી નહોતી તેઓ તો દિગ્મૂઢ થયાં અને
અંતઃકરણપૂર્વક કંચનને દેવી માનવા લાગ્યાં. પતિપત્ની રસિકચંદ્ર
અને લક્ષ્મી આવ્યાં હતાં ઉછળતે હૃદયે પરન્તુ કંચનને મળ્યા પછી,
તેમના હૃદયસમુદ્રમાં સ્નેહવારી શાન્તિથી વહતો હતો. ધીરે પગલે
કાંઇ પણ બોલ્યા ચાલ્યા વિના ચારે જણાં ગયાં. અને કંચન એમન
ગયા પછી વધારે સ્વસ્થ; વધારે સોત્સહિત થઇ. કર્તવ્ય બજાવ્યા પછી,

ન્હાનામાં ન્હાના પ્રાણીનું પણ હિત કર્યા પછી, પરના હિતમાંજ પોતાનું હિત સમાયેલું છે એમ માન્યા પછી નહિ પણ એવું વર્તન ચલાવ્યા પછી હ્રદયમાં જે શાન્તિ થાય છે, તેથી અંતઃકરણનો ભાર ઓછો થાય છે. મનની અને તનની સ્ફુરતી આવે છે તે અનુભવથી જ સમજાય છે. કંચનનું શરીર અશક્ત હતું, ઘણા સમયની દારૂણ અંતરની વ્યાધિથી શરીર કૃશ થઇ ગયું હતું, શરીરમાં જીર્ણ તાવ રહેતો, સહજ પણ ભયાવહ ઉધરસ આવતી છતાં આજના કાર્યથી આજના બનાવથી તેને કાંઇ અવર્ણનીય સંતોષ થયો. તેના જીવનમા ખરેખરો આહ્લાદ થયો હોય તે આજ હતો. જીવનની સફળતા થઇ લાગી હોય તે આજ હતી.

રંગીલદાસના બંગલામાં વૈશાખ શુદી પૂર્ણીમાની રાત્રીયે કાંઇ અલભ્ય આનંદ છવાયો હતો. રસિકચંદ્ર અને લક્ષ્મીનાં લગ્ન થયાં હતાં તે પહેલાં પણ અનેકવાર મળ્યાં હતાં, લગ્ન પછી પણ ભૂતકાળની વિતેલી અને ભવિષ્યકાળની સ્વપ્નાની વાતોમાં કલાકો ને કલાકો ચાલ્યા જતા તોયે વખત ટુંકો પડતો. પત્રોમાં, દિવસમાં ચાર ચારવાર લખાતી પત્રિકામાં પાંચ પાંચ પાનાં ભરાતાં તો પણ પતિપત્નીને સંતોષ થયો નહિ. સલીમની આંખે જોનારને જ નૂરજહાંન ખૂબસુરત લાગે તેમ લગ્ન પહેલાં કિંવા પછી જેણે અંતરનો પ્રેમ અનુભવ્યો નથી, જેને આત્મામાં રસ વિશેષ લાગ્યો નથી તેમને કેવળ ઘરકામ, વિષય સાધન તરીકે જ પત્નીની કિમત કરી છે. તેમને આવા પત્રોમાં, લાંબા પત્રોમાં ટાયલું જ લાગવાનું. અનુભવ્યા શિવાય તો તે સઘળું શુષ્ક નિરસ જ ભાસવાનું. એ તો

જે કોઇ પ્રેમઅંશ અવતરે પ્રેમરસ ત્હેના ઉરમાં ટરે.

રસિકચંદ્રઅને લક્ષ્મીનો આનંદ માસ–હનીમૂન આજથી શરૂ થવાનો હતો. રંગીલદાસનો બંગલામાં વિશાળ અગાશીમાં રૂપાના બે પલંગો ગોઠવાયા હતા. પલંગો ઉપર લગભગ દહોડેક હાથ ઉંચી રેશમી પથારી નાંખવામાં આવી હતી અને તે ઉપર સફેદ મલમલની ચાદર પથરાઇ હતી પલંગની પાસેજ એક રંગી કારીગીરીના નાના ગોળ મેજ ઉપર બે ફ્લાવર પોટમાં ગુલાબ–ચંપા ચમેલીના બે ગુચ્છા ગોઠવ્યા હતા. બીજા મેજ ઉપર નકશીદાર રૂપાની તાસકોમાં સુરતની બરફી–લીલો સુકો મેવો ગોઠવ્યો હતો. નાની તરપાઇ ઉપર રૂપાનો લોટો બરફના ગુલાબજળ મિશ્રિત પાણીથી ભરેલો પડ્યો હતો. ખૂણામાં અત્તર–ગુલાબ અને સુગંધિત પુષ્પો પડયાં હતાં. નાના બુક કેસ ઉપર ઉત્તરરામ, મેઘદૂત, કલાપી–હૃદયવીણા અડધાં ઉઘાડાં પડયાં હતાં ત્યારે બીજા મેજ ઉપર યુરોપ અમેરીકાના ધુરંધર ચિત્રકારના ચિત્રોનું આલ્બમ પડ્યું હતું

આકાશમાં પણ ચંદ્ર ખીલ્યો હતો. એક બાજુ પશ્ચિમનો ઘુઘવતો દરિયાના મોજામાં ચંદ્રનો પ્રકાશ પડતાં હીરાની કણિકાનો પડદો હોય એમ ભાસ થતો. દીવાદાંડીનો દિવો ગાંડા માણસના વિચાર માફક ભમતો હતો. પૂર્વ તરફ રાજાબાઇ ટાવર, ચોપાટી, બેકબેની દિવાનીહાર નજરે પડતી હતી. હાર્મોનીયમના ગ્રામોફોનના ધીરાને છૂટા છવાયા સ્વરકર્ણને મધુર લાગતા હતા. મંદ ઠંડો પવન હૃદયને ઉલ્લાસિત કરતો હતો.

લક્ષ્મીએ આજ ગુલાબી ફૂલનો મલમલનો સફેદ સાળુ પહેર્યો હતો. સહજ ફૂલેલી ટુંકી બાંયનો રેશમી ધોળો કબજો તસતસી રહ્યો હતો. ગળામાં લોકેટ સાથે મોતીની માળા સફેત બરફશી કોટમાં શ્વેતતાની હરીફાઇ કરતો હતો. માથામાં કેવડો સુગંધી મારી રહ્યો હતો. પગમાં ઢીલાં લચી પડતાંમાંસલ પાની સાથે રમત કરતાં સાંકળા જેના-

રને શોભાવવા બસ હતાં. એકાદ સોનાની બંગડી—લાલ રેશમી કાચની બંગડી અને મોતીની બંગડીઓ હાથમાં શોભા રહી હતી.

રસિકચંદ્રનો વેશ પણ સાદો, મોહક અને ટેસ્ટફુલ હતો. ઝીણી રેશમી લાલકોરનું સફેદ બાસ્તા જેવું ઝીણું મોતીચું પહેર્યું હતું. મલમલના સુંવાળા પહેરણની અંદરથી માંસલ અને ગોર શરીરના અવયવો ઝાંખા દેખાતા હતા. હિરાનાં બટન તારાની માફક ઝબકી રહ્યાં હતાં. માથાના વાળ ઓળ્યા હતા ને તેમાંથી સુગંધ આવતી હતી. કાનમાં અત્તરનું પુમડું સુગંધ છૂપાવી શકતું નહિ.

પતિપત્ની ઉપર આવ્યાં. રસિકચંદ્ર ચારે બાજુ નજર કરી સ્મિતહાસ્ય કરી લક્ષ્મીના કપોલ ઉપર હૃદયદાન દઇ બોલ્યો.

આ બધી વ્યવસ્થા ત્હમારી લાગે છે.

ના. એતો કંચન—રાધા અને ઇચ્છા બ્હેનની. કંચન બ્હેન વિના શું થાત.

અરે કંચનનો સ્નેહ અલૌકિકજ છે. કહે છે કચનનું શરીર સારૂં રહેતું નથી. આજ હું તો મળ્યો નથી. તું તો મળી હોઇશ.

હા. આજ એમને તાવ આવ્યો છે. અહીં આવવાના હતાં પણ આવી શક્યાં નથી. મ્હે ત્યાં રહેવા કહ્યું પણ માન્યું નહિ કાલે વાત.

લક્ષ્મી ? કંચન સારી થઇ જશે. આજના આનંદમાં ભવિષ્યના ભયના ભણકારા શા માટે લાવવા ? પ્રિય ! કાંઇ ગાતો ખરી

હું ગાઉં પણ સાથે તમે હાર્મોનીયમ કે દીલરૂબા લો તો.

જરૂર.

ત્યારે પહેલાં એક કામ કરી લઉં.

લક્ષ્મી ઉભી થઇ ખૂણામાં એક બીનું લગડું ઢાંકેલી તાસક પડી હતી તેમાંથી ભરાવવાળો સુંદર હાર લાવી પતિના કંઠમાં આરોપી પ્રણામ કર્યા. સ્નેહાળપતિએ એજ હાર પત્નીના કંઠમાં નાંખતાં ફરી સ્નેહાલિંગન કર્યું.

વ્હાલી ! આની શી જરૂર હતી ?

જરૂર તો શાની છે ? એના સ્નેહનો આવિર્ભાવ.
લક્ષ્મી ! આ દિવસ આવતાં, લાવતાં કેટકેટલું વિત્યુ છે ? અને એ વિત્યું છે એટલેજ આજ વિશેષ આનંદ આવે છે, આપણે માટે જેણે વેઠ્યું છે તેમનો કેટલો ઉપકાર ? વ્હાલી કાલ એક પાર્ટી આપવાની છે અને એની સર્વ વ્યવસ્થા કંચનને પૂછી ત્હારે જાતે કરવાની છે.

કંચન બ્હેનની સાહાયતાથી સર્વ થશે. નિશ્ચિંત રહો

નિશ્ચિંત તો ત્હારા કોમળ કંઠમાંથી ગીત સાંભળીશ ત્યારેજ થઈશ.

શું ગાઉં ?

આમ વિચાર કરે છે ત્યાં એક સુંદર નાજુક મેના ઉડતી આવી અને રાત્રીએ–એકાન્તમાં બેઠેલાં પતિપત્નીના ખોળામાં ચાંચમાંથી પત્રિકા નાખી ઉડી ગઇ.

આ મેના તો કંચન બ્હેનની ? અને આ પત્રિકા શાની ?

અરે ! ઉઘાડતો ખરી ! શું છે તે જો.

લ્યો ત્હમે માગતા હતા તેજ. ત્હમારી મનકામના સમજી કાવ્ય મોકલ્યું છે. લો ગાઉં સાંભળજો.

જ્યમ સમપદીમાં સંચર્યા સંલગ્ન સમયે સાથમાં,
અગણિત પગલાં સંચરો આનંદમાં ઉત્સાહમાં;
આ લગ્ન દિધાં દેહનાં, ને સ્નેહના ને ધર્મનાં,
આત્મ ઉભયનાં લગ્નને સાધો તમે સહચારમાં.
આકાશને ભેદી ત્હમે વૃષ્ટિ અમીની લાવજો,
પાતાળને ખોદી તમે ત્યાં વેર ક્લેશો દાબજો;
દશદિશ માંહે સંચરી સર્વત્ર પ્રેમ પ્રસારજો,
રેલાવજો, ઝળકાવજો, ચેતન અમર પ્રકટાવજો.*

ગાયન પુરૂં થયું–ગાયનનું રહસ્ય, ગાયન ગાનારની હલક, મીઠાશ, અને ભાવ અને કાવ્ય મોકલનારના સ્નેહને પ્રસંગ–સમય એવા હતાં કે પતિપત્ની સ્વર્ગસુખમાં–સ્નેહ સાગરમાં નહાતાં હોય એમ તલ્લીન થઇ ગયાં.

* બાલા.

પ્રકરણ ઓગણત્રીસમું.

ઉપસંહાર.

વાલકેશ્વરના બંગલામાં સવારથી ધમાલ ચાલી રહી હતી વીજળીના દિવાની હાર ચિત્ર વિચિત્ર કાચના ગોળા સાથે ગોઠવાઇ હતી. ધજા-તોરણ ઉપરાંત ઉત્તમ સૂત્રોના સુશોભિત કાર્ડો ગોઠવાયાં હતાં. એક બાજુ ગ્રામોફોન, બીજી બાજુએ હારમોનિયમ, એક સ્થળે દીલરૂબા તો એક જગાએ બીન વગાડવાની વ્યવસ્થા કરી હતી જેથી જેને જે ગમે તે સાંભળે.

વચમાં વચમાં ન્હાના મેજ ઉપર ચિત્રોના આલ્બમો, રમતની પેટીઓ, સચિત્ર પત્રો, તૈયાર પાન સોપારીની તાસકો ગોઠવાઇ હતી. બ્હારના પાછલા ભાગમાં ન્હાનાં ન્હાનાં ચોખંડા મેજ ઉપર ઉપહાર માટે મેવો, બરફી, ચેવડો, મીઠાઇ ભરી તાસકો ગોઠવી દીધી હતી. દરેક ટેબલ ઉપર બબ્બે માણસો હાજર હતાં. આકાશમાં સરતો ચંદ્ર પોતાનાં કિરણ આ સર્વ સ્થળે ફેંકતો હતો. રસિકચંદ્રની ઇચ્છા મુજબ આજ સ્નેહસંમિલનની વ્યવસ્થા કરવામાં આવી હતી. લગ્ન ઉપર આવેલા મહેમાનો, મુંબાઇના મિત્રો અને સભ્ય ગૃહસ્થોને નિમંત્ર્યા હતા. સ્નેહ સંમિલનમાં સર્વ ભાગ લઇ શકે અને સ્નેહ સંમિલનનો ઉદ્દેશ સચવાય એટલા માટે સ્ત્રીઓ માટે ત્યાંને ત્યાં એવી જ ઇન્તેજામ

વ્યવસ્થા કરવામાં આવી હતી. કંચનની યુક્તિ અને સલાહ પ્રમાણે આ વ્યવસ્થા કરવામાં આવી હતી. પાર્ટીના દિવસથી આઠ દિવસ પહેલાં જાતે આવી કયાં કયાં શું શુ ગોઠવવું, કેમ કરવું એ નક્કી કરી ગઇ હતી.

રાધા–ઇચ્છા અને કંચનની ત્રિપૂટી પાર્ટી વખણાય એટલા માટે તન તોડ મહેનત કરતાં હતાં. પાર્ટી અને જ્ઞાતિ ભોજનનો ઉદ્દેશ પૈસા ખરચવાનોજ તવંગર છીએ એમ દર્શાવવાનો અથવા ખાવા ખવડાવવાનો જ હોતો નથી. પ્રત્યેક મનુષ્યને પોતપોતાને ઘેર યતિકંચિત્ મળી રહે છે પરંતુ જ્ઞાતિભોજન–પાર્ટીદ્વારા સગા–સંબંધી–મિત્રોને મળાય છે. કલાક–બે કલાક સંસારની બીજી ઉપાધિથી દૂર થવાય છે. મન સ્વતંત્રતા–નિરાંતમાં હોવાથી ઉલ્લાસમાં રહે છે. બાલકો સારાં સારાં લુગડાં પહેરી પોતાનાંજ જેવડાં અન્ય બાલકો સાથે રમે છે, ફરે છે કુદે છે જાણ્યે અજાણ્યે ત્હેમના હૃદયમાં સારી છાપ પડે છે. ઘર કુકડી થતાં અટકે છે! વિચાર અને નજરની મર્યાદા વધે છે, હૃદયનો સંકોચ દૂર થાય છે, સ્ત્રીઓ સામાન્ય રીતે ઘરકામમાં ગુંથાયલી રહે છે. કુટુમ્બ બાલકની ઉદવેઠમાં ગૃહ બ્હાર શું છે-જગતમાં શું ચાલે છે ત્હેની ત્હેમને જરાયે માહિતી હોતી નથી. જ્ઞાતિભોજન કે પાર્ટીમાં જવાનુ હોવાથી, ત્યાં ગયા પછી જુદી જુદી પ્રકૃતિનાં–જૂદી જુદી સ્થિતિના સ્ત્રી પુરૂષોના અનુભવ થાય છે–ઓળખાણ થાય છે. બુદ્ધિ અનુસાર સંસ્કાર પ્રમાણે કેળવણીના પ્રમાણમાં જુદા જુદા વિષયો ઉપર વાર્તાલાપ થાય છે. કાંઇ સ્વપ્ને પણ જોઇ ન હોય, સાંભળી નહોય એવી વસ્તુઓ–વાતો સાંભળે છે અને કુટુમ્બ–ગૃહની વ્યવસ્થા ચિંતા મૂકી દે છે. પુરૂષો આઠે દિવસ ધંધા રોજગારમાં રચ્યા પચ્યા રહેવાથી ઘણી-

ચાર મહાન દેશભકતો, લેખકો–સુધારકો, વિદ્વાનોના નામથી પણ અજ્ઞાન હોય છે. અન્ય સ્ત્રીઓ કેવી સુઘડ વિવેકી સમજુ અથવા ત્હેથી વિરૂદ્ધ હોય છે ત્હેનું ભાન હોતું નથી–પોતાનાં બાલકો અને અન્ય બાલકોનાં વર્તનમાં શો ભેદ છે અને દોષ હોય તો કયો દોષ છે તે નિરીક્ષણ કરવાની ટેવ હોય તો કરી શકે છે. આ ઉપરાંત થોડા સમયમાં એકી વખતે અનેકને મળી શકાય છે. એ સ્નેહ સંમિલનનો ઓછો લાભ નથી.

પાર્ટી શરૂ થઇ. મિત્ર યુગ્મો, દંપતી યુગ્મો, સ્ત્રી યુગ્મો, બાલક સમુહ ફરવા લાગ્યો. પોતપોતાને રૂચિકર રમત, વાતો, ગાયન સાંભળતાં. દરિયાના ઉછળતાં મોજામાં ચંદ્રપ્રકાશ જોઈ ઘડીભર ઉભાં રહેતાં. કોઇ ચિત્રો જોઇ આનંદ માનતાં તો કોઇ એકલાજ વિચારમાં સૃષ્ટિસૌંદર્ય જોઇ સ્નેહીજન સંભારતાં નિશ્વાસ નાખતાં. રસિકચંદ્ર અને લક્ષ્મી પરોણાને જરા પણ સંકોચ ન થાય તેમ પ્રત્યેક પાસે જતાં–સેકન્ડ બે સેકન્ડ કે મીનીટ પાંચ મીનીટ મનગમતી વાત કરી ખુશ કરવા પ્રયત્ન કરતાં. લક્ષ્મી સ્ત્રી સમુહમાં વારંવાર જતી અને આધેડ યુવાન અને કન્યાઓને હસીને બોલાવતી.

કેવી ભાગ્યશાળી ? બીચારીએ કેટલાં દુઃખ સહન કર્યાં; કોણ જાણે કેમ આ લગ્ન થયું હશે ? કંચનની સાથે સરખાવતાં આમાં શું ખૂટ્યું છે ? બીચારી કંચનનો શ્રાપ લઇ આ સુખી થવાનાં છે ? એ બીચારીને કોઈ સંભારતુંએ નથી, એવા એવા ઉદ્ગારો સ્ત્રી સમુહમાંથી નિકળતા હતા.

વાર્તાવિનોદ પુરા થયા, રીફ્રેશમેન્ટ ટેબલ ઉપર સર્વ સમુહ ગયો, ચાહ, કોફી, દૂધ આવ્યાં અને વિખરાવાનો સમય થયો. કંચન

નીજ ઇચ્છાથી, કંચનની જ મહેનતથી આજની પાર્ટી ગોઠવાઇ હતી છતાં દુર્ભાગ્યે કંચનથી અવાયું નહોતું, બે ત્રણ દિવસથી કંચનને તો તાવ વધ્યો હતો બપોરના ચ્હડવા માંડતો તે સાંજે એકસો બે થતો. પાર્ટીમાં આવવા, રસિકભાઇ અને લક્ષ્મી બ્હેનને મળવા, મિત્રોમાં એ મને આગળ પાડવાનો બહુ ઉમંગ હતો પણ તે ઉમંગ નિષ્ફળ થયા. કંચન તાવે તો પીડાતી હતી તે ઉપરાંત આજ ન જવાયું તેહની માનસિક ચિંતા ઓછી પીડની નહોતી પાર્ટીને દિવસ તો તાવ વધ્યો. રખેને પાર્ટીમાં ભંગ પડે, રસિક લક્ષ્મીના મન ચિંતા-ગ્રસ્ત થાય, તેઓ નિરુત્સાહી થાય એ બીતિએ તાવ મપાયો નહોતો માપ્યો નહોતો—કંચનનો ઉત્સાહ એવો ને એવો હતો.

પાર્ટી—પુરી થવા આવી. અંગતનાજ મિત્રો—અને છુટા છવાયા પરોણા રહ્યા હતા. ચંદનીમાં જમીન ઉપર જ બેસી અંદર અંદર સંગીત ચલાવવામાં આવતુ પાસે પાનની રકાબી—ચાના પ્યાલા—મીઠાઇના ટાટ પડયા હતા. નિરંકુશ રીતે હસાહસ મશ્કરી ચાલતી હતી ત્યાં શાન્તિ સદનમાંથી ગાડી લઈ માણસ આવ્યો, ગભરાતો ગભરાતો ચોગરદમ જોઇ રસિક—લક્ષ્મીને જોઈ બોલ્યો.

સાહેબ ! બ્હેનને તાવ બહુ ચડયો છે ને કોઇ નથી. બ્હેન બોલતાં નથી. આંખો ચ્હડાવી દીધી છે ને શેઠ ગભરાયા છે.

દીલરૂબા કે સીતારનો તાલ જામ્યો હોય ને એકદમ તાર તૂટે, પુરપાટ ગાડી દોડતી હોય ને એકદમ ઉંધી વળે, ને જે સ્થિતિ થાય તેવી સ્થિતિ પાર્ટીની થઇ—હસાહસ આનંદ એકદમ બંધ થયા. ચ્હાના પ્યાલા ભરેલાને ભરેલા ત્યાંને ત્યાંજ રહ્યા. ઇચ્છા અને રાધા લક્ષ્મી અને રસિકચંદ્રના મનની સાથે શરીર ધ્રુજવા લાગ્યાં લક્ષ્મી તો રોઇજ પડી—ઇચ્છા રાધા ને લક્ષ્મીને શાંત કરતાં નવનેજાં થયાં. બુદ્ધિસાગર દાક્તરને તેડવા દોડયો. રસિકની પોતાની હિમત ખસી ગઇ હતી પરંતુ વિવેક ખાતર—બીજા ન ગભરાય એટલા માટે હૃદયનો ડુમો દાબી

લક્ષ્મી રાધા અને ઇચ્છા લઇ શાન્તિસદનમાં ગયો. ગાડીનું બારણું ગાડીવાળો ઉઘાડે ત્હેની રાહ ન જોતાં ઉપર દોડયો. કંચન પથારીમાં તાવે ફફડતી બેભાન પડી હતી–એનો પિતા માથે આઇસ ઘસતો બેઠો હતો. પિતાના આંખમાંથી આંસુ ચાલ્યા જતાં હતાં–રસિકચન્દ્રે જઇ કંચનના માથા ઉપર હાથ મૂકયો ને કંચને આંખ ઉઘાડી. કોણ રસિકભાઇ ? હાશ ! ટાઢક થઇ. હવે નિરાંતે મરીશ.

બ્હેન-બ્હેન ! આમ ધૈર્ય હારી જવાય કે ! ત્હમે તો હમને હિમત આપતાં હતાં જુઓ લક્ષ્મી આવી.

લક્ષ્મી ! લક્ષ્મી ક્યાં છે.

લક્ષ્મી આવી એકદમ કંચન પાસે ગઇ કંચનને બે હાથે બાઝી તેની છાતી ઉપર માથુ નાંખી દઇ રોઇ–બ્હેન ! કંચન બ્હેન ! એટલુંજ બોલાયું.

કંચનનું આખુ શરીર તાવના તાપથી બળતું હતું. લક્ષ્મીના ઠંડા હાથ ત્હેને અમી વરસાવતા હતા. લક્ષ્મી ! આમ ગભરાય છે કે ! મ્હેં ત્હને રસિકભાઇ આપ્યા પછી શું !

બ્હેન બ્હેન ! એમ ન બોલો ! હાય હાય હું કેવી હત ભાગીની, ત્હમે ત્હમારો સ્વાર્થ ન ગણ્યો, જરા પણ આશંકા વિના મ્હારા અમ્હારા સુખની ખાતર જીવન નિરસ બનાવ્યું–હો બ્હેન ત્હમે તો કોઇ દેવી છો, બ્હેન! એ છે પણ મ્હારા કંચન બ્હેન ! ત્હમારે લીધે તો હું સનાથ માનું છું. મ્હારા પિયરીયામાં મ્હારી માતા મ્હારી વડીલ બહેન જે મનું તે ત્હમે છો.

બહેન ! બહેન ! શાંત થાવ.

દાકતર આવ્યો–દાક્તરે તાવ જોયો–નાડ તપાસી–છાતી તપાસી સાથે આણેલી દવા આપી. કલાક પછી તાવ ધીરો પડયો–લક્ષ્મી રસિકના જીવનઆશા–પિતાની જીવનદોરી, અનેક દંપતીઓ સ્ત્રીઓની આદર્શરૂપ કંચન શુદ્ધિમાં આવી–એના કૃશ મુખના સ્મિતહાસ્યથી સ્નેહી

જનનો હ્રદયમાં આનંદ છવાયો. રસિક અને લક્ષ્મી આખી રાત ઉભાં પગે આ પવિત્ર દિવ્ય સુંદરીથી સેવા કરવા લાગ્યાં અને શુદ્ધ સ્નેહનો જગદીશ્વરે બદલો આપ્યો. દિવસ જતાં કંચન સંબંધી તાત્કાલિક ભય દૂર થયો અને કોઇ સારે સ્થળે હવા માટે લઇ જવા નિશ્ચય થયો. રસિકચંદ્ર રાધા માટે ન કરે એટલું કંચન માટે કરવા તત્પર હતો અને દાક્તરોની સલાહથી એકાદ બે માસ આબુપર ગાળવા, કંચનના મન અને શરીરને આરામ આપવા વિચાર થયો. કંચન સંબંધી આરામ કરવો આરામ થાય-રોગ મુક્ત થાય એ વિચાર શિવાય બીજો વિચાર આવે એમ નહોતો.

બુદ્ધિસાગરની પ્રતિજ્ઞા પૂરી થઇ—રસિક સર્વ સાથે નવા વરવધૂ ભાવનગર ગયાં. ન્હાની ગયેલી લક્ષ્મી-રસિક-રાધા આવે છે. એ વાત ઉડતાં જ્ઞાતિ મનુષ્યો સ્ટેશન ઉપર રસ્તા ઉપર-ચકલે ને ચૌટે ભેગાં થયાં. પતિપત્ની, બુદ્ધિસાગર અને રાધાને ઘણે દિવસે ભાવનગર જોતાં ભૂતકાળ સાંભરતાં જ્ઞાની થઇ હ્રદય કોમળ બન્યાં.

પ્રિય વાંચકગણ ! અનેક ગલીકુંચીઓ, શાન્ત કુંજોમાં ત્હમને ભટકાવ્યાં છે. સીનેમેટોગ્રાફના ફીલ્મની માફક અનેક પાત્રો ત્હમારી કલ્પનાની નજરે આવ્યાં છે. જગતમાં બને છે તેમ કેટલાંક પાત્રાનો ત્હમે આદિથી તે અંત સુધી જીવન વિકાશ અને વિનાશ જોયો છે. શાળામાં, રેલ્વે ટ્રેઇનમાં અનેક વિદ્યાર્થી—પ્રવાસીઓ આપણી સાથે હોય છે તે સમયે આપણે ત્હેમને જીવન મિત્ર માનીયે છીએ છતાં વખત જતાં ત્હેમનાથી છૂટાં પડીએ છીએ ને કેટલીકવાર મૃત્યુ સુધી પણ મળતાં નથી, ત્હેમની ખરખબર પણ મળતી નથી તેમ આમાના અનેક પાત્રોનું શું થયું તે પ્રશ્ન પૂછવાની જરૂર નથી. ત્હમારી લાગણી અનુકંપા કંચન પ્રત્યે હોય એમ સ્વાભાવિક છે. રસિકચંદ્ર ને કંચન પતિપત્ની થયાં

હોત તો સારૂં એમ ઘણા વાચકો ઇચ્છશે પરન્તુ હમેશાં મનુષ્યની ઇચ્છા ફલિભૂત થતી નથી. વળી લક્ષ્મી પ્રત્યે દીલસોજી દર્શાવનારા યોગ્ય જ થયું છે એમ માનશે.

દિવ્ય પવિત્ર આત્મસ્નેહનાં સ્થાન બદલાતા નથી. કંચનના હૃદયમાં પત્ની—સંસારનો ભાવ નષ્ટ થયો હતો અને ત્હેનાં ક્ષયના જંતુએ પુનર્જીવનની આશાજ રહેવા દીધી નહોતી. કંચન મત્યુના પથમાં હતી ક્ષય જેવા અસાધારણ રોગમાં સારવાર કરનારને ક્લેશ ત્રાસ ઉજાગરા પડતા હશે પરન્તુ રોગીનું જીવન આશામય હોય છે. અન્યરોગ માફક શારીરિક પીડા થતી નથી—જીવન સાત્વિક અને શાન્ત શુદ્ધ થતું જાય છે. એમના અંતરાત્મા પુનિત હોય છે અને તેઓ પરમગતિને પામે છે કંચનને સંસાર ઉપર આસક્તિ નહોતી. જેવો આત્મા પવિત્ર હતો તેવું જ બાકીનું જીવન પવિત્ર કરવા ઇચ્છા હતી અને તેમ કરવા તેના સ્નેહીઓએ અનુકૂળતા કરી આપી આમ કંચનનું શું થશે એ એ વિવેકી વાચકને જણાવવાની અગત્ય છે.

કંચન પવિત્ર કંચન હતી છે ને હવીજ રહેવા દેવી યોગ્ય છે. એના શરીરની સ્થિતિ એવી છે કે લગ્ન કરતાં જેટલો સમય સંસારમાં રહેવા નિર્ણીત હોય તેટલો સમય અનેક દંપતીઓને—અનેક કન્યાઓને ઉચ્ચગામી કરે, ત્હેમનામાં ઉચ્ચ સંસ્કાર પાડે. એ વધારે શ્રેયસ્કર છે. જગતમાં—આપણા સંસારમાં કંચન જેવી ભગિનીઓ રસિકચંદ્ર અને લક્ષ્મી જેવાં દંપતી યુગ્મો થાય એજ મહેચ્છા—

સમાપ્ત.